મહાસતી અંજના ચરિત્ર આધારિત

# અધિકાર




પ.પૂ. ન્યાય વિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા




પરમ પૂજ્ય
સિદ્ધાન્ત મહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્
વિજય
પ્રેમસૂરીશ્વરજી
મહારાજા




પરમ પૂજ્ય
ન્યાયવિશારદ
આચાર્યદેવ
શ્રીમદ્ વિજય
ભુવનભાનુ
સૂરીશ્વરજી
મહારાજા




પરમ પૂજ્ય સિદ્ધાન્ત
દિવાકર,સુવિશાલ
ગચ્છાધિપતિ
આચાર્યદેવ
શ્રીમદ્ વિજય
જયઘોષ સૂરીશ્વજી
મહારાજા




મહાસતી અંજના ચરિત્ર આધારિત

# અધિકાર

પ.પૂ. ન્યાય વિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા

વીર સંવત
૨૫૪૩

## વિમોચન પર્વ

વિક્રમ સંવત
૨૦૭૩

### પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર,
### સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ
### શ્રીમદ્ વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજાનો ૮૨મો જન્મદિન

₹:- 100


પ્રકાશક

દિવ્યદર્શન ટ્રસ્ટ

નકલ - ૩૦૦૦
પ્રથમ આવૃત્તિ જુલાઈ ૨૦૧૭
નકલ - ૧૦૦૦
દ્વિતીય આવૃત્તિ જુલાઈ ૨૦૧૭


## પ્રાપ્તિસ્થાન


**દિવ્યદર્શન ટ્રસ્ટ**
કુમારપાળભાઈ વી. શાહ
39, કલિકુંડ સોસાયટી, ધોળકા, જી. અમદાવાદ -
૩૮૭૮૧૦ O : 02714 - 225482
www.jainonline.org

**કર્ણાવતી બ્રશ**
રૂપેશભાઈ વોરા
૮૨ ફતેહપૂરા ગામ, ઉમંગ મ્યુનિસિપલ
સ્કુલની સામે, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
M. 98240 38948

**ઉર્મિલભાઈ શાહ**
D/2/3,નૂતનજીવન કો.હા.સો.,
કૃપાનગર, ઈર્લા,
વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ - ૫૬
M. 9820527710



| ડિઝાઈન | કમ્પોઝ | પ્રીન્ટીંગ |
|---|---|---|
| હાર્દિક કાપડિયા - 99200 56897 | નીખીલ પટેલ | પારસ પ્રીન્ટ્સ |
| Prizm Art - 72088 37322 | 99785 54500 | 98690 08907 |



# યુગ પરિવર્તક

સદીમાં એક પુરુષ એવો અવતરતો હોય છે કે જેની સિદ્ધિના મધુર પરિણામો સદીઓ સુધી લોકો માણી શકે છે.

**પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ, ન્યાય વિશારદ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.**

જૈનધર્મ જ્યારે ૧૯મી સદીમાંથી ૨૦મી સદીમાં પ્રવેશતો હતો, ત્યારે આ યુગપુરુષે યુગ પરિવર્તનનો શંખનાદ ફૂંક્યો હતો. ૨૦મી સદીના ફાસ્ટ-ટ્રેક પર દોડવા મથતી દુનિયાને એક ક્ષણ થંભાવી દે, એવો સિંહનાદ કર્યો હતો.

ઈંગ્લેન્ડમાં G.D.A.(C.A. સમકક્ષ)ની ડિગ્રી ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ પાસ કર્યા બાદ ૨૨ વર્ષના એ કાંતિ નામના યુવાને સગા ભાઈ પોપટની સાથે જૈન ધર્મની દીક્ષાનો સ્વીકાર કર્યો. તે વર્ષ હતું : **વિ. સં. ૧૯૯૧**.

જૈનધર્મની કડક અને કઠોર સાધનાને પાળવાની સાથે આ યુગપુરુષે સઘન શાસ્ત્રાભ્યાસ કર્યો. જૈનાગમોની સાથે સાથે અન્ય ધર્મોનું પણ તલસ્પર્શી અવગાહન કર્યું. અભ્યાસ માટે વધુ સમય બચે તે માટે આ મહાપુરુષ છઠ્ઠના પારણે છઠ્ઠ (દર ત્રીજા દિવસે માત્ર એક જ વાર ભોજન) કરતાં !

પોતાના ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના મંગલ આશીર્વાદ લઈ તેઓ ગુજરાતમાંથી વિ. સં. ૨૦૦૫માં મુંબઈ પધાર્યા. તેઓના પ્રવચને યુવાનોમાં જાદુઈ અસર કરી. મોહમયી નગરીના ભોગ-વિલાસી શ્રીમંત ઘરના નબીરાઓ તેઓનું એક જ પ્રવચન પાન કરી વૈરાગ્યનો ઓડકાર ખાતાં ! જે સમયમાં દીક્ષાઓ થવી એ દુઃશક્ય જણાતું, તે ૨૦મી સદીના પહેલાં જ દશકમાં આ યુગપુરુષે પરિવર્તનનો મહાયજ્ઞ માંડી દીધો. પાંચ વર્ષમાં કુલ ૩૫ યુવાનો તેઓના શિષ્ય બન્યા. જ્યારે આ યુગપુરુષે નશ્વર દેહ છોડ્યો, ત્યારે તેઓ ૨૫૦થી વધુ સુયોગ્ય શિષ્યોના ગુરુપદે બિરાજમાન હતાં.

પ્રવચન દ્વારા તેઓ શ્રોતાવર્ગને મુગ્ધ કરતાં, તો વિ. સં. ૨૦૦૮થી **'દિવ્યદર્શન'** સાપ્તાહિક પત્ર ચાલુ કરી તેઓએ વાચકોના હૃદય સુધી જૈન તત્ત્વજ્ઞાનને સરળતાથી પહોંચાડવાનું ભગીરથ કાર્ય આરંભ્યું. આ સાપ્તાહિક પત્ર સળંગ ૪૨ વર્ષ સુધી ચાલ્યું. જેને સમગ્ર રીતે 'ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા'ના નૂતન સંસ્કરણમાં સમાવી લેવામાં આવ્યું છે.

**વિ. સં. ૨૦૧૧**ના વર્ષ દરમિયાન તેઓ પૂનામાં હતા, ત્યારે મોરારજી દેસાઈની સરકારમાં બાલદીક્ષા વિરોધમાં પ્રસ્તાવ રજૂ થયો. તત્કાલીન વડા પ્રધાન મોરારજીને મળી જૈનદીક્ષાનું સ્વરૂપ અને ઉપયોગિતા સમજાવી મોરારજીને

બાલદીક્ષાના સમર્થક બનાવ્યા. પોતાની તાર્કિકતા, વિદ્વત્તા અને પુણ્યનો તેઓએ પરચો દેખાડ્યો. 'બાલદીક્ષા કરવી કે ન કરવી ?' તે મુદ્દો જ્યારે જનમત પર નાખવામાં આવ્યો, ત્યારે આ યુગપુરુષે કમર કસી. વિરોધમાં ૫૦,૦૦૦ પણ મત ન'તાં, જ્યારે તરફેણમાં ૩,૦૦,૦૦૦થી પણ વધુ !

સંયમિત જીવન, જિનાજ્ઞાને સમર્પિત વર્તન, અનેકને સંયમ આપવાની સાથે સંયત શિષ્યોની કાળજી, પ્રવચન, લેખન, ચિંતન વગેરે અનેક કાર્યોની વ્યસ્તતામાં ય આ યુગપુરુષે જન-સમાજને વિસર્યો નથી. આજનો યુવાવર્ગ શી રીતે ધર્માભિમુખ થઈ સંતોષી અને સુખી જીવન જીવી શકે ? તે માટે તેઓએ એક મૌલિક પ્રયોગ કર્યો. જેનું નામ છે - શિબિર. આજનો જે યુવાન ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ અને સંસાર પ્રત્યે સંતોષી-સુખી દેખાય છે, તેમાં આ શિબિરનો સિંહફાળો ભૂલી શકાય તેમ નથી.

૧૯મી શતાબ્દીમાં છેલ્લા દશકમાં દીક્ષા સ્વીકારી આ યુગપુરુષે ૨૦મી સદીના પ્રથમ દશકથી જે પરિવર્તનનું વાવંટોળ ફૂંક્યું, તેનું વર્ણન શબ્દોમાં કરવું; એ અન્યાય ગણાય.

**તેઓનો પુરુષાર્થ જોતાં એમ કહી શકાય કે, તેઓ એક જીવનમાં અનેક જિંદગી જીવી ગયા.**

**તેઓની સિદ્ધિ જોતાં એમ કહી શકાય કે, તેઓ 'જેક ઑફ ઑલ' નહીં, પણ 'માસ્ટર ઑફ ઑલ' હતાં.**

# સૌજન્ય

પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર
સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના
૮૨મા જન્મોત્સવ નિમિત્તે...

કુ. પ્રાપ્તિ અને ચિ.ક્ષિતિજ શાહ
હસ્તે : ડૉ. નાગેન્દ્ર શાહ, બોમ્બે હોસ્પિટલ, મુંબઈ

જ્યોતિબેન મહેન્દ્રભાઈ શાહ
(સૂરત)



# નીતર્યું જે અમૃત કલમથી...

પરમ પૂજ્ય ન્યાયવિશારદ ગુરુદેવશ્રી **ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા**નું સાહિત્ય એટલે પેંડાની સાથે આપેલી દવા !

તેઓશ્રી **પરમ તેજ**, **ઉચ્ચપ્રકાશના પંથે** જેવા તત્ત્વરસથી ભરેલા સીધા જ ઇન્જેક્શન પણ આપી શકતાં હતાં, તો **સમરાદિત્ય**, **સીતાજીના પગલે પગલે** જેવા કથા-પેંડાની વચ્ચે તત્ત્વની ગોળી ય પીરસી શકતાં હતાં !

વિશેષ એટલો રહેતો કે તેમાં પેંડા કરતાં દવાનું 'કદ' મોટું હોય !

**રુક્મી રાજા, અનાથી મુનિ, સીતાજી, તરંગવતી, સુલસા, અંજના...** કેટ-કેટલીય કથાઓના માધ્યમે પૂજ્ય ગુરુદેવશ્રીએ 'અદ્‌ભુત' શબ્દ મુખમાંથી સરી પડે તેવા તત્ત્વચિંતન આલેખ્યા છે.

**અધિકાર ! મહાસતી અંજનાસુંદરી** ચરિત્રના આધારે આલેખિત થયેલ છે. સતી અંજનાના જીવનના પ્રત્યેક તબક્કે જીવનના સાચા અધિકારો ક્યા છે ? તે પૂજ્ય ગુરુદેવશ્રીએ અજબ ગજબ રીતે સમજાવ્યું છે.

અંજના ચરિત્રના આધારે આલેખાયેલ અનેક પુસ્તકો વાંચવાનું - જોવાનું બન્યું છે, પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ જે તત્ત્વદષ્ટિએ સંપૂર્ણ ચરિત્ર નીહાળ્યું છે ને તત્ત્વ - અમૃત કલમથી પુસ્તકના પાને પાને નીતાર્યું છે, તે જોઈ તેઓશ્રીની તત્ત્વોન્મેષ પ્રજ્ઞા સમક્ષ મસ્તક ઝૂકી જાય છે.

'દિવ્યદર્શન' સાપ્તાહિકમાં તબક્કાવાર પ્રગટ થયેલ અંજનાસુંદરી ચરિત્ર પ્રથમવાર સ્વતંત્ર પુસ્તક રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે. નવું નામ, નવું રૂપ અને નવા આકાર સાથે !

પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર,સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **જયઘોષ સૂરીશ્વરજી મહારાજા**ના જન્મોત્સવના એક ભાગ રૂપે પૂજ્ય ગુરુદેવશ્રીની પુસ્તકો પર **ઓપન બુક એક્ઝામ**નું આયોજન થાય છે. ગુજરાતી અને હિંદીથી ય આગળ વધી હવે અંગ્રેજી ભાષામાં ય પૂજ્ય ગુરુદેવશ્રીનું સાહિત્ય પ્રકાશિત થઈ રહ્યું છે, તેનો આનંદ છે

સતત ચોથા વર્ષે ઓપન બુક એક્ઝામના આયોજનમાં આ વર્ષે અધિકાર પુસ્તક પ્રકાશિત થયેલ છે. તત્ત્વજિજ્ઞાસુ આત્મા આવું તત્ત્વસમૃદ્ધ સાહિત્યનું વાંચન - મનન કરી આત્મવિશુદ્ધિ પામે, એ જ મંગલ કામના.

દ.

કુમારપાળ વી. શાહ

કલિકુંડ, ધોળકા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. અધિકાર | | ૧ |
| ૨. બાહ્ય જીવન | | ૫ |
| ૩. અભ્યંતર જીવન | | ૧૪ |
| ૪. ઉત્તમ વિચારના અધિકાર | | ૨૨ |
| ૫. અંજનાસુંદરીનો જન્મ | | ૩૧ |
| ૬. ૨૨ વર્ષના વિરહના બીજ ! | | ૩૫ |
| ૭. અંજનાસુંદરીના લગ્ન | | ૪૩ |
| ૮. પવનંજયનું પરિવર્તન | | ૫૩ |
| ૯. મહાસતી પર કલંક ! | | ૬૪ |
| ૧૦. પિયરેથી જાકારો | | ૭૨ |
| ૧૧. અંજનાસુંદરીના પૂર્વભવ | | ૮૪ |
| ૧૨. પુત્રજન્મ | | ૮૯ |
| ૧૩. ભૂલ પછીનો પસ્તાવો | | ૧૦૧ |
| ૧૪. પવનંજયનું અગ્નિસ્નાન ? | | ૧૧૩ |
| ૧૫. મહાસતીનો કલ્પાંત | | ૧૨૬ |
| ૧૬. પવનંજયનો બચાવ | | ૧૩૭ |
| ૧૭. ભૂતવનમાં અભૂત મિલન | | ૧૪૨ |
| ૧૮. આનંદ ઉત્સવ | | ૧૪૯ |
| ૧૯. હનુમાનની પરાક્રમવૃત્તિ | | ૧૫૮ |
| ૨૦. રાવણ અધમ નથી | | ૧૬૫ |

# જૈન પાઠશાળામાં અદ્ભુત ક્રાન્તિ

## ગુજરાતી – હીન્દી – English
## ત્રણ ભાષામાં ઉપલબ્ધ




- સૂત્ર ગોખો : જે આપને સૂત્ર શીખવશે.
- સૂત્રનો અર્થ : જ્યાં આપ સૂત્રનો અર્થ સમજી શકશો.
- સૂત્ર પુનરાવર્તન : સૂત્રનું પુનરાવર્તન કરવામાં જે આપની મદદ કરશે.
- સૂત્ર લખો : સૂત્ર લખીને સૂત્ર શુદ્ધિ કરી શકાશે.
- સૂત્ર પરીક્ષા : ભણેલા સૂત્ર તથા અર્થની જે પરીક્ષા પણ લેશે ને પરિણામ પણ આપશે !

૧૦,૦૦૦ થી વધુ લોકો અહીં ભણી રહ્યા છે !
શું આપ હજી પણ વંચિત છો ?

Self Learning Pathshala
Free download from google play store








પરમ પૂજ્ય ન્યાયવિશારદ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

તથા પરમ પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ

**આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાના**

હૃદયસ્પર્શી સુવાક્યો તથા જીવન પરિવર્તક

પ્રશ્નોત્તરો મેળવવા

Save **88281 66999** & send "JAINONLINE"
to get updates on WhatsApp

jainonline

jainonline jainonline

visit us :
www.jainonline.org







# ૧ અધિકાર

## સાચા અને ખોટા અધિકાર :

અનંત ઉપકારી જગદ્ગુરુ શ્રી જિનેશ્વરદેવો મનુષ્ય જીવનને એક મહામોંઘેરી તક કહે છે. કારણ કે આ એક એવું ઉચ્ચકોટિનું જીવન છે કે એના પર પહોંચતો સાચો અધિકાર જો અજમાવતાં આવડે, તો ભવોભવના ફેરા મટી જાય ! માટે જ આવા ઉત્તમ ભવને પામેલા સુજ્ઞ પુરુષે વિચારવું ઘટે કે 'ક્યાં ક્યાં મારો સાચો અધિકાર પહોંચે છે ? અને તે કેવી રીતે બજાવી જીવન સફળ કરું ?'

જીવનમાં આ જો નક્કી થઈ જાય, તો ખોટા અધિકાર, નકલી અધિકાર અને વગર હકના અધિકાર અજમાવવાની ધોંશ ઓછી થઈ જાય. પછી તો સાચા અધિકારનો માર્ગ લાધવાથી એને અનુસરતાં જીવન ઉચ્ચ બની શકે છે અને એમાં આગળ વધતાં ક્રમે કરીને ભવની પરંપરાનો અંત આવી જાય છે ! વિચાર એ કરવાનો છે કે અધિકાર સાચો કયો અને ખોટો કયો ?

## પુરુષાર્થનો આધાર પાત્રતા અને પહોંચ ઉપર :

અધિકાર એક એવી વસ્તુ છે કે જે સૌને અજમાવવો ગમે છે, નાનું બાળક પણ એ ચૂકતું નથી. અધિકારનું શાસ્ત્ર એ સમજતું નથી, છતાં એને ય એમ થાય છે કે મને આ મળવું જોઈએ, આટલું મળવું જોઈએ. પછી એ ન મળે તો મેળવવા રોવાનો પુરુષાર્થ આદરે છે.

જેની જેટલી પહોંચ અને પાત્રતા, પુરુષાર્થ તેના અનુસારે ચાલે છે. પાત્રતા ઊંચી હોય, તો પહોંચ ઓછી હોવા છતાં પુરુષાર્થ હલકો નહીં ચાલે. અલબત્ત, ઊંચા પુરુષાર્થની પહોંચ નહીં હોય અર્થાત્ શક્તિ, સામગ્રી અને સંયોગ સરખા નહીં હોય, તો સારા પુરુષાર્થમાં કમી રહેશે, પરંતુ હલકો પુરુષાર્થ પ્રાયઃ નહીં કરે.

કેવો પુરુષાર્થ આપણે કરીએ છીએ ? સારો યા હલકો ? એના પર આપણી પાત્રતા મપાય છે. આપણું ધાર્યું કરવા જો બહુ દાવપેચ કે હલકા શબ્દ અને હલકા ઉપાયથી રગડાઝગડા કરીએ છીએ, તો સમજવું જોઈએ કે આપણામાં પાત્રતા નીચી છે, અધમ છે.

## પાત્રતા સુધારવા શું કરવું ? :

પણ આનો એ અર્થ નથી કે આપણે તેમ માનીને એવું ચલાવ્યે રાખવાનું. પાત્રતા સુધારવા-ખીલવવા માટેનો તો આ ભવ છે, અહીં આપણને તેમ કરવાનો અધિકાર છે. માટે જ હલકો પુરુષાર્થ કરવાનો જ્યાં વિચાર આવે, ત્યાં એને દાબવો જોઈએ અને ઉમદા પુરુષાર્થનો વિચાર શરૂ કરી દેવો જોઈએ.

દા.ત. કોઈ માણસ આપણું અને બીજાનું બગાડી રહ્યો હોય, ત્યાં જો આપણામાં પાત્રતા નહીં હોય, હલકી પાત્રતા હશે, તો એટલે સુધીના દુષ્ટ વિચાર આવશે કે 'આ માણસને જાણે શું શું કરી નાખવું જોઈએ, જેથી એની દુષ્ટતા અટકી જાય.' પરંતુ હવે પાત્રતા સુધારવા એ વિચારને ઉમદા વિચારમાં ફેરવી નાખવો જોઈએ. આપણે એમ વિચારવું જોઈએ કે 'પ્રભુ ! આને સદ્‌બુદ્ધિ મળો, જેથી દુષ્ટતા અટકી જાય.' એ માટે થાય કે 'લાવ; સંકલ્પપૂર્વક એવો નવકારમંત્રનો જાપ કરું કે આ માણસને એથી સદ્‌બુદ્ધિ જાગે અને કોઈનું બગાડે નહીં.'

કામ તો દુષ્ટતા રોકવી એટલું જ છે ને ? પછી એ માટે દુષ્ટ ઉપાય શા માટે વિચારવો ? આમ ઉમદા પુરુષાર્થના વિચારની પ્રેક્ટિસ-અભ્યાસ કરતાં કરતાં પછી એની ટેવ પડવાથી વિચાર ઉમદા જ આવશે. આનું નામ પાત્રતા સુધરી.

કામ તો ઉદ્દેશ સરવા સાથે છે, બાકી તે હલકી રીતે સરવો જોઈએ; એવું શા માટે ઇચ્છું ? સામા માણસના અનર્થ આચરણ અટકે; એ ઉદ્દેશ છે, તે સિદ્ધ થવા માટે એને આપત્તિમાં નાખવાની શી જરૂર છે ? એને સદ્‌બુદ્ધિ જાગી જાય, તો ય અનર્થ આચરણ અટકી શકે છે, પછી હલકા ઉપાયની શી જરૂર ? માટે પુરુષાર્થ કરવો તે ઉમદા ઉપાયનો કરવો. એવા ઉમદા પુરુષાર્થના વિચારની ટેવ પાડતાં એ સ્વાભાવિક થઈ જશે. એ જ પાત્રતા ખીલી, સુધરી.

## પુરુષાર્થની ખામીમાં સ્વ-પર અંગે કેવી વિચારણા ? :

પાત્રતા ઊંચી હોવા છતાં પુણ્યની ખામી હોય, તો પહોંચ ન હોવાથી ઊંચો પુરુષાર્થ ન કરી શકે; એ બને. ત્યારે બીજાના માટે વિચારવું હોય, તો આ વિચારવાનું કે 'શું કરે ? પાત્રતા તો છે, પણ પહોંચ નથી, શક્તિ નથી, સામગ્રી નથી, અંતરાય-આવરણ નડે છે, માટે એ બિચારા ઉમદા પુરુષાર્થ નથી કરી શકતાં.'

પણ જાત માટે જો અધીરાઈ થઈ હોય કે 'હાય ! હાય ! મારાથી કેમ સારું બનતું નથી ?' તો એ વિચારવાનું કે 'બને, આપણા પુણ્યની ખામી હોય, તો પહોંચ ન મળે, તેથી પુરુષાર્થ ન થાય; તે સહજ છે. માટે શુભ વિચારો, શુભ ભાવનાઓ વગેરેથી પુણ્ય વધારું.'

ત્યારે જો અધીરાઈ નહીં, પણ ગુમાન થતું હોય કે 'ઉમદા પુરુષાર્થ ક્યાંથી હોય ? સામે સંયોગો સારા જોઈએ ને ?' આવું જાતની હોંશિયારીનું ગુમાન થતું હોય, તો એ વિચારવાનું કે 'નાદાન જીવ ! સંયોગોનો વાંક કાઢે છે, પણ ઉમદા પુરુષાર્થ માટે પહેલી તો પાયામાં પાત્રતા જોઈએ; તે જ તારામાં ક્યાં છે ? આવા કપરા નહીં, પણ આથી ય ભયંકર સંજોગોમાં મહાપુરુષોએ પોતાની ઊંચી પાત્રતાના યોગે ઉમદા પુરુષાર્થ સાધ્યા છે. માટે ખરું તો પાત્રતા કેળવ, પાત્રતા સુધાર.'

## અધિકાર અજમાવતાં પહેલાં પુણ્ય માપો :

વાત એ હતી કે બાળક અધિકાર અજમાવવા રોવાનો પુરુષાર્થ કરે છે. કેમ કે એની પહોંચ, પાત્રતા એટલી છે. ગમે તેમ પણ એને ય અધિકાર ગમે છે. ત્યારે વિચારવાનું તો એ છે કે 'આપણે જે જે અધિકાર રાખીએ છીએ, જે જે દાવો કરીએ છીએ; એ કેટલો વાસ્તવિક છે ? કેટલો હકપૂર્વકનો છે ? અને એવો અધિકાર ભોગવ્યાની પાછળ આપણો ઉદય કેટલો છે ?' આ વિચારવાનું છે.

કેટલીય વાર માણસ પોતાનું પુણ્ય નથી માપતો અને સગવડ-અનુકૂળતા પર દાવો કરવા જાય છે : 'મને કેમ આટલું ન મળે ? બીજાઓ મારું કેમ ન માને ? કેમ ફલાણા મારી સેવા ન કરે ?...' વગેરે વગેરે. ખબર નથી કે

માતાનું પુણ્ય પિતા કરતાં વધારે પહોંચતું હોય, તો છોકરો એની સેવા વધારે કરે અને બાપની ઓછી કરે; એમ બને. પછી ત્યાં અધિકારનો હઠાગ્રહ રાખવો નકામો છે કે 'છોકરો કેમ મારું ન માને અને એની માનું માને ?'

આપણા પુણ્યની પહોંચ ન હોય કે આપણી તેટલી પાત્રતા ન હોય, તો સામો ન માને. જે વાત પુણ્યના અધિકારની છે, તેના પર આપણો અધિકાર હોવાની ભ્રમણામાં શા માટે તણાવું ?

જીવનમાં જે કાંઈ મનમાન્યું નથી મળતું ને મનમાન્યું નથી બનતું, ત્યાં એ જ વિચારવું કે 'મારા પુણ્યની જ કમી હોવાથી હું કાંઈ એ બધાનો અધિકારી નથી, હકદાર નથી. પુણ્ય પાતળું ત્યાં હક શા ? ખરી રીતે તો મારો અધિકાર સાધના ઉપર પહોંચે છે, ગુણો પર પહોંચે છે, સારી ભાવના પર પહોંચે છે, તો એ કેમ ન અજમાવું ?'

જીવન પર અધિકાર પહોંચે છે, પરંતુ કેવા કેવા પ્રકારના જીવન ઉપર ? એ વિચારવું જોઈએ. તેમજ એમાં કેવા કેવા અધિકાર અજમાવેલ જાતને માટે હિતકારી બને, ઉન્નતિદાયી બને ? અને કેવા કેવા અધિકાર નુકસાન કરનારા તથા અધોગતિ કરનારા બને ? એ વિચારવું જરૂરી છે.

**જીવન બે પ્રકારનું : બાહ્ય અને અભ્યંતર. આ બંને પ્રકારના જીવનની અંદર કેટલો અને કેવો અધિકાર પહોંચે છે ? તેનું માપ કાઢવું. અધિકાર ત્યાં ગણાય કે જે આપણા હાથની વસ્તુ હોય અને ઈચ્છા મુજબ આદરી શકીએ. અધિકારને અજમાવીને એમાં જે આપણા આત્માને ઉન્નતિમાં મૂકી શકતાં હોય, એ સાચો અધિકાર વાપર્યો કહેવાય.**

- બાહ્ય જીવનમાં અધિકાર પહોંચે, પણ બહુ જ ઓછો અને માલ વિનાનો.

- અભ્યંતર જીવન પર અધિકાર પહોંચે, તે ઘણો અને ઉચ્ચ કોટિનો.

# ૨ બાહ્ય જીવન

**બાહ્ય જીવનના બે પ્રકાર છે :** (૧) વૈયક્તિક જીવન અને (૨) પારસ્પરિક અર્થાત્ અન્યના સંસર્ગમાં આવતું જીવન.

**(૧) વૈયક્તિક જીવનના ત્રણ પ્રકાર પડી શકે :** (i) આર્થિક, (ii) શારીરિક અને (iii) લૌકિક જીવન.

(i) **ધન પર અધિકાર :** પૈસા કેવી રીતે ઘરભેગા કરવા ? કેવી રીતે એને સાચવવા ? આ બધી વ્યક્તિગત વસ્તુઓ છે. એમાં અધિકાર કેટલો પહોંચે ? અધિકાર એટલો જ કે ન્યાય-નીતિ સાચવી યોગ્ય ઉદ્યમ કરીને જે લક્ષ્મી પ્રાપ્ત થાય, તેના પર આય અને વ્યયનો યોગ્ય હિસાબ રાખી શકે, તેટલો જ અધિકાર. આ આપણે અંજનાસુંદરીના પ્રસંગમાં જોવાનું છે. કેવા અને કેટલા અધિકારનો ઉપયોગ કર્યો ? એ વિચારવાનું છે.

માણસ, જ્યાં અધિકાર પહોંચતો નથી, ત્યાં પહોળો થાય તો શું થાય ? રસ્તે જતાંને એ ઊભો રાખી કહે : 'એ ! રૂા. ૫૦ આપી દે' તો તે શું કહે ? એવું જ કંઈક ને કે 'ગુંડા છો કે શું ?' અધિકાર નથી પહોંચતો, ત્યાં અધિકાર અજમાવવા જાય તો તે પાછો પડે, અર્થને બદલે અનર્થ પામે.

- સત્તા, હોદ્દો, કીર્તિ ઉપર અધિકાર કેટલો ? પુણ્યની મહેરબાની જેટલો.
- પૈસા કમાવવા પર અધિકાર કેટલો ? પુણ્યની મહેરબાની જેટલો.

વ્યવહારથી આટલો પહોંચે કે 'નીતિ-ન્યાયના ધોરણે ચાલ્યા કરો, યોગ્ય ઉદ્યમ કરો. ન્યાય બહાર પગલું ભરે, અયોગ્ય રીતે ધંધો કરે, તેની પાછળ વિટંબણા ઊભી થાય. અનુચિત કંઈ પણ કરે, તેની પાછળ અંતે શોષાવાનું. ગજું ઓછું છે ને ખેડે ઘણું, એક ખેતર ખેડવાનું ગજું છે ને પાંચ ખેડી નાખું; એમ કરે, એ અધિકાર બહારની વસ્તુ છે.

આર્યદેશમાં આટલો ઉદ્યમ કરી લોકો સુખી રીતે જીવતાં હતાં. જે કુળમાં જન્મ્યો છે, તેને અણછાજતો વેપાર કરે, તે અધિકાર બહારનું છે. હજામે લશ્કર આવવાનું સમજી ભાજીનો મોટો વેપાર કર્યો ને અંતે પાયમાલ થયો. એમ મહાપાપના ધંધા દેખીતી રીતે કદાચ પૈસા પણ આપે, પરંતુ એમાં મનની કોમળતા ખલાસ ! દેવ-ગુરુ-ધર્મ ઉપર હાર્દિક આકર્ષણ મંદ ! હૃદયની સ્વસ્થતાનો નાશ ! આવા પગલાં માંડનારની આજે એ સ્થિતિ દેખાય છે કે મનની પવિત્રતા-કોમળતા નથી, કલુષિતતા દેખાય છે, કઠોરતા દેખાય છે.

બાકી, આર્યસંસ્કૃતિ તો કહે છે કે ન્યાયસર ચાલો, યોગ્ય ધંધા કરો, તોય મનમાન્યા પૈસા મળે જ; એવું કાંઈ નહીં. કેમ કે ત્યાં છેલ્લો અધિકાર પુણ્યનો પહોંચે છે. એટલે જ માણસે મહેનત કરવા છતાં માનવું તો એ જ જોઈએ કે હું મહેનત માત્રથી પૈસાનો અધિકારી નથી બની જતો. ત્યાં અધિકાર મારો નહીં, પણ પુણ્યનો પહોંચે છે. તેથી મહેનત કરવા છતાં ન મળે, તો માનવું કે અધિકારી એવા પુણ્યની કમી છે.

(ii) **શરીર પર અધિકાર :** હવે એ જુઓ કે આપણા શરીર પર આપણો અધિકાર કેટલો પહોંચે ? એને નિયમસર ભૂખ અને શારીરિક પ્રકૃતિનું બરાબર માપ કાઢીને આપો, એથી શરીર સુખેથી કામ કરવા દે. પણ 'ના, ના, ભૂખ તો નહોતી, પણ ખાવાનું મીઠું હતું, એથી ખાઈ લીધું.' તો પછી શું સ્થિતિ એ ખબર છે ને ? પથારી બોલાવે. બીજા દિવસે દવાખાને દોડી જવું પડે. આમ જ દાક્તરોને કમાણી ! મોટા ભાગે બિનઅધિકાર ચેષ્ટા કરનારાઓથી દાક્તરના દવાખાના ભરપૂર !

મારી પ્રકૃતિ શું છે ? ગરમ છે, તો તીખું ન ખાઉં. વાયુવાળી પ્રકૃતિ હોય, તો કઠોળ પર તૂટી ન પડું. કફની પ્રકૃતિ છે, તો સાકરના સ્વાદ ઓછા કરું. ભૂખ છે, છતાં પ્રકૃતિને ઓળખીને ખાવું અને સ્વાદ ઓછા કરવા; આ અધિકારની વસ્તુ છે. બહુ ચિંતા કરો નહીં, કેમ કે એ પણ આરોગ્ય પર અસર કરે છે. વાપરતાં ધ્યાન રાખો, માખી ન આવી જાય. નહીં તો છઠ્ઠીના ધાવણ ઉછાળશે. માનસિક આરોગ્યના નિયમો સાચવીને ચાલો.

કાળાનુસાર તો તમારો આવો કંઈક અધિકાર છે; પણ તે થોડો જ. કેમ કે એટલું સાચવવા છતાં રોગ થાય એ બને, ૪૨ વર્ષે ધોળાં ફૂટે, ૫૨ વર્ષે બત્રીશી જાય,

૬૨ વર્ષે ઝાંખ વળે, હાડકાં ઢીલાં પડી જાય, ૭૨ વર્ષે મન માંદું, સ્મૃતિ મંદ, વાત યાદ નહીં રહે. એટલે શરીર પર અધિકાર પણ પરિમિત છે. ત્યારે,

(iii) **લૌકિક અધિકાર :** લૌકિક જીવનમાં તો માન, કીર્તિ, સત્તા, સેવા ઇત્યાદિનો અધિકાર ભોગવવા માટે ઘણી સાવધાની રાખવી જરૂરી છે. અધિકાર મેળવતાં પહેલાં પોતાની પરિસ્થિતિ વિચારવી જોઈએ કે 'લાયકાત કેટલી છે ? કઈ કિંમત ઉપર એ આપણે માંગીએ છીએ ?' ગમે તેવા શ્રીમંત હોય, પણ જો તેમનામાં સ્વભાવની સૌમ્યતા-ઉદારતા ન હોય, ઉગ્રતા હોય, કૃપણતા અને તોછડાઈ હોય, તો કીર્તિ ના મળે, પાછળ ખરાબ બોલાય. સૌમ્યતા-ઉદારતા વિના કીર્તિના અધિકાર માંગવા ખોટા.

તેમ ગમે તેટલા પૈસા ખર્ચો, લોકોને જમાડો, પણ ઔચિત્ય ન હોય, તો ય જશ મળતો નથી. ઔચિત્ય વિના જશનો હક્ક કરવો ખોટો. માટે હોંશિયાર માણસો ઔચિત્યનો પહેલો વિચાર કરે છે. જમણમાં ઘી ને સાકરમાં ઝબોળે, પણ દાળ-શાકમાં ધ્યાન ન રાખે, તો ચાલે ? એના ઘી-સાકર ખાઈને લોકો થુ થુ કરે છે.

લૌકિક-કીર્તિ અને માન પણ સૌમ્યતા અને ઔચિત્યને લઈને મળે છે. એકલાં નાણાં ખર્ચો તો મળે ? ઔચિત્ય, સૌમ્યતા મોંઘા છે ? રાતી પાઈનો ખર્ચ નથી, પણ અજ્ઞાનતાને લીધે સૌમ્યતા નથી. સૌમ્યતા અને વર્તાવનું ઔચિત્ય અંજનાસુંદરીના અધિકારમાં ઘણું જોવાનું મળે છે.

સૌમ્યતાને લીધે લોકો પાસે આવીને બેસે છે, સલાહ લે છે. સૌમ્યતા નથી, તો માણસ વાઘ જેવો દેખાય છે, એનાથી લોક બીહીને ભાગે છે.

- ઔચિત્ય નથી, તો માણસ જંગલી જેવો દેખાય છે. એના સંપર્કમાં આવવું હૈયાથી કોઈને ગમતું નથી.
- તેમજ જેનામાં કૃતજ્ઞતા નથી, જે સામાના ઉપકારને યાદ રાખવાને બદલે તેના પર અપકાર કરવાની ચેષ્ટા કરે છે, તેને માન મળતું નથી.
- દિલમાં જો કરુણા નથી, તો પણ કીર્તિનો અધિકાર મળતો નથી.
- ગુણાનુરાગ નથી, નિંદા છે, તો પણ સારા ગણાવાનો અધિકાર નથી.

લૌકિક કીર્તિવાળા બાહ્ય જીવનનો પણ અધિકાર તો મળે કે જો એના જીવનમાં ઉદારતાની સુગંધ છે, સૌમ્યતાની સુરૂપતા છે, ઔચિત્યની મીઠાશ છે, કૃતજ્ઞતાની મુલાયમતા છે, ગુણાનુરાગની ફોરમ છે.

જીવન તો જીવે જાઓ છો, પણ નિરીક્ષણ કરો, પૃથક્કરણ કરો કે 'એક જીવનમાં કેટલા અને કેવા જીવન જીવીએ છીએ ?' પૈસા અને ખાનપાનની માફક કીર્તિ અને માનનું પણ જીવન છે. બીજાની સેવા ભોગવવાનું પણ એક જીવન છે. પણ એ અધિકાર ક્યારે મળે ? રોફ કે મારફૂટ કરવાથી ? તમે મારે માટે નવગજ ફાડો ને હું એક તસુ ન ફાડું તો ? પરમાર્થવૃત્તિ, બીજાનું કરી છૂટવું, જાત કરતાં જગતને વધારે સંભાળવું; તે અધિકારી બનાવે છે.

ઇન્દ્રો અને દેવો કરોડોની સંખ્યામાં અમથા દોડાદોડ કરતાં નથી. એ માટે ભગવાને કિંમત ચૂકવી છે; એટલે એમને દેવો અને ઇન્દ્રોની સેવા મળવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. મૂલ્યો ચૂકવવાથી અધિકાર મળે છે. એ મૂલ્યો સેવા અને પરમાર્થ છે. જીવનમાં અનિંદ્ય પ્રવૃત્તિવાળાને કીર્તિ અને જશનો અધિકાર મળે છે.

**અધિકાર કોને નથી ગમતાં ? બધાને ગમે છે. એમ કાં નહીં, સો વાતમાં અધિકાર જોઇએ છે. 'માન મને મળવું જોઇએ. સગવડ મારી સચવાવી જોઇએ. આજ્ઞા મારી મનાવી જોઇએ, પૈસા મને મળવા જોઇએ, આરોગ્ય મારું સારું રહેવું જોઇએ.' આ બધા અધિકાર જોઇએ છે; પણ ખ્યાલ નથી કે તેના માટે શું ખર્ચ કરવો પડે ?**

- દુનિયાની ખબર પડે છે કે બે આના આપ્યા સિવાય કાછિયો પણ શાક ન આપે.

- બેંકમાં નાણાં લેવા ચેક લઈને જવું પડે છે, તે વિના કેશિયર તરીકે સગો કાકો બેઠો હોય, તો પણ પૈસા આપતો નથી !

- દિલ્હી જવા માટે ટિકિટ લેવી પડે છે. ટિકિટ માસ્તર મિત્ર-સંબંધી હોય છતાં એમ ને એમ ટિકિટ આપતો નથી. કહી દે છે : 'દોસ્તદારી ઘરે, અહીં નહીં.'

- પોતાના શરીર ઉપર આરોગ્યનો અધિકાર રાખવા નિયમો પાળવા પડે છે, ભૂખ વેઠવી પડે છે, ન ગમતાં ઔષધ લેવાં પડે છે, પૈસાની સગવડ ન હોય છતાં ડૉક્ટરને બોલાવવા પડે છે, ત્રણ દિવસ ભૂખ્યા રહેવું પડે છે, આરોગ્યનો અધિકાર મેળવવા દિવસોના દિવસો સુધી મગના પાણી ઉપર રહેવું પડે છે અને દિવાળીના દિવસોમાં પક્વાન્નના ભોજન છોડવા પડે છે. શરીરના અલ્પ કાળનું આરોગ્ય સાચવવા માટે ય આટલું કરવું પડે છે, તો આત્માના અનન્તકાળના આરોગ્ય માટે કંઈ કરવું ના પડે ?

શરીર તો ૬૦, ૭૦ કે ૧૦૦ વર્ષ સુધીનું છે, જ્યારે આત્મા ચિરકાળ સ્થાયી છે, અમર છે, તો એના માટે 'ભાઈ ! ખૂબ ધ્યાન આપો' એમ રાખ્યું છે ને ?

૨-૫ વર્ષ રહેનાર નોકર ઉપર શેઠ આફ્રીન થઈ જાય ને તેનું ઘર ભરી દે, પણ પોતાનો છોકરો જે કાયમ પોતાની પાસે રહે છે, તેને કાંઈ આપે નહીં તો એને તમે મૂર્ખ ગણો છો, ત્યારે શરીર; કે જે ૨-૫ વર્ષ જેવું છે, એની પાછળ બધું અર્પણ ! અને આત્મા કાયમી છોકરા જેવો છે, એના માટે કાંઈ નહીં ! તો કેવા મૂર્ખ ગણાઓ ?

- આત્મા માટે કંઈ નથી, તેથી જ નવકારવાળીને બદલે ગપ્પા મરાય છે !

- તારક ભગવાનની ભક્તિના બદલે દુનિયાની ભાવ-ભક્તિમાં લાંબા પહોળા થવાય છે !

- સાત ધર્મક્ષેત્રને બદલે દુનિયાના ૧૮ ક્ષેત્રમાં આંખમીંચીને વાપરતાં અચકામણ નથી !

- અમર આત્માની સલામતી જોઈએ, તો આ ફેરવવું પડશે. આરોગ્ય, માન, પૈસાનો અધિકાર તેને મળે છે, જે કિંમત ચૂકવે, ભોગ આપે. તે વિના તો કર્મ ડામ દે !

**(૨) પારસ્પરિક જીવન :** વૈયક્તિક જીવનની વાત થઈ. શારીરિક, આર્થિક વગેરે બાબતમાં અધિકાર કેટલો પહોંચે ? કેવી રીતે પહોંચી શકે ? વગેરે વિચાર્યું. હવે પરસ્પરના સંબંધના યોગમાં ચાલતાં જીવન અંગે જુઓ. માણસને નાનેથી મોટો થાય ત્યાં સુધીમાં જીવનમાં અનેકના સંબંધમાં આવવું પડે છે.

માતાના, પિતાના, ભાઈ-બ્હેનના, પત્નીના, પુત્ર-પુત્રીના, કાકા-મામા, મિત્ર-મંડળ, શેઠ-નોકર વગેરે અનેકના સંબંધમાં આવવાનું બને છે. ત્યાં જીવને સામા પાસેથી પ્રેમ, સેવા, સત્કાર, અનુકૂળ વર્તાવ લેવાના અધિકાર ગમે છે.

'ફલાણે મારા પર પ્રેમ રાખવો જોઈએ, મારી સેવા કરવી જોઈએ, મને સત્કાર-આવકાર દેવો જોઈએ, મને અનુકૂળ વર્તવું જોઈએ.' એવો જાણે અધિકાર ધરાવે છે. જો એમ ન હોત, તો સામો પ્રેમ ન દેખાડે, સેવા ન કરે વગેરેમાં મનને ખોટું લગાડવાનું શા માટે રહેત ? પણ ખોટું તો વાત વાતમાં લાગે છે ! એ સૂચવે છે કે જાણે પોતે અધિકાર ધરાવે છે, તો સામો કેમ પ્રેમ ન રાખે ? સેવા ન કરે ? સત્કાર ન કરે ? અનુકૂળ ન વર્તે ?

પણ માણસને એટલો વિચાર નથી આવતો કે શા માટે હું મારી જાતને એવો અધિકારી, એવો હકદાર માનું કે જેથી એ મુજબ ન બને, તો એના ઉપર મારે ચિત્તક્લેશ અનુભવવો પડે ? તેમ એ પણ વસ્તુ છે કે એવા અધિકાર ધરવા પાછળ કયા ઊંચા ગુણ મેં પ્રાપ્ત કર્યા છે ? અથવા શી કિંમત ચૂકવી છે ?

બીજા પાસેથી પ્રેમની આશા રાખવા પૂર્વે જાતે એમના પર નિઃસ્વાર્થ પ્રેમના પૂર વહાવ્યા હોવા જોઈએ. સંભવ છે સામાની કો'કવાર ક્ષતિ ય થાય, તો પણ આપણા પ્રેમનો સ્રોત અખંડ વહેતો રહેવો જોઈએ. તો સામા પાસેથી પ્રેમ મેળવવાનો અધિકાર હજીય ધરવો યોગ્ય ગણાય. જો કે અધિકાર તો બીજા જ ધરવાના છે, એ આગળ વિચારીશું; છતાં આ તો વ્યવહારની વાત છે.

એમ, બીજા પાસેથી સેવા, સત્કાર, સગવડ મળવાનો અધિકાર ધરવા પૂર્વે આપણે બીજાની સેવા, સત્કાર અને સગવડ સાચવવામાં ભગીરથ પુરુષાર્થ કરવો ઘટે. **ખરી વાત એ છે કે આપણે આપણી જવાબદારી અદા કરવામાં અખાડા કરવા છે અને સામા પાસેથી બધું અનુકૂળ લેવાના દાવા રાખવા છે ! આ કેટલું અજ્ઞાન !**

પ્રેમપાત્ર તરીકેના જીવનનો અધિકાર, સેવ્ય તરીકેના જીવનનો અધિકાર, સત્કાર-સન્માન લેવા યોગ્ય જીવનનો અધિકાર રસ્તામાં નથી પડ્યો કે એમ જ મળી જાય.

કર્મસિદ્ધાંત તો ત્યાં સુધી કહે છે કે 'પહેલાં તારું પુણ્ય તપાસ કે પુણ્ય તારું પુષ્ટ છે કે પાતળું ? અધિકાર, દાવો ઇચ્છા મુજબ નથી મળતો; એ જ સૂચવે છે કે પુણ્ય પાતળું છે. પુણ્ય પહોંચતું નહીં હોય અને ધમપછાડા કરવા જઈશ, તો પેલું ન મળ્યાનું દુઃખ તો હતું જ, એમાં પાછું વધારામાં સંતાપની લ્હાયો, સામેથી નવા આક્રમણ વગેરે અનેક નવા દુઃખ વહોરીશ.'

બાકી, વ્યવહારથી પહેલાં પોતે ભોગ આપવાની જરૂર છે.

સમૂહના સંબંધોમાં પોતાનો અધિકાર વાજબી ગણાય એ પ્રમાણે પહેલું તો જાતે વર્તવું જોઈએ. પોતાની જવાબદારી સમજી પોતે જે છે એને યોગ્ય જીવન જીવવું જોઈએ. વિચારો કે 'હું કોઈનો પિતા છું, તો પિતા તરીકે મારી જવાબદારી કઈ છે ? તેનું એકાન્તે હિત થાય, એ રીતે તેની સંભાળ રાખવી જોઈએ. એ નાનો અને હું મોટો, એના કરતાં મારામાં બુદ્ધિ વધારે છે, અનુભવ વધારે છે; એમ સમજી યોગ્ય જીવન બનાવવું, સહિષ્ણુ બનવું, ત્યાગી બનવું, ઉદાર બનવું જોઈએ.' પિતાનું પિતા યોગ્ય, પત્નીનું પત્ની યોગ્ય, પુત્રનું પુત્ર યોગ્ય જીવન જોઈએ.

## શા માટે જીવો છો ? :

આના માટે આજે નિશાળો નથી ! કોઈ પદાર્થપાઠ નથી ! કારણ કે જીવના મુખ્ય ધ્યેયની જ ખબર નથી.

કોઈ પૂછે કે 'શું કરી રહ્યા છો ?'

'આ દુકાને જઈએ છીએ.'

'કેમ ?'

'જીવવું હોય, તો કરવું પડે ને ?'

હવે પૂછો : 'જીવવાની શી જરૂર છે ?'

કહે છે : 'આત્માનો વિકાસ કરવા.' ભાડૂતી શબ્દો ગોખી રાખ્યા છે. 'જીવવું શું કરવા ?' એ કોઈ જાણતું નથી.

કહે છે : 'જીવવું મોજ કરવા માટે !'

ધારો કે કોઈને ફાંસીની સજા ફરમાવાઈ છે. ફાંસીની હજી વાર છે. રાજા તેને બધી ખાનપાનની લહેર આપે છે, છતાં એને ગમતું નથી. કેમ કે એને તો નક્કી થઈ ગયું કે ફાંસી થવાની છે. તેમ અહીં જન્મ્યા એટલે મૃત્યુની ફાંસી નક્કી થઈ ગઈ છે. છતાં ખાનપાનાદિની લહેર માટે જીવવાનું માને; એ કેવું ?

એક રાજાએ કોઈને ચોર તરીકે પકડ્યો અને તેને ફાંસીની સજા ફરમાવી. પેલો કરુણ કલ્પાંત કરે છે. તેની ચાર રાણીઓને દયા આવી. તેને છોડી દેવા રાજાને વિનંતી કરે છે.

રાજા કહે છે : 'મારી આજ્ઞામાં ફેરફાર નહીં થાય.'

છેવટે રાણીઓએ કહ્યું : 'અમને ૧-૧ દિવસ તો આપો.'

રાજાએ કબૂલ કર્યું. રાણીઓને ચોર સોંપવામાં આવ્યો. એકેક દિવસ એકેક રાણી આ ચોરને સારી રીતે રાખે છે.

પહેલી સારું નવરાવે છે, ખવડાવે છે, પીવડાવે છે.

બીજી રાણીનો વારો આવ્યો. તે નવા નવા કપડાં પહેરાવે છે, ઘરેણાં પહેરાવે છે.

ત્રીજી રાણીએ બાગ-બગીચા દેખાડ્યા, વાહનમાં ફરવું, અત્તર-સેન્ટ-પાવડર વગેરે કરાવ્યું.

ચોથી રાણી કહે : 'હું તો ગરીબ જેવી છું. રાજાની એટલી માનીતી પણ નથી કે સારું સારું ખવડાવું, પહેરાવું. હું તો દાળ અને સૂકો રોટલો ખવડાવીશ; પણ તારા માટે આટલી ચિઠ્ઠી લઈ આવીશ : 'અભયદાન.' આ ચોથી રાણીએ વિચાર કર્યો કે મેં કોઈ દિવસ રાજા પાસે કોઈ માંગણી કરી નથી. એટલે રાજા આગળ આ ચોરને માટે પાંચ અક્ષર માંગી લાવું. યુક્તિ અને નમ્રતાથી ગમે તેમ રાજા પાસે આ પાંચ અક્ષર માંગી લીધા : 'અભયદાન.' પછી ચોરને છૂટો કરી રાજા સામે રજૂ કરવામાં આવ્યો.

રાજાએ પૂછ્યું : 'ક્યાં મઝા આવી ?'

'ત્રણ રાણીઓએ મારી સરભરા તો બહુ સારી કરી, પણ મારી સ્વસ્થતાનું ઠેકાણું ન હતું.'

જીવવું શા માટે ? મોજ કરવા માટે ? મોજ તો ત્રણ રાણીઓએ ખૂબ આપી હતી, પણ એને મન એ મોજ ન હતી. સામે ફાંસી તરવરતી હતી. પેલીઓ સારું સારું જમાડે-કરે છે, પણ આને તો દૃષ્ટિ સામે એક માત્ર ફાંસીના માંચડે ચડવાનું હતું.

'ફાંસી થશે ત્યારે જોઈ લેવાશે, વારે વારે આયંબિલ ને ઉપવાસ, તપ, ત્યાગ, દાન ને શીલ; એ બધું કષ્ટ શા માટે ? ખાવું, પીવું, મજા કરવી; એવું તો નઘરોર હોય તે માને. જેને જીવનના ધ્યેયની ખબર નથી, જીવનની એકે એક પ્રવૃત્તિ શા માટે કરવી ? કેવી રીતે કરવી ? કે જેથી સાચો કલ્યાણમય અધિકાર મળે તે જાણતાં નથી, એ જ એવી ધૃષ્ટતા સેવે. માટે સહૃદય તે કે જે જીવનના ધ્યેયને સમજે; એ માટે બીજાઓ સાથેના યોગ્ય વર્તાવને જાણે ને આદરે.

પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે એ પછી પણ ધાર્યો અધિકાર મળે જ; એવો નિયમ નથી. કેમ કે આર્થિક અધિકાર, સામાજિક અધિકાર, લૌકિક-સામૂહિક અધિકાર; આ બધામાં તંત્ર ચલાવનાર ખરી ચીજ તો પુણ્યાઈ છે. પુણ્યાઈ ન હોય, તો કાંઈ ન થાય. જુઓને;

- આરોગ્યના નિયમ જાણનારા પણ રોગી હોય છે ને ?
- ઔચિત્યવાળા, સૌમ્યતાવાળા, સેવા-પરાયણ પણ કીર્તિ પ્રાપ્ત કરી શકતાં ન હોય, ગરીબ હોય; એવું બને ને ?

દાંડાઈ પણ પુણ્ય હોય, તો પાર પડે. રાવણ દાંડાઈ કરતો હતો, પણ એ પુણ્ય પહોંચતું હતું ત્યાં સુધી. પણ જ્યારે એ પુણ્ય પૂરું થયું, ત્યારે વાલી રાજા પાસે ગરીબ ગાય જેવો થઈ ગયો. એથી આગળ વધીને પુણ્યાઈ પરવારી ત્યારે એકે ય વાત ઉપર તેનો અધિકાર રહ્યો નહીં. દશે શિર રણમાં રડવડ્યા. લક્ષ્મણે તેને ખતમ કરી નાખ્યો.

માટે હવે એવું જીવન જોઈએ કે જેના પર અધિકાર પહોંચે. અભ્યંતર જીવન એવું છે કે તેના ઉપર આપણો અધિકાર પહોંચે છે.

# ૩ અભ્યંતર જીવન

**અભ્યંતર જીવન બે જાતનું છે :** (i) એક શુદ્ધ આચારનું અને (ii) બીજું શુદ્ધ વિચારનું.

(i) શુદ્ધ આચારના જીવનમાં માર્ગાનુસારીપણાનું જીવન, સમ્યક્ત્વના આચારનું જીવન, શ્રાવકના આચારનું જીવન અને સાધુના આચારનું જીવન; એના ઉપર અધિકાર પહોંચે છે,

(ii) જ્યારે શુદ્ધ વિચારના જીવનની અંદર મોક્ષપ્રાપ્તિ, ભવઉદ્વેગ, મૈત્રી આદિ ભાવનાઓ, તત્ત્વચિંતન, વિશુદ્ધ આશય, પરિણતિ જ્ઞાન, ક્ષમાદિ ભાવો, માનસિક પવિત્ર ધોરણો, ઉચ્ચ મનોરથો વગેરે સેવવા, મેલી, કલુષિત અને કષાયભરી લાગણીઓ તથા વિચારો કરવા નહીં; એના ઉપર અધિકાર પહોંચે છે.

જ્યાં અધિકાર પહોંચે છે, ત્યાં તેનો ઉપયોગ કરવો નથી અને જ્યાં અધિકાર પહોંચતો નથી, ત્યાં આકાશ-પાતાળ એક કરી અધિકાર લેવા છે; એ કેટલું બેહૂદું !

ધ્યાન રાખો, શુદ્ધ ભાવનાઓનો સ્રોત વહેતો રાખવો હોય, તો એને કોઈ રોકનાર નથી. તત્ત્વનું ચિંતન કરવામાં કોઈ રોકનાર નથી. ક્ષમાદિનો અભ્યાસ રાખવામાં કોઈ રોકનાર નથી. એના પર તમારો અધિકાર છે.

ત્યારે કહો ખરા કે ક્ષમાને બદલે ગુસ્સો કર્યે શું વળે છે ? છોકરો મરી ગયો, કે પત્ની મરી ગઈ, શું જમરાજ ઉપર ગુસ્સો કરીએ તો પાછા આવે છે ? અરે, એક ફૂટેલો ગ્લાસ પણ સાજો કરવાની તાકાત ગુસ્સામાં નથી. બની વાત ન બની થતી નથી. પ્રપંચ ખેલો, ગુસ્સો કરો, કાંઈ પણ ધમાધમ કરો, છતાં પણ તેના આધારે વસ્તુ ઉપર અધિકાર મેળવાતો નથી ! તો ડાહ્યો માણસ તો વિચારે કે એના કરતાં ક્ષમા, મૃદુતા, સરળતા ઉપર અધિકાર રાખવો શું ખોટો ? અધિકારની આ વસ્તુ કોઈ લૂંટી શકતું નથી.

ઉત્તમ કોટિની વિચારસરણી ઉપર આપણો અધિકાર છે. વિચારસરણી બગાડવા છતાં જે નથી મળવાનું, જ્યાં કાંઈ નથી વળવાનું, એના માટે શું કરવા તૂટી મરવું ? જગતની વાતો ઉપર તો પુણ્યના જ અધિકાર છે. અધિકારની અંદર પહોંચતી વસ્તુને છોડી અધિકાર બહારનો પ્રયત્ન કરવામાં અંતે પશ્ચાત્તાપની વસ્તુ બની રહે છે.

- દિન-રાત ભગવાનનું સ્મરણ કરવું, દેવ-ગુરુની ઉચ્ચ કોટિની ભક્તિ કરવી; એ અધિકારની વસ્તુ છે.

- કર્મનો બળાત્કાર જીવનને આરંભ-સમારંભાદિ પાપભર્યા રસ્તે દોરી જાય છે, પણ તેની ગ્લાનિ રહેવી, કંપ રહેવો, ભય રહેવો; એ અધિકારની વસ્તુ છે.

અંજનાસુંદરીએ આ બધા અભ્યંતર શુદ્ધ જીવન પરના અધિકારો સેવ્યા છે અને તો જ એ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના હાથે શાસ્ત્રમાં અમર કરાઈ છે ! અભ્યંતર જીવનમાં પણ આધ્યાત્મિક જીવન એ મોક્ષની વધુ નિકટ છે.

શાલિભદ્રને પૂર્વજન્મમાં એની માતાએ ખીર આપી ખાવા માટે, કહ્યું : 'ખાજે બેટા, હું આવું છું.'

પણ એ છોકરાએ કયો અધિકાર અજમાવ્યો ? ખાઈ જવાનો નહીં, મહાતપસ્વી મુનિને દાન દેવાનો !

મા આવી ને એને હસતો દેખી પૂછે છે : 'ભાઈ ! પહેલી પહેલી ખીર મલી તે બહુ ભાવી લાગે છે !' તો ય તે બોલતો નથી. અધિકાર સુકૃતને ગાવાનો ન અજમાવ્યો; પણ ગુપ્ત રાખવાનો, જાતે ગંભીર બનવાનો અધિકાર વાપર્યો.

ધર્મની તક લેવાનો અધિકાર મલ્યો છે, તેને વધાવવો હોય, તો કોઈ રોકનાર નથી. ધર્મનો પુરુષાર્થ, ધર્મની પ્રશંસા, ધર્મ પર ઉછળતો રાગ, પરમાત્માની ભરપૂર ભક્તિની ભૂખ, એની તો સોલ એજન્સી મળી છે. યાવત્ સર્વવિરતિ અને કષાયનિગ્રહ; એના પર આપણો અધિકાર છે.

ચાલુ જીવનમાં પ્રસંગ-પ્રસંગને કેમ ખતવવો ? એ આપણા અધિકારની વાત છે. આ કીમિયો છે; સુખમાં છકી ન જવાય, દુ:ખમાં શોક અને પોક મૂકતાં ન થઈએ,

એ માટે જીવનમાં પ્રસંગ-પ્રસંગને ખતવતાં શીખવું જોઈએ. નાદાન માણસ ઊંધું ખતવે છે.

- માંદો પડ્યો હોય, તો કહે છે : 'હવા લાગી ગઈ.' પણ એમ કહેતો નથી કે કાલે વધારે દાબ્યું હતું !
- કહે છે : 'વિટામિન્સ ઘટી ગયા છે, ટોનિક આપો.' ઊંધું ખતવ્યું. પછી જે વિટામિન્સના ખોરાક લેવાય, તેથી ઊંધો પડે કે ચાલતો રહે ?

જેવી પાત્રતા તેવી ખતવણી થવાની છે. સારા અને ખોટા; બંને ઉપર અધિકાર છે. કોઈએ ગાળ દીધી, તો એ ભાવ રાખવો જોઈએ કે બે તો નથી દીધી ને ? બે દીધી, તો બાવીસ નથી દીધી ને ? બાવીસ દીધી, છતાં લાકડી તો નથી મારી ને ? લાકડી મારી, પણ તલવાર નથી મારી ને ? તલવાર મારી, મોત તો નથી કર્યું ને ? મોત કર્યું, છતાં આત્માનું ધર્મધન તો નથી લૂંટ્યું ને ? સમજુ આમ ખતવણી કરે છે.

અજ્ઞાની આનાથી ઊલટી ખતવણી કરે છે, ને પછી બિનઅધિકાર ચેષ્ટાઓ કરવાથી નરકના ભાતા બાંધે છે ! કોઈ પૈસા લઈ ગયો, પાછા ન આપી ગયો. હાયવોય ને મેલી વિચારણા કરવાથી પાછા મળે ? ના. જોવું જોઈએ પૈસા આપી શકે એમ છે ? જો ના, તો 'બસ, માનીશ કે દાન દીધા હતાં' એમ વિચારસરણી કરે. **સામો માણસ ગમે તેટલો ખરાબ હોય, પણ આપણા વિચારો સારા હોય, તો આપણી પુણ્યાઇ વધે છે.**

જાણો છો ને શેઠનું દૃષ્ટાંત ? એક શેઠ હતાં. એક વખત તેમની ડહેલીનું બારણું તૂટી ગયું. ઘરનું માણસ કહે છે : 'ખબર નથી આ બારણું તૂટી ગયું છે ?'

શેઠ કહે : 'સૌ સારા માટે થાય છે.' શેઠે બરાબર ખતવણી કરી.

શેઠ સાંજે આવ્યા તો શેઠાણીએ કહ્યું : 'શું સારું ? આ ડહેલીનું બારણું તૂટ્યું, તો આ ભેંસ અંદર આવીને મરી ગઈ !'

ડહેલીનું બારણું બરાબર ન કરાવ્યું; એનું ઉજાગરણ અડધી રાત સુધી કરવું પડે છે, ત્યારે આત્માની ડહેલીનું બારણું સમારવા ઉજાગરણ ક્યારે ? રોજ ચાલું જ છે ને ? કેટલા વાગે ? આત્માનું થવું હોય તે થાય; અમે તો કાંઈ

ઉજાગરણ કરતાં નથી; એમ જ ને ? શેઠની માફક ખતવણી સીધી કરતાં શીખવું; એ ઉપર આપણો અધિકાર છે.

પછી તો ભેંસને મરેલી જોઈને ચોકી કરનારું કૂતરું ડરીને નાસી ગયું.

શેઠાણીએ કહ્યું : 'કેટલો પ્રમાદ ? જોયું આ કૂતરું ચોકી કરતું હતું, એ પણ ડરીને જતું રહ્યું.'

શેઠ કહે છે : 'જે થાય તે સારા માટે.'

એ જ રાત્રે ચોર ડહેલીમાં પેઠા, અંધારું ઘોર હતું, વચમાં ભેંસ મરેલી પડી હતી. એ ચોરોને ખબર ન પડી. ઉતાવળે પેઠા એટલે એની સાથે અથડાયા. એમાં ગભરાયા. થેલા પડ્યા નીચે. પાછું ચોરોને લાગ્યું કે પાછળ કોઈ આવે છે. ગભરામણમાં ને ગભરામણમાં ચોરો તરત જ ત્યાંથી ભાગી ગયા. શેઠાણી સવારે ઊઠીને જુએ છે, તો માલના ઢગલા પડ્યા છે. શેઠને ઉઠાડે છે અને એ બતાવે છે.

શેઠ કહે : 'ખબર પડી ક્યાંથી આવ્યું ? ભસનાર કૂતરો ન હતો, ડહેલી ઉઘાડી પડી હતી, મરેલી ભેંસ વચ્ચે પડી હતી, એટલે આમ થયું.'

આમ આવું તો દુનિયામાં કોઈ વાર બને, પણ આધ્યાત્મિક ખતવણી પ્રતિપળ બને એમ છે. ખમે તે ગમે, ધમધમે તે ન ગમે. ખમી કોણ શકે ? ખતવણી સારી કરે તે. 'ખરાબ બોલે છે ? હશે; બોલે. સ્વભાવ એવો છે. સૌ પોતપોતાનો સ્વભાવ બતાવે, એમાં નવું શું છે ?' આમ મન વાળી સીધી ખતવણી કરવી જોઈએ. સાકર મીઠાશનો, કરીઆતું કડવાશનો અને અગ્નિ બાળવાનો સ્વભાવ બતાવે છે; એમાં ધમધમવું શું ? અજ્ઞાની ધમધમે, વિરુદ્ધ બોલે, તો પણ સારી ખતવણી કરનારને રોવાનું નહીં.

## ખતવણી તારક કે મારક ? :

વાત છે કે આ પ્રસંગને જેવી ભાવનાઓ આપો અર્થાત્ જેવી એની ખતવણી કરો, તે અનુસાર તમને શાંતિ કે અશાંતિ મળે. તારક ખતવણી કરો, તો શાંતિ મળે. મારક ખતવણી કરો, તો અશાંતિ મળે. ખતવણી કેવી કરવી ? તે આપણા અધિકારની વાત છે. તાત્ત્વિક સમજ અને નમ્રતા, ભાવદયાદિ

તથા મૈત્રી અને પ્રમોદ ભાવનાના આધારે તારક ખતવણી થાય. ત્યારે અજ્ઞાન, મોહમૂઢદશા, સ્વાર્થાંધતા અને ઈર્ષ્યા-અહંકારાદિ ઉપર ખતવાય તે મારક ખતવણી થાય. ખતવણી કેવી કરવી ? તેના પર તમારો અધિકાર છે.

## બાહ્ય અધિકારનો ઉપસંહાર :

અધિકારની ઘણી વાત થઈ. બાહ્ય વસ્તુ સાથેના જીવનમાં એક વૈયક્તિક જીવન, બીજું પારસ્પરિક જીવન.

(i) વૈયક્તિક જીવનમાં,

- આર્થિક જીવન પર અધિકાર એટલો, કે તમે ન્યાય-નીતિસર યોગ્ય ઉદ્યમથી મળેલ આવકને અનુસારે ખર્ચ રાખી શકો.
- શારીરિક જીવનમાં અધિકાર એટલો કે જો તમે નિયમસર અને યોગ્ય આહાર-વિહારાદિ રાખો, તો ચાલુ આરોગ્ય ભોગવો.
- લૌકિક જીવનમાં અધિકાર એટલો કે ઔચિત્ય, સૌમ્યતા, કૃતજ્ઞતા, સેવા અનિંદ્યપ્રવૃત્તિ વગેરે રાખો, તો લોકમાં માન, કીર્તિ સહકારાદિ મળે: આ વૈયક્તિક જીવનની વાત થઈ.

(ii) પારસ્પરિક જીવનમાં,

- કુટુંબીજનો સાથે, મિત્ર-સ્નેહી-માલિક-નોકર આદિ સાથે અને જ્ઞાતિજન, ગ્રામજન વગેરે સાથેનું જીવન વગેરેમાં અધિકાર એટલો કે જો તમે એ દરેક સાથે તમારી જવાબદારી અને તમારા માથેના ભારને બરાબર વહન કરો, તો સામા પાસેથી અનુકૂળ વર્તાવની અપેક્ષા રાખી શકો.

છતાં એટલું ધ્યાનમાં રહે કે આ બધામાં છેવટે તો બધું પૂર્વ પુણ્યના હાથમાં છે. કર્મ કરે તે થાય ! સુખ, સગવડ અને આબરૂભર્યા જીવન પર અંતિમ અધિકાર પૂર્વની પુણ્યાઈ ઉપર છે. પુણ્યાઈ સલામત, તો સુખ સગવડ સલામત.

માટે તો સીતાજી ખરેખરા મહાસતી હતાં, રાવણને ત્યાં કપરી કસોટીમાંથી પાર ઊતર્યા હતાં, છતાં અખંડ કીર્તિ અને સમૃદ્ધિભર્યા જીવન પર અધિકાર ન રાખી શક્યા. અપકીર્તિ પામીને ગર્ભિણી અવસ્થામાં એકલા અટૂલા પહેર્યે

લૂગડે જંગલમાં મૂકાઈ જવું પડ્યું. કારણ ? એ જ કે પૂર્વે મુનિની નિંદાથી બાંધેલું પાપ ઉદયમાં આવ્યું, તેથી પુણ્ય સલામત ન રહ્યું.

આ જો બરાબર ધ્યાનમાં રહે તો પૂર્વ પુણ્યને આધીન એવા જીવન પર જાતે અધિકાર અજમાવવાનું મન ન થાય. એમ ન થાય કે 'આટલા પૈસા મને કેમ ન મળે ? મારો ભાઈ મારું કેમ લૂંટી જાય ? મારું વાંકું કોણ બોલનાર છે ?...' આવા આવા બિનઅધિકાર ઓરતા ન થાય; કેમ કે અંતે બાહ્યનું એ બધું પૂર્વના પુણ્ય-પાપને તાબે છે.

## અભ્યંતર જીવન પર અધિકારનો ઉપસંહાર :

ત્યારે અધિકાર તો ત્યાં અજમાવાય કે જે વર્તમાન પુરુષાર્થને આધીન હોય. એવું શું છે ? અભ્યંતર જીવન. એમાં આવે શુદ્ધ આચારમય જીવન અને શુદ્ધ વિચારમય જીવન.

આ બંને ઉપર અને એમાં ય વિશેષ કરીને શુદ્ધ વિચારમય જીવન પર આપણો અધિકાર છે. કેમ કે એ પૂર્વના પુણ્યની બહુ ઓછી અપેક્ષા રાખે છે, આપણા વર્તમાન પુરુષાર્થની બહુ અપેક્ષા રાખે છે. માત્ર આપણે એટલું ગૌરવ લઈએ કે 'અહો ! આ મોંઘેરા ભવમાં મને આવા શુદ્ધ આચાર-વિચારમય જીવન પર અધિકાર મળ્યો છે, તો એવા લોકોત્તર અધિકાર હું શા સારૂ ગુમાવું ? દુનિયામાં બીજા અધિકાર તો ઘણા ય મળ્યા ને મળશે, ઘણા ય અધિકાર ભોગવ્યા ને ભોગવાશે, પણ તેથી જીવને શું વિશેષ ? ત્યારે આ અધિકાર મળવા સહેલા નથી. મોટા હાથી જેવા પ્રાણીને પણ શુદ્ધ આચાર-વિચારમય જીવન પર જે અધિકાર નથી મળ્યો, તે મને મળ્યો છે. માટે પુરુષાર્થ અજમાવી લઉં.' આટલું થાય તો પછી પુરુષાર્થ સુલભ છે.

(i) શુદ્ધ આચારમય જીવનમાં,

- માર્ગાનુસારી જીવનના પાંત્રીસ આચારો આવે, એના પર આપણો અધિકાર છે. ન્યાયસંપન્નતા પાળવી, આયોચિત વ્યય કરવો, નિંદા અને નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરવો, માતા-પિતાના પૂજક બનવું, પરોપકાર કરવો વગેરે આચાર બજાવવા હોય, તો બજાવી શકીએ છીએ. દિલને ગૌરવ જોઈએ કે 'આ કેમ ન બજાવું ? આ તો મારા હાથની અને મારા કલ્યાણની વાત છે.

હલકા કુળમાં ગયો હોત, તો ક્યાં આ શક્ય હતું ? ત્યાં તો ઉત્તમ આચાર-વિચારની મૂળમાં સમજ જ નહીં, તો પછી પાળવાના હક શાના ? અહીં સમજ છે, હક છે, તો અવશ્ય પાળું.' એમ માર્ગાનુસારી જીવન પરનો અધિકાર બજાવાય.

એની જ જેમ અપુનર્બન્ધક અવસ્થાના આચાર : પાપ તીવ્ર ભાવે ન કરવા, ઔચિત્યના પાલન કરવા વગેરે, તેમજ મૈત્રી-પ્રમોદ-કરુણાના પોષક આચારો, એમ યોગની પૂર્વસેવાના આચારો તથા યોગ-બીજના આચારો : જેવા કે જિનેન્દ્રદેવનું કુશલ ચિંતનપૂર્વક પૂજન, ભાવાચાર્યની ભક્તિ-વૈયાવચ્ચ, ધાર્મિક પ્રતિજ્ઞાઓ, શાસ્ત્ર લખાવવા-વંચાવવા વગેરે... આ બધા પુરુષાર્થ સાધ્ય હોવાથી એના પર આપણો ખરો અધિકાર પહોંચે છે. એથી આગળ વધતાં, સમ્યક્ત્વના આચારો : જેવા કે જિનેન્દ્ર-ભક્તિ, સાધુ-સેવા, જિનવાણી-શ્રવણ, ૬૭ પ્રકારનો વ્યવહાર વગેરે. શ્રાવક ધર્મના આચારો : જેવા કે શક્ય વ્રત ગ્રહણ, દાન-શીલ-તપ-ભાવ, શ્રાવક-દિનચર્યા, પર્વકૃત્યો, વાર્ષિક કૃત્યો, જીવનકૃત્યો, ૧૧ પ્રતિમા વગેરે તથા સાધુધર્મના આચારમાં જ્ઞાનાચારાદિ પંચાચારના કેઈ પ્રકારો, ઓઘ સામાચારી, દશવિધ સામાચારી વગેરે સામાચારીઓ, ત્યાગ-તપશ્ચર્યા, વિનય-ભક્તિ, જ્ઞાન-ધ્યાન વગેરેની કેઈ પ્રવૃત્તિઓ... આ બધા આચારમય જીવન પર આપણો અધિકાર પહોંચે છે.

### ખોટા અધિકારની કલ્પનાથી દુઃખ અને વિટંબણા :

ખ્યાલ આવે છે ? જાતજાતની અને ભાતભાતની સુખ-સગવડ ઉપર અમારો અધિકાર છે; એવું મનને લાગ્યા કરે છે, એવું મનમાં જાણે નિશ્ચિત વસી ગયું છે, એટલે તો જરા જરા જેટલી સગવડમાં અને તદ્દન મામૂલી સુખમાં વાંધો ઊભો થાય એ ઉદાર દિલે ખમી ખવાતું નથી, ત્યાં મન પ્રશાંત અને સ્વસ્થ રહી શકતું નથી, કચવાટનો અનુભવ થાય છે; કેમ જાણે અમારા અધિકારની વસ્તુ અમને કેમ ન મળે ?

એક જ દુકાનમાં મોટા મુનિમને પાંચસોનો પગાર મળે, ત્યાં નાનો ગુમાસ્તો પોતાને પગારના માત્ર પોણોસો મળે એમાં કચવાટ નથી અનુભવતો; કેમ વારુ ? સમજે છે કે મારો અધિકાર આટલો જ છે, ત્યારે અહીં તો વાતવાતમાં

કચવાટ થાય, વાતવાતમાં મનને ઓછું આવે, શા માટે ભાઈ એમ ? બધી સુખસગવડનો ખોટો અધિકાર માન્યો છે માટે ને ? **સમજી રાખો; એ ખોટા અધિકારની પાછળ જ દુઃખ ભોગવો છો અને વિટંબણા ઊભી કરો છો.**

ત્યારે સુકૃતનો કેટલો અધિકાર માન્યો છે ? સુકૃત ઓછું મળ્યાનો કચવાટ કેટલો થાય છે ? મનને ઓછું ક્યારે આવે છે ? 'બસ, મારું આટલું માન સચવાયું નહીં, મારી આટલી સગવડ ન સચવાઈ, ધાર્યા પૈસા ન મળ્યા...' આવું આવું મનને ઓછું આવ્યા કરે છે; પરંતુ,

- 'આટલું સુકૃત હું ન કમાયો, આટલા ઉત્તમ શ્રાવકના કે માર્ગાનુસારીના આચાર ન ખીલવ્યા...' એવું એવું મનને કાંઈ ઓછું આવે ખરું ?
- 'અહીં નિંદામાં પડ્યો, અહીં સ્વાર્થમાં તણાયો, ને ધર્મકથા કે પ્રભુજાપના અને પરમાર્થના સુકૃત ગુમાવ્યા' આવો કચવાટ ક્યાં થાય છે ? કેમ નહીં ?

આ ઉત્તમ ભવમાં એના જ ખાસ અધિકાર મળેલા છે, પાછા એ તારક અધિકાર છે; એવું હાડોહાડ વસ્યું નથી, એની કદર નથી, તો હવે એ ઊભું કરો. એ વિચારો કે કેવા વિશુદ્ધ આચાર-વિચારભર્યા જીવન જીવવાના અધિકાર મને મળ્યા છે !

'દુન્વયી સુખ-સગવડ અને સન્માન-સત્કાર પર કોઈ અધિકાર મને નથી. એનું કારણ,

(i) એક તો મારી પાસે તેવું પુણ્યબળ નથી, અને

(ii) બીજું, એવા અધિકાર મળવા પાછળ કોઈ શાબાશી નથી. કેમ કે એથી તો સંસારમાં ડૂબવાનું છે, તરવાનું નથી; તો શા અધિકાર માનવા'તાં ?'

આ ભાવના કેળવો, પછી જુઓ કે મન કેટલું માતબર બને છે ! કેવા સાચા સુખના અનુભવ થાય છે ! જાતે સહર્ષ કષ્ટ ઉપાડીને પણ બીજા પર ઉપકાર કરવાના કેવા સુંદર માર્ગ ખૂલે છે ! ઉત્તમ આચાર-વિચારના કેટલા સરસ અધિકાર મળ્યાની કદર થાય છે !

# ૪ ઉત્તમ વિચારના અધિકાર

(૧) મોક્ષરુચિ :

શુદ્ધ વિચારના અધિકારમાં પહેલાં નંબરમાં એ વિચારવાનો હક રાખો કે 'સંસાર અસાર છે, મોક્ષ એ જ એક સાર છે. તો આ ઉત્તમ ભવમાં દાંવાપૂર્વક મોક્ષ જ સારભૂત હોવાનો પવિત્ર આશય રાખીશ. સંસાર ગમે તેટલી લીલા દેખાડે, પણ મારે મન સંસાર એ નિર્ગુણી ! સંસાર એ અપકારી ! સંસાર એ ભયાનક ! સંસાર એ શુદ્ધ આત્મા પર એક ઘોર વિટંબણા !' આ શુભ વિચારભર્યા જીવન પર અધિકાર છે; એ અધિકારની અજમાયશ આશીર્વાદભૂત છે.

(૨) પવિત્ર આશય :

બીજો અધિકાર પવિત્ર આશય અને ઉમદા દિલનો છે. બીજી વાતનું પુણ્ય કમી હશે તો એ ઓછું મળશે, અગવડ રહેશે, પરંતુ હૃદયના આશય પવિત્ર રાખવામાં અને દિલ ઉમદા રાખવામાં કોઈ અટકાવે એમ નથી, એ રાખવાનો આપણો અધિકાર છે. તો અધિકાર અજમાવવો હોય, તો આ અજમાવવો જોઈએ કે 'હવે તો હું ઘણે ઊંચે આવી ગયો છું, હવે કદી મેલા આશય ધરું નહીં, દિલને ક્ષુદ્ર બનાવું નહીં.'

દુનિયામાં પ્રસંગ ગમે તે બને, પણ હૃદય તુચ્છ બનાવવામાં અને મલિન આશય ધરવામાં જીવને કાંઈ જ લાભ થતો નથી, ઊલટો સંતાપ વધે છે, પાપ વધે છે, ઉત્તમ ભવ એટલો બરબાદ થાય છે. માટે સદા પવિત્ર અને ઉત્તમ દિલ હકપૂર્વક રાખવાનું. એ માટે પહેલાં કહ્યું તેમ ખતવણી સીધી કરવી. તારક ખતવણી કરવી, મારક નહીં. એવી ખતવણી કરવી કે જેથી મનના ઉલ્લાસ મરે નહીં, પાપવિચાર અને દુર્ધ્યાન સ્ફુરે નહીં.

(૩) શુભ ભાવનાઓના ખૂબ અભ્યાસ :

ઉત્તમ વિચારમય જીવન માટે શુભ ભાવનાઓ વારંવાર થવી જોઈએ.

*જીવ ઘેલો છે કે આવા સુંદર હક મળ્યા છે, તે વિસારી અશુભ ભાવનાઓ* અને ફાલતુ વિચારોથી મનને વિડંબ્યા કરે છે.

- જેમ નાદાન માણસ બહુવાર ખાઈ ખાઈને શરીરને વિડંબે છે.
- જુગારી બહુ ખેલી ખેલીને ધનને વિડંબે છે.
- કામાંધ માણસ જ્યાં ત્યાં અડપલાં કરી આબરૂને વિડંબે છે. એમ,
- ઘેલો જીવ ખોટા વિચારો અને ખોટી ભાવનાઓ કરી કરીને મનને વિડંબે છે.

પછી દુર્બળ અને નિ:સત્ત્વ બનેલું મન સારા કામમાં ચોંટતું નથી, ધર્મક્રિયામાં પણ ખોટા વિચાર કર્યા કરે છે. ઉચ્ચ કોટિના ઉપદેશ અનેકવાર મળ્યા પછી પણ આજે એ ફરિયાદ શાથી છે કે 'સાહેબ ! સાંભળીને ગયા પછી ટકતું નથી. એ પાવર ટકતો નથી ?' એટલા જ માટે કે સાંભળતાં અને વિશેષ કરીને સાંભળીને ગયા પછી શુભ વિચારો ને શુભ ભાવનાના ભરપૂર આંદોલનો મગજમાં રમતાં રહેતાં નથી.

પાતંજલ યોગદર્શન પણ કહે છે કે 'વૈરાગ્યની ભાવનાના અભ્યાસથી અર્થાત્ વારંવાર એ ભાવના ભાવ્યા કરવાથી અનાદિના રાગના સંસ્કાર ઘસાતાં આવે છે.'

રાગ, મમતા, તૃષ્ણા, વગેરેની ગાઢ જામેલી વાસનાના પાશ તો જ મીટે કે વૈરાગ્યની વારંવાર ભાવનાઓના એના પર ખાર લાગ્યા કરે. માટે આ ખાસ શરૂ કરી દો કે હાલતાં ને ચાલતાં, ખાતાં ને પીતાં, બેસતાં ને ઊઠતાં શુભ ભાવનાઓ મનમાં રમ્યા કરે.

શુભ ભાવના એટલે ? મૈત્રી વગેરેની ભાવનાઓ, સંયોગમાત્રની અનિત્યતા, સંસારમાં જીવની અશરણતા, સંસાર સંબંધોની વિચિત્રતા અને દુ:ખમયતા... વગેરે વગેરેની ભાવનાઓ; એ શુભ ભાવનાઓ છે.

(૪) તત્ત્વચિંતન :

ચોથું જરૂરી આ છે કે જીવ, અજીવ વગેરે તત્ત્વોનું ચિંતન કરવું, કર્મના સિદ્ધાંત વિચારવા, સ્યાદ્વાદની વ્યાપકતા વિચારવી ઇત્યાદિ અનેક રીતે તત્ત્વચિંતન કરવું.

એથી દૃષ્ટિ નિર્મળ બને છે, ખોટી માન્યતાઓ અને ધોરણો પલટાય છે, અતાત્ત્વિક દૃષ્ટિ નાબૂદ થાય છે, સમ્યક્ત્વ દૃઢ થાય છે.

(૫) શ્રદ્ધાબળ :

ઉત્તમ વિચારમય જીવન માટે શ્રી અરિહંત પરમાત્મા અને એમના વચન ઉપર અથાગ શ્રદ્ધાબળ કેળવવું અને મિથ્યાત્વના ભાવને વમી કાઢવા. ક્યારેય પણ શંકા, કાંક્ષા ન ઊઠે; એવી શ્રદ્ધાની પરિણતિ વધારતાં જવી ને કદાચિત્ ઊઠે, તો સર્વજ્ઞ ભગવાનના અનંત જ્ઞાનનો, જગતમાં અરિહંતની મહાનતાનો, આપણી અલ્પતાનો... એવો બધો ખ્યાલ કરી શંકાદિને નિર્મૂલ કરવા અને શ્રદ્ધા એવી કેળવવી કે બાળક માતાના ખોળામાં જેમ નિશ્ચિંત બને એમ આત્મા અરિહંત અને એમના વચનમાં નિશ્ચિંત બને.

(૬) ક્ષમાદિના અભ્યાસ :

શુભ વિચારભર્યા જીવનનો તારક અધિકાર ભોગવવા મોક્ષરુચિ, પવિત્ર આશય, શુભ ભાવનાઓ, તત્ત્વચિંતન અને શ્રદ્ધાબળની જેમ ક્ષમાના, નમ્રતાના, સરળતાના અને નિસ્પૃહતાના દિલ કેળવવાની જરૂર છે. વારંવાર ક્ષમાદિના પ્રયોગ કરવા જોઈએ.

આની વળી ઓર બલિહારી છે. એવા પ્રયોગને જે કરતાં રહે છે, એ એના મીઠાં ફળ અનુભવે છે. જગતને ક્રોધ, અભિમાન વગેરેના નશામાં પાગલ બનતું જોઈ એને દયા આવે છે, આશ્ચર્ય થાય છે કે 'આ કેવી પાગલતા !'

એ સમજે છે કે 'બીજો ધર્મ કમાવવો મોંઘો હશે, પણ આ ક્ષમાદિ કેળવવા સસ્તા છે અને સસ્તા છતાં અહીં અને પરલોક બંને માટે મહાલાભકારી છે.' પરંતુ આ બનાવવા માટે 'એના સુંદર અધિકાર અહીં મળ્યા છે, તો એ જ અજમાવું, પણ ક્રોધાદિના અધિકાર નહીં' એવી જાગ્રતિ, એવી ખ્વાહિશ રહેવી જોઈએ.

(૭) ધર્મનો રાગ, પ્રશંસાદિ :

સમય ટૂંકો છે. અંજનાસુંદરીએ અભ્યંતર જીવનના ઉત્તમ અધિકાર અજમાવ્યા; તે જોવાના છે. માટે ટૂંકમાં જ જોઈએ છીએ.

શુભ વિચારમય જીવનમાં ધર્મનો રાગ, ધર્મની પ્રશંસા, ધર્મ કરવાની તાલાવેલી વગેરે આંતરિક ભાવને હક માનીને વિકસાવવાના છે. આજ સુધી જડ વસ્તુના રાગ, ગુણગાન અને ઇચ્છાઓ બહુ સેવી. અનંતકાળની એ રમત પછી આજે સરવાળે શું એ તો જાણો છે ને ? છે કાંઈ માલ ? કોઈ નક્કર લાભ ? કોઈ સંગીન-સદ્ધર કમાણી દેખાડી શકશો ? ના, તો હજી ય એના અધિકાર સેવવા છે ? મૂકો એની પંચાત અને આ દિવ્ય અધિકાર મળ્યા છે, તે બજાવો.

જીવને કહી દો કે : 'રાગ કરીશ તો ધર્મનો, પ્રશંસા કરીશ તો ધર્મની. જ્યાં જ્યાં ધર્મ દેખાશે, ત્યાં ત્યાં તેના ગુણ ગાઈશ. સારો તો ધર્મને જ માનીશ. અભિલાષા અને તાલાવેલી ધર્મ કરવાની કરીશ. હવે તો ધર્મની જ ગરજ રાખીશ. બીજી ગરજ બહુ કરી, પણ અંતે દ્રોહ દેખ્યો. જેની ગરજ કરી કરીને હું તૂટી મરું, કાયા તોડી નાખું, મન થકવી નાખું, આખું જીવન હોમી દઉં, *એની પાછળ અંતે એ તો મને દગો જ દઈ જાય, રોતો જ રાખે ને ભવમાં* ભટકતો કરે; તો શા માટે એવી ગરજ સેવવાની મૂર્ખાઈ કરું ? બસ, હવે તો મારે ધર્મની જ ગરજ કરવાની. સાચી ગરજ જાગશે પછી તો કોઈ બહાના નહીં ઊભા રહે...' આવા આવા શુભ ભાવ વિકસાવવાના છે.

જીવનમાં વાંધા ધર્મની ગરજના જ છે ! ધર્મની સાચી ગરજ હોય પછી 'ધર્મ કેમ નથી કરતાં ?' એના ઉત્તરમાં શું કહીએ ? 'પ્રમાદ નડે છે. બીજા કામ ઘણા છે, ઉપાધિ બહુ છે, શરીર ચાલતું નથી...' વગેરે વગેરે બચાવ ધરાય ખરા ? તે ય હૃદયમાં ડંખ વિના, કલેજે કંપ વિના અને દિલમાં મહાનિસાસા વિના બચાવના ઓઠાં રજૂ કરી શકાય ?

નથી લાગતું કે ગરજ નથી માટે પ્રમાદ વગેરેનું બહાનું છે ? દુનિયામાં કેઈ વાતોની ગરજ છે, તો ત્યાં પ્રમાદ નડે છે ખરો ? બીજા કામ આડે આવે છે ખરા ? ઉપાધિઓ અટકાવે છે ? શરીર નથી ચાલતું ? મૂળમાં તેવી ગરજ નથી, પછી શું કામ દંભના બચાવ કરાય છે ?

માટે, દિલમાં ધર્મની તરણ-તારણતા અને મહાદુર્લભતા વિચારી પહેલાં ધર્મની ગરજનો ભાવ ઊભો કરો. આ કરવાનો અહીં સુંદર મોકો મળ્યો છે, અધિકાર છે, એને સફળ કરો. ધર્મના ગરજુ બન્યા પછી પણ કેટલો ય ધર્મ અમલમાં નહીં

ઊતરે એવું ય બનશે, પરંતુ ત્યાં બહાના-બચાવને બદલે ખેદ થશે કે 'અહો ! હું કેવો કમભાગી કે ધર્મ-અમૃતને બદલે પાપના ઝેર પી રહ્યો છું !' આ ખેદની પાછળના બોલ પણ જુદા જ નીકળશે.

(૮) ધર્મનો સમરસ :

ધર્મની પાકી ગરજ ઉપરાંત આત્મા સાથે ધર્મનો સમરસ કેળવવાની જરૂર છે. આચારધર્મની જેમ વિચારધર્મમાં આ એક મહત્ત્વનો ભાવ કેળવવાનો છે.

સમરસ એટલે સમજો છો ? દૂધમાં સાકર નાખો તો પછી એ સાકર દૂધમાં જુદી શોધી જડે ? ના, એ તો દૂધ સાથે એકરસ થઈ ગઈ. બસ, ધર્મ એ રીતે આત્મામાં એકરસ બની જવો જોઈએ. એકરસ પણ એવો કે જેમ જુદા જુદા મસાલા દાળ-શાકમાં એકરસ થઈ જાય છે, તેમ જુદા જુદા ધર્મગુણો દા.ત. ક્ષમા, નમ્રતા, સહિષ્ણુતા, પરોપકાર વગેરે એકરસ થઈ ગયા હોય. તેથી પછી એમ ન થાય કે 'પરોપકાર તો કરું, પણ સામો ગુસ્સો થાય તેવા બોલ બોલે, ત્યાં શી રીતે પરોપકાર થાય ?' એ તો પરોપકાર સાથે ક્ષમા એકરસ થયેલી હોય, તો એ ગુસ્સો કે રીસામણું થવા જ ન દે અને પરોપકાર ચાલવા દે.

સમરસની અદ્ભુત વસ્તુ સમજપૂર્વક બહુ આદરવા જેવી છે. ધર્મ અને ગુણો આત્મા સાથે એકરસ નથી થયા હોતાં, તેથી એ સહજભાવે અમલમાં નથી આવતાં, જાણે પરાણે કરવા પડે છે. દા.ત. ઉપવાસ મન મારીને કરવો પડે છે. એનું પરિણામ ? પ્રતિપક્ષી પાપો અને દોષથી એ વારે વારે દબાઈ જાય છે. દા.ત. ખાવાના રસમાં ઉપવાસ લાંબે ગાળે વિલંબાય છે. પાછા વળી ધર્મ અને ગુણો આદરાતાં હોય, ત્યારે પણ પરાયા જેવા ભાસે છે. માટે,

- ફૂલમાં સુગંધ જેમ એકરસ ભળેલી હોય છે,
- મધમાં મીઠાશ જેમ એકરસ હોય છે,
- સ્ફટિકમાં ઉજ્જવળતા આરપાર રહેલી છે,
- જેમ સૂર્યમાં તેજ એકાકાર છે,

- તેવી રીતે ધર્મને અને ગુણોને આત્મામાં એકાકાર-એકરસ યાને આત્મા સાથે સમરસ કરવાના છે. જેથી એ સહજ બને, પોતાની વસ્તુ લાગે, ભૂલાયા ભૂલાય નહીં; એમાં હર્ષ-ઉલ્લાસનો પાર ન હોય.

ધર્મ અને ગુણોને સમરસ કરવાનો કલ્યાણ અધિકાર અહીં મળ્યો છે, તો એ મૂકીને પાપો અને દોષોને સમરસ રાખવાનો મારક અધિકારને બજાવવાનું શા માટે કરવું ?

ભૂલશો નહીં કે ધર્મ અને ગુણોને આ સમરસ કરવા વગેરેનું કાર્ય પુરુષાર્થ-સાધ્ય છે, માટે જ એના સાચા અધિકાર મળ્યા ગણાય. બાકી, **રંગરાગના પદાર્થ મેળવવા-ભોગવવા-સાચવવાનું તો પૂર્વના પુણ્યને આધીન છે, પુણ્ય સાબૂત હોય, તો એ બને; તેથી એના પર આપણા સાચા અધિકાર નથી, ભાડૂતી અધિકાર છે.**

અંજનાસુંદરીના ચરિત્રમાં જોશો કે એ મહાસમૃદ્ધિમાં જન્મેલી અને પરણેલી હોવા છતાં પુણ્ય વાંકું પડ્યું, તો અધિકારો કેવા લૂંટાયા ! ત્યારે એનામાં શીલગુણ સમરસ થયો હતો, તો કેવા સહજભાવે અને પોતાની વસ્તુ તરીકે એને સાચવવાનો અધિકાર એણે બજાવ્યો !

(૯) અરિહંત પર ઉછળતી પ્રીતિ-ભક્તિના અધિકાર :

મોક્ષરુચિ, શુદ્ધ આશય, શુભ ભાવનાઓ, તત્ત્વશ્રદ્ધા, ક્ષમાદિ ગુણો કેળવવાપૂર્વક ધર્મરાગ-પ્રશંસા-ગરજ અને ધર્મના સમરસને પ્રદીપ્ત કરી, શુભ વિચારક્ષેત્રમાં અરિહંત પરમાત્મા પ્રત્યે ઉછળતી પ્રીતિ-ભક્તિનો ભાવ ઊભો કરવાનો. આવા પ્રીતિ-ભક્તિભર્યા જીવન પર આપણો સાચો અધિકાર છે. એવું જીવન બનાવાનો અધિકાર; અજમાવી શકાય એવો અધિકાર છે.

અધિકાર જ અજમાવવા હોય, તો આનો અધિકાર અજમાવો. દાવો રાખવો હોય, તો આનો દાવો રાખો. હક કરવા હોય, તો આના હક કરો. બાકી, વેઠિયા અધિકાર, ભાડૂતી અધિકાર, આત્માની મશ્કરી કરાવનારા અધિકાર અજમાવ્યાથી શું ? આત્માને અંતે નાલેશી અપાવનારા, નુકસાન કરનારા અધિકાર અજમાવ્યાથી શું ?

જેવી રીતે માણસને સુશીલ પત્ની પ્રત્યે ઉછળતી પ્રીતિ હોય છે, સુયોગ્ય માતા પ્રત્યે ઉછળતી ભક્તિ હોય છે, એવી રીતે અરિહંત પરમાત્મા પ્રત્યે અને એમના આદેશો પ્રત્યે ઉછળતી પ્રીતિ-ભક્તિ કેળવવાના છે.

ઉછળતી એટલે સમજો છો ને ? કલેજું તર કરે એવી ! હૃદયમાં થનગનાટ કરાવે એવી ! દિલને ગદ્ગદ કરે એવી ! અરિહંત અને ધર્મ એટલે બસ શી વાત ! કરોડો રૂપિયાનો ખજાનો અને એના આપનાર દેવતા પ્રત્યે કેવી પ્રીતિ અને બહુમાન થાય ? એવું ધર્મ અને ધર્મદાતા અરિહંત પ્રત્યે થવું જોઈએ. તો પછી સમરસ થતાં વાર નહીં, શુષ્ક હૈયા ભીંજાતાં વાર નહીં; ઉમળકા અને કોડ ઊભરાવા સહેલા !

વાતે ય સાચી છે, અરિહંત અને એમના આદેશને છોડી બીજે ક્યાં હેત ઊભરાવવા જેવા છે ? બહુમાન પાથરવા જેવા છે ? બધી જ કલ્યાણ-સાધનાઓને ચેતનવંતી, સ્ફૂર્તિમતી અને વેગવંતી કરવી હોય, તો પહેલું આ કરો.

(૧૦) પરમાત્મસ્મરણ-સંવેગ-વૈરાગ્ય :

એની સાથે અરિહંત પરમાત્માનું સ્મરણ એ વિચારક્ષેત્રમાં એક અધિકારની વસ્તુ છે.

સ્મરણમાં પહેલું નામસ્મરણ બહુ સરળ અને સતત કરી શકાય એવું છે તથા લાભ અપરંપાર ! જાપનો મહિમા જગત્પ્રસિદ્ધ છે. એનાથી મન-વચન-કાયા ત્રણે ય પવિત્ર થાય છે, અતીત-વર્તમાન-ભવિષ્ય ત્રણે ય ભવ નિર્મળ બને છે. અતીત ભવ નિર્મળ એ રીતે કે એના કેઈ પાપોનો અને કુસંસ્કારોનો નાશ થાય છે. બસ, સમય મળે ત્યારે એકાંત સ્થળે બેસી એકાગ્રપણે પ્રભુનું નામરટણ અને બાકી ઊઠતાં-બેસતાં, કામકાજ કરતાં પ્રભુનું નામસ્મરણ; એવું કે એ અજપાજપ જેવું થઈ જાય, પણ તે શૂન્યચિત્તે નહીં હોં. પંચપરમેષ્ઠીનું સ્મરણ પણ એમ સિદ્ધ કરવાનું.

આ સ્મરણની સાથે હૃદયે સંવેગ-વૈરાગ્યના પૂર ઊછળતાં રહેવા જોઈએ.

- **મોક્ષ અને ધર્મનો અથાગ પ્રેમ; એ સંવેગ, અને**
- **ઈન્દ્રિયોના વિષયો તથા એના જડ સાધનો, લક્ષ્મી વગેરે ઉપર અનાસ્થા, ભય, અકળામણાદિ; એ વૈરાગ્ય.**

આ સંવેગ-વૈરાગ્ય સતત જાગતાં જોઈએ.

(૧૧) પરલોકદૃષ્ટિ, પાપભય, નિંદા-પશ્ચાત્તાપ, અસંગ :

વિચારક્ષેત્રમાં એક વળી બીજો જીવન-અધિકાર અજમાવવાની ખાસ જરૂર છે. એ છે પરલોકદૃષ્ટિ અને પાપના ભય વગેરે.

પરલોકદૃષ્ટિ એટલે વર્તમાન જીવન જીવાય, તેમાં કેન્દ્ર સ્થાને પરભવ ઉપર દૃષ્ટિ રહે, પરલોકનો વિચાર જાગતો રહે. 'અહીં જે આ કરું છું, તેનાથી ભવાન્તરે શું ફળ મળશે ? શું પરિણામ નીપજશે ?' એનો વિચાર મુખ્ય રહે; તેમ 'ભલે પૈસા-ટકા કે રંગરાગ ઓછા મળે કે જતાં કરાય, પણ મારો પરલોક ન બગડે એ ખાસ સંભાળવું.'

આ પરલોકદૃષ્ટિ શા માટે ? કારણ કે 'વર્તમાન જીવન અને તેના રંગરાગ વગેરે તો આવ્યા ને ગયા ! પરલોકનો દીર્ઘકાળ માથે ઊભો છે ! અહીં સુખ-સાહ્યબી ભોગવી એ તો ક્ષણજીવી; જ્યારે એની પાછળના દારુણ વિપાક ભવિષ્યમાં દીર્ઘકાળ ભોગવવા પડશે ! તો એવા ક્ષણજીવી ભોગોમાં શું રાચવું'તું ? શી ગુલામી ભોગવવી'તી ? અહીં ય એ શી બહુ નિરાંત આપે છે ? માટે પરલોક ન બગડે, પરલોક ઉજ્જવળ થાય, એવા કાર્યમાં લાગી જઉં,' આ પરલોકદૃષ્ટિ.

એ પરલોકદૃષ્ટિ સલામત રાખવા (i) પાપના ભય, (ii) પાપની નિંદા, (iii) પાપના પશ્ચાત્તાપ અને (iv) પાપના અસંગ ઊભા થવા જોઈએ.

(i) મનને ડર રહ્યા કરે કે પાપરૂપી ઝેર કેવા ભયંકર નીવડે ! માટે ક્યાંય પાપમાં ન ફસાઉં ! રખેને મને પાપ વળગી ન જાય ! પાપ એટલે રાક્ષસ ! પાપ એટલે દાવાનળ ! પાપ એટલે પાતાળકૂવો ! એમાં પડ્યા તો ખતમ !

(ii) આવા પાપભયની સાથે પાપની ભયાનકતા, આત્મહિતનાશકતા વગેરે પર એની એવી નિંદા મનમાં તરવર્યા કરે કે નવા પાપ આવીને ફસાવે નહીં.

(iii) તેમ થઈ ગયેલા પાપના ભારે પશ્ચાત્તાપ થાય. જેથી એના મમત્વ, એના અનુબન્ધ, કુસંસ્કાર અને અનુમોદન નાબૂદ થઈ જાય.

(iv) એ પછી પાપના અસંગ અર્થાત્ મનમાંથી પાપની પકડો છૂટી જાય, પ્રતિજ્ઞાબદ્ધ પાપત્યાગ થાય, કેઈ વ્રત-નિયમો થાય, ગુણસ્થાનકની વૃદ્ધિ થતી આવે... યાવત્ સ્વપ્નમાં કે કલ્પનામાં પણ પાપનો સંચાર નહીં. આવા જીવન પુરુષાર્થથી સાધ્ય છે, માટે એના પર આપણો અધિકાર છે.

શુભ વિચારના ક્ષેત્રમાં ઘણી વાતો વિચારી. આ બધી વાતો શક્ય કરવા માટે છેવટે આટલું ધ્યાનમાં રાખી લો કે ફજુલ વિચારો, અશક્યના વિચારો અને બગડી વાતના વિચારો મનમાંથી કાઢી નાખજો.

જે વિચારો નિષ્ફળ જવાના છે, જે વિચારો અમલમાં મૂકી શકાય એવા નથી અને બગડી-સગડી વસ્તુના જે વિચાર કર્યા કરવાથી સુધરવાનું કાંઈ નથી, તેવા વિચારોને મનમાં સ્થાન જ ન આપવું.

એવા વિચારથી મનની શક્તિ ક્ષીણ થાય છે, સત્ત્વ હ્રાસ પામે છે, જીવ ખોટો તરંગી યા ઉદ્વિગ્ન બને છે, સારા વિચારની સ્થિરતા નથી રહેતી ! શો સાર એમાં ? માટે એવા અયોગ્ય વિચારોની ટેવ ઓછી કરી નાખી, પૂર્વે કહેલા શુભ ભાવોથી હૃદય ભરચક ભરી દેવું જોઈએ. એવા જીવન પર આપણો અધિકાર છે.

અંજનાસુંદરીના જીવન પર આવતાં પહેલાં બાહ્ય અને અભ્યંતર તથા શુભ આચાર અને વિચારમય જીવન પરના અધિકાર અંગે ઠીક ઠીક વિચાર્યું. એ ખૂબ જ મનનીય છે ! વારંવાર મનનીય છે ! હવે સંક્ષેપમાં એ મહાસતીના જીવનને જોતાં ક્યાં કેવા અધિકાર એણે અજમાવ્યા ? એ જોઈએ.

# ૫ અંજનાસુંદરીનો જન્મ

કવિ અંજનાસુંદરીના જીવનને આલેખતાં કહે છે કે એનામાં શિયળનો મુખ્ય ગુણ હતો. શિયળના જીવન પર એણે અધિકાર રાખ્યો હતો. એમ તો શિયળ જ શા માટે ? આપત્તિમાં સત્ત્વ, કુળમર્યાદાનું પાલન, તરછોડનાર પતિ ઉપર પણ બહુમાન વગેરે કેઈ ગુણો પર એણે અધિકાર રાખ્યો હતો. કવિ મુખ્યપણે તેના શિયળના ગુણ ગાય છે. મહાસતીઓના શિયળના ગુણ ગાવા બેસીએ તો દિવસોના દિવસો જાય ! તેને યાદ કરવામાં પણ અદ્‌ભુત કોટિનો આનંદ અને પ્રેરણા મળે.

ભરતક્ષેત્રે સમુદ્રની નજીક દન્તી નામના પર્વત ઉપર મહેન્દ્રપુર નગર છે. ત્યાં મહેન્દ્ર નામે વિદ્યાધરેન્દ્ર રાજા અને તેની હૃદયસુંદરી નામની રાણી છે. રાજાને અરિદમન વગેરે સો પુત્રો ઉપર આ હૃદયસુંદરી રાણીથી એક ખોટની દીકરીનો જન્મ થાય છે, જેનું નામ 'અંજનાસુંદરી' રાખવામાં આવે છે.

જુઓ, ખોટની દીકરીના લાડ, સન્માન કેવાક થાય છે, છતાં અવસરે એમના જ હાથે એનો તિરસ્કાર થવાનો છે ! કર્મના ખેલ વિચિત્ર છે !

અત્યારે તો અંજનાસુંદરી સૌની લાડકવાયી છે, વિશિષ્ટ પુણ્યવાળી છે, વિદ્યા, કળા વગેરેમાં પાવરધી છે, અપ્સરાઓને પણ ઝાંખી પાડી દે એવા રૂપ અને લાવણ્ય એના દેહ પર લચી રહ્યા છે. યુવાનીમાં પ્રવેશ કરતાં એના વિવાહની ચિંતા પિતાને થાય છે. 'આના રૂપ અને ગુણોને યોગ્ય વર ક્યાં મળે ?' એ માટે મંત્રીઓની સાથે વિચારણા કરે છે.

## બે મૂરતિયા :

મંત્રી દેશ-દેશાવર વિશ્વાસુ દૂતો મોકલીને હજારો વિદ્યાધર યુવાનોના રૂપ ચિતરાવી મંગાવે છે, એમાં બે ચિત્ર આગળ તરી આવે છે :

- એક છે વિદ્યાધર રાજા હિરણ્યાભ અને રાણી સુમનાકુક્ષીના પુત્ર વિદ્યુત્પ્રભનું;
- બીજું છે વૈતાઢ્ય પર્વત પર આદિત્યપુર નગરના વિદ્યાધર રાજા પ્રહ્‌લાદ અને તેની પ્રિયા કેતુમતીના પુત્ર પવનંજયનું.

આમ તો દૂતો પોતપોતાની તપાસમાં લાવેલા ચિત્રના રાજકુમાર માટે રૂપ અને કળાના સારા ગુણ ગાય છે; સૌને અહંભાવ હોય છે ને કે મેં શોધ્યું, તપાસ્યું એ લાખ રૂપિયાનું ! પણ અહીં તો અનેકની વિગત ભેગી થઈ, એમાંથી વિદ્યુત્પ્રભ અને પવનંજય; બે રાજકુમારો કુળ, રૂપ, કળા અને પરાક્રમાદિ ગુણોમાં આગળ તરી આવ્યા. ત્યારે હવે પ્રશ્ન રહ્યો કે આ બેમાંથી કોની પસંદગી કરવી ?

રાજાના પ્રશ્ન પર મંત્રી કહે છે : 'મહારાજ ! આ વિદ્યુત્પ્રભ માટે નિમિત્તિયાએ પહેલાં કહ્યું છે કે એ આ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જનારો ઉત્તમ જીવ છે, પણ તેનું આયુષ્ય માત્ર અઢાર વર્ષનું છે. ત્યારે પવનંજય દીર્ઘ આયુષ્યવાળો છે, બાકી એના મોક્ષ વગેરે અંગે સાંભળવા નથી મળ્યું.'

જો જો હોં, આ તે કાળ છે કે જ્યાં મોક્ષગામી અને ચારિત્રી જીવો અંગે બહુમાન છે, પૂજ્યભાવ અને આકર્ષણ છે. પરંતુ મંત્રી કહે છે : 'મહારાજ ! અંજનાસુંદરી માટે તો દીર્ઘ આયુષ્યવાળો પવનંજય પતિ કરવો ઠીક છે.'

**ગમે તેમ તો ય સંસારીની દૃષ્ટિ કેટલે પહોંચે ? સંસાર અખંડ ચાલવો જોઇએ, એટલે સુધી જ ને ?**

તમને એમ થતું હશે કે 'ત્યારે શું ૧૮ વર્ષના આયુષ્યવાળા સાથે પરણાવી અંજનાને વિધવા બનાવવી ?'

### વિધવા થવાની ઝટ કલ્પના ! વિરાગી થવાની નહીં ! :

પણ એ વિચારવું કેમ ભૂલી જાઓ છો કે 'અંજનાસુંદરી એવા ટૂંકા આયુષ્યવાળા, પણ કેવળજ્ઞાન પામનારાના સંપર્કમાં આવીને પોતે પણ કેવળજ્ઞાન કે ચારિત્ર નહીં પામે ?' બસ, વિધવા થવાની ઝટ કલ્પના ! વિરાગી થવાની નહીં !

રાજુલને શું બન્યું ? પતિ એવા મળ્યા કે તોરણે આવી પાછા ચાલ્યા જાય, છતાં રાજીમતી એમાં જ ન્યાલ થઈ ગઈ. પતિ તીર્થંકરદેવના હાથે ચારિત્ર અને એક વર્ષમાં જ કેવળજ્ઞાન પામી ગઈ ! ત્યારે એ ખૂબી જુઓ કે મંત્રી દીર્ઘાયુષી પવનંજયને પસંદ કરે છે, પણ એમને એ ખબર નથી કે એનો એ પરણ્યા બરાબર બાવીસ બાવીસ વર્ષ સુધી અંજનાની સામું ય નહીં જુએ. છતાં તમે કહેવાના કે 'એ ગમે તેમ, પણ જાણી જોઈને કૂવામાં ઉતારાય ?'

## બુદ્ધિમૂડી પર અધિકાર :

બસ ! દૃષ્ટિ જ એક, કે આપણા માટે અને આપણા આશ્રિતો માટે સંસાર સલામત રાખવાનો; બધો વિચાર કરવાનો તે માત્ર વિષયસુખોની દૃષ્ટિએ ! ધન્ય તમારી માનવભવની મોંઘેરી બુદ્ધિમૂડીને !

આ બુદ્ધિમૂડીની કિંમત સમજો છો ? ખબર છે તમને કે કેવા લખલૂટ પુણ્ય કમાવી આપે એવા બુદ્ધિના ખજાના પર અધિકાર તમને મળ્યો છે ? કિંમત ન સમજો ત્યાં શું થાય ? બાકી તો તમને એવી સુંદર બુદ્ધિશક્તિ મળી છે કે બહાર સંયોગો ગમે તેવા હોય, પરંતુ ઉદાર અને ઉમદા કોટિની વિચારસરણી, ઉત્તમ ભાવનાઓ અને તત્ત્વચિંતન, નવકારમંત્ર અને અરિહંતાદિ મહાપુરુષોના જીવન સ્મરણ વગેરે દ્વારા,

(i) અસંખ્ય ભવોના પાપોનો વિધ્વંસ કરી શકો !

(ii) શુભ અધ્યવસાયના યોગે પુણ્યાનુબંધી પુણ્યના થોક ઉપાર્જી શકો !

(iii) જનમજનમના કુસંસ્કારોના ચાલ્યા આવતાં પ્રવાહને સૂકવી નાખી શકો !

ખર્ચ કંઈ જ નહીં, ને લાભ અપરંપાર !

રાજાએ મંત્રીનું કહ્યું સાંભળીને પવનંજયને મનમાં ધારી લીધો. એટલામાં તો પ્રહ્લાદ રાજાને બીજા વિદ્યાધર રાજાઓ સાથે નંદીશ્વરની યાત્રાએ જવાનું થયું. વિદ્યાધર હોવાથી પવનમાં ઊડીને જઈ શકે એમ હતું. વચમાં મહેન્દ્રનગર આવ્યું. વિચાર કર્યો : 'ઊતરીએ, જિનમંદિરોના દર્શન કરીએ.' મળેલી પુણ્યશક્તિના આ સદુપયોગ છે.

અહીં તો અલબેલી નગરી છે, પ્રજા સુખી છે. સારા રાજ્યમાં આનંદ-મંગળ છે. દેવદર્શનાદિ કર્યા. મહેન્દ્રરાજાએ આદર-સત્કાર કર્યો; 'સાધર્મિકના પગલાં મારે ત્યાં ક્યાંથી ?' આ ભાવના છે. એના એ જ સ્વાગત-સમારંભ સગાં-સ્નેહીઓ માટે હોય, તો મોહપોષક અને પાપદાયી બને છે, ત્યારે સાધર્મી માટે હોય, તો ધર્મપોષક ને પુણ્યદાયી બને છે.

પ્રહ્લાદ રાજાએ અહીં અંજનાસુંદરીને જોઈ પોતાના પુત્ર પવનંજય માટે માંગણી કરી. રાજાએ પવનંજયના ગુણ તો સાંભળ્યા જ હતાં; તેમ મનમાં એને ધારી પણ રાખ્યો હતો. ત્યાં 'ભાવતું હતું અને વૈદે કહ્યું'ની માફક સામેથી માંગણી આવી. માંગણી તો નિમિત્તમાત્ર બની. રાજાએ માંગણી કબૂલ રાખી અને લગ્ન માટે રોકાઈ જવા જણાવ્યું.

ત્રીજે દિવસે માનસ સરોવર પર લગ્ન લેવાનું નક્કી થયું. સૌ પોતાના સ્થાને ગયા. માનસ સરોવર પર બંને પક્ષના પરિવાર સાથે બંને રાજા પહોંચી ગયા. વિદ્યાના બળે મોટા મહેલો વિકુર્વી લગ્નના ઉત્સવ શરૂ કર્યા.

# ૬ ૨૨ વર્ષના વિરહના બીજ !

## પવનંજયનું ગુપ્ત નિરીક્ષણ :

હવે અહીં પવનંજય પોતાના મિત્રને કહે છે : 'અરે ભાઈ ! અંજનાસુંદરીને જોઈ છે ? કેવીક છે એ ?'

મિત્ર પ્રહસિત કહે છે : 'હા, જોઈ છે. એ બહુ જ રૂપાળી. બીજી માનવી તો શું, પણ રંભાદિ દેવાંગનાઓને પણ ભૂલાવે એવી. એનું રૂપ જે નજરે દેખાય છે, તે મોટા કવિઓ વાણીથી ન વર્ણવી શકે એવું છે !'

પવનંજય એ સાંભળીને એને જોવા ઉત્કંઠિત બન્યો; કહે છે : 'તો એને જોયા વિના ત્રણ દિવસનો સમય કેમ જાય ? પ્રિયાની ઉત્કંઠામાં તો એક ઘડી પણ મોટા દિવસ જેવડી લાગે છે ! દિવસ મોટા મહિના જેવડો.' એને તો લગની લાગી.

મિત્ર પ્રહસિત કહે છે : 'અરે ! તું મર્યાદા જાણે છે કે નહીં ? એ કાંઈ હવે ભાગી નહીં જાય. તને મળવાની જ છે. છતાં તારું મન છે તો ચાલ, રાત્રે ગુપ્ત રીતે જઈશું.'

પ્રહસિત અને પવનંજય રાજકુમાર રાત્રિ થઈ એટલે અંજનાસુંદરીના મહેલ પર સાતમા માળે ગયા. બહારથી અગાશીમાં ઊભા રહી ગુપ્ત રીતે જુએ છે, તો પવનંજય રૂપનો અંબાર જોઈને મુગ્ધ થઈ જાય છે, કે 'જગત ઉપર આવું રૂપ ધરનાર સ્ત્રી પણ હોય છે ? પૂતળું છે કે શું ? ના, સાચું છે, હસે છે, ખીલે છે.'

જો જો વિધિના ખેલ છે કે ઘડીમાં કાંઈ કલ્પના અને ઘડીમાં બીજી જ કલ્પના હોય ! વિધિ એવો વક્ર છે કે હમણાં હાથીના હોદ્દે ચડાવે અને પછી ગધેડે બેસાડે ! વરઘોડા બગીચેથી ચઢાવી ઉકરડે ઊતરાવે ! હમણાં તો પવનંજય રૂપ જોઈ લુબ્ધ થઈ જાય છે. પણ અહીં જ થોડીક વારમાં જ મન શું પલટો લેશે ? એની એને ખબર નથી.

અહીં અંજનાસુંદરી પાસે બે સખીઓ બેઠી છે; એક વસંતતલિકા અને બીજી મિશ્રકા.

પહેલી સખી અંજનાકુમારીને કહે છે : 'ધન્ય છે તને કે પવનંજય જેવો પતિ મળ્યો !'

આ સાંભળીને સખી મિશ્રકા તેનો વિપરીત જવાબ આપે છે : 'અરે ! ક્યાં વિદ્યુત્પ્રભ અને ક્યાં પવનંજય ? ચરમશરીરી વિદ્યુત્પ્રભને છોડીને બીજો કયો વર પ્રશંસવા યોગ્ય છે ?'

વસંતતિલકા કહે છે : 'ભલે ને મોક્ષે જનારા, પણ આયુષ્ય કેટલું ? તું તો ભોળી છે ભોળી, એવા ટૂંકા આયુષ્યવાળા પતિ શું આપણી સ્વામિની માટે યોગ્ય ગણાય ?'

એટલે મિશ્રકા જવાબ આપે છે : 'અરે ! બેન મારી ! આ તારી તે બુદ્ધિ કેટલી મંદ છે ! અમૃત થોડું પણ હોય, તો પણ તે સારું. વિષના મોટા ઢગ હોય, તો ય તે ખોટા !'

જુઓ, આ ય સંસારી છે અને સ્ત્રીજાત છે. છતાં દૃષ્ટિ કેટલી ઊંચી છે ! મોક્ષગામી એ અમૃત ! અને સંસારપ્રવાસી; એ વિષ ! સખીને સાધ્વી નથી બનાવવી, છતાં સંબંધ જોડવો છે તે મહાગુણસંપન્ન આત્મા સાથે. માનવજીવન એટલે શું ? ભોગની રમત નહીં ! ગુણિયલના સંબંધથી વિકસતી ગુણમય અવસ્થા ! અસ્તુ.

## પવનંજય ગુસ્સે :

મિશ્રકા તો બોલતાં બોલી ગઈ, પણ પવનંજય વાત સાંભળી ગુસ્સે થઈ ગયો. એને થયું કે 'અરે ! આ કેવું અજુગતું કે અંજના આને રોકતી નથી ! ખરેખર એને પણ આ વાત ગમતી લાગે છે. તો આવી પતિ-દ્રોહીને એક ઝટકે મારી નાખું. જરૂર લાગે છે કે એણે મને હૃદયથી વધાવ્યો નથી. એને મનથી તો વિદ્યુત્પ્રભ જ ગમે છે, ત્યારે જ આ સખી આટલું છૂટથી મને વિષસમાન ગણાવી શકે ને ?' બસ ! એણે તો અંજનાને મારી નાખવા તલવાર ખેંચી !

મોહની વિટંબણા અને અજ્ઞાનની વિટંબણા કેવી ઊંધી ખતવણી કરાવે છે !

જ્યાં અધિકાર નથી, ત્યાં અધિકાર બજાવવા જાય છે. પોતાના વિચારોથી કોઈ વિપરીત વિચાર પણ ધરાવે, તો ત્યાં શું આવો મારી નાખવાનો અધિકાર ચલાવવાનો ?

- પ્રદેશી રાજાના વિચાર ફર્યા એટલે એની જ પ્રાણપ્યારી રાણી સૂર્યકાન્તાએ એને ઝેર દીધું.
- રુદ્રદેવે વિરાગી બનેલી પત્ની સોમાને સર્પ ડસાવી મારી નાખી.

સંસાર તે કેવો છે ! પવનંજય પણ અજ્ઞાનની રાહે ચડ્યો.

અજ્ઞાની જીવ એવો અંધારે રખડે છે કે સાચી વસ્તુને વિપરીત જોવા લાગે છે ! પરિણામે ખરાબ ફળ લાવે છે ! વસ્તુને એના સ્વરૂપે નહીં જોવાથી તેની પાછળ અનર્થોની પરંપરા ચાલે છે; ધર્મ જેવો ધર્મ હાથમાં આવેલો ગુમાવાય છે !

અજ્ઞાનને કારણે માને છે કે ચોવીસેય કલાક દોડતો ફરીશ, તો પૈસા મળશે ! માને છે કે ૭ વાગે ચા, ૮ વાગે નાસ્તો, ૯ વાગે ઇન્જેક્શન... એમ સાચવીશ, તો શરીર ચાલશે ! બસ, આમાં પછી ધર્મ ક્યાં થાય ? આત્માની લેશ્યા જ ઊડી ગઈ, પછી કેવળ જડચિંતાનું જીવન જીવાય છે. ખબર નથી કે એમાં અધિકાર તારો નથી ! ફોગટ ચેષ્ટા છે ! પુણ્યના હિસાબે બધું ચાલવાનું છે.

અજ્ઞાનતાને કારણે વસ્તુસ્થિતિ ઊલટી જાય છે, ને માને છે કે 'હું ધ્યાન આપું છું, તો ઠીક ઠીક ચાલે છે. આ ધર્મમાં બેસું, તો બધું વિણસી જાય.' ક્યાં ખ્યાલ છે કે પુણ્યાઈ વગર કાંઈ થતું નથી. ઠીક ચાલે છે તે પુણ્યાઈ છે, તો ચાલે છે; નહીંતર તો સત્તર કાળજી રાખે તો ય ઊંધું વળે.

## સસ્તું શું - વસ્તુઓ સુધારવાનું કે મન સુધારવાનું ? :

પવનંજયની પણ એવી દશા થઈ. બસ, જાણે અંજનાને મારી નાખું ! સ્ત્રીઓ તે જાણે એક ઘડો ! ન ગમ્યો તો ફોડી નાખવાનો ! કેવી પાશવી જોહુકમી ! કેવી ક્રૂરતા ! નથી ને કદાચ આને મારી નાખે, પણ પછી બીજી સ્ત્રી મળે, તે ય આવી હોય તો ? શું એને ય મારી નાખવાની ? એવી કેટલીને મારી નાખતો ફરે ? છતાં શાન્તિ મળવાનું નક્કી ખરું ? ના.

માણસ આવી રીતે મન બગાડી ખોટા વિકલ્પોમાં ફરે છે અને સામી વસ્તુને સુધારવા મથે છે. એના કરતાં સસ્તું તો એ છે કે પહેલેથી પોતાનું મન જ સુધારી લે, તો પછી સામી વસ્તુ અપ્રિય નહીં લાગવાથી કોઈ માથાફોડ નહીં, કોઈ દુષ્કૃત્ય આચરવાના નહીં, કોઈ ઝગડા-રગડા કરવાના નહીં અને મહાશાંતિ ! નવી નવી મનગમતી વસ્તુ લેવા જવામાં ય અંતે સુખશાંતિની શંકા છે. એના બદલે જે મળી છે, તેમાં જ મન સુધારી લેવામાં પહેલેથી નિશ્ચિત શાંતિ છે.

## કલ્યાણમિત્ર રોકે છે :

રાત્રિનું અંધારું છે, એમાં પિશાચની જેમ પવનંજય અકસ્માત્ તલવાર સાથે તૈયાર થઈ ગયો, ગુસ્સામાં બોલે છે : 'જે બેના દિલમાં વિદ્યુત્પ્રભ વસ્યો છે, આ તેના માથા છેદી નાખું છું.'

પણ જ્યાં એ રોષથી ધમધમતો આગળ વધવા જાય છે, ત્યાં પ્રહસિત તેનો હાથ પકડીને અટકાવી કહે છે : 'અરે, મિત્ર ! શું તને એટલી ખબર નથી કે સ્ત્રીનો અપરાધ હોય, તો ય તે ગાયની જેમ અવધ્ય છે, મારવા યોગ્ય નથી ? ત્યારે આ તો અંજના નિરપરાધી છે. એના મનમાં તારા માટે કોઈ દુર્ભાવ કે હલકો ભાવ હોય નહીં; માત્ર શરમની મારી એની સખીને સામો નિષેધ નથી કરતી. પોતાની સખીઓ ગમે તેમ વાતો કરે, એમાં પતિના ગુણગાન પોતાને મોંઢે શી રીતે કરી શકે ? આટલું સમજતો નથી ને પારકા ઘરમાં ને પરણ્યા પહેલાં આવું અકાર્ય કરવા તૈયાર થાય છે ? મ્યાન કર તલવાર અને ભ્રાન્તિ કાઢી નાખ.'

## સત્ત્વ અને હોંશિયારીની ચાવી :

દુન્યવી મિત્રે કલ્યાણમિત્રનું કામ કર્યું. પેલાને અટકાવ્યો અને બંને ત્યાંથી ઊઠીને પોતાના આવાસે પાછા આવ્યા. પરંતુ પવનંજયના દિલમાં વસવસો રહી ગયો છે, તેથી મન પાછું વળતું નથી. મનમાં એ જ ભ્રમણા રહી ગઈ છે કે 'અંજનાને મારા પર પ્રેમ નથી, તો એને પરણીને આખી જિંદગી શી રીતે કાઢવાની ?' બસ, ચિંતામાં પડ્યો, તેમાં આખી રાત દુઃખિત દિલે જાગરણ કર્યું.

અજ્ઞાન અને જાતનું ડહાપણ માણસને કેવો દુઃખી કરે છે ! કેવા હલકા વિચારની દુર્દશામાં સબડાવે છે ! દુઃખ અને દુર્દશા; ખરું તો, આપણે જાતે જ ઊભી કરીએ છીએ. અહંભાવમાં તણાયા ખોટી કલ્પનાઓ કરવી છે, પછી શોક ને સંતાપ જ વધે કે બીજું કાંઈ ?

સત્ત્વની અને હોંશિયારીની ખામી છે, માટે આમ બને છે; નહીંતર તો મન તરત વિચાર કરી લે કે 'ફિકર નહીં, કદાચ સામું માણસ અત્યારે ખરેખર પ્રેમ નહીં ધરાવતું હોય, તો પણ મારા યોગ્ય વર્તાવની હોંશિયારીથી એ ધીમે ધીમે એવા પ્રેમમાં જોડાશે કે એને જ પછી પોતાના પૂર્વના વલણ બદલ પશ્ચાત્તાપ થશે. આવું હું જરૂર ઊભું કરી શકીશ.' આમ હોંશિયારી અને સત્ત્વથી કલ્પનાને અને એની પાછળના શોક-સંતાપ તથા દુઃખ અને દુર્દશાને ઊઠવાની જગા જ રહેતી નથી.

પવનંજયનું મન આ સમાધાન કરી શકતું નથી ને ખોટી ભ્રાન્તિમાં તણાયું જાય છે, તેથી રાતના ઊંઘ ન આવી અને સવારે જ પ્રહસિતને કહે છે :

'દોસ્ત ! આને પરણીને શું કરવાનું ? એક નોકર પણ જો વિરક્ત હોય, પ્રેમ વિનાનો હોય, તો આપત્તિ માટે થાય, તો પત્નીની તો શી ય વાત ? માટે ચાલ; જલદીથી આપણા નગરે જતાં રહીએ. સ્વાદિષ્ટ પણ ભોજન આત્માને ન રુચે, તો શું કરવાનું ?'

પવનંજય આવેશમાં છે, ભ્રમણામાં છે એટલું જ. બાકી જે દૃષ્ટાંત કહે છે, તે સત્ય છે. કેમ કે નોકર જો શેઠ પ્રત્યે વિરક્ત હોય, પ્રેમ વિનાનો હોય, તો એનો ભરોસો નહીં કે ક્યારે બીજાના ઉપરના પ્રેમના લીધે આ શેઠને અધવચ્ચે નહીં રખડાવે.

આપણે પણ પ્રભુના સેવક છીએ ને ? પરંતુ જો પ્રભુ પર તેવો પ્રેમ ન હોય, તો દુનિયાની બીજી વાતો ખાતર અવસરે પ્રભુને પડતાં મૂકવાનું બને છે ને ? પરમાત્મા જેવાને ય પડતાં મૂકવાનું બને છે ને ? હા, પ્રેમ ન હોય ત્યાં એમ બનવામાં કોઈ નવાઈ નથી. પ્રેમની બલિહારી છે. પ્રેમ હોય છતાં સેવાનું કાર્ય ઓછું-વધતું થવાનું બને અર્થાત્ એ ચલાવી લેવાય છે, પરંતુ સેવા પૂરી કરે છે, છતાં પ્રેમ નથી અગર ઓછો છે, તો એ ચલાવવું મુશ્કેલ છે. માટે જ પાયામાં પ્રેમ જરૂરી છે.

અલબત્ત; પ્રેમ પાછો સ્વાર્થિયો નહીં, શુદ્ધ પ્રેમ જોઈએ. સ્વાર્થિયો પ્રેમ તો ઉબળક આપી મૂકેલા નાણાં જેવો છે. અવસરે એના બદલામાં સામાએ જો માલ કે રકમ ન આપી તો ઝટ દિલ ઘવાશે કે 'હાય ! આના પર મેં પ્રેમ ક્યાં કર્યો ?

આણે તો પ્રેમના બદલામાં કશું લીલું વાળ્યું નહીં !' તે પ્રેમને બદલે હવે દ્વેષ કરશે. આ સ્વાર્થિક પ્રેમનું પરિણામ ! માટે પ્રેમ વિશુદ્ધ જોઈએ, સોદા માટે નહીં. આજે આવા પ્રેમના પાઠ નથી, અભ્યાસ-અનુભવ નથી, માટે આજે લગભગ ઘરઘરમાં ક્લેશ છે.

પવનંજય પ્રેમ પર ભારે મદાર બાંધી રૂપવતી એવી પણ અંજનાને પરણવું મૂકી દઈ ઘરે જવા ઇચ્છે છે. માત્ર એમાં ભૂલ એટલી જ છે કે એને ભ્રાન્તિ છે.

### ભ્રાન્તિની ભયાનકતા :

ત્યારે ભ્રાન્તિના પરિણામ તો કેટલાય ભયંકર આવે છે !

- વેદાન્ત દર્શન કહે છે : 'શુદ્ધ એવો પરમ આત્મા ભ્રાન્તિવશ જીવાત્મા બની દુ:ખ પામે છે.'
- જૈનદર્શન કહે છે : 'જીવ વિષયોમાં સુખની ભ્રાન્તિથી સંસારના જન્મ-મરણાદિ ભયંકર દુ:ખ ઊભા કરે છે !'
- ભ્રમણામાં જ વેપારી ખોટા વેપાર કરી પાયમાલ થાય છે ને ?
- તો જીવ પણ ભ્રમણામાં જ ધર્મ-કલ્યાણને બદલે આખી સંસારની જળોજથા માથે લઈ દુ:ખી થાય છે.

### પ્રહસિતની ભવ્ય શિખામણ :

પવનંજય ભ્રમણામાં છે. ઘેર જવા એકદમ તૈયાર થઈ ચાલવા માંડે છે, ત્યાં પ્રહસિત એને પકડી રાખી શાંતિથી સમજાવે છે, કહે છે :

'મોટા પુરુષે પોતાનું સ્વીકારેલું ય ઓળંગવું યોગ્ય નથી, તો માનનીય વડીલોએ સ્વીકારેલાનું તો પૂછવું જ શું ? પોતાના વડીલો કોઈ ચીજ મૂલ્ય લઈને વેચી દે અગર મહેરબાનીથી ભેટ આપી દે, એને પણ સજ્જનો તો પ્રમાણ જ કરી લે છે.'

કેટલી સુંદર શિખામણ ! **અધમ પુરુષ અને ઉત્તમ પુરુષમાં ફેર શો ? એ, કે અધમ કોઇ જવાબદારી લે તે વિચાર્યા વિના લે અને એને અદા કરવામાં અખાડા કરે ! ઉત્તમ તે, કે જે જવાબદારી વિચારપૂર્વક ઉપાડે અને ઉપાડ્યા પછી એને સંપૂર્ણ અદા કરે, એને બરાબર પહોંચી વળે.**

અધિકાર જવાબદારી ઉપાડવામાં અજમાવવા કરતાં વહન કરવામાં અજમાવવા જેવો છે. મનને એમ રહેવું જોઈએ કે 'હું કેમ એને છોડું ? એને અવશ્ય અદા કરવાનો હક બજાવીશ.' ઉત્તમતા પ્રતિજ્ઞાના પાલનમાં છે, મહત્તા જવાબદારીને વહન કરવામાં છે. ઉત્તમકુળમાં જન્મ્યાનો ખ્યાલ આ ન આપી શકે, તો એની મહત્તા શી ?

સતીઓના દૃષ્ટાંત આમાં પ્રેરક છે. પતિ ગમે તેવો નીવડે, પણ સતીઓ એને બદલવાને કે મૂકી દેવાનો વિચાર સરખો નથી કરતી. અબળા ગણાતીમાં આ સત્ત્વ હોય, તો મરદમાં કેટલું સત્ત્વ જોઈએ ? ખાનદાન કુળમાં જન્મનારની તો એ કુલવટ હોય છે કે માત્ર પોતે જ શું, પણ કોઈ વાત વડીલોએ નક્કી કરી હોય, તો તેનો પણ અમલ થાય; એ જવાબદારી પોતાના શિરે લઈ લે છે. પછી ચાહે પૂર્વવડીલોએ મૂકેલ વારસામાંથી એ કોઈને વેચી દે અગર ભેટ કરી દે, તો ય સંતાન એને તથાસ્તુ કરી લે છે.

દશરથે રાજ્યગાદી ભરતને સોંપી, તો રામચંદ્રજીએ એ વાત વધાવી લીધી; તે પણ ત્યાં સુધી કે ભરતે રાજ્યગાદી લેવા ના પાડી, તો ય રામે પિતાનું વચન અખંડિત રહે, ઓળંગાય નહીં, એ માટે ભરત પાસે બળાત્કારે રાજ્યગાદી સ્વીકારાવી.

આ છે આર્યસંસ્કૃતિની યશોગાથા ! જ્યાં પરિણામે લોહીની નદીઓ વહેવાને બદલે કેઈ જનકલ્યાણ સધાય છે.

## કુલીનની મર્યાદા :

પ્રહસિત એ સમજૂતી કરતાં આગળ કહે છે : 'જો પવનંજય ! આ તો વડીલોએ અંજનાની માંગણી કરી લગ્ન નક્કી કર્યા છે અને તેને તું અંજનાનો ગુનો ગણી તે કારણે અવગણવા તૈયાર થયો છે, પરંતુ એટલું સમજી રાખ કે એ મૂળ કારણ જ ખોટું છે. આ પ્રસંગમાં અંજનાસુંદરીનો લેશમાત્ર દોષ નથી. એ તો ભલી બાઈ છે, નિર્દોષ છે, એના ઉપર આરોપ ચડાવવો; એ કેટલું ભારે પાપકૃત્ય છે, એ જાણે છે ? માત્ર કોઈ ભાગ્યના દોષે તારું હૃદય બગડ્યું છે. બાકી તારા અને અંજનાના બંનેના માતા-પિતા જગતમાં પ્રતિષ્ઠાવાળા છે, એના કુળમાં જન્મીને, મારા ભાઈ ! તું આ રીતે સ્વચ્છંદપણે વર્તતાં શરમાતો નથી ?'

'તને એ ખ્યાલ નથી આવતો કે તું કે એ કોના ફરજંદ છો ? કુલીનની મર્યાદા શી ? એનામાં ય અઘટિત ન સંભવે અને તારામાં ય આમ મનઃકલ્પનાએ લગ્ન છોડી ચાલ્યા જવાનું ન છાજે. નહીંતર તારા પિતાની કેવી અપકીર્તિ થાય ? લોક કહે કે 'જોયું ? આવા ઉદ્ધત છોકરાના બાપ બન્યા છે ! પુત્રની કેવી કેળવણી કરી હશે ?'

પ્રહસિતે આ બહુ કિંમતી સલાહ આપી છે. અહીં નવા જમાનાવાળાને કદાચ પ્રશ્ન થાય કે,

પ્ર. : આમાં બળાત્કાર થાય છે, એના કરતાં પવનંજયના મનની રુચિ મુજબ સંબંધ છૂટા કર્યા હોય, તો પાછળથી ઉપસ્થિત થયેલ કટુ પ્રસંગ તો ન બને ?

ઉ. : આ પ્રશ્ન ઉપલકિયા વિચારનો છે.

(i) ભવિષ્યમાં જે અવશ્ય બનવાનું છે, તે તો કદાચ આ નિમિત્ત નહીં તો બીજું નિમિત્ત ઉપસ્થિત થઈને બનવાનું જ ! અને બીજું,

(ii) એ બનવાનું છે, એવી ખબર પણ પહેલાં નથી હોતી.

તેથી એનો સામનો કરવા માટે અત્યારે અઘટિત આચરવામાં કોઈ ડહાપણ નથી. નહીંતર પછી તો એનો ચેપ પોતાના અને બીજાના જીવનમાં ઊતરે છે. પોતે ય પછી સ્વચ્છંદતાના બીજા કેટલાય આચરણો કરવા પ્રેરાય છે અને બીજાઓ તેવા સ્વચ્છંદપણે અઘટિત આચરવામાં ટેવાય છે. માટે માર્ગ તે માર્ગ, ઉચિત તે ઉચિત; એનો ભંગ ન કરાય.

વળી, વડીલો નિઃસ્વાર્થભાવે પોતાની બધી દૃષ્ટિ અને અનુભવનો ઉપયોગ કરીને આશ્રિતના હિતની કોઈ પ્રવૃત્તિ કરે, તેને આશ્રિતે વધાવી લેવી જોઈએ. એમ કરવા જતાં કદાચ પાછળથી પોતાને કાંઈ કષ્ટ ભોગવવાનું આવે, તો તેમાં પોતાના પુણ્યની કમી માનવી જોઈએ, અવશ્ય બનનાર ભાવીભાવ માનવો જોઈએ, કસોટીની એક તક માનવી જોઈએ.

જીવન પર અધિકાર તો આ સત્ત્વ કેળવવા માટે બજાવવો જોઈએ કે 'યોગ્ય રાહે જે થતું હોય, એના પરિણામ ભોગવી લેવાની મારી તૈયારી છે, પરંતુ પોતાની પ્રતિજ્ઞા કે વડીલોની યોજનાનું ઉલ્લંઘન હું હરગીઝ નહીં કરું.'

# ૭ અંજનાસુંદરીના લગ્ન

## પવનંજયનું રોકાણ : શલ્યની ભયંકરતા :

પ્રહસિતે આપેલી સમજૂતીથી પવનંજય તે વખતે તો વિચાર કરીને રાત્રે તે રીતે થોભી ગયો, પરંતુ તેના ચિત્તમાંથી શલ્ય ગયું નહીં. મનમાં ડંખ રહી ગયો કે 'આ અંજનાસુંદરી મારા પર પ્રીતિવાળી નથી, મારાથી વિરક્ત છે.' આ શલ્ય કેવી ભયાનકતા સર્જે છે, એ આગળ જણાશે.

શલ્ય ચીજ ભૂંડી છે, એ બીજું બધું ભૂલાવી દે, અરે ! આગળ વધીને અઘટિત પ્રસંગો ઊભા કરાવે !

જ્ઞાનીઓએ તો દુન્યવી સુખ કે ચીજ-વસ્તુના પણ શલ્ય એટલે કે નિયાણા રાખવાની ના પાડી છે. મનને જે સચોટ બેસી જાય છે કે મારે આ બળ, આ વૈભવ, આ સત્તા વગેરે જોઈએ જ; એ પણ શલ્યરૂપ છે. એની એવી ભયાનકતા છે કે એનું લક્ષ રાખીને કરાતી ધર્મક્રિયા પણ ઝેરરૂપ છે ! દીર્ઘ દુર્ગતિ સર્જે છે ! ત્યારે વૈરના શલ્ય, દુશ્મનાવટના શલ્ય, ઈર્ષ્યાના શલ્ય, બીજાને દોષિત જ દેખવાના શલ્ય... આનું તો વળી પૂછવું જ શું કે જે દેખીતાં ય અપ્રશસ્ત છે !

અગ્નિશર્માએ એમાં ને એમાં અનંત સંસાર ઊભો કર્યો. કમઠ પાર્શ્વપ્રભુને એથી જ દસ દસ ભવ સુધી કરડનારો બની રહ્યો ! આ શલ્ય દુન્યવી લાભ તો કશો જ નથી આપતો, પણ ઉપરથી અખંડ દુર્ધ્યાન, ગુણાનુરાગનો નાશ, હાર્દિક સરળતાનો અભાવ, નિંદા, ક્રૂરતા વગેરે કેઈ આત્મિક અનર્થ ઊભા કરે છે !

## પરણીને પવનંજય સામું જોતો નથી :

ખેર ! અહીં તો ઠરાવેલા ત્રીજે દિવસે એનો લગ્ન પ્રસંગ ઉજવાઈ ગયો.

રાજા મહેન્દ્રે ખૂબ સત્કાર સાથે અંજનાને વળાવી. એ સસરા પ્રહ્લાદ વગેરે સાથે પતિના ઘેર આવી. સાસુને પગે પડી. જે લાવી હતી, એ બધું સાસુને આપી દીધું. એવી વહુ કેમ ન ગમે ?

વહાલા પ્યારા પ્રાણતુલ્ય પત્ની મળી હતી, પણ પવનંજયે ગાંઠ વાળી હતી. હૃદયના નેહ વિના આંખોમાં નેહ આવે નહીં અને તે સિવાય વાતમાં સ્નેહ આવતો નથી. સસરાએ તો અંજનાને રહેવા માટે અલગ સાત માળનો મહેલ આપ્યો છે. નોકર-ચાકર બધું દીધું છે, પણ પવનંજય પરણ્યો તે માફ, આના મહેલના પગથીએ પણ ચડતો નથી ! બધું સારું છે, સાસુ, સસરા, ધન, વૈભવ બધું ઠીક છે, પણ કંથની નેહ નજર નથી. ત્યારે એ નથી, તો તે સિવાયનું તો બધું જ ધૂળ છે ! કેમ ખરું ને ? 'હા' કહો છો, પણ સાથે એ નથી થતું કે -

**ધર્મ વગરનું બાકીનું ગમે તેટલું હોય, પણ ધૂળ છે !**

- હૃદયમાં અરિહંત પ્રભુ પ્રત્યે ઉછળતી ભક્તિ ન વસી, તો બાકીનું બધું ધૂળ; એવું લાગે છે ? સમકિતદૃષ્ટિને તો ઊલટું, એ પરમાત્માની કૃપા મળ્યાથી આખો સંસાર ધૂળધાણી લાગે છે !

- તમને કદાચ એમ ન લાગતો હોય, સંસાર માલવાળો લાગતો હોય, બંગલા, બગીચા, પ્રેમાળ પત્ની, ડાહ્યા દીકરા, સુખભર્યા ખાનપાન-માન-સન્માન; બધું સારું લાગતું હોય, પરંતુ જીવનમાં જો વીતરાગનો મહામૂલો ધર્મ નથી આરાધી શકતો અથવા થોડો આરાધાય છે, પરંતુ સળગતી આત્મચિંતા નથી મળી, તો બાકીનું બધું ધૂળ છે; એવું લાગે છે ?

- શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે વૈભવ-વિલાસ તો શું, પણ દાન, શીલ, તપ વગેરે ધર્મક્રિયાઓ પણ ધૂળ છે, જો અંતરાત્મામાં મેલી લેશ્યા અને મેલા પરિણામ છે, પરંતુ શુભ પરિણતિ, શુભ અધ્યવસાય નથી !

જ્યારે ખરો જીવન અધિકાર તો આ શુભ પરિણતિ પર અજમાવવાનો છે. બધી જ ધર્મસાધનાઓ દ્વારા આ પરિણતિ જગાવવાની છે. સમજવાનું છે કે બધાના સ્નેહ વરસી ગયા, પણ વીતરાગ પ્રભુની કૃપા ન ઝીલી તો શું ?

## કાવ્યનો સમન્વય કેવો કરવાનો ? :

કવિઓ એમની ભાષામાં પ્રભુને ઠપકો દે છે કે 'અબોલડા શાના લીધા છે ?' એટલે ? એ જ કે 'હે પ્રભુ ! તમે અમારી સાથે કેમ બોલતાં નથી ? કેમ અમારી સામું જોતાં નથી ?' પરંતુ પહેલાં શું આપણે પ્રભુની ગરજ કરી છે ? ને પછી પ્રભુને ઉપાલંભ આપીએ છીએ ? ના, તો તો 'અબોલડા...' બોલતાં આપણે આપણા મનને કહેવાનું છે કે 'પ્રભુ શું અબોલડા લે ? રે મન ! પ્રભુ સાથે તેં જ અબોલડા લીધા છે. લાખ રૂપિયાના ભગવાન મળ્યા પછી રાખ જેવી દુનિયા પાછળ મોહી રહ્યો છે. દુનિયા સાથે હૃદયના તાર એવા મેળવ્યા છે કે પ્રભુ સાથે મેળવવાની કોઈ જગા નથી, ફુરસદ નથી, પરવા નથી ! પહેલાં તું પ્રભુમાં જ મળ, પછી પ્રભુ તારામાં આવી મળશે.'

કેટલાક સ્તવનોના ભાવ આ રીતે પ્રભુને બદલે ઊલટા આપણા ઉપર ઘટાવવાના છે, તો કંઈક જાગ્રતિ આવે, ચૈતન્ય પ્રગટે. નહીંતર તો વર્ષો સુધી બોલાયા કરે કે 'અબોલડા શાના લીધા છે ?' એટલે કે પ્રભુએ રીસામણું મૂકવાનું કાર્ય કરવાનું છે, પોતાના મનને કશું કરવાનું રહેતું નથી !

વારે વારે પ્રભુને કહ્યા કરે : 'શા માટે સાહેબ સામું ન જુઓ ?' પરંતુ જો એનો ભાવ એમ ન લે કે 'હે જીવડા ! સાહેબ તો બહુ દયાળુ છે, સામું જોવા તૈયાર છે, અરે ! જોઈ રહ્યા છે, પરંતુ ખરું તો તું શા માટે સાહેબની સામું જોતો નથી ? આવા રૂડા સાહેબ મળ્યા પછી પણ ઠગારી દુનિયા સામે જો જો કરે છે, તને શરમ નથી ? આટલો બધો ધિટ્ઠો, શૂન્યહૃદય ને કદરહીન ક્યાં સુધી રહીશ... ?' આવો ભાવ જો ન લે, તો કલેજે સ્તવનનો ઘા કદીય લાગે ? આ તો પોતાનું ઠેકાણું નથી, પોતાને ગરજ નથી, પરવા નથી ને દેવ-ગુરુને ઠપકા દેવા છે, એમના પર આરોપ ચઢાવવા છે.

કહો છો ને કે ગુરુની કૃપા ઓછી છે ? કૃપા હોય, તો ધર્મ થાય. એટલે કે અમને તો ધર્મની બહુ ભૂખ છે, પરંતુ ગુરુ કૃપા નથી કરતાં તેથી ધર્મ વિનાના રહીએ છીએ, એમ ને ? કેમ જાણે ગુરુ નિર્દય છે તે કૃપા નથી કરતાં !

ખરી રીતે વિચારવાનું-કરવાનું તો પોતાને છે. પોતે કંઈક કરી શકશે, એમાં કૃપા દેવ-ગુરુની રહેવાની. માટે જ કૃતજ્ઞ બની અહર્નિશ માનવાનું કે

આ જે કંઈ સારું કરી શકું છું, તે વીતરાગદેવની કૃપાએ, ગુરુની કૃપાએ. આ ન માન્યું તો કૃતજ્ઞતા ગઈ ! અને કૃતજ્ઞતા ગઈ એટલે ધર્મની ઉન્નતિનો મૂળ પાયો ગયો ! દેવ-ગુરુ પર અપરંપાર શ્રદ્ધા-પ્રીતિ જાગે, તો કૃતજ્ઞભાવ જાગે અને એ તો જ શક્ય છે કે એના વિનાનું બધું મળેલું ધૂળ લાગે !

અંજનાને ઘણું ય મળ્યું છે, પરંતુ પવનંજયની સ્નેહનજર વિના બધું ધૂળ લાગે છે. એ ક્યારેય આની સામે દૃષ્ટિ પણ નાખતો નથી; તો વચનથી બોલાવવાની તો વાતે ય ક્યાં રહી ? ચન્દ્ર વિનાની રાત્રિ અંધકારભરી, તેમ પવનંજય વિના અંજનાસુંદરી આંસુના અંધકારભરી બને છે ! એક સરખી અસ્વસ્થતા અનુભવે છે ! પલંગમાં વારે વારે પડખાં પછાડે છે ! પાણી વિના માછલી તરફડે તેમ તરફડે છે ! એકેકી રાત્રિ વર્ષ જેવી લાંબી લાગે છે ! ઢીંચણ વચ્ચે માથું મૂકીને માત્ર પતિના વિચારમાં દિવસોના દિવસો પસાર કરે છે ! છતાં પવનંજય મળવાનો ક્યાં છે ?

ખૂબી જુઓ, આ બધામાં નિમિત્ત શું બન્યું ? પેલી સખીનો શબ્દ 'અમૃત થોડું પણ સારું, વિષના ઢગ હોય, તો શું કામના ?' માણસને બોલતાં ખબર નથી હોતી કે આની અસર પાછળ અવસર આવ્યે કેવા ખતરનાક પરિણામ સર્જાશે !

માટે જ જ્ઞાનીઓ માપસર બોલવાનું કહે છે : **'हितं मितं तथा तथ्यं'** કલ્યાણકારી, પરિમિત અને સાચું બોલો. બહુ બોલવામાં વટાઈ જવાનો સંભવ રહે છે. કો'ક બોલ તો જીવનભર ભૂલાતાં નથી, જીવનના વૈર ઊભા કરે છે ! એવા જ કેટલાંક આચરણ દેખવામાં મામૂલી હોય, પરંતુ પરિણામ ભયાનક લાવે. એટલે જ બોલતાં ને ચાલતાં બહુ વિચાર કરવા જેવો છે. ખાનગીમાં પણ બીજાનું હલકું-ઘસાતું નહીં બોલવું જોઈએ. હવાને કાન હોય છે. પછી વાતનું વતેસર થાય છે. માટે સારું બોલો અને તે ય જોખીને બોલો. કોઈનું સારું બોલવા જતાં બીજાની નિંદા ન કરતાં.

અહીં વિદ્યુત્પ્રભની પ્રશંસા તો કરી, પણ સાથે પવનંજયની નિંદા કરી. એમાંથી વાત વિફરી. જ્યારે પ્રત્યક્ષમાં આ દેખાય છે કે રજમાંથી ગજ, તો દેખાતાં થોડા પાપમાંથી મોટા અનર્થ નીપજે; એમાં શી નવાઈ ?

## મહાસતીનો જીવન પર અધિકાર :

અંજનાસુંદરી આટલી વિટંબણામાં છતાં એટલી બધી ઉત્તમ હૃદયવાળી છે કે એમાં દોષ પોતાની જાતને દે છે, પતિને નહીં. મનમાં એમ જ માને છે કે 'અહો ! આમાં મારા જ ભાગ્યનો દોષ છે. નહીંતર આવો કુળવાન પતિ કેમ ન બોલાવે ?' મુંગે મોંઢે સહન જ કર્યે જાય છે, બીજો કોઈ ભળતો વિચાર લાવતી નથી કે 'ક્યાં મારા બાપે આ કૂવામાં ઉતારી ? આના કરતાં બીજો કોઈ ગરીબ પતિ કર્યો હોત, તો ય સારું થાત...' વગેરે વગેરે કાંઈ જ મનમાં લાવતી નથી.

બસ ! આનું નામ અભ્યંતર જીવન પર અધિકાર. પતિ એટલે સ્વામી, એને દોષ ન દેવાય. દોષ પોતાનો જ જોવાનો. આટલી પરિસ્થિતિમાં ય કોઈ જ કુશીલનો વિચાર નહીં; તેમ આ પતિ સાથેના લગ્ન પર ફિટકાર નહીં !

અલબત્ત; સંસારી જીવ છે, તેથી આ ઘટનામાં મનને દુઃખ લાગે, પણ જીવન પર અધિકાર એ કે અંદરનું હૈયું બગાડવાનું નહીં, અયોગ્ય વિચાર કોઈ જ કરવાનો નહીં. ત્યારે જો જો ૨૨-૨૨ વર્ષના વહાણા વીતવા આવશે, ત્યારે પણ એ કેટલી ઉત્તમતા દાખવે છે ! એ ક્યાંથી દાખવી શકે, જો પવિત્રતા પર અધિકાર ન જમાવ્યો હોય ?

પવનંજયે તો પરણીને તરત અંજનાસુંદરીને મૂકી દીધી છે. ૨-૪ દિવસ નહીં, ૨-૪ માસ નહીં, ૨-૪ વર્ષ નહીં, પણ ૨૨-૨૨ વર્ષના વહાણા વાયાં છે, પતિએ સામું જોવાની પણ પરવા નથી કરી. કોણ છે અંજના ? વિદ્યાધર રાજાના સો પુત્રો ઉપરની સૌના વહાલનું પાત્ર મહાન રાજપુત્રી ! એનામાં નાનો સરખો ય ગુનો નથી. આવી પણ પુણ્યવતી બાઈને મહેલમાં એકલવાયા રહેવાનું બને છે. વિચારો; દુર્ધ્યાન કેટલું થાય ?

૨૨ વર્ષના વહાણા વાયાં છે. દુઃખ થાય છે ખરું, દુઃખ ગમતું નથી, પણ કોઈ અનુચિત વિચાર નહીં. પતિ તરફથી સુખ મળે; એ બાહ્ય જીવન છે, એના પર હક પહોંચતો નથી. ત્યાં બફારા કાઢવા નકામા છે. તેથી અંજનાસુંદરી તો કર્મના વિપાકના ચિંતનનો અધિકાર બજાવે છે. પોતાની ખામી જુએ છે.

અભ્યંતર જીવન ઉપર અધિકાર મેળવતાં આત્મા ઉજ્જવળ બને છે.

'આ મને પરણી લાવ્યો ને ખાડામાં નાખી.' આવો વિચાર કરે, તો આત્મા ઉજળો થાય કે કાળો ?

## રાવણના સૈન્યની હાર : પ્રહ્લાદને આમંત્રણ :

એક વાર એવું બને છે કે પવનંજયના પિતા પ્રહ્લાદ રાજાની પાસે રાવણનો દૂત આવીને કહે છે કે 'તે વરુણ રાજા રાવણ મહારાજને નમવાનું ન માનતાં હજી પણ સદા વૈર રાખે છે. એની પાસે નમસ્કાર માંગવામાં આવ્યો, ત્યારે અહંકારના મોટા પર્વત સમો એ પોતાના બાહુદંડ તરફ દૃષ્ટિ નાખી કહે છે : 'અરે ! રાવણ એટલે કોણ ? એનાથી શું સિદ્ધ થવાનું હતું ? એ ઘર ભૂલ્યો ? હું કાંઈ તે હારેલા ઇન્દ્રરાજા, કુબેરરાજા વગેરે જેવો નહીં ! હું તો વરુણ છું વરુણ ! દેવોથી અધિષ્ઠિત રત્નો પર એને ઘમંડ હોય, તો આવે એ રણભૂમિ પર ! અને જુએ કે હું એનો બહુ વખતથી સંઘરેલો ઘમંડ કેવોક ઉતારી દઉં છું !'

'આ એના શબ્દોથી રાવણે ગુસ્સે થઈ એના પર સૈન્ય મોકલ્યું. ત્યારે એ એના પુત્રો સાથે બહાર લડવા આવ્યો અને એ મહાસંગ્રામમાં એના વીર પુત્રો રાવણના ભાણેજ ખર અને દૂષણને બાંધીને ઉપાડી ગયા ! નાયક જવાથી રાવણના સૈન્યમાં ભંગાણ પડ્યું અને વરુણ વિજય પર મુસ્તાક બની પોતાની નગરીમાં ગયો. ત્યારે હવે રાવણે વિદ્યાધર રાજાઓને બોલાવવા દરેકની પાસે દૂત મોકલ્યા, તેમાં આપની પાસે મને મોકલ્યો છે.'

જુઓ, આ અધિકારની લડાઈ ! રાવણ સામાને દબાવવાનો અધિકાર અજમાવવા જાય છે, એમાં થપાટ ખાય છે ! ત્યારે સામો પણ અક્કડતાનો હક બજાવવા જતાં જો જો કેવો થાપ ખાય છે !

સંસારમાં આવા જ ફોગટિયા અધિકાર અજમાવવા પાછળ રગડા-ઝગડા અને ઘોર અશાન્તિમાં જીવો વિડંબાઈ રહ્યા છે ! તેથી જ શાણા સાનમાં સમજીને જીવન એમ વેડફી ન નાખતાં આત્મહિતકર ધર્મના મળેલા અધિકારને સફળ કરે છે.

લડાઈ તો બને, પણ બહારના સાથે લડવામાં બરબાદી ! અને અંદરના રાગાદિ દુશ્મનો સાથે લડવામાં અર્થાત્ એને મચક ન આપવામાં મહાન આબાદી !

ખર અને દૂષણ બહારની લડાઈમાં અહીં જ સાક્ષાત્ બરબાદી પામ્યા ! ઉપડાઈને હરાઈ ગયા ! તો જીવ પણ છેવટે મૃત્યુથી આમ જ ઉપડાઈને હરાઈ જાય છે ને ? અહીં તો ઉપડાઈ ગયા પછી કદાચ કોઈ છોડાવાય આવે, પણ પરલોકમાં કોણ આવે ? છતાં પરલોકને ખરાબખસ્ત કરી નાખનારા અભિમાન, રીસ, રોષ, ઈર્ષ્યા, નિંદા, અનીતિ, અસત્ય વગેરે દુર્ગુણો અધિકારપૂર્વક સેવ્યે જવાનું ! કઈ અક્કલથી થતું હશે ? પરલોક સુધારવો હોય, તો પાયાના દોષો દૂર કરો.

પ્રહ્લાદ રાજા રાવણની મદદે જવા તૈયાર થઈ ચાલવા માંડે છે, ત્યાં પવનંજય કહે છે : 'પિતાજી ! આપ અહીં જ રહો. રાવણના મનોરથને હું જ પૂરીશ. શંકા નહીં કરતાં કે આ છોકરો શું કરી શકશે ? કેમ કે હું પણ આપનો જ પુત્ર છું ને ?'

ત્યારે પ્રહ્લાદને પવનંજય પર એટલો બધો પ્રેમ છે કે એ આ કષ્ટમાં એને ઉતારવા ખુશ નથી, પરંતુ આ તો પવનંજય ! એક માત્ર ભ્રમણાવશ અંજનાનો ત્યાગ કર્યો એ દોષ ખરો, પણ બાકી તો વિનયાદિ અનેક ગુણોને ધરનારો છે ! એમાં ય સતીના ગુણની કદર કેવી કરે છે ? એ આગળ જોઈશું. અહીં એણે આગ્રહ કરીને પિતાને રોકી અનુજ્ઞા લેવાપૂર્વક સૌને પૂછીને ચાલ્યો.

## અંજના જોવા આવે છે :

પવનંજય શુકનપૂર્વક રસાલા સાથે જ્યારે નીકળે છે, ત્યારે અંજના લોકના મુખેથી એ સાંભળે છે. પત્ની છે, મોટા રાજકુળમાંથી આવેલી છે, છતાં પતિની અગત્યની પ્રવૃત્તિ પણ એને આમ ન જણાતાં લોકમુખે સાંભળવા મળે છે. ખૂબી એટલી જ છે કે કર્મના વિપાક તો સહ્યે જ છૂટકો છે, પરંતુ અંજના એમાં મનને બગડવા દેતી નથી. મન બહુ જ ફોરું રાખે છે.

વાત સાંભળીને ઉત્સુક બને છે, અને અધિકાર અજમાવવા પ્રયત્ન કરે છે. કયો અધિકાર ? 'આ મારું ખરાબ કર્યું છે, તે તમારું સારું નહીં થાય,' એ શ્રાપ આપવાનો નહીં. એ તો જુદો જ અધિકાર બજાવે છે. શરીરે કૃષ્ણપક્ષના ચન્દ્રની જેમ ક્ષીણ થતી ગઈ છે, તાંબૂલ વિલેપન વગેરે છોડી દીધા છે ! એવી એ આંસુભરી આંખે બહાર આવી થાંભલાને ટેકે ઊભી રહી પતિની રાહ જુએ છે.

## પવનંજયની રોષભરી વિચારણા :

પવનંજય અંજનાને જુએ છે. જોઈને વધુ રોષમાં આવી જાય છે. વર્ષોના વહાણા વાઈ ગયાં છે, છતાં દિલમાં પડેલું શલ્ય નાબૂદ થતું નથી. શલ્યની કેવી ભયાનકતા ! અંજનામાં બધું સારું છે, પરંતુ આનું શલ્ય એ સારું જોવા દેતું નથી; ઊલટું અહંકારી અને તિરસ્કારભરી વિચારણા કરાવે છે. છતી આંખે અંધાપો આનું નામ. શલ્યના પડથી અંધાપો.

એના મનને થાય છે કે 'અહો ! આ દુર્બુદ્ધિ સ્ત્રીની નિર્લજ્જતા કેવી ! નિર્ભીકતા કેવી ! પણ હા, એના મનની દુષ્ટતા તો મેં પહેલાં પણ જાણી છે, તો આ નવું શું જોવાનું છે ? મારે તો માત્ર માતા-પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન થવાના ભયથી જ એની સાથે લગ્ન કરવા પડ્યા છે.'

## અંજનાનું ઉમદા નિવેદન :

ત્યારે અંજના આગળ આવીને પવનંજયના પગમાં પડે છે. પછી હાથ જોડી નમ્ર શબ્દમાં વિનંતી કરે છે : 'નાથ ! આપે બધાને બોલાવ્યા કર્યા, માત્ર મને જ લેશમાત્ર બોલાવી નથી, પણ એ મારા પૂર્વકર્મનો દોષ છે. છતાં હું વિનંતી કરું છું કે આ દાસીને આપ ભૂલી ન જશો, ચિત્તમાંથી કાઢી ન નાખશો. ફરી સકુશળ પાછા આવો; એ રીતે તમારો માર્ગ કલ્યાણરૂપ બનો.'

ધૈર્ય અને ક્ષમા ઉપર અંજનાસુંદરીએ અધિકાર જમાવ્યો છે, એટલે શુભેચ્છાના વચન વરસાવે છે ! ત્યારે એ પણ સાચું છે કે ધૈર્ય જાળવવાનું જેવું શક્ય છે, એવું અધીરાઈથી આપણા ધાર્યા મુજબ વસ્તુ સુધારવાનું ક્યાં શક્ય છે ?

ધૈર્યથી તો આત્મતેજ ખીલે છે. અગ્નિમાં ઝીકાયેલું સોનું વધારે પ્રકાશમાન બને છે ! એ કાલિમા લાવ્યા વિના પોતાની પ્રકાશવંતી દશા કાયમ રાખે છે ! આ તો જડ સોનું છે, તો ચેતન જેવો ચેતન એ પ્રકાશવંતો બનવાને બદલે ઊલટો શોક-રોષ વગેરેની કાલિમાવાળો બને ? આશ્ચર્ય નથી આ ? જડ કરતાં ય જઘન્યતા નથી ?

## દમયંતીના આત્મતેજ :

દમયંતી કોની પટરાણી ? નળરાજાની. ચરિત્રકાર તેને ત્રણ ખંડનો નરપતિ કહે છે. એવી દમયંતીએ કેટલી આપત્તિમાં કેવા આત્મતેજ ચળકતાં રાખ્યા છે,

જાણો છો ? રાજ્યપાટ ખતમ ! માત્ર પહેર્યે લૂગડે એ પતિની સાથે જંગલમાં મૂકાઈ જાય છે. ત્યાં ય અડધું વસ્ત્ર કાપી અડધી રાત્રે નળરાજા ચાલ્યા જાય છે. શસ્ત્ર સહિત ભલભલા સુભટોના જ્યાં હાજાં ગગડી જાય, એવી ઘોર અટવીમાં એ એકલી ! નથી ને વાઘ વિફર્યો તો ધબ્બો નારાયણ કે બીજું કંઈ ?

એવા ભયંકર જંગલની કાંટાળી ધરતી પર કેળથી પણ કોમળ દમયંતી આગળ ધપ્યે જાય છે ! સારી જેવી ગુફા જોઈ સાત વર્ષ કાઢચા ! કુલ ૧૨ વર્ષનો વિયોગ સહ્યો, પણ આ બધું આત્માને પ્રકાશવંતો રાખીને ! કયા અધિકારની બજવણી પર ? બાહ્ય જીવનના નહીં, અભ્યંતર શુભ જીવનના.

અભ્યંતર જીવન એક મોટું સામ્રાજ્ય છે. એમાં કર્મ-વિપાક અને તત્ત્વના ચિંતન છે, નવકાર-સ્મરણ છે, અનિત્યભાવનાઓનું ભાવન છે, શીલના સંરક્ષણની સચોટ પરિણતિ છે, એ અધિકાર છે.

પતિનો મેળાપ ન થાય ત્યાં સુધી દૂધ-દહીં વગેરે વિગઈ ત્યાગ, શોભા શુશ્રૂષાના પચ્ચક્ખાણ, રંગેલા ભપકાદાર વસ્ત્ર પહેરવાનું બંધ ! મખમલની તળાઈઓમાં સૂવાનું નહીં ! આ આત્મતેજ છે હોં. પર્વતની ગુફામાં શ્રી શાન્તિનાથ ભગવાનની માટીની મૂર્તિ સ્થાપિત કરી ધ્યાન ધરવા બેસે છે ! જીવનને ધન્ય માને છે કે પ્રભુ તો પાસે છે જ.

**એટલું સમજી રાખો કે બધું લૂંટાય, પણ તમે લૂંટાતાં નથી જો સાચવતાં હો ધૈર્ય, ખામોશ, સમતા, રંગરાગના ત્યાગ, પરમાત્મસ્મરણ ! એના ઉપર તારક અધિકાર પહોંચે છે, તો એ કેમ ન બજાવવો ?**

## શ્રાપ પર આશીર્વાદ :

અંજનાસુંદરીએ તિરસ્કારનારા પતિને ચરણમાં પડી આ શુભેચ્છા વ્યક્ત કરી કે 'તમારો માર્ગ ક્ષેમકુશળ થજો.'

વર્ષો સુધી પતિની ભયંકર અવગણના સહી છે. લગ્ન કર્યું એટલું માફ. લગ્નથી બન્ધનમાં આવી. હવે બીજું કાંઈ થાય નહીં. એવી પરિસ્થિતિમાં મૂકીને પતિ એને તરછોડે છે ! ૧-૨ દિન-માસ નહીં, વર્ષોના વર્ષો ! છતાં વર્ષો સુધી મનમાં શી મથામણ કરી હશે કે એ આજે વિડંબક પતિના પગમાં પડી આ ઉદ્ગાર કાઢે !

સામાએ શ્રાપ વરસાવ્યા જેવું કર્યું હોય, એની સામે આશીર્વાદ વરસાવવાનું કેટલા બધા ઉમદા દિલના ભારે મન્થનથી બને !

પતિની સામે પત્ની, પિતાની સામે પુત્ર, ગુરુની સામે શિષ્ય આવા બની જાય તો ? ખૂબી તો એ જુઓ કે પતિનો કોઈ તેવો ઉપકાર નથી, ત્યારે માતા-પિતા અને ગુરુનો તો અપરંપાર ઉપકાર છે; છતાં એ ઉપકારની કદર ભૂલાવી કર્મ અવસરે જીવને અયોગ્ય, અધમ વિચાર-વાણી-વર્તાવમાં ઉતારે છે !

માણસ એટલું જ વિચારે કે 'માતા-પિતાએ કે ગુરુએ ગમે તે અવગણના કરી, પરંતુ એમના જે અગણિત ઉપકાર છે, એથી થયેલા મહાલાભની આગળ આ અવગણનાથી થતી ખોટ શી વિસાતમાં છે ?' તો પછી કોઈ અનુચિત વર્તન કરવાનું ન બને. માત્ર એવા શુભ ઉમદા વિચારમાં ભારે મનોમન્થન જોઈએ. એમાં સાધુ જેવાને તો થાય કે એક સંસારી ઘરબારી અંજનાસુંદરી જેવી આ ઉમદા દિલ કેળવે, તો મારે તો વળી એથી ય કેટલું ઊંચું ઉમદા દિલ ધરવું જોઈએ ?

વાત આટલી છે : દિલને ઉમદા બનાવી સુંદર કોટિના મનોમન્થન કરો. એના પર તમારો અધિકાર છે. અંજનાએ એ બજાવ્યો તો જુઓ હવે સહેજે સહેજે વાતમાં કેવો પલટો થાય છે !

# ૮ પવનંજયનું પરિવર્તન

## પવનંજયના મનનો પલટો :

અંજના શુભેચ્છા દેખાડે છે, છતાં પવનંજય એને અવગણીને ચાલી નીકળ્યો. અંજના દિલ ઉપર કાબૂ રાખી મહેલમાં પહોંચી ગઈ ! પરંતુ પતિના આ વર્તાવથી પાણીથી ભીંજેલા સમુદ્રતટની જેમ એ થીજી ગઈ છે ! જડ જેવી બની ગઈ છે !

પવનંજય તો ત્યાંથી ગયો, તે તેને રાવણ પાસે જવું છે, પણ વચમાં સંધ્યા થઈ, એટલે માનસરોવર ઉપર મુકામ કરે છે. ચાંદની રાત છે. વિદ્યાધર હોવાથી વિદ્યાના બળે આવાસ ઊભો કર્યો છે. પ્રહસિત મિત્ર પાસે બેઠો છે. વાતો કરે છે. એટલામાં સરોવર ઉપર પવનંજયની દૃષ્ટિ પડે છે. ત્યાં એ જુએ છે તો એક ચક્રવાકી તરફડિયાં ખાઈ રહી છે ! ઝૂરી રહી છે !

પવનંજય પૂછે છે : 'મિત્ર ! આ શું ?'

તેનો મિત્ર કહે છે : 'આ ચક્રવાકી તેના પતિ ચક્રવાકથી સૂર્યાસ્ત થવાથી છૂટી પડી છે. હવે સૂર્યોદય થયે મેળાપ થશે. ત્યાં સુધી પતિના વિરહને લીધે આ ટળવળાટ છે.'

આ ટળવળાટ જોઈ પવનંજયને પણ સળવળાટ થયો. ગમે તેમ તો ય માણસનું દિલ છે ને ? દુશ્મન પણ ટળવળતો દેખાય, તો ય માણસ એ જોઈ થંભી જાય છે. પવનંજય હવે પશ્ચાત્તાપના વિચારમાં ચઢે છે.

## પવનંજયને પશ્ચાત્તાપ :

'અરે ! આ તો દિવસે તો પતિને મળે છે, માત્ર રાત્રિના બાર કલાકનો વિયોગ થાય, ત્યાં જો આ દશા; તો પછી મેં તો પરણ્યા બરાબર વર્ષોના વર્ષો છોડી

દીધી છે જેને, એવી મહાસતી શિરોમણિની શી દશા થતી હશે ?' અંજનાના પાપકર્મનો ઉદય આપમેળે દૂર થયો, ત્યારે પવનંજયનો હૃદયપલટો થઈ ગયો.

'૨૨ વર્ષ કેવી રીતે ગાળ્યા હશે ! કેટલા કોડથી આવેલી ! પવનંજયના પિતાએ ખાસ માંગેલી ! નહીંતર તો અંજનાના ઉમેદવાર ઓછા ન હતાં. રાજાના ૧૦૦ પુત્રો ઉપરની લાડકીના શું હાલ કર્યાં ? નીકળતાં નીકળતાં પણ જાણે લાતે ફગાવી દેતો ચાલ્યો.'

એ વિચારે છે કે 'લગ્ન પ્રસંગથી માંડીને આજદિન સુધી મેં એને એકવાર બોલાવી સરખી નથી ! મળવા આવી તો અવગણી છે ! અહાહા ! દુઃખના દરિયામાં ડૂબેલી એનું શું થયું હશે ? એ હવે જીવી શકે નહીં. ધિક્કાર છે મારા અવિવેકને કે જો એ બિચારીને આમ મરવાનું થાય ! તો એના ઘાતના પાપથી હું મરીને ક્યાં જઈશ ?' પવનંજય પોતાના આ દિલદર્દની વાત પ્રહસિત મિત્રને કરે છે. મિત્ર વિના પોતાના દુઃખની વાત કોની આગળ કરવાની ?

મિત્ર પૈસાટકા કશું ય આપી શકતો ન હોય છતાં,

- દુઃખની વાત ઝીલવા જે હૃદય આપે છે, એની મોટી કિંમત છે !
- વાત ઝીલતાં જે હાર્દિક સમવેદન બતાવે છે, એનાં મહામૂલ્ય છે !
- ઝીલીને જે કલ્યાણ આશ્વાસન આપે છે, એની મહાવડાઈ છે !

મિત્ર કહે છે : 'અંજનાના ભયંકર દુઃખની આજે પણ તને ખબર પડી એ સારું થયું. વાત તો સાચી છે કે એ બિચારી નક્કી મૃત્યુ પામે, એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. માટે તું અત્યારે ને અત્યારે એની પાસે જઈ પ્રિયવચનથી એને મધુરું આશ્વાસન આપે; એ યોગ્ય છે, એ અત્યંત જરૂરી છે. પછી એની રજા માંગીને તારે તારા કાર્ય માટે જવું જોઈએ. માટે ઊઠ, ઊભો થા.'

## પવનંજય અંજનાના મહેલ પર :

પવનંજયના પલટાયેલા દિલમાં હવે એ સ્ફૂરી જ ગયું હતું કે અંજનાને પોતે સ્વસ્થ કરવી જોઈએ. એટલે મિત્રની સલાહ પોતાના આશયને મળતી આવતી સાંભળી જવા વિશેષ ઉત્સુક બન્યો, બંને જણા ત્યાંથી વિદ્યાબળે આકાશમાર્ગે ઊડીને અંજનાસુંદરીના મહેલ પર ગયા.

જુઓ, અહીં અંજનાના ભાગ્ય ઊઘડે છે! પરણીને વર્ષો સુધી સામું નહીં જોનારો પતિ, અંજનાના કોઈ પુરુષાર્થ-પ્રયત્ન વિના, ગળગળો થઈને સ્વયં ચાલ્યો આવે છે.

માણસની અધીરાઈએ શું વળે? જ્યાં ભાગ્યને આધીન વસ્તુ પર પોતાનો અધિકાર નથી, ત્યાં અધિકાર જમાવવાના યત્ન; એ કષ્ટ અને ક્લેશ કે બીજું કાંઈ? કેમ કે એવા યત્નમાં મહેનત તો પડવાની જ, કષ્ટ ઉપાડવાનું જ અને દુર્ભાગ્યનો સામનો કરવો છે, તેથી ગમે તેવા ઉપાય આદરવા જતાં ચિત્ત પાપબુદ્ધિના ક્લેશમાં મૂકાવાનું જ.

ત્યારે, જો એટલું જ સમજી લેવામાં આવે કે 'મારા અધિકાર બહારની વાત-વસ્તુ માટે ફોગટ ફાંફાં શા સારૂ મારું? એમ કરી શા સારૂ ફોગટ કષ્ટ-ક્લેશ ઉપાડું? ભાગ્યાનુસાર બનવા દો, મન બગાડવાની જરૂર નથી' તો ઠેઠ માનવતાના ગુણોનું દેવાળું કાઢવાનું બને છે, તે ન બને.

**જુઓ છો ને આજે કે સમય ખરાબ છે. એ તો સૂચવે છે કે ભાગ્ય નબળું છે. છતાં એ દૂબળા ભાગ્યનો સામનો કરવા અસત્ય, અનીતિ, મહાકર્માદાનના ધંધા, ટેક્ષ-ચોરી વગેરે કેટલા પાપો આચરાય છે! તમે કદાચ કહેશો :**

પ્ર. : પણ એમાં મનમાન્યા પૈસા મળે છે ને?

ઉ. : પરંતુ ભૂલતાં નહીં કે એ પૈસા પણ ભાગ્ય હોય, તો મળે છે. ભાગ્ય ન હોય, તો પૈસા મળવા તો દૂર, ઊલટું અસત્ય, અનીતિ વગેરેથી માત્ર પાપના પોટલાં માથે ચઢે!

માટે ખરી વાત એ છે કે આપણો ખરો અધિકાર ગુણોની સિદ્ધિ કરવા ઉપર છે, તો તે જ અજમાવવો. બીજી સિદ્ધિ અધિકારવાળા ભાગ્ય પર છોડી દેવી.

અંજનાએ એમ કર્યું છે, તો એ આજે એનું ભાગ્ય જાગ્રત થતાં પવનંજય આપમેળે અહીં ખેંચાઈ આવે છે. એ વાત સાચી છે કે એણે પતિને ખેંચવાના આડા-અવળા પ્રયત્ન નથી કર્યા; છતાં પતિના અબોલડા પર એને દુઃખ ભારે છે. તેથી જ્યારે પવનંજય તથા પ્રહસિત આવ્યા અને પવનંજય દ્વાર આગળ છૂપો ઊભો રહ્યો ને પ્રહસિત અંદર ગયો, ત્યારે એણે અંજનાની ભારે દુઃખભરી સ્થિતિ જોઈ.

- જેવી રીતે માછલી તળાવના સૂકાઈ જઈ થોડા રહેલ પાણીમાં ઊંચી-નીચી થતી હોય છે, એમ અંજના પલંગમાં ગલોટિયાં ખાઈ રહી હતી.
- જેમ હિમ જેવી પણ ચન્દ્રની જ્યોત્સનામાં સૂર્યવિકાસી કમલિની પીડાય છે, તેમ અંજના કોમળ શય્યામાં પણ પીડાઈ રહી હતી.
- એની વસંતતિલકા સખી એને વારંવાર આશ્વાસન આપી રહી હતી, છતાં એ તો ઘડી ઘડીમાં શૂન્ય ચિત્તવાળી ને શૂન્ય દૃષ્ટિવાળી પૂતળી જેવી બની જતી હતી.

## સતીનો હાકોટો :

**સંસારમાં આવું જ બધું ને ? છે ત્યાં ગમે તેવા સારા ગુણિયલ જીવની કદર ? શાની હોય ? હોય, તો સંસાર શાનો ? એનો તો સ્વભાવ કે અનેકાનેક પ્રકારની વિષમતા, વિલક્ષણતા દેખાડવી. એ તો જીવ મૂર્ખ છે કે વિષમ અને વિલક્ષણ સંસાર પર મુગ્ધ બને છે, પણ સમતા અને એકરૂપતાવાળા મોક્ષ પર નહીં.**

પ્રહસિત અંદર પેઠો ને જેવો અંજનાસુંદરીએ જોયો કે એ ચમકી ! એને થયું કે 'અરે ! આ વ્યંતરની માફક અહીં અકસ્માત્ કોણ આવ્યો ?' કંઈક ભય પણ લાગ્યો, બીજી બાજુ દુઃખની સીમા નથી. કેમ કે પતિ ધુત્કારીને ગયેલ છે, છતાં પરપુરુષનો પ્રવેશ જોઈ સાવધાન બની જાય છે !

મનને એમ નથી થતું કે 'કોઈ સારો માણસ આશ્વાસન આપવા આવ્યો હશે, ઠીક છે.' કેમ કે પરપુરુષનું એને કાંઈ નથી જોઈતું. જ્યાં પરપુરુષની છાયા ન ખપતી હોય, તો દૃષ્ટિ ખપે કે નહીં ? એની સાથે ટાયલાં ખપે કે નહીં ? ટાયલાં સમજ્યા નહીં ? માત્ર વાણીના નહીં... આજે જગતમાં શું ધીંગાણું મચ્યું છે ! માનવ માનવી યુગમાંથી દિવ્ય યુગમાં પેસવાને બદલે પાશવી યુગમાં પેસે છે ! ખ્યાલ નથી કે આર્યદેશમાં અવતાર એટલે કુલીનતા જીવવાના અવતાર ! સતીત્વ જીવવાના, સજ્જનતા જીવવાના અવતાર ! કોઈ ખોટો વિચાર પણ થઈ શકે નહીં, ત્યાં ખોટો શબ્દ કે ખોટી નજરની વાતે ય શી ? સુશીલ નારી તો જેમ બિલાડાના આગમન પર ઉંદરડી સાવધાન બની જાય, તેમ પરપુરુષના આગમન માત્ર પર સાવધાન બનનારી હોય.

સતી ધૈર્ય ધરી હાકોટો કરીને કહે છે : 'રે ! કોણ છે તું અહીં આવનારો ? અથવા પરપુરુષ એવા તને ઓળખવાની મારે જરૂર નથી. પરનારીના આ નિવાસમાં ખબરદાર અહીં ઊભો છે તો. ચાલતો થઈ જા.' સતીનો હાકોટો છે; પરપુરુષનો એને છાયો ય ન ખપે.

આર્ય સંસ્કૃતિની એ ભવ્યતા ક્યાં !

અને આજની હાઈસ્કૂલ-કૉલેજની યુવતીઓના યુવાન છોકરાઓ સાથેના સહવાસની બેહૂદી સંસ્કૃતિ ક્યાં !

સતીને લાગ્યું કે આ માણસ પાછો જતો નથી, તેથી એકદમ અકળાઈ જઈને એ કહે છે : 'અરે વસંતતિલકા ! જોઈ શું રહી છે ? આને હાથેથી પકડીને બહાર ઘસડી જા. ચન્દ્રના જેવી નિર્મળ હું આને જોવા માટે પણ સમર્થ નથી. આ મહેલમાં તો એક માત્ર પવનંજયને છોડીને બીજા કોઈ પણ પુરુષને પેસવાનો અધિકાર નથી; તો તું જોઈ શું રહી છે ? કેમ એને કાઢી મૂકવામાં વિલંબ કરી રહી છે ? કાઢ, ધક્કો મારીને બહાર કાઢ એને.'

આ સાંભળીને પ્રહસિત ખુશ થાય કે નાખુશ ? ખુશ ? કેમ વારુ ? એને કાઢી મૂકવાનું કહે છે ને ? પણ કહો કે એ અંજનાની આટલી બધી કરુણ સ્થિતિમાં ય એનો એક તો પવનંજય પ્રત્યે આદરભાવ અને બીજું સતીત્વની મર્યાદાનો કડક અમલ જુએ છે !

પવનંજયે ભયંકર છેહ દીધો છે, તિરસ્કાર કર્યો છે, છતાં અહીં એકાંતમાં પણ એનું કંઈ જ વાંકું નહીં બોલવાનું, બલ્કે એનું સ્વામીપણું જાહેર કરવાનું. દિલમાં ક્ષુદ્રતા નહીં, પણ કેટલી ઊંચી ઉદારતા, ઉમદાપણું હોય, તો આ બને ? માનવજીવનની શોભા જ આ છે કે હૈયું ખૂબ જ ઉમદા બનાવવું, ખૂબ જ ઉદાર બનાવવું.

મહાસતીમાં બીજું છે સતીત્વના આચારની મર્યાદાનું પાલન. વરસોથી પતિએ તરછોડી છે, પણ કોઈ બીજા પુરુષો સાથે લપ્પન-છપ્પન તો શું, પણ દર્શનની ય વાત નહીં ! પછી ત્યાં પરપુરુષ સાથે વાતોચીતો કરી હૂંફ લેવાની તો વાતે ય શી ? આ ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવું છે, પ્રિય-પ્રિયાના વિરહમાં મન વ્યાકુલતા અનુભવે છે, વલવલાટ કરે છે, પરસ્ત્રી-પરપુરુષ સાથે વાતોચીતો કરીને હૂંફ-આશ્વાસન લેવાના અભરખા સેવે છે !

એમ દલીલ થાય છે કે શું એકલા અટૂલા બેસી રહીએ ? ત્યારે વિચારણીય બને છે કે પવિત્ર જીવનની મર્યાદાના કોઈ ભાર ઉપાડવા જેવા હોય કે નહીં ? મન કેવું ચોર છે; એ ભૂલશો નહીં. એ ઠગી ન જાય, એ માટે જ આર્યસંસ્કૃતિની મર્યાદાઓ છે. કુલવાન આત્માઓને એ સહેજે વરેલી હોય છે. અંજનાસુંદરી એ જીવી રહી છે.

પ્રહસિત એની સતીત્વની મર્યાદા તથા ધુત્કારનાર પતિ પ્રત્યે પણ આદરભાવ; આ બંને વસ્તુ ઉપર ખૂબ ખુશ થઈ તરત નમસ્કાર કરીને ખુલાસો કરે છે : 'દેવી ! ધન્ય છે તારા સતીત્વને ! સ્વામિનિ ! ચિર કાળે આવેલા તારા આતુર પતિ પવનંજયના સમાગમની તને હું વધામણી આપું છું. હું એનો પ્રાણપ્રિય મિત્ર પ્રહસિત આગળ આવ્યો છું અને એ પણ પાછળ આવ્યો સમજ.'

ખુલાસો સાંભળીને અંજના ભયમુક્ત બની; પરંતુ એની કલ્પનામાં બેસતું નથી કે આટલો બધો પરાઙ્મુખ પતિ પોતાની સન્મુખ બને ! તે પણ ઉત્કંઠાથી ! એટલે એ પ્રહસિતને કહે છે :

'અરે ગાંડા ! જ્યાં મારું નસીબ જ મને હસી રહ્યું છે, ત્યાં તું કાં મારી મશ્કરી કરે ? જેમને મારું નામ સુધ્ધાં નથી ગમતું, એ મને હોંશપૂર્વક ભેટવા આવે એવી સંભાવના જ શી ? વિધિથી પીડાયેલીની મશ્કરી કરવાનો આ અવસર નથી, અથવા આમાં તારો કોઈ દોષ નથી, દોષ તો મારા જ પૂર્વકર્મનો છે. નહીંતર એવો કુળવાન પતિ મને કેમ ત્યજી દે ? અફસોસ કે ઠેઠ પાણિગ્રહણથી જ માંડીને સ્વામીએ મને છોડ્યાને આજ ૨૨-૨૨ વર્ષ વીત્યા, છતાં હું પાપિણી હજી સુધી જીવતી રહી શકું છું ...!'

## વસ્તુની ઉજળી બાજુ જુઓ :

અંજનાના શબ્દ બહુ વિચારવા જેવા છે. પવનંજયનું હૃદય પરિવર્તન પામે; એ એને અસંભવિત લાગે છે, તેથી કહે છે કે : 'જ્યાં ક્રૂર વિધિ મશ્કરી કરી રહ્યું હોય, ત્યાં તું અસંભવિત વાત કહી વધુ મશ્કરી કાં કરે ? દુર્દૈવથી મહાદુ:ખમાં રીબાતાંની આવી મશ્કરી કરવી યોગ્ય નથી.' પાછું મન વાળી લઈને કહે છે કે : 'દોષ મશ્કરી કરનારનો શું માનવો, જ્યાં પોતાના કરમનો જ દોષ છે.'

આટલી બધી પરિસ્થિતિ ઊભી થઈ, એમાં વાંક પોતાના કર્મનો જ માને છે અને તે પણ યુક્તિ પુરસ્સર. યુક્તિ એ કે પતિ કુળવાન છે, માટે એમનો વાંક હોય નહીં.

અંજનાના પોતાના સ્વાર્થની દૃષ્ટિએ જોઈએ તો વગર ગુન્હે પતિ તરફથી એની અવગણના થવામાં બાકી નથી રહી, છતાં પતિની એ ગુન્હાહિત બાજુ ન જોતાં એના કુળવાનપણાની અને તેથી ઉત્તમતાની બાજુ જુએ છે, છતાં આમ કેમ બન્યું ? તો એ માટે પોતાના પૂર્વકર્મની પ્રબળતા સામું જુએ છે.

જોવા-જોવાની જ ખૂબી છે. પેલી હલકી બાજુ ય જોઈ તો શકાય, પરંતુ એમ કરવામાં પોતાના રોષ, રીસ, ગર્વ, ક્ષુદ્રતા, મનોદુઃખ વગેરે દોષો ખીલે છે, વૈર વધે છે ! જ્યારે સારી બાજુની વિચારણા કરતાં રોષ વગેરે હોય, તો ય શમી જાય છે. વસ્તુની કાળી બાજુ જોવા કરતાં ઊજળી બાજુ જોવામાં ઊજળામણ આવે છે. પતિ કુળવાન છે; એ વાત પણ સાચી છે. બીજી રીતે અનેક ગુણોથી પરિવરેલો ય છે, તો પોતાનો સ્વાર્થ ભાંગ્યો એટલે એ બધું સારું તત્ત્વ જોવા જેવું નહીં; એ ક્યાંનો ન્યાય ?

### દૃષ્ટિનો સુધારો; એ ઉન્નતિનો પાયો છે :

માણસ દૃષ્ટિના દોષને લીધે એ શુભ તત્ત્વ અવગણી હલકું તત્ત્વ જોવા પ્રેરાય છે. પરંતુ એમાં કોઈ રીતે પોતાની ઉન્નતિ સાધી શકતો નથી. કેમ કે જ્યાં પાયામાં દૃષ્ટિ જ સુધારે નહીં, પછી ઉપરની ગુણ-ઇમારત શી રીતે રચાય ? બધી ય ઉન્નતિના પાયામાં દૃષ્ટિનો સુધારો રહેલો છે. જો દૃષ્ટિ અશુદ્ધ હશે, મેલી હશે તો ઉપરના દેખાતાં ગુણ; ગુણ નહીં, પણ ગુણાભાસ હશે.

માનવ-જીવનનું પહેલું કાર્ય દૃષ્ટિ સુધારવાનું છે, જુદા જુદા ધર્મમાં જુઓ તો દેખાશે કે સૌએ દૃષ્ટિનો સુધારો પ્રથમ આવશ્યક ગણ્યો છે.

● સાંખ્ય અને યોગદર્શન કહે છે :

'વિવેકખ્યાતિ' પહેલી ઊભી કરવી જોઈએ. આત્મા; જડ પ્રકૃતિમાં હું અને મારાપણાનો જે ભ્રમ રાખી રહ્યો છે, તે ભ્રમનો નાશ કરવો જોઈએ. એવો વિવેક પ્રગટવો જોઈએ કે 'હું પ્રકૃતિથી જુદો છું અને પ્રકૃતિના કાર્યોનો કર્તા નથી.'

આમ અહંત્વ અને કર્તૃત્વનું અભિમાન દૂર થવાનું કહેવું; એ દૃષ્ટિનો સુધારો જ કરવાનું કથન છે.

- વેદાન્તદર્શન કહે છે : અવિદ્યાના આવરણને લીધે શુદ્ધ અને એક એવો પણ આત્મા જગતને સત્ય માની બેઠો છે. અનેક જીવોનું અસ્તિત્વ માની 'હું જુદો, બીજા જુદા' એવા ભ્રમમાં છે. હવે એણે '**तत् त्वमसि**' – ઇત્યાદિ વેદ શ્રુતિ દ્વારા 'તે શુદ્ધ બ્રહ્મ તું છે' વગેરે તત્ત્વજ્ઞાન ઊભું કરવું જોઈએ, પછી ઉન્નતિની સીડીએ ચઢી શકાય.

- ન્યાયદર્શન વગેરે પણ પ્રમાણ–પ્રમેય વગેરેના તત્ત્વજ્ઞાનને આવશ્યક માને, તે ય દૃષ્ટિના સુધારાનું જ કથન છે.

- બૌદ્ધદર્શન પ્રશાન્તવાહિતાને જરૂરી માને છે. તે આત્મા ભ્રમથી જગતને જુદા જુદા પદાર્થમય અને સ્થિર માની બેઠો છે, એને બદલે વિજ્ઞાનમય અને ક્ષણિક સમજે, તો બને. આ સમજમાં પણ દૃષ્ટિ સુધારવાનો ઉપદેશ છે.

- ત્યારે જૈનધર્મ તો કહે છે જ કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હટીને સમ્યગ્દૃષ્ટિ પ્રગટે નહીં, ત્યાં સુધી ઉપરના શ્રાવકપણા વગેરેના ગુણસ્થાનકે ચઢી શકાય નહીં; તેમ સંસારદૃષ્ટિ મુકાઈને મોક્ષદૃષ્ટિ જાગે નહીં, ત્યાં સુધી નીચેની ભૂમિકા પણ તૈયાર થાય નહીં. આમ જોઈએ તો બધે દૃષ્ટિનો સુધારો પાયામાં જરૂરી માન્યો છે.

અંજનાએ દૃષ્ટિનો સુધારો કેળવ્યો છે. તેથી પ્રહસિતની આગળ પતિનું કુળવાનપણું એટલે સારાપણું અને પોતાના પૂર્વકર્મનો વાંક કહી શકે છે. એટલું જ નહીં, પણ આગળ વધીને એમ કહી શકે છે કે 'આવા ઉત્તમ પતિના વિયોગમાં પોતે જીવતી રહી શકી; એ પોતાની ધિટ્ઠાઈ, પોતાનું પાપાત્માપણું સૂચવે છે.'

જો જો, દિલમાં કેવા ધોરણ મનાયા હશે, તો આ ઉદ્ગાર નીકળી શકે ? સારા સ્નેહીના વિરહમાં સુખે ખાઈ–પી જીવવાની લહેર પુણ્યાત્માને શાની હોય ? એ તો પાપાત્માને હોય, એવું કહેવાનો એનો ભાવ છે. માનસિક કેવા જીવન પર અધિકાર રાખ્યો હોય, તો આ નિર્મળ દૃષ્ટિ રહી શકે; એ જોવા જેવું છે.

હવે પવનંજય આમ તો પીગળીને આવેલો જ છે, એમાં અંજનાના 'હું પાપિણી ૨૨–૨૨ વર્ષ જીવતી ઊભી છું' ત્યાં સુધીના શબ્દો સાંભળવા પામે એટલે

શું બાકી રહે ? એનું હૈયું ભરાઈ આવ્યું. આંખો આંસુથી ભીની થઈ ગઈ. અંજનાના દુઃખનો ભાર એનામાં ઊતરી ગયો અને તરત જ બહારથી અંદર પેસીને ટપકતાં આંસુએ અને ગદ્‌ગદ સ્વરે આ પ્રમાણે કહે છે :

‘હે પ્રિયા ! નિર્દોષ એવી પણ તારા પર પાણિગ્રહણથી માંડીને દોષનું આરોપણ કરીને અબૂઝ, પંડિતમાની એવા મેં તારી અવગણના કરી છે. માત્ર મારા જ વાંકે તું આટલી દુઃસહ્ય દુર્દશા પામી છે ! આમ તો લગભગ મૃત્યુ સુધી પહોંચેલી તું મારા સદ્‌ભાગ્યે જ મૃત્યુથી સ્પર્શ નથી કરાઈ !...’

પવનંજયના બોલવામાં ભારોભાર ખેદ સાથે પોતાની અને પત્નીની તુલના છે.

- પોતે અબૂઝ તથા અજ્ઞાન અને પત્ની મૂંગે મોંઢે આટલું બધું ઉમદા દિલથી ખમી ખાવામાં સજ્ઞાન, વિવેકવતી !
- પોતે પંડિતમાની અર્થાત્ જાતે બહુ સમજુ હોવાના ઘમંડવાળો, ત્યારે પત્ની ખરેખર સમજવાળી હોવા છતાં ખૂબ જ નમ્ર, મૃદુ અને વિનયભરી !
- પોતે અવગણના અને તિરસ્કાર કરનારો ઉલ્લંઠ અને પત્ની એ બધું સહવાના દુઃખમાં કચરાયેલી !

આ તુલના એના ઉઘડેલા આંતરચક્ષુમાંથી દેખાઈ છે ! પાછું હૃદય અને વાણી ગદ્‌ગદ બનેલા છે !

આ બધા પરથી અંજનાસુંદરી એને પોતાના પતિ તરીકે ઓળખી લે છે અને તેથી એના નેત્ર ચમકી ઊઠે છે ! કાયા સ્તબ્ધ થઈ જાય છે ! ૨૨-૨૨ વરસ સુધી જે દર્શન મહાઝંખના છતાં દુર્લભ હતાં; એ આજે એકાએક સુલભ બને છે તથા જે પ્રેમ અને મમતાના સાંસા હતાં; એના આજે મેહ વરસવા માંડે છે, એથી નેત્ર ચમકે જ ને ?

આ ભવાટવીના અનંત અનંત ભ્રમણમાં વીતરાગ અને સદ્‌ગુરુના દર્શન તથા પ્રેમ-મમતાના સાંસા સમજનારો જ્યારે એ કોઈ ધન્ય પળે પામે ત્યારે એના નેત્ર ચમકે, હૃદયમાં થનગનાટ થઈ આવે ને આત્મા અપૂર્વ ઉલ્લાસ, આહ્‌લાદ અનુભવે; એ સહજ છે. તમને આ બધો અનુભવ થાય છે ખરો ? થતો હોય, તો કહી શકાય કે દેવ-ગુરુના દર્શન અને પ્રેમ-મમતા કેટલા બધા દુર્લભ અને કિંમતી છે, તે તમે સમજ્યા છો.

## પતિની ક્ષમાયાચના :

અંજનાસુંદરી પતિના પોતાના માટે આ શબ્દો સાંભળી લજ્જા પામી જાય છે. પતિ નાથ છે, પોતે સેવિકા છે. એ પોતાની ભૂલ, પોતાની હલકી વાત તો સાંભળી શકે, પણ નાથની ભૂલ કેમ સાંભળી શકે ? માટે લજ્જા આવે છે. તેમજ પોતે પલંગમાં બેઠેલી ને એકાએક પતિએ અંદર પ્રવેશતાં આમ કહ્યું, તેથી પણ લજ્જા આવવાથી સફાળી ઊભી થઈ, થાંભલાને ટેકે ઊભી રહે છે. પરંતુ પવનંજય એને પલંગમાં બેસાડી ફરી કહે છે :

'હે પ્રિયે ! તદ્દન નિર્દોષ એવી પણ તને મેં અતિતુચ્છ બુદ્ધિથી કનડી છે, મેં ક્ષુદ્ર બુદ્ધિ કરી છે, તો તું મને ક્ષમા કરજે.'

## જીવન પર અધિકાર ક્ષમા-દાનના નહીં, કૃપાયાચનાના ! :

અંજના કહે છે : 'નાથ ! આવું ન બોલો. હું તો સદાને માટે તમારી દાસી છું, તેથી તમારે મારી ક્ષમા માંગવાની હોય નહીં. દાસી તો અનુગ્રહને જ યોગ્ય હોય.'

અંજના હૃદયથી એમ સમજે છે કે 'દોષ પતિનો નથી, પોતાના કર્મનો છે. ત્યાં પતિ આજે હસીને બોલે છે, એ પતિની વડાઈ છે.'

આર્ય સંસ્કૃતિની કેટલી ભવ્યતા કે મહાઅપરાધી પ્રત્યે પણ વિશાલ હૃદયમાંથી ભવ્ય ઉદ્‌ગાર નીકળે છે ! જીવન પર કેવા અધિકાર ક્ષમા-દાનના નહીં, પણ કૃપા-યાચનાના અજમાવાય છે !

પત્નીના સ્થાને, શિષ્યના સ્થાને, પુત્રના સ્થાને, સેવકના સ્થાને રહેલાની મર્યાદા કેવી હોવી ઘટે ? તે આમાંથી સુંદર જાણવા મળે છે. બાપનો-ગુરુનો એકાદ વેળા કદાચ ગુનો પણ હોય, છતાં પુત્ર કે શિષ્ય અંજનાની જેમ આ જ ઉદ્‌ગાર કાઢે કે 'હું તો સદાને માટે તમારો દાસ છું. દાસની ક્ષમા માંગવાની ન હોય, દાસ તો કૃપાને જ યોગ્ય છે,' તો પિતા-પુત્ર અને ગુરુ-શિષ્યનો સંબંધ કેટલો સુંદર બન્યો રહે ? પુત્રપણું કે શિષ્યપણું કેવું સુંદર દીપી નીકળે ?

ત્યારે જીવન પર ખરા અધિકાર ભોગવવા હોય, તો આવા સમર્પિત જીવન પર ભોગવવા જેવા છે. મનને નિર્ધાર જોઈએ કે 'સુપુત્રપણું કે સુશિષ્યપણું મારા હકનું છે. એ માટે વડીલનો વાંક હશે, તો ય તેને ઇન્કારીને માત્ર તેમની કૃપા જ માંગીશ.'

## પવનંજય રાત રહી જાય છે :

અંજનાની સખી વસંતતિલકા અને પ્રહસિત બહાર ગયા. પવનંજય રાત્રિના ત્યાં રહ્યો. સવારે અંજનાસુંદરીને એ કહે છે :

'હે કાન્તા ! હું હવે વિજયને માટે જાઉં; નહીંતર વળી વડીલોને એમ લાગશે કે હું ગયો જ નથી. તો તું હવે પછી જરા ય ખેદ ન કરજે. હવે દુઃખના દહાડા ગયા. સુંદરી ! સખી સાથે સુખપૂર્વક રહેજે, ને રાવણનું કાર્ય પતાવી આ હું આવ્યો સમજ !'

અંજના પણ કહે છે : 'તે કાર્ય તો વીર એવા તમારું સિદ્ધ જ છે. માત્ર કાર્ય પત્યે જલદી ચાલ્યા આવજો, જો મને જીવતી ઇચ્છતાં હો તો ! આટલો રાગ બતાવ્યા પછી હવે તમે દૂર રહો; એમાં મારે જીવવું મુશ્કેલ છે. તમારે જલદી આવવાનું બીજું પણ એ કારણ છે કે હું આજે જ ઋતુસ્નાતા છું એટલે ગર્ભ રહેવાનો સંભવ છે. હવે તમારી ગેરહાજરીમાં મને ગર્ભ રહ્યો એવું દુર્જનો જો જાણે, તો મારી નિંદા કરે. માટે જ કહું છું કે શીઘ્ર પાછા આવી જજો.'

પવનંજય કહે છે : 'પ્રિયા ! હું જલદી આવીશ અને હું આવ્યો એટલે પછી તારા માથે કોઈ અનિષ્ટને સ્થાન જ ક્યાં છે ? અથવા લે મારા આગમનની સૂચક મારા નામની વીંટી. જરૂર પડ્યે તેનો ઉપયોગ કરજે.'

એમ કહી વીંટી આપીને પવનંજય ચાલ્યો ગયો. માનસરોવર પરથી સૈન્ય લઈ આકાશમાર્ગે લંકા નગરીમાં પહોંચ્યો. પછી રાવણ પણ કિરણોથી દીપતાં સૂર્યની માફક બધાની સાથે વરુણની સામે ઉપડ્યો.

# ૯ મહાસતી પર કલંક !

## જીવનમાં સ્યાદ્‌વાદ :

અહીં જુઓ કે ૨૨-૨૨ વરસે અંજનાસુંદરી પર પતિ તુષ્ટમાન થાય છે, અધરસ્તેથી પાછો આવે છે, ને ભારે પ્રેમ દેખાડે છે; એ બધું ઉપલક રીતે જોતાં પુણ્યના ઉદય તરીકે એટલે કે સારું દેખાય છે. પરંતુ આની જ પાછળ જે મહાકટુ પરિણામ સર્જાય છે, એ જોતાં પતિનું આ ખાનગી આગમન જાણે ઘણું ખરાબ લાગે છે ! પતિ વિમુખ હતો અને જે દુ:ખ હતું, એના કરતાં પણ ભયંકર દુ:ખકારી; એમ લાગે છે.

**આનો અર્થ શો ? એ જ ને કે જગતમાંની કોઇ પણ વસ્તુ જેટલી સુંદર માનીએ છીએ એટલી સુંદર એ નથી, જેટલી ખરાબ માનીએ તેટલી ખરાબ એ નથી.**

- જે છોકરાને સુંદર માન્યો હોય છે; એ ખરાબ અને ખરાબ માન્યો હોય છે; એ સુંદર નીવડે છે ને ?
- પક્વાન્નનું ભોજન સારું માન્યું હોય છે, એનાથી જ અકળામણ, અજીર્ણ વગેરે ખરાબી અનુભવવામાં આવે છે ને ?
- સારા માનેલા મિત્રો રાશી (ખરાબ) નીકળે છે ને ?
- સામાન્ય માનેલા માણસો અવસરે સારા ઉપયોગી બને છે ને ?
- એક વખત સારી લાગેલી ધનકમાઈ જ બીજા-ત્રીજા ક્લેશ ઊભા કરી ચિત્તને ખરાબ લાગે; એવું બને છે ને ?

આ વાત છે : દુનિયાની વસ્તુ સારી માનેલી અવસરે ખરાબ લાગે છે !
અનિષ્ટ માનેલી સારી લાગે છે !

બહુ સારી માનેલી સામાન્ય સારી લાગે છે, ને
સામાન્ય ઠીક માનેલી બહુ સારી લાગે છે !

જો વસ્તુસ્થિતિ આમ હોય, તો પછી સારી માનીને રાગાંધ અને ખરાબ માનીને દ્વેષાંધ બનવાની શી જરૂર ? ઇષ્ટ-અનિષ્ટ સંયોગ થતાં દિલમાં જે રાગ અને દ્વેષ ઊછળે છે, એને દબાવવા આ ચાવી છે કે મન એમ વિચારે કે 'જગતનું સુંદર લાગતું એટલું સુંદર નથી, ખરાબ લાગતું એટલું ખરાબ નથી. સારું લાગતું એ કદાચ અમુક અંશે સારું હશે, પણ બીજા અંશે ખરાબ પણ છે; તેમ અનિષ્ટ એ બીજી દૃષ્ટિએ ઇષ્ટ પણ હોઈ શકે છે. માટે મારે તો સ્યાદ્વાદ દૃષ્ટિથી જોવાનું-લેખવાનું.' મન આ વિચારી સ્યાદ્વાદને જીવનમાં જીવતો કરે, તો કેટલા ય દુઃખથી બચી જાય.

શ્રી દેવચંદ્રજી મહારાજ સ્તવનમાં વીર પ્રભુને વિનંતી કરે છે :

'વિનતિ માનજો, શક્તિ એ આપજો, ભાવસ્યાદ્વાદતા શુદ્ધ ભાસે.'

રોજિંદા જીવનમાં કેઈ ઘટનાઓ, કેઈ પ્રસંગો બને છે, કેટલીય વસ્તુઓ અને વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું થાય છે, એથી ય આગળ વધીને જેની સાથે આપણે કાંઈ જ લેવા-દેવા ન હોય, એવું કેટલું ય જોવા મળે છે, સાંભળવા મળે છે. આ બધાની સાથે જો સ્યાદ્વાદ દૃષ્ટિથી વર્તીએ, તો કેઈ ક્લેશો અને કેઈ પાપબંધનથી બચી જઈએ.

- પછી કુટુંબ પ્રત્યે એકાન્ત મમત્વ નહીં, વિરોધી પ્રત્યે એકાન્ત શત્રુતા નહીં.
- ધન-માલ વગેરે પર આંધળો રાગ ન હોય અને ગરીબી આદિ ઉપર એકાન્તે અરુચિ નહીં.
- પુત્રજન્મ પર એટલો હર્ષ નહીં, પુત્રમરણ પર એવો શોક નહીં;

એક જ દૃષ્ટિથી કે સુંદર; એ એવું સુંદર નથી, ખરાબ; એ એવું ખરાબ નથી.

અંજનાને હવે જુઓ કે કેવી આપદા ખડી થાય છે. એને તે દિવસથી ગર્ભ રહ્યો. એક બાજુ ગર્ભ વધતો ચાલ્યો અને બીજી બાજુ શરીર-સૌન્દર્ય વિશેષ ખીલતું ચાલ્યું.

ગર્ભવૃદ્ધિના લક્ષણો પ્રગટ દેખાવા માંડ્યા એટલે એની સાસુ કેતુમતી અચંબો પામી કે 'આ શું ? જેને પતિ સાથે ૨૨-૨૨ વર્ષના વિયોગ છે, એવી આ કુલવધૂને ગર્ભ ?' એને ગુસ્સો આવી જાય છે ને અંજનાને ધુત્કારતાં કહે છે :

'અરે, પાપીણિ ! તેં બંને કુળને કલંક લગાડે એવું આ શું કર્યું કે તારો પતિ દેશાન્તર ગયો છે અને તું આ ગર્ભવતી બને છે ? મારા મનને કે દીકરો આવી ગુણિયલ સ્ત્રી પ્રત્યે અનાદર દાખવે એ ઠીક નહીં; નાદાન ગણાય. પરંતુ હવે મને ખબર પડે છે કે તારો ત્યાગ એણે કેમ કર્યો હતો !'

પતિની ગેરહાજરીમાં અંજનાસુંદરીને આ તિરસ્કાર તથા આરોપ ખૂબ જ અસહ્ય બની ગયા ! એનું હૃદય ભરાઈ આવ્યું, આંખમાં આંસુ ઊભરાયા, રોતી રોતી કહે છે : 'તમારા પુત્ર વચ્ચેથી પાછા આવ્યા હતાં, તેનું આ પરિણામ છે અને આવ્યાની નિશાની તરીકે આ વીંટી પણ મને આપતાં ગયા છે.' એમ કહી વીંટી બતાવે છે અને શરમથી મોં નીચું રાખી બેસે છે.

પરંતુ સાસુ તો આ ખુલાસો માનવા તૈયાર નથી. એ તો એને ખોટો બચાવ સમજે છે ને તેથી વધુ ચિડાઈને કહે છે : 'અરે ! જે તારું નામ પણ લેતો નહોતો, એનો તને મેળાપ ? વળી, વીંટી દેખાડીને અમને ઠગવા માગે છે ? પણ ઠગે, કેમ કે વ્યભિચારિણી સ્ત્રીઓ બીજાને ઊઠાં ભણાવવાના ઘણા પ્રકાર જાણે છે, કિન્તુ હવે અમે આ સહન કરનાર નથી...'

વિચારજો, ૨૨-૨૨ વર્ષ સુધી સતીત્વપણાની રૂએ કેટલુંય સહન કરનારને પણ આવા વ્યભિચારના કલંક ! એમાં બાહ્ય જીવન પર શા અધિકાર પહોંચ્યા ? ઊલટું એવું પણ બને છે કે પતિની સાથે રહેતી હોય અને ગુપ્ત વ્યભિચાર ચલાવતી હોય, છતાં સુશીલ નારીમાં ગણાતી હોય. ત્યારે એ નિયમ ક્યાં રહ્યો કે ગુણ હોય, તો જશ જ મળે ? ને અપજશ મળે, તો તે દોષના લીધે ?

હા, નિયમ એ ખરો કે શુભનો ઉદય ચાલતો હોય, તો યશ મળે, અશુભના ઉદય જાગે તો અપકીર્તિ થાય. માટે જ આ વાત છે કે આપણો અધિકાર જશ-કીર્તિ ઉપર નથી, ગુણ ઉપર છે.

અંજનાએ ઘણું સહ્યું છે, છતાં જાણે કુદરત રૂઠે છે તે સાસુ એને સાફ સંભળાવી દે છે : 'સ્વચ્છંદચારિણી ! નીકળી જા મારા ઘરમાંથી અને જા તારા બાપના ઘેર. અહીં હવે ક્ષણમાત્ર ઊભી ન રહેતી. આ ઘર એવું વ્યભિચારીને સંઘરનારું નહીં.'

## અંજનાને કાઢી મૂકે છે ! :

બિચારી અંજનાનો સાસુ એટલો બધો ફિટકાર-તિરસ્કાર કરે છે કે જે મહાસતી માટે અત્યંત દુઃસહ્ય હોય. કોઈ એને અહીં આશ્વાસન નથી ! અરે ! એટલું પૂછનાર પણ નથી કે 'ઊભા રહો, તપાસ તો કરો કે પવનંજય આવ્યો'તો કે નહીં ? અથવા તાબડતોડ પૂછવા માણસ મોકલો.' ના, એ તો નિર્દય રાક્ષસી જેવી બનેલી સાસુએ સિપાઈઓને બોલાવી કહી દીધું : 'જાઓ, આને એના બાપના નગરે મૂકી આવો !'

## ગુણના પક્ષકાર છતાં નિર્દય ન બનો :

જુઓ ખૂબી, સિપાઈઓ આમ દોડાવવા છે, પણ દીકરાને પૂછાવવું કે રાહ જોવી નથી ! માણસ સુશીલતાદિ ગુણોનો પક્ષ કરવા છતાં કેટલીકવાર એના ઓઠા હેઠળ બીજી બાજુ અઘટિત કાર્ય કરી બેસે છે, કઠોર બની જાય છે.

કહે છે : 'અમે તો જરા ય પોણી સોળ આની ન ચલાવી લઈએ.'

અરે ભાઈ ! એ વાત તમારી સાચી, પણ બગડેલાને સુધારવાની આવડત તમારી પાસે છે ? કે માત્ર દંડો જ ચલાવતાં આવડે છે ? ગુણનો પક્ષપાત એમ નથી કહેતો કે દોષવાળાના તિરસ્કાર કરો, દોષિતની નિંદા કરો, એના પ્રત્યે નિર્દયતાના કાર્ય કરો.

અહીં સાસુ એ જોવું ભૂલી જાય છે કે આમ અંજનાને કાઢી મૂકવામાં એના બાપના ઘેર તો વળી કેવી ય કુશંકાઓ અને તિરસ્કાર થશે ? બસ, અમે ગુણના જ હિમાયતી; એ ઘમંડમાં સામાની કઈ દુર્દશા અને ત્રાસ-વિટંબણા થશે, એનો વિચાર જ નહીં ?

માણસની વિચારકતા અને કોમળતાની અહીં પરીક્ષા થાય છે. સંભવ છે કે કોઈની ભૂલ થઈ, પણ હૃદય મુલાયમ રાખી એને એવો સમાવી લેતાં આવડવું જોઈએ કે એનામાં ભૂલ હોય, તો સુધરી જાય.

પોતાની પાસેના ગુણનો અહંકાર; એ ભૂલ કરનારને જુદો જ પાડી નાખે છે. કેમ જાણે તું હવે અમારામાં નહીં ! પછી પેલાને સુધરવાનો અવકાશ જ ક્યાંથી રહે ?

અહીં તો અંજનાની ભૂલ જ નથી, છતાં ભૂલ કલ્પીને સાસુએ માણસોને કઠોર આદેશ આપ્યો. માણસો એટલા ઉત્સાહિત નથી કે અંજનાના મહાસતીત્વને જોયા પછી એને બદચાલની માનવા તૈયાર હોય. પરંતુ કરે શું ? ગમે તેમ તો ય નોકર. માટે જ નોકરી નો કરી સારી ! એ દિલને અણગમતાં, આદર્શથી વિરુદ્ધ, પાપના પોષક એવા કેટલા ય કાર્ય કરાવે છે.

અંજનાને શોકનો પાર નથી. અહીં કોઈ એને હૂંફ આપનાર નથી. માત્ર એક એની સખી વસંતતિલકા સાથે રહેવા તૈયાર છે. એવું સખા-સખીપણું જગતમાં દુર્લભ છે.

## મહેન્દ્રપુરની નજીકમાં :

માણસો અંજનાસુંદરીને વસંતતિલકા સખીની સાથે રથમાં બેસાડી લઈ ચાલ્યા અને મહેન્દ્રનગરની નજીકમાં આવી પહોંચ્યા. હુકમ એટલો જ છે કે એના બાપના ગામની ગોંદરે મૂકી આવો એટલે એને અહીં જ મૂકી દેવાની છે, પરંતુ જીવ ચાલતો નથી.

ક્યાં આ એક મોટા વિદ્યાધર રાજાની પુત્રી ! એક પરાક્રમી રાજપુત્રની પત્ની ! અને ક્યાં એને એકલી મૂકી દઈ પગ ઘસડતી જવા દેવાનું કાર્ય ! એમાં ય પાછું પોતાના સ્વામી પવનંજયની પત્નીને આ સ્થિતિમાં છોડી દેવાની ! સેવકોને ભારે ખેદ થાય છે, દિલ ભરાઈ આવ્યું, હૃદય રડવા લાગ્યું, આંખમાંથી આંસુ ટપકી પડે છે. અંજના સખી સાથે રથમાંથી ઊતરી જાય છે. સેવકો માતાની જેમ એને નમસ્કાર કરી ક્ષમા માંગે છે !

## માતા પત્નીને સુપરત ! :

કવિ માતાની જેમ નમસ્કાર કર્યાનું કહે છે ! એટલે ? આર્યપ્રજામાં માતાને નમસ્કાર; એ તો એક સહજ કર્તવ્ય. દિલમાં માતાના અસંખ્ય ઉપકાર યાદ હોય, એને એની પ્રત્યે ભારે પૂજ્યભાવ હોય, તો નમસ્કાર સહેજે થાય અને એમ નમસ્કાર કરતાં રહેવાય, તો એ પૂજ્યભાવ જાગતો ય રહે.

આજે આ ક્યાં જોવા જવું ? નાના છોકરાને પણ આજે તો માને નમતાં શરમ આવે છે ! પરિણામ ? એ છોકરો મોટો થતાં માતા પર તેવો ભક્તિપ્રેમ તો હોતો નથી, એટલે પત્નીના પ્રેમમાં ખેંચાઈ જઈ માતાને પત્નીની સેવામાં સોંપી દે છે ! પત્નીની દયાનું પાત્ર બનાવે છે ! કેવી કરુણ દશા !

જ્યારે હવે તો સર્વાંશે માતાને નિવૃત્તિ આપી જીવનભર પોતે અને પત્નીએ એના પૂજક બની રહેવાનું હતું, આવા માતૃભક્ત જીવન પર અધિકાર ભોગવવાનો હતો, એના સ્થાને પત્નીના પક્ષપાતભર્યું જીવન અને માતાના ચિત્તને રાત-દિ' ક્લેશ ને હૈયાહોળી; એ શું ? કૃતજ્ઞતા દર્શાવવા જેટલી ય માનવતા પુત્રમાં ક્યાં રહી ? આજે કેટલી માતાઓને સંતોષ છે ?

## ક્ષમાનો મહાધર્મ :

રાજસેવકો માતાની જેમ અંજનાસુંદરીને નમીને એની ક્ષમા માંગે છે ! છે એમનો કોઈ ગુનો ? ના, છતાં કેમ ક્ષમા માંગી ? એટલા જ માટે કે બીજાથી થતાં અકાર્યમાં અથવા નીપજવાના દુઃખમાં પોતાને એક નિમિત્તરૂપ બનવું પડ્યું. સજ્જનો જાતે તો કાંઈ અકાર્ય ન કરે કે કોઈને ય દુઃખ ન દે, કિંતુ બીજાના અકાર્યમાં હાથારૂપ પણ ન બને. અહીં નાઈલાજે બનવું પડે છે, માટે ક્ષમા-પ્રાર્થના.

ક્ષમા માંગવી અને દેવી; એ મહાન ધર્મ છે. ક્ષમા માંગવા-આપવાનું જીવન માણસને વરેલું છે. એવા જીવન પર અધિકાર માનવાનો છે. ક્ષમા-ધર્મ વિનાનો કહેવાતો ચોક્ખોચટ વ્યવહાર; એ લુક્ખો વ્યવહાર છે, માણસાઈનો વ્યવહાર નહીં ! આજે તો અંગ્રેજો ય વાત વાતમાં 'Beg your pardon, excuse me, sorry - તમારી માફી માંગું છું, ક્ષમા કરો, દિલગીર છું.' વગેરે શબ્દપ્રયોગ કરે છે, ત્યારે ભવ્ય આર્યસંસ્કૃતિવાળી ભારતીય પ્રજાની તો કેટલી ય ઊંચી સ્થિતિ જોઈએ ! પણ આજે અહંત્વનો ગ્રહ વળગ્યો છે, તેથી નસકોરાં અભિમાનમાં ફૂલી જાય છે અને ક્ષમા માંગવાની નમ્રતા-મૃદુતા નથી રહેતી.

પણ ભૂલશો નહીં કે બીજા જીવન પર અધિકાર મોંઘા અને શંકિત; ત્યારે આ માંગવા-દેવા વગેરેના જીવન-અધિકાર નિશ્ચિત હાથમાં છે ને સસ્તા છે.

સેવકોએ લુફ્ખે દિલે જો અંજનાને કહી દીધું હોત કે 'જાજો તમારા પિયર; અમારું કાર્ય પૂરું થયું, હવે અમે જઈશું' તો ન ચાલત ? પણ એમ ન કરતાં નમસ્કારપૂર્વક ક્ષમા માંગે છે : 'ક્ષમા કરજો, બાઈસાહેબ ! અમારે તમને અહીં મૂકી દેવા પડે છે ! શું કરીએ ? અધમ એવી ગુલામીમાં પડ્યા છીએ, નહીંતર તમને ઠેઠ ઘરે પહોંચાડી દેત !' એમ કહી પાછા વળે છે.

## રાત્રિ જંગલમાં :

અહીં સૂર્યાસ્ત થાય છે, એટલે અંજના અને એની સખી નગરમાં જવાને બદલે બહાર જંગલમાં રાત્રિ વીતાવે છે.

જો જો, પવનંજય લડાઈ લડવા ગયો છે ને અહીં આ કર્મની લડાઈ ચાલી છે. ત્યાં પવનંજય કદાચ જીતીને આવશે, પણ અહીં તો જીત કર્મની અને હાર જીવની છે. કર્મ ધારી વિટંબણા જીવની કરે છે ! એ ટાળવા જીવનું કાંઈ ઉપજતું નથી. અંજના અને સખી જંગલમાં મૂકાયા. સૂર્ય પણ ચાલી ગયો. કેમ જાણે સૂચવતો ન હોય કે સત્પુરુષો બીજાનું દુઃખ જોવા સમર્થ નથી હોતાં !

અહીં અંજનાએ જીવનમાં ભયંકર પ્રસંગો જોયા નથી, એને આ જંગલમાં રાત્રિભર એ જોવાનું આવ્યું. ઘુવડોના ઘોર ઘુત્કાર ચાલી રહ્યા હતાં, શિયાળણો ફેત્કાર કરી રહી હતી, વરુઓ ચીસો નાખી રહ્યા હતાં, બીજા વનચરોની રાડો ઊઠી રહી હતી. જાણે કાન ફોડી નાખે, એવી એ બુમરાણો અંજનાના કલેજાને કમકમાવી રહી હતી. પણ શું કરે ? ભાગીને ક્યાં જાય ?

## સંસારની કરુણ કહાણી :

જીવનમાં કદીય આવું જોયેલું નહીં, છતાં આવા ય અવસર આવી લાગે છે ને ? પૂર્વકર્મની આ ભયંકરતા છે. **સંસારની આ કરુણ કહાણી છે કે કર્મ જીવનમાં અણદેખતાં બંધાય છે ને પ્રતિક્ષણ દેખાતાં ભોગવટામાં ઊતરે છે !**

શું સમજ્યા ? હિંસાદિ પાપોમાં રૂલતાં, આહારાદિ સંજ્ઞાઓમાં રાચતાં અને ક્રોધાદિ કષાયોમાં રક્ત રહેતાં ઊભાં થતાં કર્મબંધનો નજરે ચઢતાં નથી; ને એનો ઉદય જાગે, ત્યારે એની એકેકી પીડા ધ્યાન બહાર નથી હોતી, પ્રતિક્ષણ પીડા તરફ ધ્યાન રહે છે.

**અધમાત્મા અને મહાત્મામાં આ ફરક હોય છે કે અધમાત્માને કર્મના કટુ વિપાક વખતે દુઃખ બરાબર લક્ષમાં આવે છે, પણ કર્મબંધન ધ્યાનમાં ય નથી આવતાં ! ત્યારે મહાત્માને કર્મબંધન બરાબર ધ્યાનમાં હોય છે, પણ કર્મના વિપાકની પરવા નથી હોતી. દુઃખ તરફ દૃષ્ટિ નાખ્યા કરવાને બદલે નવા કર્મ ન બંધાઇ જાય; એ જોયા કરે છે.**

ત્યારે અહીં જીવન-અધિકાર વિચારવા જેવો છે. બંને અધિકાર છે :

(i) 'અરે રે ! આ કેવા દુઃખ આવ્યા ! આ કેટકેટલી પીડા ! ફલાણાએ મારું બગાડ્યું ! શું કરું ? ક્યાં જાઉં ?...' આવા આવા દુર્ધ્યાનમય દુઃખદર્શનના ય જીવનઅધિકાર છે;

(ii) ત્યારે, 'જીવ ! સાવધાન રહેજે, ક્યાંય મન બગાડવાથી, શોક-ઉદ્વેગ કરવાથી, અસમાધિ-દુર્ધ્યાનમાં સબડવાથી, ક્રોધાદિ કષાયોમાં રમવાથી નવા કર્મ ન બંધાઈ જાય ! જ્ઞાનાવરણીયાદિ કર્મોની ભરતી ન થઈ જાય !' આ પણ જીવનઅધિકાર છે.

પરંતુ આ બીજો જીવન અધિકાર અજમાવાનો, એટલે કે 'કર્મબંધન ન વધે; એ ધ્યાન રાખવાનો મારો હક છે; એ અજમાવું એવી ચોકસાઈ રાખતાં મહાત્મા બનાય છે; ત્યારે પહેલો જીવન અધિકાર દુઃખ જ ગણ્યા-ગોખ્યા કરવાનો બજાવતાં અધમદશામાં રહેવાય છે ! અંજનાને દુઃખ છે, પરંતુ કર્મબંધન તરફ દૃષ્ટિ છે, તેથી કોઈના ઉપર એ રોષ નથી કરતી. રાત્રિ એમ જ વીતાવે છે.

# ૧૦ પિયરેથી જાકારો

## પિતાના દ્વારે :

પ્રભાત થતાં અંજનાસુંદરી પોતાના પિયરમાં જાય છે. મહાસુશીલ હોવા છતાં પોતાના માથે જે કલંક ચઢ્યું છે, એનો એને ભારે ઉદ્વેગ છે. એથી એ બિચારી દીન બની ગઈ છે. પગમાં જોર નથી. શરમની મારી ધીમી ધીમી ચાલે છે અને મોટા પરિવારની શોભાને લાયક એવી એ આજે પરિવાર રહિત એક ભિખારણની જેમ પિતાના દ્વારે જઈ ઊભી રહે છે..

એકવાર 'કુંવરીબા, કુંવરીબા, બહેન, બહેન' એમ જ્યાં અછો અછો થતી હતી, ત્યાં જો જો એ જ જીવનમાં કેવા તિરસ્કાર પામે છે. આવા ક્ષણિક માન અને ક્ષણિક સુખ પર ગુમાન કે નિશ્ચિંતતા સેવવામાં શા ડહાપણ ?

મહેલના દ્વારે ઊભેલો ચોપદાર જોઈને ચકિત થઈ જાય છે, પૂછે છે : 'આમ કેમ ?'

સખી વસંતતિલકા એને બનેલી હકીકત કહે છે. એ જઈને રાજાને એ હકીકત કહે છે.

રાજા બાપ છે, ખુલાસો કરનાર ઘરનું માણસ છે, તો શું એને લાગણી ન થઈ આવે કે 'બિચારી દીકરી નિર્દોષ હોવા છતાં અને ૨૨-૨૨ વર્ષે માંડ પતિનું સુખ પામી હોવા છતાં એની સાસુએ એના માથે આ કલંક ચઢાવ્યું ?' પણ ના, સખીએ કરેલા ખુલાસા પર વિશ્વાસ પડે તો ને ? એને તો અંજનાની સાસુએ કરેલ કલ્પના પર વિશ્વાસ બેઠો.

ભૂલશો નહીં, અંજનાના પૂર્વના અશુભ કર્મ ઉદયમાં આવેલા આ કાર્ય કરી રહ્યા છે કે ભળતી કલ્પના સાચી મનાવી લે અને સત્ય ખુલાસા પર વિશ્વાસ ન બેસવા દે. આ સિવાય બીજું શું કારણ આપી શકાય ?

માટે જ આથી ભવાંતરની, આત્માની ને શુભાશુભ કર્મની સાબિતી થાય છે. બુદ્ધિની આડે આ અશુભ કર્મ એવા આવરણ ખડાં કરે છે કે એથી સાચો ખ્યાલ આવી જ ન શકે. એ તો જ્યારે કર્મ દૂબળાં પડી જશે, ત્યારે સાચો ખ્યાલ આવશે અને પછી તો માત્ર ખ્યાલ નહીં, પરંતુ ભારે પશ્ચાત્તાપ થશે ! પણ હમણાં તો કર્મ જાણે કહે છે : 'ખબરદાર ! આને નિર્દોષ માની તો ?' એટલે રાજા એને દોષિત સમજવાથી ક્ષોભ અને શરમ પામી જાય છે ! એનું મુખ નીચું ઢળી પડે છે.

એને વિચાર થાય છે કે 'અહો ! અંજનામાં આ શું ? પણ હા, જેમ ભાગ્યના વિપાકની ખબર નથી પડતી, તેમ સ્ત્રીઓના ચરિત્રની ખબર નથી પડતી. પરંતુ હવે તો આ કુલટા છોકરી પાછી કુળને કલંક દેવા અહીં ઘરે ચાલી આવી છે ! એ અહીં માત્ર રહે, તો પણ અમને કલંક લાગે. કાજળના અંજનનો લેશ પણ ઉજળા વસ્ત્રને દૂષિત કરે છે.'

## સદાચાર પર આર્ય સંસ્કૃતિના ટકાવ :

અલબત્; જેમ સાસુએ તેમ બાપે પણ કોઈ પણ તપાસ કરાવ્યા વિના જે આ વિચાર કર્યો અને પછી એ કઠોર વર્તાવ કરે છે, તે ખૂબ જ અનુચિત છે, પરંતુ આમાંથી એક ખ્યાલ આવે છે કે ઉત્તમ કુળોમાં સદાચારને માટે કેટલો બધો ઊંચો ખ્યાલ અને પ્રેમ હશે ! કે વહાલસોયા દીકરા-દીકરી પણ જો સદાચારભ્રષ્ટ હોય, તો સામું જોવા જેવા ય નહીં, પછી બીજા વહાલ દેખાડવાના તો હોય જ શાના ?

સંસ્કારી જીવનની આ વિશેષતા છે કે ભલે અવસ્થા એક ઘરબારીની એટલે કે સંસારી ભોગ-વૈભવની છે, છતાં લાઈન બહારના વર્તાવ અર્થાત્ દુરાચારના અને અયોગ્યતાના વર્તાવ એમાં ખપતાં નથી. કુટુંબી કોઈના ય તેવા વર્તાવ ચલાવી લેવાનું ગમતું જ નથી.

જંબૂકુમારના કાકા જુગાર વગેરે ભારે વ્યસનમાં પડ્યા હતાં, તો જંબૂકુમારના પિતા ઋષભદત્તે ખૂબ ખૂબ શિખામણ-ધમકી આપવા છતાં ન સુધરતાં એમને ઘરત્યાગ કરાવી દીધો.

પ્રેમની કમી નહોતી, પરંતુ આર્યને મન દુરાચારના જીવન એટલે અસહ્ય વસ્તુ. આથી જ પવિત્ર આર્ય સંકૃતિ લાખો-કરોડો વરસ તો શું, પણ યુગના યુગ ટકી શકી છે. ત્યારે એનો હ્રાસ થતો આવવાનો તે પણ દુરાચારને ચલાવી લેતાં લેતાં જ આવવાનો.

નવમા તીર્થંકરદેવ શ્રી સુવિધિનાથ ભગવાનના શાસનનો વિચ્છેદ એમ જ થઈ ગયો; સદાચારની મર્યાદાઓ ભંગાઈ અને વિરુદ્ધ આચારો આચરાતાં ગયા.

આમ છતાં પ્રસ્તુતમાં અંજનાસુંદરીની કાંઈપણ તપાસ કર્યા વિના સાસુએ કાઢી મૂકી અને અહીં બાપ પણ જે પગલું ભરે છે, તે તદ્દન અજુગતું છે.

જ્યાં બાપને વિમાસણમાં પડેલો અને ઉદાસ મુખવાળો દેખ્યો એટલે એનો પુત્ર પ્રસન્નકીર્તિ કહે છે : 'પિતાજી ! આણે તો આપણું કુળદૂષિત કર્યું, માટે વિચાર શું કરો છો ? કાઢી મૂકો એને દેશપાર. શું બુદ્ધિમાન માણસ આંગળીએ સર્પ ડસતાં આંગળીને છેદી નાખતો નથી ?'

એના આ વચન પર મહોત્સાહ નામનો પ્રધાન રાજાને કહે છે : 'મહારાજ ! સાસુ તરફના દુઃખમાં તો દીકરીને પિતાનું શરણ; એ જ આલંબન બને છે. તો આવા વિચાર શા માટે કરવામાં આવે છે ? વળી, તમને અંજનામાં શંકા જાય છે, પરંતુ શું એ ખબર નથી કે કેતુમતી તો સાસુ છે, એટલે એ તો ક્રૂર બનીને ગમે તે દોષનું બહાનું ઊભું કરીને કાઢી મૂકે, એમાં શી નવાઈ ? વિચાર આપણે કરવાનો છે. જ્યાં સુધી એનામાં દોષિતતા કે નિર્દોષતાની આપણને ચોક્કસ ખબર ન પડે, ત્યાં સુધી આનું ગુપ્તપણે પાલન કરો. ગમે તેમ તો ય પોતાની દીકરી છે, માટે એના પર દયા કરો, ક્રૂરતા નહીં.' મંત્રીએ ડહાપણથી વાત કરી.

### સંસારના અવસ્થિત ભાવ : સંસારભાવના :

સાસુની ઓળખાણ કેવી કરાવી ? અલબત; જગતમાં સારી સાસુઓ પણ હોય, ન હોય; એમ નહીં, પરંતુ સામાન્ય રીતે જગતના ભાવો અમુક અમુક રીતે અવસ્થિત જેવા ચાલ્યા આવે છે, એમાંનો આ એક ભાવ છે કે 'માતા-પિતા દયાળુ અને વાત્સલ્યવાળા મનાય છે, ત્યારે સાસુ ક્રૂર અને દ્વેષવાળી ગણાય છે.' આવા આવા તો કેઈ વિચિત્ર ભાવો સંસારમાં છે.

'સંસારભાવના' નામની ત્રીજી ભાવનામાં આ બધું વિચારી આત્માએ સંસારથી ઉભગવાનું શાસ્ત્ર કહે છે. જીવનમાં બનતાં દુઃખદ યા આનંદદાયી પ્રસંગોને સંસારભાવનાની ચક્ષુએ જોવા જોઈએ, જેથી ચિત્ત ઉદ્વેગ યા હર્ષમાં ન ચઢે.

ક્યાંય એમ દેખાય કે 'અરે ! આમણે આમ કર્યું ?'

ત્યાં ઝટ એ વિચારવાનું કે 'ભાઈ ! આશ્ચર્ય કે ખેદ કરવા જેવું નથી, કેમ કે અંતે તો એ સંસારનો ભાવ છે ને ? સંસારમાં સહેજે વિચિત્ર, અઘટતું ને અણગમતું હોય. અનંતાનંત કાળથી સંસાર ચાલ્યો આવે છે, તેમાં આવું તો ઘણું બનતું આવ્યું છે...' આ રીતે વિચારતાં મન ફોરું અને શાંત બની કેટલાય દુર્ધ્યાનથી બચે છે.

## પિતા કાઢી મૂકે છે :

મંત્રીએ સાસુની પ્રકૃતિની દૃષ્ટિએ અંજનાનો બચાવ તો કર્યો, પરંતુ રાજા ઉત્તરમાં કહે છે : 'વાત ખરી છે. સાસુ બધે જ એવી હોય છે, પરંતુ સાથે એ વાત પણ નક્કી છે કે પુત્રવધૂના આવા આચરણ ક્યાંય જોવા નહીં મળે. ત્યારે આપણે તો પહેલાં પણ સાંભળ્યું હતું કે આ અંજના પ્રત્યે પવનંજયને દ્વેષ હતો, તો વિચારણીય થઈ પડે છે કે એ પવનંજય થકી આને ગર્ભ શી રીતે રહે ? બસ, આના આચરણ જ ખોટા છે એટલે તો સાસરેથી એને ઠીક જ કાઢી મૂકી છે અને અહીંથી પણ એને ઝટ રવાના કરો. એનું મુખ પણ આપણે જોવું નથી.' આમ કહીને દ્વારપાલને આજ્ઞા કરી. તે મુજબ એ અંજનાને ત્યાંથી કાઢી મૂકે છે.

## બહારના જીવન અધિકાર કરવા ફજૂલ છે :

જ્યાં એક વાર વરસો સુધી ભારે લાડમાં અને માનપાનમાં ઊછરી છે, ત્યાં જ આજે ભારે દ્વેષ અને તિરસ્કાર સહવાના આવે છે ! પૂર્વનું યાદ કરી-કરાવી એવા માનવંતા જીવન પર અધિકાર અત્યારે અજમાવવા જાય તો ? 'તમે એટલું માન અને પ્રેમ દેખાડનારા અત્યારે આમ કેમ વર્તો છો ?' એમ કહેવા જાય તો ? ઉપરથી માર જ પડે ને ?

પોતે સાવ નિર્દોષ છે, છતાં આવા અધિકાર કરી શકતી નથી; એ શું સૂચવે છે ?

એ જ કે બહારના સુખ-સગવડભર્યા જીવન પર અધિકાર કરવા ખોટા છે, ફજૂલ છે.

અહીં નગરનું લોક અંજનાને કાઢી મુકાતી જોઈ કકળી ઊઠે છે ! બુમરાણ કરે છે ! પરંતુ સત્તા આગળ શાણપણ શા કામનું ? કોઈ એને બચાવી શકતું નથી. અંજના પોતે ભૂખી છે, તરસી છે, થાકેલી છે, પણ એની સામે કોને જોવું છે ? કર્મ રૂઠ્યા પછી વિટંબણાનો પાર નહીં ! કોઈ રક્ષણ નહીં ! કોઈ જ શરમ નડતી નથી !

અંજનાસુંદરી સુશીલ છે, કોઈ ગુનો નથી, પાછી રાજપુત્રી અને રાજકુમારની પત્ની તરીકે છે, છતાં ભયંકર કલંક, ભયંકર અપકીર્તિ અને ભયંકર તિરસ્કાર સાથે દેશનિકાલ ! દુઃખ આવતાં ગભરાઈ જઈએ છીએ, પણ આવા પ્રસંગ નજર સામે રાખવા જેવા છે. લોકની ચાહના છે, એટલે કોઈ આશરો આપનાર નીકળે, પરંતુ અહીં તો રાજાનો કડક આદેશ બજાવનારા સિપાઈઓ જરાય મચક આપે એવા નથી.

## બધેથી હડધૂત ! જંગલના માર્ગે અંજના :

અંજનાને સીધેસીધી નગરની બહાર લઈ જાય છે, એટલું જ નહીં, પરંતુ આગળ પણ જ્યાં કોઈ ગામ કે નગરમાં એ પેસવા જાય છે, ત્યાં પિતા રાજાના અગાઉથી આવેલા માણસો એને પેસતી અટકાવે છે ! હડધૂત કરી કાઢી મૂકે છે !

જીવ મરીને પરલોકમાં જાય ત્યાં કર્મથી હડધૂત થાય, એમાં કોઈ રક્ષણ ન મળે, તેમ આને અહીં જ કોઈ રક્ષણ નથી મળતું. વધુ મુસીબત આ કે કર્મ તો દુશ્મન ગણાય તે વિટંબણા કરે, પરંતુ અહીં તો ખુદ પિતા અને એના માણસો તરફથી જ ત્રાસ અને જુલ્મ છે.

ગામ-નગરમાં સ્થાન નથી મળતું, એમાં હવે અંજના જંગલનો માર્ગ લે છે. રસ્તામાં કાંટા-કાંકરા ભોંકાય છે ! પગમાંથી લોહી નીકળે છે ! ઊંચી-નીચી જમીન અને ભૂખ-તરસની પીડા, તે ડગલે ને પગલે અંજના ઠોકર ખાય છે ! દિલને ધીરજ રહેતી નથી. હૈયું રડી ઊઠે છે. આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે,

મોટા અવાજે રોઈ પડતાં તો જાણે દિશાઓને પણ રોવરાવી રહી છે ! ખૂબ સમજુ અને સહિષ્ણુ એવી એને રડી ઊઠવાનું બને, ત્યારે વિચારજો કે દુઃખ કેટલું અસહ્ય હશે !

## વિષયસેવનના વાંકે :

આ બધાનું નિમિત્ત શું ? ગર્ભવતી થઈ માટે સાસુએ ઉપાડો કર્યો ને ? ગર્ભવતી શાથી થઈ ? વિષયસેવનથી. એનો અર્થ એ થયો કે વિષયસેવનના વાંકે આ ઘોર વિટંબણા ઊભી થઈ. તો જ્ઞાનીઓ શું ખોટું કહે છે કે 'વિષયના સુખ અલ્પ અને દુઃખ અનંત !'

## જંબૂકુમાર આઠ સ્ત્રીઓને કહે છે :

'જંબૂ કહે સુખ વિષયનું અલ્પ, અપાય અનંત !'

એકેક ઇન્દ્રિયના વિષયનો ભોગવટો ભયંકર છે. આવા ભયંકર દુઃખદ વિષયો ખાતર, આશ્ચર્ય છે કે જીવો કેટલા ક્લેશ કરે છે ! જીવનમાં કેટલાય દુર્ગુણો અને દુષ્કૃત્યો આચરે છે ! વિચારજો;

- ઉદાર મટી ક્ષુદ્ર બનાય છે, તે કોની ખાતર ?
- સત્ય છોડી જૂઠ બોલાય છે, તે કોના માટે ?
- અનીતિ, ઈર્ષ્યા, વૈર, વિરોધ, જોહુકમી, પ્રપંચ નિર્દયતા, સ્વાર્થાંધતા; એ બધું માનવભવનું લિલામ કોની પાછળ ?

વિષયોની જ પાછળ ને ? એ વિષયો અંતે શું પરખાવવાના છે ? અનંત દુઃખ કે બીજું કાંઈ ? છતાં એની પાછળ માણસ માણસાઈ મૂકી હેવાનિયાત કરે છે, પશુતા આચરે છે !

દોષ-દુર્ગુણ-દુષ્કૃત્ય આચરતાં પહેલાં આટલું જ વિચારો કે 'એ બધું કોના માટે આચરું ? ઠગારા વિષયો માટે ? ભલે ઓછું મળે, ઓછું ભોગવીશ, પણ વિનશ્વર અને વિનાશક વિષયો પાછળ મારે અધમ નથી બનવું, ઉત્તમતા નથી ગુમાવવી.'

## આત્મારામ પર બધો આધાર :

અંજનાસુંદરી અથડાતી-કૂટાતી કોઈ એક મહાઅટવીમાં જઈ ચઢી. ત્યાં પર્વત છે, નિકુંજ છે, દેખાવ રમણીય છે, પરંતુ શું કરવાનો ? જ્યાં દિલને જંપ નહીં, તો કશુંય રમણીય ન લાગે.

બધું સારું આત્મારામના ઠેકાણા ઉપર છે. આત્મારામનું જો ઠેકાણું નહીં, આત્મારામને કરાર નહીં, સ્વસ્થતા નહીં, તો બહારનું ગમે તેટલું રમણીય પણ એને મન અકારું લાગે છે.

આ વસ્તુ આત્મતત્ત્વની એક મહાન સાબિતીરૂપ છે. એનું એ સુંદર જગત જે એક વાર રુચિકર હતું, તે હવે કેમ અરુચિકર લાગે છે ? કાયા તો એવી ને એવી ઊભી છે, પણ કહો કે અંદરના આત્મારામ વિહ્વલ બન્યા છે. દા.ત. બંગલા, બગીચા, પૈસા, ટકા... યાવત્ કાયા સુધ્ધાં બધું બરાબર છે, પરંતુ પરદેશથી દીકરાનું કરુણ મોત નીપજ્યાના સમાચાર આવવાથી આત્મારામને ભારે શોક-ઉદ્વેગની વિહ્વલતા છે, તેથી બાકીનું બંગલા, મિલકત બધું અત્યારે અકારું લાગે છે. એ જ આત્માની પ્રધાનતા સૂચવે છે.

ત્યારે માણસ જો વિચાર કરે તો સમજાય એવું છે કે આપણો આત્મા જો સ્વસ્થ હોય, તો બહારનું સામાન્ય પણ મજેનું લાગે છે અને અસ્વસ્થ હોય, તો બહારનું સારું દેખાતું પણ અકારું લાગે છે ! માટે એ સ્વસ્થતા જ મહત્ત્વની વસ્તુ છે, તો ખરો પ્રયત્ન સ્વસ્થતા અખંડ રાખવા કરવો.

પ્રશમરતિ, યોગશાસ્ત્ર વગેરે શાસ્ત્રો એવા પ્રયત્નમાં નિર્મળ ભાવનાઓનું જોર રાખવાનું કહે છે : તો

- શુભ ભાવનાઓનું જોર રાખો, એને વારંવાર મનમાં ભાવ્યા કરો.
- વળી, જીવનના પ્રસંગોને તત્ત્વદૃષ્ટિથી નિહાળો,
- પદાર્થોમાં, પ્રસંગોમાં જે કોઈ અંશ આત્મહિતને અનુકૂળ હોય, એને શોધી કાઢો અને એ હિસાબે પ્રતિકૂળ પદાર્થ-પ્રસંગને અનુકૂળ સમજો.

● આત્માનું વીતરાગતામય અને શુદ્ધ જ્ઞાનમય, શુદ્ધ સુખમય સ્વરૂપ ખૂબ જ નજર સામે તરવરતું રાખો.

આ બધા ઉપાયો છે આત્મારામને ઠેકાણે રાખવાના.

## અંજનાનો કરુણ વિલાપ :

અંજનાસુંદરીને સાસુના તિરસ્કારથી માંડીને ઉપરાઉપરી એટલી બધી વિટંબણાઓ આવી... ભૂખ, તરસ, કાંટા, કાંકરા વગેરે તો ખરા જ, પણ પિયરમાંથી ફિટકાર અને દેશનિકાલ, પછી ગામેગામ હડધૂત; વગેરે એટલી બધી વિટંબણાઓ આવી કે એ ખૂબ જ અસહ્ય હતી, તેથી આત્માને સ્વસ્થતા મુશ્કેલ બની. પછી જંગલમાં ગિરિ, નિકુંજ વગેરેનું રળિયામણાપણું કાંઈ જ શાંતિ આપી શક્યું નહીં. ત્યાં એ પોતાની સખી સાથે એક ઝાડ નીચે બેઠી અને આ પ્રમાણે કરુણ વિલાપ કરવા લાગી કે,

'અહો ! હું કેવી મંદ ભાગ્યવાળી કે મને વડીલોએ પહેલાં કાંઈ પણ વિચાર કર્યા વિના સીધી જ સજા કરી દીધી અને પછી મારા અપરાધની વિવેચના કરી ! ત્યારે,

● હે સાસુ કેતુમતી ! તમે સારું કર્યું કે તમારા કુળને કલંકમાંથી બચાવી લીધું.

● હે પિતા ! તમે પણ કલંકિત સંબંધીને રાખવામાં ઊભા થતાં ભયથી બીહીને સારું વિચાર્યું !

● હે માતાજી ! દુનિયામાં તો જીવોને દુ:ખના સમયે માતા આશ્વાસન આપનારી ગણાય છે, પરંતુ તમે પતિની ઇચ્છાને અનુસરી મારી ઉપેક્ષા કરી, તે ઠીક કર્યું !

● હે ભાઈ ! પિતાજી જીવતે, તમારો દોષ પણ ન ગણાય.

● હે નાથ ! એક તમે દૂર રહ્યે, બધા જ મારે દુશ્મનરૂપ બન્યા !

હું તો કહું છું કે જેમ હીનભાગીમાં શિરોમણિ એવી હું નાથ વિના જીવતી રહું છું, તેમ કોઈ સ્ત્રી નાથ વિના એક દિવસ પણ જીવતી ન રહેશો.'

અંજનાસુંદરીએ કલંક, ફિટકાર વગેરે પામવા છતાં તેમાં નિમિત્ત બનનાર કોઈના પણ ઉપર ગુસ્સો કે વૈર કર્યા વિના, તેમ ધિક્કારનો એક પણ ઉદ્ગાર કાઢ્યા વિના પોતાના દિલનું દર્દ વિલાપમાં ઠાલવતાં સાસુ, પિતા વગેરેને એમના કૃત્ય બદલ ન્યાય આપ્યો ! હૃદય ઉપર કેટલો બધો કાબૂ રાખ્યો હશે કે ન કોઈ અનુચિત-અશિષ્ટ વિચાર યા ઉચ્ચાર !

માનવપ્રાણી તરીકેની ઉચ્ચતા આ સાધી કહેવાય કે વિચાર-વાણી-વર્તાવ ઉપર સુંદર કાબૂ રખાય. કોઈ જાતનો અધમ વિચાર નહીં, એલફેલ બોલ નહીં. એમાં ય એના દૃષ્ટાંતથી મરદ માણસે તો કેટલો કાબૂ ધરાવવો ઘટે ? એ તમે વિચારી લો.

સંતો અને સતીઓના દૃષ્ટાંત; એ તો મહાત્માનું જીવન જીવવા ઇચ્છનારને ભવ્ય પ્રેરણા અને બળરૂપ છે, કાગડા-કૂતરી જેવું અધમાત્માનું જીવન જીવવું હોય, એને માટે કોઈ વાત જ નથી.

## ઉત્તમતાની કસોટી :

અંજનાનું આત્મસુવર્ણ અત્યારે દુ:ખના અગ્નિતાપમાં તવાઈ રહ્યું છે:

- કોણ તાવે છે ? ભાગ્ય નહીં. કેમ કે એ તો બિચારું જેવું જીવથી પૂર્વે ઉપાર્જ્યું, તેવું અત્યારે છૂટી રહ્યું છે, પોતાનું લેણું લઈ રહ્યું છે !
- ત્યારે કોણ તાવી રહ્યું છે ? એની સાસુ, પિતા વગેરે ? ના, એમણે ક્યાં પરીક્ષા કરવા આ ગોઠવ્યું છે ? એ તો અંજનાની સાચી સ્થિતિના અજાણ હોવાથી આ અજ્ઞાનચેષ્ટા આદરી રહ્યા છે.
- તો અંજનાને કોણ તાવી રહ્યું છે ? કહો, એની ઉત્તમતા !

ઉત્તમતા જાણે કહે છે : 'વીરતાથી સહન કરો અને બતાવો અંદરનું સત્ત્વ ! તમે કચડાઈ મરો, તો ય જરાય કોઈનું ભૂંડું ઈચ્છતાં નહીં ! તમારી મહાદુર્દશા કરનારી વ્યક્તિનું પણ ભૂંડું ચાહતાં નહીં. ઉત્તમ છો, માટે જ સહવું પડશે...'

શું સમજ્યા ? ઉત્તમ છો, માટે સહી જ લેવું જોઈએ. અધમ જીવને તો સહવા જેવું કાંઈ છે જ નહીં... એ તો આવો કો'ક પ્રસંગ બને, એટલે સામો ભારે ઉધમાત મચાવે છે ! ન વિચારવાનું વિચારે છે, ન બોલવાનું બોલે છે,

ન આચરવાનું આચરે છે ! એવી બધી અધમ અને અયોગ્ય પ્રવૃત્તિથી જીવને અટકાવી રાખનાર કોઈ હોય, તો ઉત્તમતાનો ખ્યાલ છે. એટલે કહેવાય છે કે ઉત્તમતા કસોટી કરી રહી છે.

આટઆટલું દુઃખ આવે, છતાં દુષ્ટ વિચાર-વાણી નથી પ્રવર્તાવવા ને ? સોનાનું સુવર્ણપણું સોનાને છે. ગમે તેટલી ગરમી લાગે, ઝાંખું નથી પડતું ને ? તો પાસ ! તો રાજા કે દેવાધિદેવના માથે મુગટરૂપ સુધી બની શકશે.

એવું ઉત્તમતામાં છે. જેને ઉત્તમતા પર અધિકાર રાખવો હોય, એણે સમજી જ રાખવાનું કે સહન આપણે જ કરવું પડશે, છતાં સામું આપણાથી ઢેડ-ભંગીની જેમ અધમ આચરણ નહીં કરાય, અધમ વિચાર સરખો નહીં કરાય. ઉત્તમ જીવન પર અધિકાર રાખવો છે, માટે જ એકલી સહવાની વાત.

## પર્વતની ગુફામાં :

અંજનાસુંદરીના કરુણ વિલાપથી એની સખી વસંતતિલકાનું હૈયું વધારે દ્રવી ઊઠ્યું. જંગલ વચ્ચે જંગલી પશુના જોખમ, એમાં અંજના આમ રડતી બેસી રહે એ ઠીક નહીં, એટલે સખીએ એને સમજાવી-સમજાવીને આગળ લીધી.

શું સમજાવ્યું હશે ? અંજનાની ઉત્તમતા જેવું જ ને ? કેમ ? ઉત્તમની સખી છે, તેમજ ઉત્તમની આગળ બોલ કાઢવા છે, માટે સમજ પણ ઉત્તમ અપાય. એમ સમજાવીને લઈ ગઈ એક પર્વતની ગુફામાં. બંને ભૂખ્યા છે, તરસ્યા છે, પણ ત્યાં કોઈ તૈયાર રસોઈ-પાણી ? કોઈ ખાવાની ચીજ તૈયાર ? ભગવાન-ભગવાન કરો. ત્યાં તો પાષાણની શિલાઓ છે. છતાં ત્યાં એક એવી ચીજ મળી કે એમના દિલને નવી સ્ફૂર્તિ આવી.

## મહાત્માનો યોગ :

વાત એમ બની કે આ બંને પહોંચ્યા તે પૂર્વે ભાગ્યયોગે ત્યાં એક ચારણમુનિ અર્થાત્ આકાશગામી વિદ્યાને ધરનાર સાધુ, અમિતગતિ નામે, આવીને ગુફાની અંદર ધ્યાનમાં રહેલા હતાં. એમને અંજના અને વસંતતિલકાએ જોયા, જોઈને આનંદ થયો, વિનયપૂર્વક એમને પ્રણામ કર્યા અને એમની આગળ ભૂમિ ઉપર બંને બેઠી.

મહર્ષિએ પણ ધ્યાન પાર્યું અને જમણો હાથ ઊંચો કરી ધર્મલાભનો આશીર્વાદ આપ્યો ! કેવો આશીર્વાદ ? મનોવાંછિત રૂપી મહાન બગીચાને માટે નીક સમાન. એ એને નવપલ્લવિત કરી દે, તેમ ધર્મલાભની આશિષે બંનેને નવપલ્લવિત કર્યા. નવી સ્ફૂર્તિ આવી.

મહાત્માના દર્શન અને મુલાયમ ધર્મલાભની આશિષ ચીજ જ એવી છે કે, એ ચીજ આમ ખાનપાન-માલ-મિલકત કશું નથી આપતી, છતાં અપૂર્વ આહ્લાદ આપે છે, અદ્‌ભુત ધર્મપ્રેરણા આપે છે, જે નીકની જેમ મનોવાંછિતરૂપી બગીચાને સિદ્ધ કરી આપે છે.

મહાત્માના દર્શન-સમાગમની બલિહારી છે ! એનો અનુભવ કરનાર સમજી શકે છે કે એથી મન કેટલું બધું ફોરું બની જાય છે, ઉલ્લસિત બની જાય છે, પાપબુદ્ધિ કેટલી બધી મંદ પડી જાય છે, અંતરમાં કેવું નવું ચૈતન્ય સ્ફૂરી ઊઠે છે !

વસંતતિલકાને સખીના દુ:ખનું ભારે દુ:ખ હતું. એમાં મહાત્માનો પુણ્યયોગ થવાથી મન ઉલ્લસિત થયું ! એમને ફરીથી ભક્તિપૂર્વક નમસ્કાર કરી, મૂળથી માંડીને આજ સુધી અંજનાના માથે વરસેલ દુ:ખની બધી વિગત કહે છે. મહાત્મા આગળ એટલું કહેવા માત્રથી જાણે બંને જણ કેટલાય દુ:ખના ભારથી હળવા થાય છે.

વસંતતિલકા એમને પૂછે છે : 'પ્રભુ ! આ અંજનાસુંદરીના ગર્ભમાં કોણ અવતરેલ છે ? અને આને આવી દશા કયા કર્મથી પ્રાપ્ત થઈ ?'

## હનુમાનનો પૂર્વભવ :

મુનિ કહે છે : 'ભદ્રે ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મંદર નામનું નગર છે. ત્યાં પ્રિયનન્દી નામનો એક વણિક રહેતો હતો. તેને જયા નામની પત્નીથી દમયંત નામનો એક પુત્ર થયો. પુત્ર પુણ્યશાળી, તે ઇન્દ્રિયો પર કાબૂવાળો અને ચન્દ્રની જેમ કળાનો ભંડાર હતો. ઇન્દ્રિય-નિગ્રહમાં પૂર્વજન્મના સંસ્કાર કારણભૂત હશે, પરંતુ વર્તમાન જીવનનો સત્પુરુષાર્થ પણ એક મહાન કારણ બને છે.

અને એવા પુરુષાર્થ તરીકે જુઓ કે એક વાર ઉદ્યાનમાં એ ક્રીડા કરતો હશે, ત્યાં સાધુ મહારાજોને શાસ્ત્ર-સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન બનેલા જોઈ

એણે તેમને પ્રણામ કર્યા અને પછી એણે શુદ્ધબુદ્ધિએ તેમની પાસે ધર્મનો ઉપદેશ સાંભળ્યો.

બગીચામાં ફરવા તો ઘણા ય જાય છે, પરંતુ ત્યાં સાધુ મળે, તો વંદના કરી તત્ત્વોપદેશ સાંભળનારા કેટલા ? ઉત્તમ જીવોની આ એક વિશેષતા હોય છે કે સાંસારિક પ્રવૃત્તિમાં પડેલા હોય, છતાં ત્યાં ધર્મ પુરુષાર્થની તક મળ્યે ઝડપી લેનારા હોય છે. સંસાર-સમયમાંથી સંયોગ મળતાં, ધર્મસમયનું પરાવર્તન કરનારા બને છે.

દમયંતે સત્સંગથી પોતાના જીવનમાં સમ્યક્ત્વ સહિત વિવિધ વ્રતો સ્વીકાર્યા. પછી સાધુ ભગવંતોને યથાયોગ્ય નિર્દોષ દાન આપવાનો લાભ લીધો. ત્યાર પછી તે તપ અને સંયમમાં લીન બનીને આયુષ્ય પૂર્ણ થયે કાળ કરીને બીજા દેવલોકમાં મહાઋદ્ધિમાન દેવ થયો ! ધર્મનાં ફળ મીઠા, જગતમાં ઊંચા સુખ ધર્મના પ્રતાપે જ મળે છે, જીવન ધર્મથી જ સફળ બને છે.

- દમયંત ધર્મપ્રભાવે દેવ થઈ, પછી જંબૂદ્વીપના મૃગાંક નગરમાં હરિચન્દ્ર રાજા અને પ્રિયંગુલક્ષ્મી રાણીનો સિંહચન્દ્ર નામનો પુત્ર થયો. જૈનધર્મ સ્વીકારી ક્રમે કાળ કરીને દેવ થયો.

- ત્યાંથી ચ્યવીને આ અહીં જ વૈતાઢ્ય પર્વત પર વારુણ નામના નગરે રાજા સુકંઠ અને તેની રાણી કનકોદરીનો પુત્ર સિંહવાહન થયો. રાજ્ય ભોગવીને શ્રી વિમલનાથ પ્રભુના શાસનમાં લક્ષ્મીધર નામના મુનિની પાસે ચારિત્ર લીધું અને જીવનના સારભૂત દુષ્કર તપ સાધી છઠ્ઠા લાન્તક દેવલોકે દેવ થયો.

- તે ત્યાંથી ચ્યવીને આ તારી સખીની કુક્ષીમાં અવતર્યો છે. આ ગુણોનો આવાસ બનશે, પરાક્રમી અને વિદ્યાધરોનો રાજા થશે અને ચરમશરીરી છે.'

મુનિએ ગર્ભમાં કોણ અવતર્યું છે ? એનો ઉલ્લેખ કર્યો. આનું નામ આગળ પર હનુમાન રખાશે. એટલે હનુમાનના આ પૂર્વભવ થયા. એ સંયમ અને તપથી ઉચ્ચ સ્થિતિ પામ્યા. હવે મુનિશ્રી અંજનાના પૂર્વભવ બતાવતાં કહે છે...

# ૧૧ અંજનાસુંદરીના પૂર્વભવ

'વળી, કનકપુર નગરમાં પરાક્રમીમાં શિરોમણિ એવો કનકરથ નામનો રાજા છે. એને કનકોદરી અને લક્ષ્મીવતી નામની બે રાણીઓ છે.

એમાં લક્ષ્મીવતી હંમેશાં અતિશય શ્રાવકધર્મનું પાલન કરે છે. ઘરમંદિરમાં રત્નમય જિનબિંબ બનાવીને પ્રતિષ્ઠિત કર્યાં છે. રોજ ઉભયકાળ પ્રભુની ઉત્તમ પૂજા-વંદના-સ્તવના કરે છે. કનકોદરીને બિચારીને આવું કંઈ સુકૃત સાધવાનું તો દૂર રહ્યું, પરંતુ લક્ષ્મીવતીની આ પ્રવૃત્તિ પર ખૂબ જ ઈર્ષ્યા આવે છે. અહીં તો માત્ર શુદ્ધ પ્રભુભક્તિ નિમિત્તે જ ગીત-ગાન અને શોભા-સજાવટ થાય છે, પરંતુ કનકોદરીને બિચારીને કમભાગ્યે ઊલટું પડે છે; તે એનાથી અધિકાધિક ઈર્ષ્યામાં બળે છે.

એ બળાપો એટલો બધો વધી ગયો કે એક દિવસ એણે ઈર્ષ્યાની મારી, ભગવાનની પ્રતિમા જ ચોરી ઉઠાવીને એક ગંદા ઉકરડાની અંદર ખોસી. એટલું સારું થયું કે ત્યાં જયશ્રી નામે એક સાધ્વીજી વિચરતાં આવી રહ્યા હતાં, એમણે આ જોયું.

તરત જ પેલીને કહે છે : 'અરે ! ભલી બાઈ ! તેં આ શું કર્યું ? આ તો તેં ભગવાન જિનેશ્વરદેવની પ્રતિમાને ઉકરડામાં સ્થાપતાં તારા આત્માને અનેક ભવોના દુઃખનું પાત્ર બનાવ્યો ! આવા ઉત્તમ ભવમાં દુષ્કૃત્ય ?' કરુણામૂર્તિ સાધ્વીજીના આ શબ્દો એના દિલમાં સોંસરા ઊતરી ગયા.

સચોટ અસર થવાથી કનકોદરીને ભારે પશ્ચાત્તાપ થયો કે 'અરે ! મેં આ કેવું દુષ્કૃત્ય કર્યું !' પછી તો તરત જ પ્રતિમાજીને ત્યાંથી લઈ લીધા અને સાફસૂફ કરીને ક્ષમા માંગવાપૂર્વક તેમને યથાસ્થાને પધરાવી દીધા.

ત્યાર પછી તો એ દુષ્કૃત્યના ખેદે એને જોરદાર ધર્મ તરફ વાળી. એણે સમ્યક્ત્વ ધારણ કર્યું અને જૈનધર્મની ભવ્ય આરાધના કરીને સૌધર્મ નામના પહેલા દેવલોકે દેવી થઈ અને ત્યાંથી ચ્યવીને અહીં આ મહેન્દ્ર રાજાની પુત્રી અંજનાસુંદરી બની, તારી સખી થઈ.

આ જે અહીં દુઃખ પડ્યું, તે અર્હત્ પરમાત્માને ઉકરડામાં મૂકવાના પેલા દુષ્કૃત્યનું ફળ છે. તું પણ તે કનકોદરીની બેન અને તેના અશુભ કૃત્યમાં સંમત બનેલી, તેનો વિપાક આની સાથે તું ભોગવી રહી છે. હવે તે દુષ્કર્મનું ફળ લગભગ ભોગવાઈ ગયું છે, તો આ જૈનધર્મનો સ્વીકાર કરો, કેમ કે એ ભવે ભવે શુભ ફળ આપનારો છે.' ચારણમુનિએ જ્ઞાનબળે પૂર્વભવ કહ્યા.

એમાં હનુમાનજીના પૂર્વભવમાં સંયમ અને તપ તરી આવે છે. એના ફળ ભલે પ્રત્યક્ષ ન દેખાય, પ્રત્યક્ષમાં તો કષ્ટ સહન કરવાનું ભલે દેખાય, પરંતુ તીર્થંકરદેવ જેવા લોકોત્તમ પુરુષોએ એની સાધના કરી છે. તેમજ જીવન કર્તવ્ય એ જ બતાવ્યું છે, તો એને જ વધાવી લેવું જોઈએ. તપોમય અને સંયમમય જીવન ઉપર અધિકાર સ્થાપવો જોઈએ.

'એમ નહીં કે અમે કેમ આ ખાઈએ-પીએ નહીં ? અમને પુણ્યથી અથવા અમારી મહેનતથી મળ્યું છે, તે અમે શું ભોગવીએ નહીં ?'

આ દલીલ વાજબી નથી. મહેનતથી મળે કે ભાગ્યથી, પણ મળેલાને રાખવા કે ભોગવવામાં શું પરિણામ આવે ? એ વિચારવા જેવું છે. અનંત જ્ઞાનીઓ ભોગના ફળ ભૂંડા કહે છે. એ હિસાબે જ એ ત્યાજ્ય ઠરે છે. વ્યવહારમાં પણ જેવો ત્યાગી વખણાય છે, એવો ભોગી નહીં. દુનિયામાં ભોગની અને પરિગ્રહની પાછળ જ અનેક જાતના વૈર-વિરોધ, જૂઠ-અનીતિ, દીનતા-ઈર્ષ્યા વગેરે દુર્ગુણો ઊભા થાય છે. ખોટા જીવન-અધિકાર કલ્પ્યા પછી દુર્ગુણ ઊભા ન થાય, તો બીજું થાય પણ શું ?

હનુમાનજીના જીવે પૂર્વભવમાં એક વાર સમકિત, દાન અને તપ-સંયમના જીવન પર અધિકાર સ્થાપ્યા, તો પછી કામ ચાલ્યું આગળ ! પછી તો કેઈ દોષ-દુર્ગુણોમાંથી બહાર નીકળી ઉચ્ચ, ઉચ્ચતર ગુણમય ભવ પામ્યા, જેમાં થોડા જ ભવમાં હનુમાનજી થઈ મુક્તિના જીવન પર અધિકાર લે છે.

## ધર્મ સિદ્ધ ક્યારે થાય ? :

અંજનાસુંદરીના પૂર્વ ભવોમાં મુખ્ય વાત ઈર્ષ્યાની આવી. ઈર્ષ્યાએ એને એટલી સતાવી કે એને ઠેઠ અરિહંત પ્રભુના બિંબને ચોરીને ઉકરડામાં મૂકવા સુધી પહોંચાડી ! વિચારવા જેવું છે કે જેને સામાન્ય દોષ સમજવામાં આવે છે, એ ફાલીફૂલીને કેવા અનર્થમાં જીવને ઉતારે છે ! માર્ગાનુસારીના ગુણોમાં જુઓ કે યોગની પૂર્વસેવામાં જુઓ, યા ધર્મના સ્વરૂપમાં જુઓ તો જણાશે કે આવા ઈર્ષ્યાદિ દોષો ટાળવાનું પાયામાં જરૂરી માન્યું છે.

ધર્મ તે જ આત્માને સિદ્ધ થઈ શકે છે, જેના આંતરપરિણામ શુદ્ધ થતાં આવે. ચાહ્ય દાનનો ધર્મ હો, શીલનો હો કે તપનો; જિનભક્તિનો ધર્મ હો, શ્રાવકના વ્રતનો હો કે સાધુના વ્રતનો; ધર્મ સિદ્ધ તો જ થશે કે આત્માના શુદ્ધ પરિણામ ઉપર એ આચરાશે, અથવા એ આચરતાં પરિણામ નિર્મળ બનતાં આવશે અને પરિણામની નિર્મળતા ઈર્ષ્યાદિ દુર્ગુણોને દેશવટો આપ્યા વિના બની શકશે નહીં.

માણસની એ માત્ર ભ્રમણા છે કે એ દુર્ગુણો એટલા જ વિકસ્વર રહે અને છતાં માની લે કે 'હું ધર્મ કરું છું.' ખૂબી તો એ છે કે અંજનાનો જીવ પૂર્વે કનકોદરી રાણી જૈનધર્મ સમજતી નહોતી અને ઈર્ષ્યામાં સપડાઈ હતી, ત્યારે આજ તો રૂડા દેવ-ગુરુ-ધર્મનો યોગ મળ્યા પછી પણ ઈર્ષ્યા, ગુમાન, સ્વાર્થાંધતા, ક્રૂરતા વગેરે દુર્ગુણો નથી છોડાતાં ! એ કેવું ?

વિચારવું તો એ જોઈએ છે કે જગતમાં અરિહંત જેવા શ્રેષ્ઠ દેવને અવલંબીને તો ભવ પાર કરી જવાનું લક્ષ જોઈએ, કર્મોની વિટંબણા અને પરાધીનતાનો અંત સાધી લેવા મથવું જોઈએ. રોટલીના બે ટૂકડા કે કપડાના બે ડૂચા ઓછા મળ્યા-ભોગવ્યા એમાં શી મોટી ખોટ આવી જાય છે, જે મહાન ખોટ ગુમાન, કલહ અને ઈર્ષ્યાદિ દુર્ગુણો રાખવામાં આવે છે ? એ દુર્ગુણો તો ધર્મને પ્રવેશ જ નથી કરવા દેતાં. ત્યારે દુર્ગુણ નીકળી ગયા પછી ધર્મને પ્રવેશતાં વાર નથી લાગતી.

કનકોદરીએ અજુગતું કાર્ય કર્યું ખરું, પણ સાધ્વીજીએ જ્યાં સમજાવ્યું કે 'જિનેન્દ્રદેવની આશાતનાથી ઘોર નરકની ભઠ્ઠીમાં સેકાઈ મરીશ; તેની તને ખબર છે ?

જો કે તને થોડો મન:તોષ થયો, પણ પછી અસંખ્ય કાળ નરકની પીડા શેં ભોગવાશે ?' અને એ સાધ્વીજીની સમજણથી પાછી ફરી, તો ઝટ એમની પાસેથી ધર્મ પામી. પામી તે એવો કે એના પરિણામે મહાસતી મહાગુણિયલ અંજનાસુંદરી બની !

## જાગ્રતિ કોનું નામ ? :

છતાં ઈર્ષ્યા અને આશાતનાનું પાપ એવું કે એમાં બાંધેલા કર્મ; ધર્મથી ધોવાવા છતાં કંઈક બાકી રહી ગયા, તે અહીં નડી રહ્યા છે. પરંતુ મહર્ષિ એને કહે છે : 'હવે ચિંતા ન કરીશ, કર્મ પૂરા થવા આવ્યાં છે.'

વસંતતિલકાને આની સાથે વિટંબણા ભોગવવી પડી, તેનું કારણ પૂર્વે પાપકાર્યમાં કરેલી અનુમોદના કહ્યું. આશાતના, નિંદા, અવગણના કોઈ કરે અને દૂર બેઠા પણ એની અનુમોદના બીજો કરે, તો એ પાપની અનુમોદના કરનારને કર્મ જાણે કહે છે : 'આવજો, કંકોતરી વગર આવજો, સાથે ટીપીશ.'

જીવનના એકેક દિવસમાં માણસ કેટલી વાર બીજાના પાપની અનુમોદના કરતો હશે ? કોઈ હિસાબ ?

- ન લેવા, ન દેવા, બંગલા-બગીચા કોઈના ને પોતે અનુમોદના કરે : 'કેવા સારા બંગલા-બગીચા મળ્યા છે !'
- પોતાને પાઈ સરખી ન મળવાની હોય છતાં અનુમોદના કરે છે : 'શેઠની કેવી સારી મિલો ચાલે છે !' અથવા
- પોતાને કોઈ સંબંધ નથી, છતાં બે જણ લડતાં હશે તો ત્યાં ય અનુમોદના કરશે : 'આણે આને ઠીક સુણાવી દીધું, ઠીક પરચો બતાવી દીધો !'

**બસ, જાગ્રતિ આનું નામ છે કે વિચાર કરતાં પહેલાં વિચારે કે આ કોઇ પાપની અનુમોદનાનો વિચાર તો નથી ને ? એવા પૂર્વ વિચારનો અભ્યાસ પડતાં પડતાં, પછી તો પાપ દેખે ત્યાં ભડકે. 'રખે ને એની અનુમોદનામાં ન સપડાઉં !'**

વસંતતિલકા અનુમોદનાથી દુ:ખ પામી; એમ મુનિએ કહ્યું. પછી મુનિ કહે છે : 'અહીં અકસ્માત્ અંજનાનો મામો આવશે અને એ તમને પોતાના સ્થાને લઈ જશે.

તે પછી થોડા જ વખતમાં આને પતિની સાથે મેળાપ થશે. માટે એ સંબંધમાં ચિંતા કરવી નકામી છે ! ચિંતા તો, જે અજ્ઞાનતાના યોગે જીવ રેશમના કોશેટાની જેમ કર્મબંધનથી પોતાને જ જકડે છે અને દુ:ખની ભઠ્ઠીમાં શેકાય છે; એ અજ્ઞાનતાની કરી, એને દૂર કરનારા જૈનધર્મને વિષે આદર કરો.'

## તરણતારણ જૈનધર્મ :

'જિનેશ્વરદેવે ભાખેલો ધર્મ તરણતારણ છે ! પ્રકાશદાતા છે ! પાપથી બચાવનાર છે ! અનંતાકાળે પણ એ પ્રાપ્ત થવો દુર્લભ છે અને પ્રાપ્ત થયા પછી તો એ અનંત સંસારનો પણ ઉચ્છેદ કરી શકે છે ! ત્યારે સંસાર મિટ્યા પછી તો કોઈ પણ દુ:ખ, વિટંબણા, અવગણના કે પરાધીનતાનું નામ પણ શાનું ઊભું રહે ?' મુનિએ ઉપદેશ કરીને બંને જણને જૈનધર્મમાં સ્થાપિત કર્યા અને પછી એ વિદ્યાધર ચક્રવર્તીની જેમ ગગનમાર્ગે ઊડીને ચાલ્યા ગયા.

# ૧૯ પુત્રજન્મ

## પૂર્વની સાધનાનું ફળ :

ચરિત્રકાર આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ અંજનાસુંદરીને અહીં જૈનધર્મમાં સ્થાપિત થવાનું લખે છે. એ સૂચવે છે કે આ જીવનમાં આ પૂર્વે એ જૈનધર્મ નહીં પામી હોય. એટલે જ પૂર્વના દુ:ખના પ્રસંગોમાં નવકાર સ્મરણ વગેરે કર્યાનું જોવા નથી મળતું. છતાં જે અદ્ભુત ગુણવિકાસ જોવા મળે છે, એ પૂર્વ જીવનમાં કરેલી જૈનધર્મની શુદ્ધ સાધનાનું ફળ છે.

ત્યારે એ જુઓ કે અહીં કરેલી જૈનધર્મની શુદ્ધ સાધના ભવાંતરે કેવી સહાયક બને છે ! કદાચ કોઈ ભૂલભાલના યોગે અગર પૂર્વના પાપના ઉદયે ભવાંતરે વિષમ સ્થિતિ ઊભી થાય, તો પણ અહીંની સાધના એવો ગુણનો વારસો સાથે મોકલે છે કે જેથી આત્માને નવા કર્મબંધનમાંથી બચાવ મળે છે.

## ગુફા તરફ સિંહનું આગમન :

હવે અહીં તો ગુફામાં અંજનાસુંદરી અને એની સખી બે જણ જ રહ્યા છે, ત્યાં એમણે સામેથી એક જુવાનજોધ સિંહ રાડો પાડતો આવતો જોયો ! ચળકતી આંખો, વજ્રસમી દાઢો, કરવત જેવા ક્રૂર દાંત, જ્વાળા સમી કેસરા, લોખંડી અંકુશ જેવા નખ, શિલા જેવી છાતી... આ બધાથી ભયંકર દેખાતો સિંહ સામે આવે એટલે ? એમાં વળી હાથીને મારીને આવેલો, તે લોહી ખરડ્યો હતો અને પાછો પૂંછડાને જોસથી ધરતી પર અફાળતો અને ગર્જનાથી દિશાઓને ગજાવી મૂકતો હતો !

આવા સિંહને આવતો જોતાં જ ભયથી આ બંનેના ગાત્ર કંપવા જ લાગે ને ? મનને થયું : 'જાણે ધરતીમાં પેસી જઈએ.' પણ એમ ધરતી ય ક્યાં દયાળુ બનીને જગા કરી આપે એવી હતી ? એટલે બિચારી બંને જણી હરણીની જેમ ક્યાંય દોડી જવાને તત્પર બની.

અહીં વિચારો કે મોટી ફલાંગો મારી કૂદી આવે એવા સિંહની સામે દોડી દોડીને ક્યાં જાય ? અને કેમ બચે ? અત્યાર સુધી જાણે આપત્તિઓ ઓછી હતી, તેમાં આ પૂર્તિ થઈ !

જીવન કેવું વિચિત્ર છે ? સંપત્તિઓનો પ્રવાહ ચાલ્યો તો એ જ અને આપત્તિઓનો વરસાદ વરસવા લાગ્યો તો એ જ ! ત્યારે ક્યાંક સંપત્તિ-આપત્તિના વારા ! આવી વિચિત્રતા વિશ્વવ્યાપી છે, એટલે આપણા પર લદાયેલી હોય એમાં નવાઈ નથી. ફક્ત એના પ્રત્યે ઉદાસીન બની, ઉપેક્ષા-ભાવવાળા બની સત્કર્તવ્યનિષ્ઠ બનવાની જરૂર છે. એથી જ ભવિષ્ય ઉજ્જવળ બનશે.

## પુણ્યના ઉદય કસાઈના ધન જેવા કલંકિત ! :

અંજનાની સામે સિંહ આવી રહ્યો છે. કોણ બચાવે, જો પોતાના પુણ્ય પગભર ન હો તો ? મહેલાતો તો ગઈ, પણ એકાંત શૂન્ય ગુફામાં ય શાન્તિ નથી, ઘોર ભય ઊભો થયો. પરંતુ પુણ્ય સલામત છે, એટલે ત્યાં જ ગુફાનો અધિપતિ એક ગંધર્વ મણિચૂલ નામે દેવ હતો, તે પ્રગટ થયો. સિંહના માથે અષ્ટાપદ શત્રુ હોય છે, એ અષ્ટાપદ નામના પ્રાણીનું રૂપ કર્યું અને સિંહને મારી નાખ્યો.

કેવી ખૂબી છે ! સિંહ મરે, તો અંજના બચે. અંજનાને બચવાનું પુણ્ય ખરું, પરંતુ તે, સિંહને વિનાશના ઘોર પાપ ઉદયમાં આવે ત્યારે ઉદયમાં આવનારું ! સંસારમાં આવા કેઈક પુણ્યના ઉદય બીજાના ઘોર પાપના ઉદયથી કલંકિત છે. કસાઈના ધનને કેવું માનો ? એ ય પુણ્ય વિના મળે ? ના, પુણ્ય હોય, તો મળે, છતાં એ ખરાબ લાગે છે, તો એની માફક પાપોદયથી કલંકિત પુણ્યના ઉદય નીપજતાં સંસાર-સુખોમાં શું રાચવું'તું ?

ગંધર્વદેવે અંજનાસુંદરીનો બચાવ કર્યા પછી અષ્ટાપદ પ્રાણીનું રૂપ સંહરી લઈ પોતાનું રૂપ પ્રગટ કર્યું અને એ મહાસતી પ્રત્યે એવો આકર્ષાઈ ગયો કે એની આગળ એ પોતાની પ્રિયા સાથે અરિહંત પ્રભુના ગુણગીત ગાવા લાગ્યો ! અંજના જૈનધર્મમાં તાજી સ્થાપિત થઈ છે, એમાં ઘોર ઉપદ્રવ ટળીને અર્હત્ પ્રભુના ગુણગાન સાંભળવા મળ્યા ! પછી આહ્લાદનું પૂછવું જ શું ?

દેવ પણ માત્ર ગુણગીત ગાઈને પતાવી દેતો નથી, પરંતુ હવેથી અંજનાનું સાંનિધ્ય પણ મૂકતો નથી, એટલે બંને જણ સુસ્થિત બને છે. કહેવત છે કે

ભાગ્યશાળીને ભૂત રળે ! સાસુ અને માતા-પિતાએ કાઢી મૂકેલીની અહીં દેવ સંભાળ કરે છે !

## અરિહંતનું આશ્વાસન :

હવે અંજનાસુંદરી કંઈક સ્વસ્થ બની છે. એ વખતે વીસમા શ્રી મુનિસુવ્રત ભગવાનનું ધર્મશાસન ચાલે છે, એટલે એણે એ પ્રભુજીની મૂર્તિ સ્થાપીને પૂજાભક્તિ કરવા માંડી. અરિહંત પ્રભુ તો અનંત સુખના દાતા છે, ત્યાં દુ:ખના અવસરે મહાઆશ્વાસન આપે, એમાં શી નવાઈ ? માત્ર આશ્વાસન લેતાં આવડવું જોઈએ, લેવાની તૈયારી જોઈએ. બાકી, બીજે ફાંફાં ગમે તેટલા મારો, સાચું આશ્વાસન નહીં મળે. જીવનમાં કમમાં કમ એક વાત નક્કી કરો કે કોઈ પણ દુ:ખ આવે, ત્યારે પહેલું આશ્વાસન અરિહંત પ્રભુ પાસેથી લેવું. એમ તો બોલો છો કે

'સૂતાં, બેસતાં, ઊઠતાં, જો સમરે અરિહંત, દુ:ખિયાના દુ:ખ ભાંગશે, સુખ હોંશે આનંદ;
આશ કરો અરિહંતની, બીજી આશ નિરાશ.'

પરંતુ બોલ્યા પછી અવસર આવ્યે એનો ઉપયોગ ક્યારે કરો છો ? ઉપયોગ આ કરવાનો છે કે દિલ અંદરથી પોકારે કે 'અરિહંત પ્રભુના પ્રભાવે મારું દુ:ખ રહેવાનું નથી. **'अरिहंतनमुक्कारो, सव्वपावप्पणासणो'** અરિહંતને નમસ્કાર; એ સર્વપાપોનો નાશ કરનાર છે. દુ:ખ આવ્યું ? ભલે, અરિહંત મળ્યા છે, તો શી ફિકર છે ? હું તો અરિહંતની જ ધૂન માંડું, ગુણ-ગાન કરું, ધ્યાન કરું, એ આત્માનું અપૂર્વ ઉત્થાન કરી આપશે.' આવી આવી હૂંફ અનુભવાતી હોય.

દમયંતીએ જંગલમાં અરિહંત પ્રભુનું આશ્વાસન લઈ ભક્તિ-પૂજા જમાવી હતી. અહીં અંજનાસુંદરીએ પણ મુનિસુવ્રત પ્રભુની પ્રતિમા સ્થાપી, પૂજા-ભક્તિ-ધ્યાન જમાવ્યું.

આમ ક્યાં સુધી ચાલ્યું ? ગર્ભના ચિહ્‌ન પ્રગટ થયે ઘરેથી તરછોડાઈ છે. તે અહીં રહેતાં ગર્ભનો કાળ નવ માસનો પૂર્ણ થયો, ત્યાં સુધી ચાલ્યું. હવે અંજનાસુંદરીને ગુફામાં પ્રસૂતિ થઈ. સિંહણ જેમ સિંહને જન્મ આપે, એમ એણે ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. સૂતિકર્મ વસંતતિલકાએ કર્યું.

વિધિનો ખેલ છે. રાજશાહી સેવાને યોગ્ય અંજનાને આજે એક ગરીબના ઘર જેટલી ય સગવડતા નથી ! પુત્રના પગ ઉપર વજ્ર, અંકુશ, ચક્ર વગેરેના સુંદર ચિહ્નો છે ! મુખ પર ભવ્ય રૂપ, કાન્તિ ને લાવણ્ય ઝળહળે છે ! જાણે દેવકુમાર જોઈ લો ! ભવ્ય લલાટ, વિકસ્વર નેત્ર, સુંદર ગુલાબી મુખાકૃતિ, કમળના નાળ જેવા કોમળ હાથ-પગ !

## અંજનાનો કલ્પાંત :

અંજનાસુંદરી આવા એક પુણ્યાત્માનો પોતાના પુત્ર તરીકે આવા વન-વગડામાં જન્મ જોઈને ખિન્ન થઈ જાય છે ! હૈયું એટલું બધું ભરાઈ આવે છે કે રોઈ ઊઠે છે ! મોટા સ્વરે રડી પડવાને લીધે જાણે જંગલને પણ રોવરાવી રહી છે ! આંખમાં આંસુ સાથે કલ્પાંત કરે છે :

'હે મહાત્મા પુત્ર ! તારા તો ભારે દબદબાભર્યા જન્મોત્સવ ઉજવવા જોઈએ, પરંતુ આ જંગલમાં જન્મેલા તારા હું પુણ્યહીન રાંકડી શું જન્મોત્સવ કરું ? હું અભાગણી, તારા જેવો જીવ મારા ઘરે આવ્યો ને કાંઈ કરી શકતી નથી !...'

એને ચારણ મુનિ આ પુત્રની મહત્તા કહી ગયા છે : 'ચરમશરીરી ને આ ભવમાં જ મુક્તિગામી છે.' એવી ઉત્તમતા જાણવા ઉપર પાછી અહીં એની ભવ્ય આકૃતિ અને કાન્તિ જુએ છે અને બીજી બાજુ મહેલાતમાં અને આખા નગરમાં જેના જન્મના વધામણાં અને ઉત્સવ ચાલવા યોગ્ય હોય એવા એની જંગલમાં કપરી સ્થિતિમાં જન્મદશા જુએ છે, એટલે એના દિલમાં આવા સુયોગ્ય આત્માના યોગ્ય સ્વાગત-સત્કાર નહીં કરી શકવા બદલ દુઃખ એટલું બધું ઉભરાય છે કે રડવું અટકતું નથી.

જોવાનું એ છે કે અહીં ખેદ; એ મોહ કરતાં ગુણજ્ઞતા સાથે વધુ સંબંધ ધરાવે છે. પુત્રને મહાત્મા તરીકે પિછાણે છે, મહાત્માના યોગ્ય સ્વાગત ન કરી શકવા બદલ ખિન્નતા અનુભવે છે !

આત્મા ઉન્નતિ પામ્યો છે કે અધોગતિમાં રખડે છે ? એનું માપ આ પરથી નીકળે છે કે હૈયું ક્યાં ઢળે છે ? ગુણવાન આત્માઓના, મહાન આત્માઓના યોગ્ય સ્વાગત ન થાય, મૂલ્યાંકન ન થાય, પોતે એમની ઉચિત સેવાશુશ્રૂષા ન કરી શકતાં હોય,

એના માટે હૈયું ખેદમાં ઢળતું હોય, નિસાસો અનુભવતું હોય; ઉચિત સેવા-સત્કાર કરવા માટે હૈયું તલસતું હોય ! કેમ કે આ સંસારમાં મહાત્મા પુરુષોના પહેલાં તો સમાગમ થવા જ મહાદુર્લભ છે ! વળી પોતાને ગુણની મહત્તા સાચી સમજાઈ હોય, તો જ જ્યાં ગુણ દેખાય, ત્યાં હૈયું ઢળે. આવા જીવન પર સાચો અધિકાર લાધ્યો કહેવાય.

## મામાનું આગમન :

અંજનાનો કલ્પાંત કોણ જાણે કેટલો ચાલત ? પરંતુ ત્યાં એટલામાં પ્રતિસૂર્ય નામનો એક વિદ્યાધર આવી ચઢયો ! આને રડતી જોઈ મધુર શબ્દોમાં પૂછે છે : 'બ્હેન ! શા સારૂ આટલું દુઃખ ધરો છો ? દુઃખ કરવાનું શું કારણ છે ?'

આવા સ્થાને ને આવા પ્રસંગે આશ્વાસન દેનાર મળે છે, એના ઉપર બંનેને ભારે હૂંફ મળે છે ! ઉત્સાહ આવે છે ! હર્ષના આંસુ વહે છે ! વસંતતિલકા આંખમાં આંસુ સાથે અંજનાસુંદરીના વિવાહથી માંડીને અહીં પુત્રજન્મ થયો; ત્યાં સુધીની બધી હકીકત કહી સંભળાવે છે.

હકીકત આપણે જાણીએ છીએ કે એ કેવા કરુણ પ્રસંગોથી ભરેલી છે ! એને અનુભવતાં તો શું, પણ સાંભળતાં ય દિલ કમકમી ઊઠે એવી એ છે ! એટલે વિદ્યાધરનું પણ હૈયું હચમચી ઊઠવાથી એની આંખમાં ય પાણી આવી ગયા ! એના મનને થયું કે અહાહાહા ! આટલી બધી વિટંબણા ! અને તે પણ મારી ભાણેજની !

એ રોતો રોતો કહે છે : 'હું હનુપુર નગરનો વિદ્યાધર રાજા છું. મારા પિતા ચિત્રભાનુ અને મારી માતા સુન્દરીમાલા. હે બાળા ! તારી માતા માનસવેગાનો હું ભાઈ થાઉં ! એટલે તું તો મારી ભાણેજ થાય ! ખરેખર, તને જીવતી જોવા હું ભાગ્યશાળી બન્યો છું, તો હવે તું સ્વસ્થ થા, નિર્ભય થા.'

હજી અંજનાના આંસુ સુકાયા નહોતાં, એમાં આ ખેચર પોતાનો મામો છે; એ જાણી એની અચાનક પ્રાપ્તિ થતાં વધારે રડવું આવી ગયું. ઘોર જંગલમાં અને એકાંત ગુફાના ભાગમાં આવું બનવાની કલ્પના જ શી ? સ્નેહી મળે તે પણ મામા જ જેવો નિકટનો સ્નેહાળ સગો, એ અસંભવ જેવું.

માણસ સમજે તો એને લાગે કે અહીં ભગવાન શ્રી જિનેશ્વરદેવ અને

એમનો ધર્મ મળ્યો, એ પણ કેવું અસંભવ જેવું ! વર્તમાન પાપભરી દુનિયામાં આ મળવાની કલ્પના જ શી ?

માટે જ શાસ્ત્ર કહે છે કે જીવને પ્રથમ સમ્યક્ત્વ પ્રગટે છે, ત્યારે અનંત સંસારકાળમાં ક્યારે ય નહીં થયેલો એવો અપૂર્વ આનંદ થાય છે ! અપૂર્વ ચમત્કાર લાગે છે ! કેમ કે લોકોત્તર દેવ-ગુરુ-ધર્મનો મહાદુર્લભ યોગ થાય છે. સંસાર તરફ જોતાં તો એ મળવાની કલ્પના જ શી ? ત્યારે અકલ્પ્ય પ્રાપ્તિ નથી ને જો થઈ ગઈ, તો તેનું મૂલ્યાંકન કેટલું જોઈએ ? કદર કેટલી જોઈએ ? એની પાછળ તન-મન-ધનનો કેટલો ભોગ આપીને ઉપાસના જોઈએ ? હૃદયમાં અવિવેક અને નિર્વિચારતાની જડતા મીટે ને વિવેક-વિચારનું ચૈતન્ય સ્ફુરે, તો જ આ મૂલ્યાંકન, કદર અને ભોગપૂર્વકની ઉપાસના જાગવી શક્ય છે.

ગુફામાં મામાના સમાગમે અંજનાનું હૈયું વધુ ભરાઈ આવ્યું. મહાત્મા પુત્રનો કોઈ જન્મોત્સવ ન ઉજવી શકવાના રુદનમાં વધારો થયો.

મામો પ્રતિસૂર્ય વિદ્યાધર એને સાંત્વન આપતાં કહે છે : 'ભાણી ! હવે રોવાની કોઈ જ જરૂર નથી. હવે દુઃખના દહાડા ગયા !' એમ કહીને એને રોતી અટકાવે છે. પછી વિદ્યાધર પોતાની સાથે આવેલા જ્યોતિષીને પૂછે છે.

જોષી કહે છે : 'રાજન્ ! શું પૂછો છો ? આ બાળક નક્કી મહાન રાજા થશે અને આ જ ભવમાં મોક્ષ પામશે. કેમ કે શુભ ગ્રહોના બળવાળા લગ્નમાં આ પુણ્યશાળીનો જન્મ થયો છે. એક તો આજે ચૈત્ર વદની અષ્ટમી જેવી સારી તિથિ છે. સુંદર શ્રવણ નક્ષત્ર છે અને રવિનો વાર છે. લગ્નકુંડળી જોતાં સૂર્ય મેષનો ઉચ્ચ સ્થાને રહેલો છે, ચન્દ્ર મકરનો મધ્યમ સ્થાનમાં છે, મંગળ વૃષનો મધ્યમ છે, બુધ મીનનો મધ્ય સ્થાને છે, ગુરુ કર્કનો ઉચ્ચ સ્થાને છે, શુક્ર મીનનો ઉચ્ચનો છે અને શનિ પણ મીનનો છે. મીન લગ્નના ઉદયમાં બ્રહ્મયોગે આનો જન્મ હોવાથી બધું જ શુભ બની આવ્યું છે.'

જાણો છો આ કોની વાત છે ? હનુમાનજીની.

- જીવનમાં એ મહાપરાક્રમી થનાર છે.
- સીતાના હરણ પછી રામચન્દ્રજી અને લક્ષ્મણજીની મુઝવણમાં રાવણની અશોકવાટિકામાં પહોંચી સીતાજીને સાંત્વન આપનાર, અને

- રાવણને સભા વચ્ચે ધુત્કારનાર એ થવાના છે...
- યાવત્ સૂર્યાસ્ત પછીની સંધ્યા અને અંધકાર જોઈ વૈરાગ્ય પામી ચારિત્ર લેનાર અને પૂર્વ કર્મ ખપાવી મોક્ષે તે જનાર છે !

આવા પરાક્રમી મહાપુરુષની જનેતા અંજનાસુંદરી છે.

## વિમાનમાં મામાના ઘર તરફ :

હવે પ્રતિસૂર્ય વિદ્યાધર અંજનાસુંદરીને એની સખી અને પુત્ર સાથે વિમાનમાં બેસાડી દઈ પોતાના નગર તરફ ઉપડે છે. વિમાન સડસડાટ આકાશમાર્ગે જઈ રહ્યું છે. એમાં ઊંચે એની છત ઉપર રત્નની ઘૂઘરીઓ લટકી રહી છે, તે લેવાની ઇચ્છાથી બાળક અંજનાના ખોળામાંથી ઉછળે છે ! ઘૂઘરીઓ પકડવાની બાજુએ રહી ગઈ અને ખોળાનો ય સ્પર્શ છૂટી ગયો ! અંજના ધ્રૂજી ઊઠી, પણ કંઈ કરી શકે એ પહેલાં બાળક રહ્યું આકાશમાં, ને વિમાન વચમાંથી નીકળી ગયું ! પરિણામ ? એ પડ્યું નીચે એક પર્વત ઉપર ! અંજનાને કલ્પાંતનો પાર નથી ! અહીં શું થાય ?

બચાવ હોય, તો કોના હાથમાં ? કયા જીવન પર અધિકાર પહોંચે છે ? એ ખૂબ વિચારવા જેવું છે. પ્રસંગો અનેક આવી ગયા, એમાં જોવા જેવું છે કે એ કોના હાથમાં હતાં ?

- ગુફામાં મુનિ મળ્યા, શું એ અંજનાની બહાદુરી પર ?
- ગંધર્વદેવતા સિંહથી અંજનાનો બચાવ કરનાર મળ્યો, એ મળવાનું શું અંજનાની મહેનતના પ્રતાપે ?
- મામો ગુફામાં આવી લાગ્યો, તે શું મહાસતીના પ્રયત્નથી ?

ના, આ દુર્ઘટ ઘટનાઓ બની, તે અદૃશ્ય કર્મસત્તાનો અધિકાર સૂચવે છે. એના ઉપર સનાતન આત્મતત્ત્વની સિદ્ધિ થાય છે ! જીવે એ શુભ કર્મ ઊભા કરવા પાછળ ધર્મની સિદ્ધિ થાય છે !

## ત્રણ મહાન પુરાવા :

(૧) અચિંત્ય સારી ઘટનાઓ પૂર્વના શુભ કર્મ વિના બને નહીં.

(૨) પૂર્વના કર્મ પૂર્વે આત્મા હોવા વિના ઉપાર્જાય નહીં ને તેના વિના અહીં સુધી આવી શકે નહીં.

(૩) એ શુભ કર્મ પૂર્વે ધર્મસાધના વિના ઊભા થાય નહીં.

## ધર્મને જીવનમાં મુખ્ય સ્થાન ખરું ? :

ત્યારે આટલી અચિંત્ય પ્રાપ્તિ કરાવનાર ધર્મનું મૂલ્ય કેટલું ? જીવનમાં સ્થાન હોય, તો મુખ્યપણે ધર્મને કે બીજાને ? ધર્મને સ્થાન કેટલું જોઈએ ? રાખ્યું છે ને ? તમારા જીવનમાં ધર્મને જ મુખ્ય સ્થાન છે ને ? અને તે પણ બહુ ભારે સ્થાન ને ? અરિહંત સ્મરણ તો હાલતાં-ચાલતાં ને ? કે માત્ર સવારે ઊઠતી વખતે ? અરિહંતની ભક્તિ ભરપૂર પ્રમાણમાં ને ? વાત વાતમાં ત્યાગવૃત્તિ, વ્રત-નિયમ, ધર્મવાંચન, સાધુસેવા, સામાયિક, જાપ, ધ્યાન; આ બધું ખરું ને ? ના, કારણ કે એના મહામૂલ્ય જ કોણ સમજ્યું છે ? મૂલ્ય તો ધનકમાઈ, વિષયભોગ અને પરિવાર-પાલનના લાગ્યા છે, તે પેલું બધું વિસારી આમાં લાગ્યા રહેવાય છે ! પણ એ ખબર નથી કે આ બધા પર તમારો અધિકાર નથી પહોંચતો. તમારા ધાર્યા મુજબ અને પ્રયત્ન કર્યા મુજબ કમાઈ, ભોગ અને કુટુંબપાલન થઈ શકે છે ખરા ? ના, જ્યારે ત્યાગ, વ્રત, સામાયિક, પ્રભુભક્તિ વગેરે તો ધાર્યા મુજબ અને પ્રયત્ન મુજબ કરી શકાય છે.

જીવન પર અધિકાર હોય, તો આવા ધર્મજીવન પર છે.

## ગાડા નીચેનો કૂતરો :

અંજનાસુંદરી તો બાળક નીચે પડવાથી ચીસ પાડી ઊઠે છે ! બાળક આમ ઘૂઘરી લેવા ઉછળે ને ઉછળીને નીચે પડે; એ ન થવા દેવાનું અંજનાના હાથની વાત ખરી ? શું અંજનાનો પ્રયત્ન બાળકની જતનાનો નહોતો ? બાળકને શું ખોળામાં પણ હાથેથી પકડીને જ રાખવો જોઈએ ?

વિચારવા જેવું છે કે માણસના બધા પ્રયત્ન રક્ષાના હોવા છતાં, અકસ્માત્ ઘટનાઓ કેમ ઊભી થાય છે ? અને ઊભી થાય છે, તો કેમ ક્યારેક બચાવના સંયોગ મળે છે ને ક્યારેક નથી મળતાં ? જાતની હોશિયારી ઉપર દોડ્યા જાઓ છો, પણ અદૃશ્ય પુણ્યથી સારું બનતું હોય છે. પરંતુ ગાડા નીચેનો કૂતરો જેમ જાતની વડાઈ માને, તેમ વડાઈ માનો છો. અરે ! કૂતરો તો બિચારો માનીને બેસી રહે, ત્યારે તમે તો માનવા ઉપરાંત બીજાની આગળ ગાવા માંડો છો. એ વખતે કાંઈ વિચાર આવે ખરો ?

પુણ્યના ઘરનું એટલે કે મૂળ ધર્મના ઘરનું. તે ધર્મના ખાતામાં ખતવવાના બદલે, અહીંના પ્રયત્નના ખાતે ખતવવાની મૂર્ખાઈ ઉપર જ અભિમાન, ધર્મ પ્રત્યે કૃતઘ્નતા, ઉપરાંત નવા પાપપ્રયત્નો ધરખમ વધાર્યે જવાની અને નવો ભરપૂર ધર્મ નહીં કમાવાની ભયંકર મૂર્ખાઈ કરાવે છે.

પરંતુ આજ સુધીના અનંતા માનવ જન્મ પણ આમ વેડફી નાખ્યા, હવે આ જન્મ સુધારી લો. તે માટે ભલે લાખ પ્રયત્નથી મેળવ્યું હોય, પણ મળેલું બધું સારું ધર્મના ખાતે ખતાવો. ધર્મની મહાન કૃતજ્ઞતા અદા કરો અને નવો ધર્મપ્રયત્ન ખૂબ ખૂબ વધારો.

## વારંવાર આપત્તિ કેમ ? :

અંજનાના ખોળામાંથી બાળક નીચે પડતાં અંજના છાતી ફૂટતી ચીસ પાડી ઊઠે છે : 'હાય ! મામા ! મામા ! દીકરો ગયો !' ભારે કલ્પાંત કરી મૂકે છે ! મનને રુદનથી ભરી દે છે ! પહેલાંની આપત્તિઓ તો જાત ઉપર હતી, આ આપત્તિ હમણાંના જન્મેલા બાળક ઉપર છે ! એ એને મન સૌથી વધારે આપત્તિ લાગે છે !

અજ્ઞાનપણે વિવિધ રીતે કરી લીધેલી કર્મની કેવી શિરજોરી છે કે ઉપરાઉપરી આપત્તિ વરસાવતાં કોઈ સંકોચ નથી ! પરંતુ રખે આ અન્યાય સમજતાં ! વારંવારની કુપ્રવૃત્તિઓના આ ફળ છે કે વારેવારે ભિન્ન ભિન્ન જાતની નાની મોટી આપત્તિઓ આવ્યા કરે !

- હાલતાં ને ચાલતાં કાયાથી આરંભ-પરિગ્રહ-કામ-કલહ વગેરેની ક્રિયા થયા કરતી હોય,
- વાચિક તેવા તેવા પાપ ઉચ્ચારણની કુપ્રવૃત્તિઓ ચાલતી હોય અને
- એથી ઘણા વધારે પ્રમાણમાં તો માનસિક ક્રિયા - રાગ, દ્વેષ વગેરેની, હિંસાદિની ને આહારાદિ સંજ્ઞાઓની વિચારણા ભરચક ચાલુ હોય,

પછી આપત્તિદાયી કર્મનો ગંજ આત્મામાં કેમ ન ભરાય ? એ તો **જીવ જો મન-વચન-કાયાની કુપ્રવૃત્તિઓનું જીવન જીવવાનો અધિકાર બજાવે, તો કર્મ જાણે કહે છે : 'આવી જા, હવે આપત્તિઓ વરસાવવાનો અધિકાર હું બજાવું.'**

## માનસિક કુપ્રવર્તન ટાળવા શું કરવું ? :

માણસમાં હજી ય કાયિક કુપ્રવર્તન ઓછું, વાચિક પણ ઓછું, કિન્તુ માનસિક કુપ્રવર્તન એટલું બધું ચાલે છે કે એનો હિસાબ નથી ! માટે એને ખાસ અટકાવવાની જરૂર છે. અને તે માટે સરળ રસ્તો મનને સારો ખોરાક આપી દેવો; તે છે.

ચિત્તને જે કોઈ તત્ત્વો રુચતાં હોય, જે કોઈ ઉત્તમ પુરુષાર્થના જીવન મનને આકર્ષતાં હોય, જે કોઈ સ્તવન, સજ્ઝાય, એના અર્થ અથવા નવકારજાપ વગેરેમાં મનને લગાડી શકાતું હોય, એમાં લગાડી દેવું. એક જાતનો મનનો વ્યવસાય જ બની જાય, એ રીતે મનને એનો અભ્યાસ પાડતાં જવું. આથી કેટલાય કુવિચારો, ખોટી ચિંતાઓ વગેરે કેઈ માનસિક કુપ્રવર્તન અટકશે.

## અક્ષત બાળક :

અંજનાને ઉપરાઉપરી અણચિંત્યા કષ્ટ આવે છે તે પાપના યોગે, પરંતુ સાથે પુણ્યનો ઉદય આવી મળવાથી કષ્ટ ટળતાં વાર નથી લાગતી. અહીં પણ એમ જ બન્યું. એ તો જાણે છે કે છોકરો ખલાસ થઈ ગયો. અચાનક ઉછળી નીચે પડે તે કોના હાથમાં ? બચાવે તો પુણ્ય જ કે બીજું કોઈ ? ત્યારે જ્યાં પાપોદયના અધિકાર પહોંચતાં હોય, ત્યાં સામનો કર્યે ય શું વળે ? બંદૂક-તોપોવાળાની સામે દંડુકિયો પોલીસ શું કરી શકે ?

પ્રતિસૂર્ય વિદ્યાધર તરત ઊડીને જઈ બાળકને અક્ષત-અખંડ લાવીને અંજનાને સોંપે છે.

અંજના ચકિત થઈ પૂછે છે : 'મામા ! આ શું ? નીચે પડવા છતાં ક્યાંય ઈજા નથી !'

મામો કહે છે : 'અંજના ! પડવાનું શું કહે છે ? આ તો પડ્યો'તો પર્વત ઉપર !'

'હેં ? પર્વત ઉપર ! છતાં કંઈ ન થયું ?'

'કાંઈ કેમ ન થયું ? થયું, પણ પર્વતને થયું ! જ્યાં પડ્યો, ત્યાં આ દેવાંશી પુરુષના આઘાતથી પર્વતના ભાગના ભૂકા થયા.'

## બળ-શક્તિના અધિકારનું મૂળ :

અંજનાને આનંદનો પાર નથી. પુત્ર તો અખંડ મળી ગયો, ઉપરાંત આવો સમર્થ કે પત્થરના ચૂરા કરે એવો ! ક્યાંથી આ બળનો અધિકાર મળ્યો ? પૂર્વભવ સાંભળી ગયા છો ને ? કહો, તપ અને સંયમના પ્રભાવથી ! મળેલા બળનો ઉપયોગ તપ અને સંયમમાં કરવાનો અને ફળમાં મહાબળ નીપજે. હજી તો હમણાં જન્મ થયો છે ! એવું આ બાળક આભલામાંથી નીચે પર્વત પર પડતાં જાતે ભૂકા થઈ જવાને બદલે પત્થરનો ભૂકો કરે છે, એ કેવુંક મહાબળ ! અખાડાની કસરતથી મળ્યું છે ? ના, **બાહ્ય બળ-શક્તિના અધિકાર; અભ્યંતર તપ-સંયમના અધિકાર અજમાવવાથી મળે છે.**

જો એકલા શરીર પુદ્‌ગલના વજન પર માપ કાઢો કે ઘી-દૂધ ખાધા પર યા ખૂબ કસરતથી કસ્યા પર માપ કાઢો, તો એમાં કાંઈ ન વળે. એવા વજનવાળા કે એવા ખોરાક યા કસરતવાળા દુનિયામાં ઘણા દેખાય છે, પરંતુ શક્તિ કેટલી ? કેમ એટલી બધી શક્તિ નથી દેખાતી ? કહો, એટલા જ માટે કે આંતરિક આત્માનું બળ ભેગું નથી મળ્યું.

આત્મા જેવી વસ્તુ હોવાની આ પણ એક સાબિતી છે. દેખાવમાં યા ખોરાકમાં બે માણસ સરખા છતાં એકમાં વધારે બળ અને તાકાત દેખાય છે, તે આત્માના વીર્યાંતરાયના ક્ષયોપશમ ઉપર આધાર રાખે છે અને તેનો આધાર પૂર્વે કરેલી તપ-સંયમાદિની સાધના ઉપર છે.

સાધનામાં વીર્યનો સદુપયોગ કરો, તો વળતરમાં મહાવીર્યની પ્રાપ્તિ થાય અને એમાં સદુપયોગ ન કરતાં પાપકાર્યોમાં એ ખર્ચો, તો ઊલટું નવું વીર્યાંતરાય કર્મ ઊભું થવાથી ભવિષ્યમાં નિર્બળતા, નિર્વીર્યતા પ્રાપ્ત થવાની !

હવે વિચારો કે કેવા જીવન પર અધિકાર અજમાવવા જેવો છે ? સારું સારું ખાવા-પીવા ને વજન વધારવાના જીવન પર ? કે તપ, સંયમ, પરોપકાર, ઇન્દ્રિયનિગ્રહ વગેરેના જીવન પર ?

તપ અને સંયમની તો બલિહારી છે. માત્ર ભવિષ્યમાં કાયિક બળ આપે છે એમ નહીં, પત્થરનો ભૂકો કરનારી તાકાત આપે છે એટલું જ નહીં,

પરંતુ બીજા કેઈ પુણ્યોદય આપે છે ! તેમજ વર્તમાનમાં પણ અપૂર્વ ઓજસ આપે છે ! દૃઢ મનોબળ આપે છે ! મહાન ઇન્દ્રિયવિજય આપે છે ! તપ-સંયમીના વિવેક-વર્તાવ જુદા, બોલ-ચાલ જુદી, વિચારસરણી જુદી !

ભૂલશો નહીં કે આ તપ-સંયમ; એ તો માનવજીવનની લ્હાણ છે, જીવનનું સત્ત્વ છે, એમાં જ જીવનની સફળતા છે ! બાકી, ખાધું-પીધું કે ભોગવ્યું; એ કાંઈ ચોપડે જમા નથી થવાનું ! ખા ગયા સો ખો ગયા, જમા તો તપ અને સંયમ થશે ! દાન અને દયા જમા થશે !

## હનુમાન નામ શાથી ? :

અંજનાસુંદરીને ઇષ્ટ નિધાનની જેમ પુત્ર પાછો મળી ગયો ને વિમાન જાણે મનની ગતિએ ઉપડ્યું તે હનુપુર નગરમાં આવી પહોંચ્યું ! નગરમાં મોટો પ્રવેશ-મહોત્સવ કરવામાં આવ્યો છે ! પ્રજામાં આનંદ-આનંદ વર્તાઈ રહ્યો છે ! અંજનાને મહેલમાં લઈ આવતાં પ્રતિસૂર્યનું અંતેપુર જાણે કુળદેવી આવી એવા એના સ્વાગત-સન્માન કરે છે ! પૂજા-ભક્તિ કરે છે !

બાળકનો જન્મતાં જ હનુપુરમાં પ્રવેશ થયો, તેથી મામાએ તેનું નામ હનુમાન રાખ્યું, તેમજ પર્વતના ભૂકા કર્યા, તેથી શ્રીશૈલ એવું બીજું પણ નામ કર્યું.

અંજનાસુંદરી અને હનુમાનની મહાન સેવાશુશ્રૂષા થઈ રહી છે ! એમાં હનુમાનના મહાન લાલન-પાલન થઈ રહ્યા છે ! માનસરોવરના કમળવનમાં રાજહંસની જેમ એ ખેલી રહ્યો છે !

## અંજનાનો સંતાપ :

અંજનાસુંદરીને બીજી બધી વાતે કુશળ આવી મળ્યું, છતાં એના દિલમાં હંમેશા સંતાપ રહ્યા કરે છે કે સાસુએ ચઢાવેલું કલંક ક્યારે ઊતરે ? અંતરમાં શલ્ય ભોંકાય, તેમ ચઢેલું આળ ભોંકાય છે. જીવનમાં એક દોષ નથી સેવ્યો, લેશમાત્ર અયુક્ત આચર્યું નથી, છતાં આવો ભયંકર આરોપ; એ મહાસતીને મન અસહ્ય છે.

જો જો, ત્યાં આજનો જમાનો નથી હોં ! હવે તો એને આનંદ-મંગળ થઈ ગયું છે, તો ય એમ નથી થતું કે 'જવા દો એવા લોકનું નામ ! મારે શું પડી છે ?' એને તો ખોટો આરોપ માથેથી કેમ ઊતરે ? એ ફિકર છે.

# ૧૩ ભૂલ પછીનો પસ્તાવો

## પવનંજયને હકીકત મળે છે ! :

આ બાજુ પવનંજય અંજનાસુંદરી પાસેથી જઈ યુદ્ધમાં પહોંચ્યો, વરુણની સાથે સંધિ કરી. ખર અને દૂષણને છોડાવી લાવ્યો અને એણે રાવણને આનંદિત કર્યો. ત્યાંથી પછી રાવણ પરિવાર સાથે ઉપડ્યો લંકા તરફ અને પવનંજય તેની રજા લઈને પોતાના નગરે આવ્યો. વિનયી છે, તેથી એ માતા–પિતાના ચરણમાં પડે છે, સુખ–શાંતિના સમાચાર પૂછે છે અને ત્યાંથી સીધો અંજનાસુંદરી રહેતી હતી, તે મહેલમાં આવે છે. પરંતુ ત્યાં શું જોવાનું ? શૂનકાર ! નિસ્તેજ નક્ષત્રની જેમ અંજનાસુંદરી વિનાનું ઘર નિહાળ્યું !

બેબાકળા થઈ ત્યાં ઊભેલી સ્ત્રીને પૂછે છે : 'નયનને અમૃત આંજનારી ક્યાં છે તે મારી પ્રાણપ્યારી અંજના ?'

તે પણ કહે છે : 'તમે પ્રવાસે ગયેલા ત્યાર પછી કેટલાક દિવસો બાદ તમારા માતાજી કેતુમતીએ અંજનાને ગર્ભવતી જાણીને કાઢી મૂકી. તે પાપી માણસો એ બિચારીને ભયભીત હરણીની જેમ એમના પિતાના નગર મહેન્દ્રપુરની પાસે વનમાં મૂકી આવ્યા છે.'

આ સાંભળીને પવનંજય ક્યાં ઊભો રહે ? પૂર્વનો ભય નજર સામે તરવરી આવ્યો ! સીધો ત્યાંથી ઊપડ્યો સસરાના નગર તરફ ! પરંતુ ત્યાં પણ અંજના મળી નહીં.

ત્યારે એક બાઈને પૂછે છે : 'અહીં મારી પ્રિયા અંજનાસુંદરી આવી હતી કે નહીં ?'

પેલી કહે છે : 'આવી તો હતી. સાથે એની વસંતતિલકા સખી પણ હતી. પરંતુ દુ:શીલતાના દોષને જાણી એના પિતાએ કાઢી મૂકી.'

વજ્રથી હણાયાની જેમ પવનંજય આ વચનથી ભારે આઘાત પામ્યો. પત્નીનું મહાસતીપણું એ જાણે છે. ૨૨-૨૨ વરસ કેવા વિરહ દુઃખમાં એ તરફડી છે, એનો કરુણ ચિતાર એની નજર સામે છે! એવી એને પાછી આ શી આપત્તિ? એમ મુઝવણ છે! અંજનાએ તો આગાહી પણ કરી હતી કે 'જલદી પાછા આવજો, નહિતર કદાચ કલંક ચઢશે.' પોતાને આવવામાં મોડું થતાં હવે બરાબર એમ જ બન્યું દેખી એને ખેદનો પાર નથી!

## પવનંજય ઠપકો કોને દે? :

એ ઠપકો પણ કોને આપવા જાય? કોને એ કહે કે 'તમે આ શું કર્યું?'

- શું પોતાની માતાને કહે કે 'આ મને આવવા ય દીધો નહીં, ખુલાસો ય લીધો નહીં, ને આ કર્યું?'

- તો શું અંજનાના માતા-પિતાને કહે કે 'અરે! મારી મા તો સાસુ કહેવાય તે રોષ બતાવે; પણ તમે એના મા-બાપ થઈને એને બિચારીને ધકેલી મૂકવાનું આ શું કર્યું? આવી કુલીન શિરોમણિ પુત્રીને હડકાયી કૂતરીની જેમ હડધૂત કરી જંગલમાં ભગાડી?'

કોને કહે? જેને કહે, તે એમ જ કહે ને કે 'ભાઈસા'બ! અમને ખબર નહીં કે વસ્તુસ્થિતિ આમ હશે?'

અને એ કથન તો પોતાના ઉપર પહેલું લાગુ પડે. કેમ કે પોતે અંજનાના સતીત્વ અને પતિવ્રતને નહીં જાણીને જ ૨૨-૨૨ વરસ છેહ દેનારો બન્યો હતો. એને કે બીજા કોઈને ય અંજનાના ઉપર તેવો વ્યક્તિગત દ્વેષ નહોતો, પરંતુ વસ્તુ સ્વરૂપની અજ્ઞાનતા હતી, એ કારણે જ આમ બનવા પામ્યું હતું!

## અજ્ઞાનતાની ભયંકરતા :

અજ્ઞાનની ભારે મોંકાણ છે! અજ્ઞાનને લીધે જ જીવ ખોટી કલ્પનામાં દોડી કેટલાય અજુગતાં કાર્ય કરે છે! અજ્ઞાનતાથી પોતાના નિકટના સ્નેહી સાથે પણ ઝગડે છે! કેમ કે સામાનો આશય શો હતો? સંયોગો કેવા હતાં? વગેરે કાંઈ જાણવા ઊભો રહેતો નથી ને ઉપર ઉપરથી ભૂલભાલ જોઈને તપી જાય છે ને ખોટો ધમધમે છે! કોની ઉપર? જેની સાથે જિંદગી કાઢવાની છે,

જેના સ્નેહ અને જેની સહૃદયતાની જીવનભર અપેક્ષા રહેવાની છે, એની ઉપર ધમાધમ ? એની સાથે ક્લેશ ? એથી સામાના દિલ ભાંગી ગયા, પ્રેમભર્યા હૃદયના તાર તૂટી ગયા, પછી એનું સંધાન કેવી રીતે થશે ? આ બધું શાના ઉપર છે ? એક અજ્ઞાનતાના લીધે જ ને ?

ડહાપણ તો એ છે કે એવો કોઈ ક્લેશ, ધમધમાટ, એવો કોઈ સંતાપ અને વિકલ્પ કરતાં પહેલાં પોતાનું અજ્ઞાન દૂર કરવું જોઈએ. એટલે કે સામાના સંયોગો, સામાનો આશય, આજુબાજુની પરિસ્થિતિ વગેરે સમજવી જોઈએ ને ક્લેશ ટંટો કરવામાં સામાને તેમજ બીજાને શું અનર્થ થાય ? ને પોતાના જ વિરુદ્ધ કેવું પરિણામ આવે...? ઇત્યાદિ વિચારવું પડે. નહિતર આ બધાની અણસમજમાં, અજ્ઞાનતામાં એવા ભારે નુકસાનો ય નીપજે છે કે જે જિંદગી સુધી સાલ્યા કરે છે !

અજ્ઞાન; એ મોટું પાપ છે. માટે તો કહ્યું છે કે,

**'अज्ञानं खलु कष्टं, हिंसादिभ्योऽपि सर्वपापेभ्य:'** – અજ્ઞાન; એ ખરેખર ! હિંસાદિ સર્વપાપો કરતાં વધુ ક્લેશમય છે, ક્લેશદાયી છે.

- નાગદત્ત શેઠને ખબર નહોતી કે પોતાની દુકાન પર ચઢી જનાર બોકડો એ પોતાનો પૂર્વ ભવનો બાપ હતો અને એ પૂર્વ જન્મના સ્મરણથી રક્ષણાર્થે દુકાન પર ચઢી ગયો હતો. તેથી જ એને ડંડો મારીને દુકાન પરથી નીચે ઉતારી કસાઈના હાથમાં જવા દીધો અને કસાઈએ એને હલાલ કરી નાખ્યો !

- ગરીબ મા-દીકરાએ સામ સામે ગાળ દીધી, દીકરાએ કહ્યું કે 'તું શૂળીએ ચઢવા ગઈ'તી, તે મારા માટે રોટલો ન કરી રાખ્યો ?'

  ત્યારે માએ કહ્યું કે 'તારા હાથ કપાઈ ગયા'તાં કે શીકા પરથી રોટલો ઉતારી તેં ન ખાધો ?'

એમાં બંનેને ધર્મના યોગે પછીના ભવમાં સારો ભવ મળવા છતાં એ જ શબ્દો મુજબ બન્યું. માતાનો જીવ શેઠની પુત્રી થઈ, ચોરે કંકણ લેવા એના હાથના કાંડા કાપી નાખ્યા ! દીકરાનો જીવ શ્રેષ્ઠી પુત્ર થયો અને એ જ કંકણ

ચોરે ધર્મશાળામાં ઊંઘતાં એવા એની પાસે મૂકી દેવાથી સિપાઈઓ વડે આ પકડાયો અને શૂળીએ દેવાયો ! આ શાથી ? એવા બોલના કરપીણ વિપાક નજર સામે નહીં માટે ને ?

આ જીવનમાં એવા તો દુષ્ટ વાણી, વર્તાવ અને વિચારો તથા કામ-ક્રોધ-લોભાદિ કષાયોની પાછળ નીપજતાં નરકાદિ દુર્ગતિઓના કારમા દુ:ખ નજરે નથી ચઢતાં, માટે જ જીવો એ દુષ્ટ વાણી, વર્તાવ તથા વિચારો અને કષાયોથી ભલે પ્રત્યક્ષ તેવો લાભ નહીં મળવા છતાં એને નિરંતર સેવ્યે જાય છે !!

માટે તો જ્ઞાની કહે છે કે તત્ત્વજ્ઞાન મેળવો. જેથી આત્મા, કર્મ, કર્મબંધના કારણો, કર્મના વિચિત્ર બંધ-ઉદય-સંક્રમણ વગેરે જાણવામાં આવે, તો દુષ્ટ પ્રવૃત્તિથી બચાય અને પવિત્ર જીવનના માર્ગે લગાય. તત્ત્વજ્ઞાન જેવું જગતમાં બીજું ધન નથી.

'જ્ઞાન સમો કોઈ ધન નહીં, સમતા સમ નહીં સુખ.'

**જ્ઞાન; એ જબરદસ્ત રક્ષણ આપે છે ! પુણ્ય આપે છે ! આશ્વાસન અને વિવેક આપે છે ! ભગવાન શ્રી જિનેશ્વરદેવના જ્ઞાનભર્યા શાસનનું આલંબન મળ્યા પછી જ્ઞાનનો ખપ ન કરવો; એ તો શાસનને ન ઓળખવા જેવું છે. અસ્તુ.**

## પવનંજય બળી મરવા તૈયાર :

પવનંજય સાસરામાં પણ અંજનાસુંદરીને ન જોતાં, એને કાઢી મૂક્યાનું જાણી પર્વતો અને વનોમાં શોધવા નીકળી પડે છે, પણ ક્યાંય એનો પત્તો લાગતો નથી, એટલે હિંમત હારી જાય છે ! મિત્ર પ્રહસિતને એ કહે છે :

'હે મિત્ર ! હવે તું ઘેર જા અને જઈને માતાજી તથા પિતાજીને કહેજે કે આ પૃથ્વી ઉપર હું ઘણું ભમ્યો, ઘણી શોધ કરી છતાં હજી સુધી અંજનાસુંદરીનો ક્યાંય પત્તો લાગ્યો નથી. તે બિચારીનો પત્તો લગાડવા હજી ય વનમાં હું શોધ તો કરીશ, પરંતુ જો એ નહીં જ મળે, તો પછી મારાથી એના વિના જીવી શકાય એમ નથી ! એટલે હું અગ્નિમાં પડીને બળી મરીશ.'

## દાનો દુશ્મન સારો... :

આ એ જ પવનંજય છે કે જેને એક વાર અંજનાસુંદરી તરફ ભારે ઇતરાજી હતી. આજે એ એની પાછળ અગ્નિમાં બળી મરશે, એમ કહે છે.

**માણસના દિલ ક્યારે ફરે; એ શું કહી શકાય ? અલબત્ત; સરખું નિમિત્ત મળે, તો નરસામાંથી સારો થાય અને હલકું નિમિત્ત મળે, તો સારામાંથી નરસો થાય. નિમિત્ત કશું નથી કરતું એ કહેવું; એ અજ્ઞાનદશા છે.**

પવનંજય ઝૂરતી ચક્રવાકીને જોવાના નિમિત્તે જ પલટાયો છે. પરંતુ એટલું છે કે એ એક વાર દુશ્મન જેવો છતાં અંદરખાને ઉદાર સમજદાર હતો, તો આ શક્ય બન્યું. માટે તો કહેવાય છે કે દાનો દુશ્મન સારો, પણ મૂરખ મિત્ર ખોટો. કહેવાય મિત્ર, સગો કે સ્નેહી, પરંતુ ક્ષુદ્ર સ્વભાવનો હોય, કદરહીન હોય, કૃતઘ્ન હોય, દુરાગ્રહી હોય, તો અવસરે એ ગરદન મારે.

- કોણિક; એ શ્રેણિક રાજાના પુત્ર કહેવાવા છતાં ક્ષુદ્ર સ્વભાવનો અને કૃતઘ્ન હતો, તો એનાથી જ શ્રેણિકને વેઠવું પડ્યું.
- બાળચન્દ્ર એ હેમચન્દ્રસૂરિજી મહારાજનો શિષ્ય હતો, પરંતુ કદર વિનાનો હતો, તો ગુરુના સ્વર્ગવાસ પછી ગુરુભાઈ રામચન્દ્રસૂરિજી પાસે ગુરુવચન ભંગાવવા પ્રેરે છે. એ તો રામચન્દ્રસૂરિજી મહારાજ કૃતજ્ઞ હતાં, ગુરુની અનંત ઉપકારની કદર કરનારા હતાં અને ગુરુ કરતાં પોતાને અજ્ઞાની સમજનાર હતાં, તેથી ગુરુ-આજ્ઞાને શિરસાવંદ્ય કરી.

  ગુરુએ બાળચન્દ્રને આચાર્યપદવી આપવાની ના કહી હતી, તો તે ન જ આપી અને એ આજ્ઞાને વળગી રહેવા ખાતર યાવત્ ધીખતી તવી પર સહર્ષ ચઢી બેસી પ્રાણના બલિદાન આપ્યા.

  પણ જો એ બાળચન્દ્રની જેમ ગુરુના અનંત ઉપકાર સમજવાને અશક્ત હોત, કદરહીન હોત, તો તો વિચારત કે ગુરુ તો આજ્ઞા કરે, પરંતુ મને બાલચન્દ્ર યોગ્ય લાગે છે, અગર એને આચાર્યપદ આપવું આવશ્યક લાગે છે, તો ગુરુ-આજ્ઞાનો સામનો કર્યો હોત. માટે જ કહેવાય છે કે મૂરખ મિત્ર ખોટો. રામચન્દ્રસૂરિજી તો કૃતજ્ઞ અને સમજદાર શિષ્ય હતાં એટલે બાલચન્દ્રને મચક ન આપી ને ગુરુ-આજ્ઞાને પ્રાણના ભોગે સાચવી !

જીવન પર અધિકાર બે ય જાતના બજાવી શકાય :

(i) એક, ગુરુને બહુમાનવા, ગુરુની અખંડ ભક્તિ કરવા ને ગુરુનો વિનય કરી ગુરુ આજ્ઞાઓને વળગી રહેવાના.

(ii) જીવન પર અધિકાર બીજો ગુરુને અવગણવા, ગુરુને હલકા પાડવા, ગુરુ સામે ઘમંડ, ઉદ્ધતાઈ ને તોછડાઈ કરવા તથા ગુરુઆજ્ઞાને ઠોકર મારવાના જીવન ઉપર અધિકાર.

અંતરાત્મામાં જ્યારે અભિમાન, જાતવડાઈ, સ્વાર્થાંધતા, ક્ષુદ્રતા વગેરે દુર્ગુણો અધિકાર જમાવી બેઠા હોય છે, જ્યારે સાત્ત્વિકભાવને બદલે તામસીભાવ જોર કરતો હોય છે, ત્યારે ગુરુદ્રોહના જીવન જીવાય છે.

પવનંજય ક્ષુદ્ર નહોતો, ઉદાર અને સમજદાર હતો, તેથી ભ્રમણા દૂર થતાં અત્યારે એ સ્થિતિ સુધી પહોંચ્યો કે અંજનાની વિટંબણા પાછળ પ્રહસિતને કહે છે કે 'જા, જઈને પિતાજીને કહે કે હજી પણ અંજનાની શોધ કરીશ અને અને એનો પત્તો નહીં લાગે, તો હું અગ્નિસ્નાન કરીશ.'

## પ્રહસિત ખબર આપે છે :

પ્રહસિત ઉપડ્યો આદિત્યપુર નગરે અને ત્યાં જઈને એના પિતા પ્રહ્લાદ અને કેતુમતીને એનો સંદેશો કહ્યો. સંદેશો સાંભળીને કેતુમતી ક્યાં ઊભી રહે ? હૃદય પર પત્થરનો ઘા લાગવાની જેમ આ સમાચારથી એવો જોરદાર આઘાત એ પામી કે ત્યાં ને ત્યાં મૂર્છિત થઈ ગઈ ! પડી જમીન પર ! તરત જ ત્યાં એની મૂર્ચ્છા ઉતારવા ઉપાય કરવામાં આવ્યા ને એ ચેતના પ્રાપ્ત થતાં કલ્પાંત કરતી કહે છે :

## કેતુમતીનો કલ્પાંત :

'હે પ્રહસિત ! આ તેં શું કર્યું ? તું જ કહે છે કે એણે મરવાનો નિશ્ચય કર્યો છે, તો પછી એવી સ્થિતિમાં એ તારા પ્રિય મિત્રને વનવગડામાં એકલો મૂક્યો ? કેટલો તું કઠોર કાળજાનો ! અથવા તારો હું શો દોષ કાઢું ! પાપિણી ને વગર વિચાર્યું કરનારી તો હું જ છું ! અંજના બિચારી ખરેખર નિર્દોષ હોવા છતાં મેં જ કેમ એને કાઢી મૂકી ? એ સાધ્વી સ્ત્રીની ઉપર ખોટું દોષારોપણ કરવાનું ફળ મને અહીં જ મળી ગયું ! અતિ ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ અહીં જ મળી જાય છે !'

આવી રીતે કેતુમતી કાળો કલ્પાંત કરી રહી છે ! પ્રહસિતને ઠપકો આપે છે કે

'મિત્રને કેમ એકલો જંગલમાં મૂક્યો ?' કારણ એ જ કે કટોકટીની સ્થિતિમાં એકલો મૂકાયેલો અનર્થ કરી બેસે !

સંસારરૂપી વનમાં પણ એકલા જીવનું એવું જ છે ને ? જીવ કેઈ અનર્થો કરી બેસે છે, માટે જ એને સદ્‌ગુરુ તથા સાધર્મિકના સહવાસની જરૂર છે કે જેથી એ અનર્થ કરતો અટકે. આ બે વિના બીજું તો કોણ એવા પાપોથી બચાવનાર છે ? સૌ શરીરના જોખમથી વારે, આત્માને થતાં મહાજોખમથી કોણ વારે ? ખરું વારવાનું તો એ છે.

કલ્યાણમિત્રનું કાર્ય એ છે, તમે બીજા સાથે સંસારની સગાઈમાં હોવા છતાં કલ્યાણમિત્ર સાધર્મિકનું કામ કરી શકો. કામ એ કે સામાનો આત્મા ક્યાં ક્યાં જોખમમાં મૂકાય છે ? એ જોઈ જોઈને એને શક્ય ઉપાયો દ્વારા એથી અટકાવવો જોઈએ. એવું જ જાતને માટે એ સગાંઓ સાધર્મિકનો વર્તાવ કરે; એવા કલ્યાણમિત્ર બનાવી દેવા જોઈએ કે જેથી એ આપણને અનર્થોથી બચાવે.

પ્રહસિતના આવવાથી કેતુમતીને પોતાની ભયંકર ભૂલનું સચોટ ભાન થાય છે. 'મહાસતી એવી પુત્રવધૂ પર પોતે આળ ચઢાવ્યું અને એને કાઢી મૂકી, એ અતિ ઉગ્ર પાપ થયું અને એનું તત્કાળ ફળ મળ્યું' એમ સમજે છે.

શાસ્ત્ર પણ કહે છે કે અતિ ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ અહીં જ મળી જાય છે. માણસ આપત્તિ આવ્યે મૂંઝાય છે, શોક, ઉદ્વેગના કાળા પાપ ઉપરાંત કેઈ ખોટા વિચારો અને પાપપ્રવૃત્તિઓ કરવા માંડે છે ! પણ એને એ ખબર નથી કે આ કર્યા કરતાં ત્યાગ, તપસ્યા, બ્રહ્મચર્ય, જિનભક્તિ આદિના અતિ ઉગ્ર પુણ્યકાર્યમાં કાં ન લાગી જવું કે જેથી એ અહીં જ ફળી ઉઠે ! અને ચિત્તની મુઝવણ, અસમાધિ જાય.

જો જો હોં, વિષક્રિયારૂપ બનતી ધર્મક્રિયા નથી કરવાની ! પરંતુ સમાધિ માટે, અસમાધિ ટાળવા માટે ધર્માનુષ્ઠાન સેવી શકાય છે. બેમાં બહુ ફરક છે.

- એકમાં પૌદ્‌ગલિક ભોગો અને એના સાધનોની જ મુખ્ય લંપટતા છે, બીજામાં ચિત્તની સમાધિ-સ્વસ્થતાની મુખ્ય કામના છે.

● એકમાં ધર્મનું વેચાણ છે, બીજામાં ધર્મનું શરણ છે.

કર્તવ્ય આ છે : વારંવાર ધર્મને શરણે જાઓ. પ્રારંભમાં કદાચ એમ થાય કે,

'ધર્મ કરું, નવકાર ગણું, જેથી આપત્તિ ટળે, સમાધિ મળે.' પરંતુ પછી આગળ વધતાં એમ થવું જોઈએ કે,

'ધર્મ કર્યા કરું, નવકાર રટ્યા કરું, કેમ કે ધર્મ જ શ્રેષ્ઠ પુરુષાર્થ છે, માત્ર ધર્મ જ કર્તવ્ય છે !'

આમાં આગળ વધવા લાગે એટલે ધર્મ કરતાં કરતાં એટલા બધા ભાવોલ્લાસ વધે છે કે એ ધર્મસાધનાને ઉગ્ર પુણ્યની ઉપાર્જક બનાવે છે.

શું પુણ્ય કે શું પાપ; ઉગ્ર બનવાનો મુખ્ય આધાર અંતરના શુભાશુભ ઉગ્ર ભાવોલ્લાસ પર છે. પાપનું કામ નાનું પણ હોય, પરંતુ અંતરના ભાવ જો ઉગ્ર હોય, તો ય ઉગ્ર પાપકર્મ બંધાય છે. માટે જ અંતરના ભાવ, લેશ્યા, લાગણી વગેરે ઉપર કાબૂ રાખવાનો છે. નહિતર બાંધેલા ઉગ્ર પાપ કદાચ આ જીવનમાં જ ફળ દેખાડી દે !

વર્તમાન કાળે પણ અહીં જ ઉગ્ર પાપ ફળ્યાના દાખલા બને છે.

## ઉગ્ર પાપના બે દૃષ્ટાંત :

(i) એક માણસ ઓરડીનું બારણું બંધ કરી ભીંતના ખૂણામાં અગ્નિની ઝાળ ફેરવતો હતો, પણ એક વાર એવું બન્યું કે બાજુનો શ્રાવક મિત્ર અચાનક બારણું ખોલી અંદર આવ્યો, પૂછે છે :

'આ શું કરો છો ?'

પેલો કહે છે : 'કાંઈ નહીં, એ તો માળા માકણ બહુ કરડે છે એટલે...'

'અરે ! તમારું ભલું થાય ! આ જીવ મારવાનો ધંધો ?'

કેટલાક વખત પછી એ ભાઈ દેશમાં ગયેલા, ત્યાં આ શ્રાવક મિત્રને મળવા જવાનું થયું. જઈને જુએ છે તો પેલા ભાઈના મોં-હાથ બળી ગયા છે !

પૂછ્યું : 'આ શું ?'

પેલો રડી ઊઠતાં કહે છે : 'એ તો ભાઈસાબ ! સ્ટવ સળગાવતાં ઝાળ ઊઠી, તેમાં આ બળ્યો !'

આને પૂર્વની હકીકત યાદ આવી અને દિલ સંવેગથી ભરાઈ ગયું !

(ii) બીજો દાખલો એવો બન્યો કે એક ભાઈને સાધુની નિંદા, દ્વેષ વગેરે કરવાની બહુ આદત. અવસર એવો આવી લાગ્યો કે એના પહેલાં દીકરાનું લગ્ન લીધેલું. આખી નાતને જમાડવા વરો કર્યો. જમણના દિવસે સવારમાં જ કાંક શું થયું તે એ ભાઈનું શરીર અને જીભ જ ખેંચાવા માંડ્યા ! રાડ પાડે છે, બધા ભેગા થઈ જાય છે, પોતાને કંઈક કહેવું છે, પરંતુ કહે શી રીતે ? જીભ અંદર ખેંચાઈ ગઈ છે, તે સ્પષ્ટ બોલાતું નથી એટલે 'આ... આ... આ' કરે છે. લગ્ન લગ્નને ઠેકાણે રહ્યું અને ભાઈ; શરીર તો લોખંડી પહેલવાન જેવું હતું છતાં ત્રણ દિવસની વિટંબણા ભોગવી ઉપડી ગયા ! કહેવાનું ઘણું ય હતું પરંતુ બધું ય મનમાં રહ્યું !

કેતુમતી કલ્પાંત કરે છે ! પહેલાં તો પ્રહસિતને કહ્યું કે 'તું કઠોર કાળજાનો, મિત્રને એવી દશામાં મૂકીને શું આવ્યો ?' પણ પછી કહે છે : 'વાંક મારો જ છે, એટલે તેનું આ મને ફળ મળી રહ્યું છે. અતિ ઉગ્ર પાપ અહીં જ ફળે; એવું મારે થયું. દેવી જેવી પુત્રવધૂ અંજનાસુંદરી પર મેં આળ ચઢાવ્યું, તો મારો દીકરો હવે બળી મરવા તૈયાર થયો છે...' આ પ્રમાણે રોતી અને કલ્પાંત કરતી તેને પતિ પ્રહ્લાદ કહે છે :

'અત્યારે રોતાં બેસી રહેવાનો અવસર નથી, નહિતર વહુ ને દીકરો ય હાથથી જશે. માટે એની તપાસ કરાવીએ અને જાતે પણ કરીએ.'

## એકલાં રોદણાં શું સૂચવે છે ? :

કેતુમતી કબૂલ થાય એ સહજ છે. ઉપાય કરવાને બદલે માત્ર રોતાં બેસી રહેનારો વધુ નુકસાન વેઠે છે. વસ્તુસ્થિતિ હાથથી ગુમાવે છે !

'હાય મારે પાપનો ઉદય ! મારાથી કંઈ ધર્મ નથી થતો ! મારામાં કોઈ ગુણનું ઠેકાણું નથી' એમ એકલાં રોદણાં રુઓ છો ને ? કે ચાંપતાં ઈલાજ કરો છો ? ના; કેમ ના ? ધર્મ કે ગુણ પર સાચી લગની નથી જાગતી, તો પરિણામ શું ?

પ્રહ્‌લાદ અને કેતુમતી તરત જ ચાંપતાં ઈલાજ લે છે, કેમ કે દીકરા પર અથાગ પ્રેમ છે. ઈલાજ કરે તો લાભની આશા. તેમ શક્ય એટલા પણ ધર્મની, સુકૃતોની અને ક્ષમાદિ ગુણોની પ્રવૃત્તિ કરે, તો બાજી સુધરવાની આશા. બાકી તો 'મારાથી કશું નથી બનતું' એમ માત્ર રોદણાં કર્યાથી શું વળે ?

## શોધમાં :

પ્રહ્‌લાદ પોતાના વિશ્વાસપાત્ર વિદ્યાધર રાજાઓ પાસે માણસો મોકલી પવનંજય અને અંજનાસુંદરીની શોધ કરવાનું કહેવરાવે છે. પોતે પણ રસાલા સાથે શોધવા નીકળી પડે છે.

## પ્રહ્‌લાદનો ખેદ અને શોધ :

કેતુમતીએ અંજનાસુંદરીને કઢાવી મૂકી; એ વાત કદાચ એનો પતિ પ્રહ્‌લાદ જાણતો પણ નહીં હોય. હવે જો તેને એમ જાણવા મળે કે આવી સુશીલ મહાસતી પુત્રવધૂને ધકેલી મૂકી હતી અને તેમાં ય એ પરથી અંજનાના બાપે પણ એને ન સંઘરતાં જંગલમાં ધકેલી દીધી હતી, તો એ જાણતાં એને કેટલો બધો પારાવાર શોક થાય !

તેમાં પાછું પોતાના પુત્રની ભટકવાની સ્થિતિ અને અંતે બળી મરવાની તૈયારી જાણે, ત્યારે તો કેટકેટલો ખેદ અને ભયંકર આકુલ-વ્યાકુલતા એ અનુભવે ! પણ હજી બંનેમાંથી એકેયના મૃત્યુના સમાચાર નથી મળ્યા, ત્યાં સુધી આશા છે. બીજાઓ દ્વારા તપાસ કરાવવા સાથે જાતે પણ ભારે ત્વરાથી બંનેની શોધમાં નીકળી પડ્યો છે !

## અંજનાને જાણ :

ત્યારે, અહીં પવનંજય અને અંજનાસુંદરી બંનેની સ્થિતિ વિકટ બની છે. પવનંજયને અંજનાનો પત્તો લાગતો નથી, એટલે અંતે એ આશા મૂકી દે છે !

ત્યારે, અંજનાના મામા પાસે પ્રહ્‌લાદનો માણસ જઈને પવનંજયનો પત્તો નહીં અને એની ઠેઠ બળી મરવાની તૈયારી સુધીના સમાચાર મળ્યાની હકીકત કહે છે, એટલે અંજનાનો બધો આનંદ ખતમ થઈ જાય છે !

## વસ્તુ ક્યાં અને શોધ ક્યાં ? :

પવનંજયે વને-વન ભટકીને ઘણી શોધ કરી, પણ અંજનાસુંદરી મળી નહીં. ક્યાંથી મળે ? અંજના વનમાં ગયેલી વાત સાચી, પણ અત્યારે તો એ મામાના રાજમહેલમાં જઈ વસી હતી, તે જંગલમાં ક્યાંથી જડે ?

- સાચું સુખ આત્માની નિર્વિકારદશામાં પડ્યું છે, વિષયોથી અલિપ્ત રહેવામાં પડ્યું છે, તે સુખને વિષયોના સંગમાં શોધવા જાય, તો ક્યાંથી જડે ?
- સાચો ધર્મ જિનવચનના પાલનમાં વસ્યો છે, તેને આપમતિમાં કે મિથ્યામાર્ગમાં શોધ્યે ક્યાંથી હાથ લાગે ?
- સાચી ઉન્નતિ આધ્યાત્મિક જીવનમાં રહેલી છે, તેને ભૌતિક પ્રવૃત્તિઓમાં ખોળ્યે શી રીતે સાંપડે ?
- સાચું જ્ઞાન કષ-છેદ-તાપની પરીક્ષામાં પસાર થયેલા જિનાગમમાં ભર્યું છે, તેને અશુદ્ધ મિથ્યાશાસ્ત્રોમાં કે પૌદ્‌ગલિક શાસ્ત્રોમાં શોધે, વરસોના વરસો એમાં કાઢે, છતાં ત્યાં ક્યાંથી પ્રાપ્ત થાય ?

સર્પના મુખમાં અમૃતની શોધ કરવા જાઓ, તો જડે ?

બસ,

- વિષયોમાં સુખ શોધવાનો પ્રયત્ન;
- અસર્વજ્ઞ-અજ્ઞાનીના વચનમાં સાચો ધર્મ કે સાચા તત્ત્વ ખોળવાનો પ્રયત્ન,
- ભૌતિક વિકાસમાં જીવનની ઉન્નતિ મેળવવાનો પ્રયત્ન;

એવો જ ફજૂલ યત્ન છે.

મહેલમાં વસેલી અંજનાને શોધવા પવનંજય વનોવન ભટકે છે ! પાસે ગગનગામિની વિદ્યા છે, એટલે શીઘ્રતાથી અને દૂર દૂરના વનોમાં ભમી શકે છે ! પણ તેથી શું ? ઊડવાની છતી વિદ્યાએ કોઈ શહેરમાં જોવા તરફ એનું ધ્યાન પણ જતું નથી !

અજ્ઞાનદશા કેવી કારમી વિટંબણા કરાવે છે ! જીવની પાસે પુરુષાર્થ-પ્રયત્નની શક્તિઓ છતાં એને સાચે રસ્તે ખરચવા તરફ એનું ધ્યાન પણ જતું નથી ! ને અવળે રસ્તે એ જોશભેર ખરચે છે !

- બુદ્ધિ ગમે તેટલી દુન્યવી શાસ્ત્રો શીખવામાં ખર્ચી, પરંતુ એમાંથી સરવાળે પોતાને શો લાભ ?

- એમ પૈસા-ટકા, માન-સન્માન આદિ પાછળ ખર્ચેલી શક્તિ, એમાં ય કૂડ-કપટ, જૂઠ-ડફાણ વગેરેની દોડધામ; એ અંતે પોતાને કયા લાભમાં ?

- પૈસાની શક્તિ મળી તો એને બંગલા, પેઢીઓ, પરિવાર તરફ વહેવડાવવાનું મન થાય, પરંતુ મંદિર, ધર્મખાતાઓ કે બીજા સુકૃતો તરફ ધ્યાન જ ન જાય, તો પરિણામે એમાંથી કયું નવનીત નીકળે ?

- પવનંજયે પોતાની શક્તિ કોઈ શહેરો તપાસવાને બદલે વનો-વન ભમવામાં ને શોધવામાં ખર્ચી, શો સાર ?

અંજનાસુંદરીનો પત્તો ન લાગ્યો, ત્યારે અંતે નિરાશ થઈ એ ભૂતવનમાં હવે બળી મરવાની તૈયારી કરે છે. એણે એક ચિતા તૈયાર કરી. જંગલનાં સૂકાં લાકડાં ભેગા કરી એમાં ભડભડ અગ્નિ સળગાવ્યો. ધગધગતી જ્વાળાઓ ભભૂકી ઊઠી ! અને પોતે હવે ચિતાની બાજુમાં ઊભો રહી વનદેવતાને ઉદ્દેશીને કહે છે :

# ૧૪ પવનંજયનું અગ્નિસ્નાન ?

## ચિતા આગળ પવનંજયનો ઈકરાર :

'હે વનદેવતાઓ ! હું વિદ્યાધર રાજા પ્રહ્લાદ અને કેતુમતીનો પુત્ર પવનંજય છું. મારી પત્ની મહાસતી અંજનાસુંદરી તદ્દન નિર્દોષ હોવા છતાં મેં દુષ્ટતાથી લગ્નના દિવસથી માંડીને બહુ રંજાડી છે ! વર્ષો સુધી એના સામું પણ મેં જોયું નથી. એમાં એક વાર સ્વામીના કાર્યે હું પ્રવાસે નીકળ્યો, પણ વચમાં ભાગ્યયોગે એને નિર્દોષ જાણીને હું પાછો ઊડી એની પાસે આવ્યો ને મેં એની સાથે ભોગક્રીડા કરી. પછી પાછો નીકળતાં મેં એને મારા આગમનના ચિહ્ન તરીકે મારી વીંટી આપી. મારા આગમનની ખબર મારા માતા-પિતાને પડવા દીધેલી નહીં, તેથી એમણે અંજનાને ગર્ભ રહ્યો જાણી અંજનામાં દોષની શંકા કરી.'

'પણ હે વનદેવો ! આમાં ખરેખર વાંક તો મારો જ હતો, પરંતુ એમણે એને બિચારીને કાઢી મૂકી. તે આજે એ ક્યાં છે ? તે શોધી મથવા છતાં હું જાણી શક્યો નથી. પૂર્વે પણ નિર્દોષ અને હાલ પણ નિર્દોષ એવી એ ભયંકર દશા પામી; એ મારા જ અજ્ઞાનતાના અપરાધે ! ધિક્કાર છે મારા જેવા મૂર્ખ પતિને ! તો આજે હું અહીં મારી કાયાને આ અગ્નિમાં હોમી દઉં છું, કેમ કે હવે મારે જીવતાં જીવે એનો જીવનભર વિરહાગ્નિ સહવો કઠિન છે.'

'હે વનદેવો ! જો તમે એ મારી પ્રિયાને ક્યાંય જુઓ, તો એને આ કહેજો કે તારા પતિએ તારા વિયોગના દુ:ખથી અગ્નિમાં પ્રવેશ કર્યો છે.'

આટલું બોલીને પવનંજય હવે ઊડીને આકાશમાં જરા ઊંચે જઈ ભડભડતી જ્વાળાઓવાળી ચિતામાં ઝંપાપાત કરવા ઊંચે જાય છે.

પવનંજયની પાસે હજી સુધી કોઈ આવી પહોંચ્યું નથી, તેથી આ સ્થિતિ સુધી મામલો પહોંચી ગયો છે ! ત્યારે અંજનાની પાસે માણસો પવનંજયની પ્રતિજ્ઞાના સમાચાર સાથે પહોંચી જવાથી, જો જો, એની કેવી કેવી સ્થિતિ થાય છે !

આ બધી પરિસ્થિતિનો ખૂબ જ વિચાર કરવા જેવો છે. અંજના માટે પવનંજયનો ખ્યાલ સુધરી ગયો, ઉપરાંત સાસુ-સસરાનો પણ ખ્યાલ હવે સુધરી ગયો છે. ત્યારે પવનંજયને શોધવા માણસો પણ નીકળી ગયા છે. આ બધી પરિસ્થિતિ છતાં એમાં ઉપજવાનું કેટલું, એનો આધાર શાના ઉપર ?

- પવનંજય બળી મરે, તે પહેલાં બરાબર કોઈ બચાવનાર મળી જાય;
- અંજના એવું કશું કરે, તે પહેલાં એને પવનંજયનો ભેટો થઈ જાય;
- મા-બાપ હતાશ થઈ કાંઈ કરી બેસે, તે પહેલાં પવનંજય અને અંજનાના કુશળ સમાચાર મળી જાય;

આ બધી વસ્તુ બનાવવા ઉપર અધિકાર કોનો ? :

આપણે એ વિચારી રહ્યા છીએ કે આપણને કેવા જીવન પર અધિકાર મળ્યો છે, બાહ્ય કે અભ્યંતર ? અર્થાત્ શું બહારની સગવડ, સાહ્યબી, માનપાન વગેરે મેળવવાનું આપણા અધિકારમાં છે ? કે આંતરિક સમ્યગ્દર્શનાદિ ગુણો, દાનાદિ ધર્મપ્રવૃત્તિ, ક્ષમાદિ વિશેષતાઓ કેળવવાનું આપણા અધિકારમાં ? આનો સાચો નિર્ણય જો થઈ જાય, તો તો પછી જિનાજ્ઞાના માર્ગે ખરેખરું પ્રયાણ શક્ય બને.

ભગવાન શ્રી તીર્થંકરદેવોએ ફરમાવેલ માર્ગનો સાર આ છે કે માનવજીવનને પામેલ તે આત્માના અહોભાગ્ય છે કે જે સમજે છે કે પ્રાપ્ત થયેલી આ જિંદગીમાં જો બાહ્ય જીવન ઉપર પોતાનો અધિકાર નથી, તો એ જીવન પરના અધિકારની બજવણીની મથામણ કરવી નકામી છે. એના બદલે સમ્યગ્દર્શનાદિ જે અભ્યંતર જીવન પર પોતાનો અધિકાર છે, તે બજવવો જોઈએ, તેમ કરનારો આત્મા ભવસાગરને તરી જાય છે.

બાહ્ય જીવન પર અધિકાર આ રીતે નથી : ઘણી ઘણી રીતિએ બાહ્ય આર્થિક જીવન સંબંધમાં બુદ્ધિ અને હોંશિયારી, ન્યાય અને નીતિ, કષ્ટ અને ઉદ્યમ

કરવા છતાં ય અંતિમ સૂત્ર 'કર્મ કરે તે થાય' તેના આધાર પર પરિણામ આવે છે.

- ઘણું ય મથવા છતાં અર્થ પર અધિકાર અજમાવી શકાતો નથી. એ જ પ્રકારે,
- બાહ્ય-શારીરિક જીવન પર ઘણા આરોગ્યના નિયમ પાળે, છતાં અંતિમ નિયમ 'કર્મ કરે તે થાય' તે મુજબ પાપકર્માનુસાર રોગ ફાટી નીકળે છે. ત્યાં પોતાના અધિકારની અજમાયશ કરી શકતો નથી.
- બાહ્ય કૌટુંબિક જીવનમાં ઘણાંનું ઘણું કરે, ઔચિત્ય, સેવા, પરમાર્થ કરે, છતાં અંતિમ સૂત્ર 'કર્મ કરે તે થાય' તેના હિસાબે એવા પ્રકારની વિપત્તિ, નાલેશી, હડધૂતતા, અપયશ વગેરે પ્રાપ્ત કરે છે કે એમ સ્પષ્ટ કહી શકાય છે કે લૌકિક જીવન ઉપર અધિકાર પહોંચતો નથી.
- સીતા ઘણું સારું જીવન જીવતી હતી છતાં એનો અપયશ ગવાવા લાગ્યો. પતિને પૂર્ણ વિશ્વાસ હોવા છતાં તેમના જ હુકમથી વનમાં જવું પડ્યું. લૌકિક અધિકાર ક્યાં ચાલી શક્યો ?
- જેણે અણધાર્યા સમયે લક્ષ્મી ખોઈ નાખી, અધિકાર ક્યાં ચાલી શક્યો ?
- આરોગ્યના નિયમ સાચવનારા ય જો બિમારીમાં પડે છે, તો અધિકાર ક્યાં ચાલ્યો ?

માટે જ ડહાપણ એ છે કે જ્યાં પુણ્ય-પાપનો અધિકાર છે, ત્યાં તમારા અધિકારની બજવણી ન કરો અને જ્યાં અભ્યંતર શુભ વિચાર અને શુભ આચાર પર અધિકાર પહોંચે છે, ત્યાં જરૂર બજવણી કરો. જો એનાથી ઊલટું વર્તવું છે, તો તો એવું થયું કે આપણું ચાર માણસ જ્યાં માને છે, ત્યાં હક કરવો નથી; ને જ્યાં દંડા પડે છે, ત્યાં હક કરતાં ચાલવું છે ! તો એ મૂર્ખાઈ કે બીજું કાંઈ ?

એમ, ઉપર કહેલા સુખ, સગવડ, ધન, માનપાનાદિ બાહ્ય જીવનમાં હક કરવા જતાં કેટલીય વાર ક્લેશ, સંતાપ વગેરેના દંડા પડવાનો અનુભવ છે, છતાં ત્યાં હક કરવા છે ! ને જ્યાં શુદ્ધ આચાર તથા શુદ્ધ વિચારના અભ્યંતર જીવન

પર અધિકાર પહોંચે છે, કોઈ અટકાવનાર નથી, જુલ્મગારના હાથમાં પડ્યા હોઈએ, તો પણ હૃદયની નિર્મળતાઓ અખંડ રાખવામાં કોઈ અટકાવનાર નથી, ત્યાં એ અધિકાર બજાવી ન્યાલ થવું નથી; એ કેવી દુર્દશા !

સર્વજ્ઞ ભગવાને બતાવેલા તત્ત્વોનું ચિંતન કરવામાં કોઈ અટકાવનાર નથી. નવકાર મંત્રનું રટણ-સ્મરણ ગમે ત્યારે, ગમે તેવા પ્રસંગમાં કરવું હોય, તો શું એમ કોઈ રોકી શકે કે ખબરદાર નવકાર ગણ્યો તો ? અરે ! જોરદાર આપત્તિઓ તૂટી પડે, છતાં નવકાર મંત્રની રટણા ઉપર અધિકાર પહોંચે છે, એ કરી શકીએ છીએ.

કમઠ તાપસના લાકડામાં અર્ધા બળેલા સાપને કાયા ખતમ થવા બેઠી હતી, પણ નવકારના સ્મરણને એ ન તોડી શકી. એ જીવે અધિકાર બજાવ્યો, નવકાર મંત્રમાં ચિત્ત રાખ્યું તો કર્મસત્તાએ ધર્મરાજાની સેવક બની એને ધરણેન્દ્ર બનાવ્યો !

બધો દોર કર્મના હાથમાં છે. જીવને કર્મ જાણે કહે છે : 'તું મોહનો હક બજાવવા જા, તો દુ:ખોની ઘોર સર્જી દઉં; ને ધર્મનો હક બજાવે, તો સુખના મહા ઈનામ દઉં !' જીવ કોનો પક્ષ કરે છે ? એના પર સજા કે ઈનામનો આધાર !

પણ મોહના અધિકાર બહુ સફળ થતાં નથી. પુણ્યાઈ ન હોય ને લડવા જાય તો હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં પણ હારી જવાય. એના બદલે સંવેગ-વૈરાગ્ય ઉપર આપણો અધિકાર છે. એ બજાવતાં આવડે, તો લડાઈના સ્થાને સામાના હૃદય હચમચાવી નાખે એવા સુકૃત ઊભા કરાય.

બાહુબળીજીએ શું કર્યું ? ભરતને મુઠ્ઠી મારવાનો દાવો છોડી દઈ લોચ કરી ચારિત્ર સ્વીકાર્યું, તો પછી ભરતને પારાવાર પસ્તાવો થયો અને બાહુબળજી ક્રમશ: કેવળજ્ઞાની બન્યા. આન્તર શુદ્ધિના અધિકારની બલિહારી છે.

દેવતા હીરામાણેકના ઢગ કરે, પણ આપણે એને તુચ્છ ગણી સંવેગ-વૈરાગ્યને અદ્ભુત કોટિના સમજતાં હોઈએ, તો તે શું કરી શકે ? જેને એ નહીં હોય, તો કોઈ એક રૂપિયાની અનુકૂળતા કરી આપે ત્યાં ઓશિયાળો થશે, ભારે પાડ માનશે ! આ ઉચ્ચ ભવમાં એક રૂપિયા પર બહુ પાડ માનવાનો ?

બજારમાં ખરીદી કરવી છે. બધા વેપારી સરખો ભાવ બતાવે, એક વેપારી જરા ઓછું કહી રૂપિયો ઓછો કરી આપે, તો મનને થાય છે કે 'આ ખરો વેપારી ! બીજા બધા લૂંટણિયા છે !' એક રૂપિયામાં પ્રશંસા પાછળ મોંમાંથી ફીણ કાઢી નાખશે !

ત્યારે, એથી ઊલટું વૈરાગ્ય પર અધિકાર છે. એની આગળ દેવતા ધનના ઢગલા કરે, છતાં એ દિલને લહેવાઈ જવા નહીં દે. માનશે કે 'ઠીક છે. પુણ્યનો ઉદય છે, ત્યાં સુધી દેવતાને ય આપવાનું મન થાય, પણ પુણ્ય અધિકાર ઉઠાવી લે, પછી સગો દીકરો ય કોડી ન દેખાડે.' એમ કરી ધન પ્રત્યે ઉદાસીન રહી શકે.

ઉચ્ચ કોટિના જીવનમાં અધિકાર લક્ષ્મી ઉપર નથી ને કાયા પર નથી. સંવેગ-વૈરાગ્ય અને સદ્આચાર-વિચાર પર છે.

ખંધક મુનિએ તો આન્તરિક ક્ષમા અને સહનશીલતા પર અધિકાર પહોંચાડ્યો ! ત્યાં પછી ગમે તેવા ચામડી ઉઝરડનારા મારા કે ઉઝરડાવનારો રાજા આવે, એ એમનું શું બગાડી શકે ? એમણે તો હિસાબ ચોક્ખા કરી નાખ્યા, બાહ્યને તો કહી દીધું : 'તું તારું કર, હું મારું બજાવું છું.'

શેઠની લાડીલી છોકરી અચુંકારી ભટ્ટા ગર્વ અને ગુસ્સાનો અધિકાર બજાવતી હતી, પણ અવસર આવ્યે લૂંટાણી, વેચાણી, તો એના પર જુલ્મગારોએ સોયા કોચવાના, લોહી કાઢવાનું, પાછી તગડી કરવાની, પાછા રોજ સોયા ભોંકી-ભોંકી લોહી નીચોવવાનું ! એ કર્યું તો સમજી કે હક્ક કરી સેવેલા ક્રોધના પ્રતાપે, ધમાધમના પ્રતાપે, આ બધા કટુફળ લેવાના આવ્યા. તેના પરથી બોધપાઠ લીધો. જે અધિકાર દુનિયા પર માનતી હતી, તે હવે આત્મા પર સમજી લીધો. ક્ષમા-સમતા રાખવી એ મારા હાથની વાત છે; એમ નક્કી કરી એવી અપૂર્વ ક્ષમા આદરી કે દેવલોકમાં એના ગુણ ગવાયા !

દેવતા પરીક્ષા કરવા આવ્યો ! લક્ષપાક તેલના ત્રણ કિંમતી સીસા ફૂટે છે; પણ બધુંય સળગી જાય તો ય શું ? એ માનતી હતી કે 'મારો અધિકાર એના પર નથી, ક્ષમાના જીવન પર છે ! દુનિયાને સળગવું હોય, તો મારાથી નહીં અટકે, મારે ક્ષમાને સળગાવવી નથી, બહારની ચીજ એ ફૂટવાનું કાર્ય બજાવે, હું ક્ષમા બજાઉં.'

ત્યારે આ જો ન આવે ને ચીજ ફૂટવા પર હૈયાનું બોઈલર ફાટે, તો તેથી શું ચીજ સાજી થાય ? ના, એના પર તમારો અધિકાર નથી, અધિકાર તો અભ્યંતર જીવન ઉપર છે. શુદ્ધ હૃદય અને શુભ ભાવના, સમ્યગ્દષ્ટિ અને વૈરાગ્યક્ષમાદિના ગુણો ઉપર અધિકાર છે. પાપના સંયોગ કેટલીય વિટંબણાઓ લાવે છે, પણ એ બધું અનુકૂળ છે; એમ બનાવી લેતાં આવડવું જોઈએ. એ બધામાં આધ્યાત્મિકતા અને આંતર જાગ્રતિનો દીવડો હક્કપૂર્વક જલતો રાખવો જોઈએ. એના ઉપર અધિકાર પહોંચે છે.

## આંતર જાગ્રતિ :

એક ચિતારાની પુત્રી રાજરાણી બની હતી. કેવી રીતે ? એનો બાપ રાજસભામાં ચિતરામણ કરતો હતો. આ છોકરી પોતાના બાપને બપોરે ભોજન આપવા ગઈ હતી. બાપે તેને બેસવા કહ્યું અને પોતે સંડાસ ગયો; એ વખતે રાજા ત્યાં આવ્યો. તેણે ચિત્રના મોરના પીછાં સાચા સમજી લેવા હાથ લાંબો કર્યો, પણ હાથ ભીંતે અથડાયો ! છોકરી હસી પડી.

રાજા કહે : 'કેમ હસે છે ?'

છોકરીએ જવાબ આપ્યો : 'મારે મૂર્ખાના ખાટલાના ત્રણ પાયા તો મળી ગયા હતાં, પણ ચોથો પાયો ખૂટતો હતો, એ આજે મળી ગયો, તેથી હસું છું ?'

'એ ત્રણ પાયા કયા ?'

'આ જુઓ ને, રસ્તે આવતાં એક ઘોડેસવાર (જે રાજા પોતે જ હતો, પણ આ છોકરીએ બરાબર મોં નહીં જોયેલું તે) પોતાના ઘોડાને જોરથી દોડાવતો હતો. કોઈ ગરીબ મરી જશે તેની જેને પરવા નથી, માત્ર પોતાનો જ સ્વાર્થ જુએ, રસ્તો જાણે માત્ર પોતાના માટે માને, એ બુદ્ધિનો બારદાન નહીં તો બીજું શું ?'

'બીજો મૂર્ખ ગામનો રાજા કે જેણે વૃદ્ધ, યુવાન બધાને સરખે ભાગે રાજસભા ચિતરવા સોંપી. અમારા ઘરમાં એકલા બાપ કમાનાર, બીજાઓના ઘરમાં અનેક કામ કરનાર ! છતાં એનો વિચાર ન કરતાં એકેકને સરખું જ ચિતરવા આપ્યું. આમાં અમારું શી રીતે પૂરું થાય ?'

'ત્રીજો મૂર્ખ મારો બાપ, કે હું રોજ ગરમાગરમ ખાવાનું લઈને આવું, જેથી બિચારા વૃદ્ધને જલદી પચે, વાયુ ન કરે, ત્યારે તેમને સંડાસ જવાનું સૂઝે છે !' અને,

'ચોથો મૂર્ખ તું, કે અહીં મોરના પીછાં લેવા આવ્યો છે. અહીં બંધિયાર સભામાં શાનો મોર અને શાનું પીછું ?'

છોકરીને ખબર નથી કે આ રાજા છે, પણ રાજાને આકર્ષણ થયું, એની બુદ્ધિ ઉપર ખૂબ ખુશ થયો. તેણે છોકરીની ચિતારા પાસે માંગણી કરી ને એને પરણ્યો.

ચિતારાની છોકરી રાણી બની. જુદો મહેલ મળ્યો. રાજા ત્યાં આવે છે. સૂવાનો સમય થયો. રાણીએ અગાઉથી દાસીને કહી રાખેલું તે મુજબ રાજાને ઊંઘ આવે, તે પહેલાં દાસી રાણીને કહે છે : 'એકાદ વાત તો સંભળાવો.' રાણીએ વાત શરૂ કરી.

એક ઝાડ હતું. ત્યાં એક ઊંટ આવ્યું. એને ફળ ખાવાની મજા પડે તેમ હતું, તેથી તેણે ડોક લંબાવી, પણ પહોંચી નહીં. એટલે તેને ગુસ્સો આવ્યો ને તેણે ફરીને પેશાબ કર્યો અને એથી ઝાડના ફળ ભીનાં થઈ ગયા.

દાસી કહે : 'એમ કેમ બને ? પોતે ડોકેથી તો પહોંચ્યું નહોતું ?'

રાણી કહે : 'મને ઊંઘ આવે છે, કાલે આવજે.'

રાજા આ વાત સાંભળે છે. એને રસ રહી ગયો, પણ કહેવાય કેમ કે ઉત્તર હમણાં જ કહી દે ? તેથી બીજે દિવસે પાછો અહીં જ આવ્યો.

બીજે દિવસે ફરી દાસીએ પૂછ્યું, ત્યારે રાણીએ કહ્યું કે 'એ ઝાડ ખાડામાં હતું. ખાડા બહાર ઉપરથી ડોક પહોંચી નહીં, એટલે ઉપરથી નીચે પેશાબ કર્યો.'

પાછી બીજી વાત બુદ્ધિની માંડી અને રહસ્ય આવ્યું, ત્યાં ઊંઘનું બહાનું કાઢી જવાબ બીજા દિવસ પર ઊભો રાખ્યો. એમ રોજ રોજ રસ પડવાથી રાજા ત્યાં આવતો ગયો ને આથી સ્નેહ પણ વધતો ગયો. બીજી રાણીઓ એની ઈર્ષ્યા કરે છે, પણ તેનો કોઈ ગુનો જડતો નથી. આખરે એક પ્રસંગ શોધી કાઢે છે ને રાજાને કહે છે :

'એની પાછળ આ તમે કેમ ગાંડા થઈ ગયા છો ? એ તમને કામણ-દૂમણ કરે છે.'

'શી રીતે ?'

'એ બપોરે ઓરડો બંધ કરી અંદર બેસી કંઈક જપે છે.'

રાજાને જોવાનું કૌતુક થયું. તે એકવાર ઓરડાની બહારથી તરાડમાં જુએ છે. ત્યાં શું દેખ્યું ? એક સુંદર અભ્યંતર જીવન ઉપરના અધિકારની બજવણી જોઈ. રાજરાણીનો ડ્રેસ બાજુએ મૂકી પોતાના બાપના ઘરના ચીંથરેહાલ કપડાં પહેર્યાં છે ને અરીસામાં પોતાના પ્રતિબિંબને ઉદ્દેશીને કહે છે :

'હે જીવ ! તારી લાયકાત તો આ થવાની છે, રાજરાણી થવાની નહીં, માટે જરાય અહંકાર ન કરીશ. આ વૈભવનો કોઈ વિશ્વાસ નથી કે કેટલા ટકે ? માટે એમાં અપજશ ન લઈશ. શોક્ય બહેનો માટે દુર્ભાવના ન લાવીશ. તેમને માન આપજે. પરિવાર સાથે નમ્રતાથી વર્તજે...'

રાજા તો સાંભળીને સ્તબ્ધ થઈ ગયો ! આ તબક્કે આમ કરવાની કોઈ જરૂર છે ? રાજાનો ઘણો પ્રેમ અને માન છે. પોતે ધારે તે કરી શકે એમ છે. છતાં શું દેખ્યું એમાં ? એ જ કે બાહ્ય પર અધિકાર નથી. પુણ્યની શરમ પડે છે, ત્યાં સુધી બધું ઠીક ચાલે છે, પણ પછી બધું નરમ પડી જશે ! ત્યારે આત્મજાગ્રતિ, આત્મનિંદા અને ક્ષમાદિ ગુણો ને ધર્મ ઉપર અધિકાર પહોંચે છે. રાજાએ બીજી રાણીઓની કાનપટ્ટી પકડી આ બધું બતાવ્યું. આ જોઈ બીજી રાણીઓ તેને હવે મહામાન આપે છે !

સારું જીવન, દિવ્ય જીવન એટલે ગુણો અને ધર્મની સાધના અને એ બને મનોબળથી, મનને તૈયાર કરવાથી.

પ્ર. : મનોબળ ન હોય તો ?

ઉ. : માનસશાસ્ત્રીઓ કહે છે : 'તમે ધારો છો તેના કરતાં, ઓછામાં ઓછું, દસગણું બળ, શક્તિ તમારા મનમાં રહેલ છે. માત્ર તમારે નિર્ધારપૂર્વક ઇચ્છાશક્તિ વાપરવાની છે. એથી અદ્ભુત મનોબળ પ્રગટતું આવે છે. એથી આત્માની શક્તિ વધતી ચાલે છે.'

માણસનું જીવન વધારે તો બીજાઓના સંપર્કની વચ્ચે જાય છે. ત્યાં બીજાઓના મનને જીતવાના નિર્ધારપૂર્વક યોગ્ય પ્રયત્ન જોઈએ. મનુષ્ય-સ્વભાવને ઓળખી જીવન વર્તાવ બનાવવો જોઈએ.

મનુષ્ય-સ્વભાવ એ છે કે એને સૌથી વધારે રસ પોતાના વિષયમાં હોય. સામાના પેટમાં આંકડી આવતી હોય, ઊંધો-ચતો થઈ જતો હોય; જ્યારે પોતાને થોડુંક જ દુખતું હોય, પણ પેલો પૂછે કે – 'તમને દુઃખે છે ? કયા ડૉક્ટરની દવા કરો છો ?' તો એમાં જેટલો રસ પડે છે, એટલો સામો એની વાત લંબાવે – 'મને આમ થાય છે, તેમ થાય છે, આ દવા કરી, આ કરી...' વગેરે તો એમાં રસ નથી પડતો. આ સૂત્રને પરખીને જીવન જીવવાના નિયમો એમણે બનાવ્યા છે. એને માર્ગાનુસારી જીવનના કેટલાક નિયમ કહી શકાય. અત્યારે એના વિવેચનનો સમય નથી. બાકી એ ગુણોની વસ્તુ આપણા કેટલા બધા અધિકારમાં છે અને ઉપરાંત મહાન લાભ કરનાર છે, એ વિચારતાં એ અધિકાર બજાવવાનો રસ જાગે એવું છે.

## પાપનો ઇકરાર કેટલો જરૂરી ? :

આપણે જરા દૂર નીકળી ગયા. પરંતુ જીવન પર અધિકારનો વિષય ટૂંકમાં વિચાર્યો.

વાત એ ચાલે છે કે પવનંજય ભડભડતી ચિતામાં કૂદી પડવા તૈયારી કરે છે અને વનદેવતાને ઉદ્દેશીને શુદ્ધ હૃદયે અને નિખાલસ ભાવે પોતાનો ઇકરાર કરે છે.

શાસ્ત્રકારો આ રીતે ગુરુની આગળ પાપનો ઇકરાર કરી પ્રાયશ્ચિત્ત માંગવાનું કહે છે. બાળકની જેમ શુદ્ધ હૃદય અને નિખાલસ ભાવે કરેલો પાપનો ઇકરાર કેટલાય પાપોનો નાશ કરી દે છે. પરંતુ એ કરવા માટે જેમ પવનંજયને પોતાના દુષ્કૃત્યનો ભારે ખેદ થયો અને સાથે દિલમાં અત્યંત નમ્રભાવ આવી ગયો, તેમ આપણને આપણા છૂપા સેવેલા પાપ બદલ ખેદ અને ગુરુ આગળ હલકા પડવાનો નમ્રભાવ આવી જાય તો એનો ઇકરાર શક્ય છે. 'હું આવું કહીને ગુરુની આગળ હલકો કેમ દેખાઉં ?' એવું અહંત્વ નડતું હોય, ત્યાં સુધી ઇકરાર થવો મુશ્કેલ છે.

ત્યારે શુદ્ધ હૃદયના ઇકરાર વિના તો પાપના શલ્ય એવા ઊંડા જામે છે કે જે લક્ષ્મણા સાધ્વીની જેમ ભયંકર દુર્ગતિઓમાં ભમાવે છે. ત્યાં પછી અહંત્વ-અભિમાન કોની આગળ રાખવાનું ? લક્ષ્મણા સાધ્વીને એટએટલું સંયમ અને તપ છતાં એ ૮૦ ચોવીસી એટલે કે લગભગ ૮૦૦ ક્રોડ ક્રોડ સાગરોપમ સંસારમાં ભમી.

માટે જ જ્ઞાની મહાપુરુષો કહે છે કે ગુરુ આગળ બાળભાવે શુદ્ધ હૃદયથી પાપની આલોચના (ઇકરાર) જે નથી કરતો, એ આત્મા આરાધકને બદલે વિરાધક બની દુર્ગતિઓમાં ભમે છે.

અભ્યંતર તપમાં પ્રાયશ્ચિત્તને મોખરે મૂક્યું છે. આલોચના-પ્રાયશ્ચિત્તથી જે શુદ્ધિ કરે, એને જ વિનય-વૈયાવચ્ચ અને સ્વાધ્યાય-ધ્યાનરૂપ બીજા અભ્યંતર તપ ફળે છે.

**સાધુપણામાં શું, કે શ્રાવકપણામાં શું; વ્રતો એ જેમ પાયો છે, તેમ દોષોની શુદ્ધિ એ પણ પાયો છે.**

ધ્યાનમાં રહે કે મોટા ત્યાગ અને તપ સહેલા છે, ભારે દુશ્મનોથી ન હંફાવું સહેલું છે, પરંતુ ગુરુ આગળ પાપનો ઇકરાર કઠિન છે. ત્યારે એ પણ સમજવા જેવું છે કે શુદ્ધિ નહીં કરનારો આત્મા કેટલીય વાર છૂપા દુષ્કૃત્યમાં આગળ વધે છે.

વાત પણ સાચી છે કે જેણે માથે ભાર રાખ્યો હોય કે 'ફરીથી જો હું દુષ્કૃત્ય સેવીશ, તો ગુરુની આગળ કહેવું પડશે અને સંયમ ઘવાશે એ જુદું, તો પછી એ સેવું જ શા માટે ?' આવો ભાર રાખ્યો હોય, એ પાપ વધારવામાંથી બચી શકે. બાકી, જેને ગુરુ આગળ કશું કહેવા-કરવાનું જ નથી, જેને નિખાલસ ઇકરાર જ નથી કરવા, એ શી રીતે બચી શકે ?

યોગ્ય આત્માઓ તો 'સ્ત્રી ઉપર રાગવાળી દૃષ્ટિ પડી કે પુરુષને પણ રાગભર્યો સ્પર્શ કર્યો,' ત્યાં સુધીની આલોચના (ઇકરાર) કરી પ્રાયશ્ચિત્ત લે છે. શાસ્ત્રે કહ્યું પણ છે કે શબ્દ, રૂપ, સ્પર્શ... વગેરેમાં રાગભર્યું આકર્ષણ; એ બ્રહ્મચર્યવ્રતમાં દોષરૂપ છે. આલોચના; એ મહાન સાધના છે.

## સજ્જનને અન્યાય કર્યાનો ખેદ :

પવનંજય જે અત્યારે ઇકરાર કરે છે, તેમાં મુખ્ય તો અંજના પ્રત્યેના પોતાના

રાગને બદલે એવી ગુણભંડાર મહાસતીને પોતે કરેલ અન્યાયનો મહાખેદ કામ કરી રહ્યો છે.

એટલે જ એ ખેદ પરથી કહી શકાય કે અંજનાસુંદરીને જે વીત્યું, એમાં પવનંજયની અધમતા કારણ નહીં, પણ અંજનાના પૂર્વ ભવના કર્મ કારણ હતાં. કેમ કે પવનંજય જો અધમ હોત, તો એનામાં આવો અને આટલો પલટો ક્યાંથી થાત ? પવનંજય ઉમદા હતો અને તેથી જ અહીં પોતે સતીને કરેલા અન્યાય બદલ ભારે ખેદ અનુભવે છે.

સજ્જનોના દિલ એવા પોચા હોય છે કે એ બીજાના પ્રત્યે પોતાથી થયેલ અન્યાય બદલ દ્રવિત થઈ જાય છે, ખિન્નતા અનુભવે છે ! ખૂબી તો એ છે કે વચમાં બીજા પણ સંડોવાયા હોય, પરંતુ એમને દોષ ન આપતાં જાતનો દોષ જ ખાસ જુએ છે. પવનંજય અહીં પોતાની માતા કે સસરાને દોષ નથી આપતો – 'એમણે બધું બગાડી નાખ્યું, ખોટું કર્યું, કેવા મૂરખ માણસો !...' ઇત્યાદિ રોદણા એ નથી રોતો.

## ખતરનાક ત્રિપુટી :

અંજનાના વિયોગ પાછળ એને હવે જીવવું ભારે બન્યું છે ! દુનિયામાં એવા પણ માણસો હોય છે કે જેમને મન પત્ની મરી એટલે ઉંદરડી મરી. પત્નીને કેવળ ભોગનું સાધન અને એક ગુલામડી સમજતાં હોય, એની પાસેથી બીજી શી આશા રખાય ? ભોગલંપટતા, સ્વાર્થાંધતા અને ગુમાન તો માનવ જેવા ઉચ્ચ પ્રાણીની પાસે પણ પશુની કાર્યવાહી કરાવે છે ! કેઈ અધમ કૃત્યો સેવરાવે છે ! માનવતા કોણ ચૂકાવે છે ? એ જ.

**ન્યાયસંપન્ન જીવન, પરોપકારી જીવન, સૌમ્યતાવાળું જીવન, બીજાની નિંદા-તિરસ્કાર વિનાનું જીવન; એ જીવવાના અધિકાર કોણ ખૂંચવી લે છે ? એ જ ભોગલંપટતા, સ્વાર્થાંધતા અને ગુમાન.**

આ ખતરનાક ત્રિપુટીએ તો જગત પર કાળો કેર વર્તાવ્યો છે. આજના ભયંકર અધઃપતન આના લીધે છે. જીવના અનંત કાળના ભવભ્રમણ આની ઉપર ઊભા છે. એને જ્યાં સુધી મોળાં પાડવામાં ન આવે, ત્યાં સુધી પ્રગતિ, ઉન્નતિ કે સદ્ગતિની આશા વ્યર્થ છે.

પવનંજય એવો ભોગલંપટ નથી કે ચાલો; એક અંજના મરી, તો બીજી અનેક અંજનાઓ મળશે. નહિતર તો એ પરાક્રમી છે, વૈભવી છે, યશસ્વી છે, એને શું બીજી પત્નીઓ ન મળે ? મળે, મહા રૂપવતી વિદ્યાધર રાજકન્યાઓ મળે ! પરંતુ અંજનાસુંદરી જેવી ગુણભંડાર અને મહાસતીની ખોટ એને જીવવાનું મુશ્કેલ બનાવે છે, એટલે ચિતામાં બળી મરવા તૈયાર થયો છે !

એક બાજુ એની આ સ્થિતિ છે, ત્યારે બીજી બાજુ જુઓ કે અંજનાસુંદરીની હવે શી સ્થિતિ બને છે.

## અંજનાસુંદરી પાસે માણસો જાય છે :

પવનંજય અને અંજના; બંનેની શોધ માટે પ્રહ્‌લાદે ચારે બાજુ મોકલેલ વિદ્યાધર પુરુષો પૈકી કેટલાક વિદ્યાધરો શોધતાં શોધતાં હનુપુર નગરમાં આવ્યા. ત્યાં રાજા પ્રતિસૂર્ય અને ત્યાં અંજનાસુંદરીને જોતાં ચકિત થઈ ગયા. અંજનાસુંદરીનો પત્તો લાગ્યો તેથી તો હર્ષિત થયા, પરંતુ પવનંજયના મળેલા સમાચાર ઉપર ઉદ્વેગ ઊભો છે. હવે તેઓ અહીં એની વિગત આપતાં કહે છે :

'પવનંજય યુદ્ધ પતાવી ઘરે પાછા આવતાં અંજનાસુંદરીની હકીકત જાણી નીકળી ગયા છે અને એમણે તેમના મિત્ર પ્રહસિત સાથે ઘરે કહેરાવ્યું છે કે 'મેં અંજનાસુંદરીની શોધ કરી, પણ પત્તો લાગ્યો નથી, છતાં હજી શોધીશ અને નહીં મળે તો એના વિરહને સહવા અશક્ત હોવાથી અગ્નિમાં પડી બળી મરીશ.' આવી પ્રતિજ્ઞા કહેવરાવવાથી એમના પિતાએ એમની અને અંજનાસુંદરીની શોધ માટે રાજાઓની પાસે માણસો મોકલ્યા છે, તેમાં અમે પણ અહીં આવ્યા છીએ.'

## રાગ; એ દુઃખનું મૂળ :

કહો જો, અંજનાસુંદરી આ સાંભળીને ક્યાં ઊભી રહે ? મહાસતી, મહાપતિવ્રતા એવી એના માટે તો પતિના આ સમાચાર સાંભળવા મહાકઠિન હતાં. તે વિષપાનની જેમ એ વચનપાન કરતાંવેંત જ એના મુખમાંથી 'હાય ! મરી હું !' એમ ચીસ પડી ગઈ અને ત્યાં તરત જમીન પર મૂર્ચ્છા ખાઈને પડી.

જગતમાં રાગ શું કામ કરે છે ! પવનંજય પર અથાગ રાગ છે, તો આ સ્થિતિ

બને છે. નહિતર તો દુનિયામાં બીજા કેઈના આવા પ્રસંગ બનતાં હોય, છતાં ક્યાં ખેદ થાય છે ?

માટે જ વીતરાગ ભગવાનનો એ ઉપદેશ છે કે રાગ; એ જ દુઃખનું મૂળ છે. **'पापाद् दुःखम्'** કહેવાય છે, એ ખોટું નથી. પરંતુ પાપ થવામાં ય મૂળ કારણ રાગ હોય છે. જેટલા જેટલા અંશે રાગ ઓછો કરવામાં આવે, તેટલા તેટલા અંશે પ્રત્યક્ષમાં પણ દુઃખ ઓછું થવાનું.

અંજના મૂર્ચ્છિત થઈ ગઈ. તરત જ ચંદન વટાવી એના શીતળ પાણીનો છંટકાવ કરવામાં આવ્યો. વીંજણાથી પવન વીંજવામાં આવ્યો; થોડી વારે એણે આંખ ખોલી, પરંતુ મગજ પર દુઃખના અત્યંત ભારને લીધે એ ઊઠીને કલ્પાંત કરે છે ! કહે છે :

## ૧૫ મહાસતીનો કલ્પાંત

'અરે ! આ તે કેવી ઘટના કે પત્નીની પાછળ પતિ મરે ! હજી ય પતિના મૃત્યુ પાછળ એના ભયંકર શોકને લીધે પતિવ્રતા સ્ત્રીઓ અગ્નિમાં બળી મરતી હોય છે. કેમ કે એને તો જીવનભર માટે એક જ પતિ અને તે પતિ વિનાનું જીવન એને મહાદુ:ખકારી બને છે. પરંતુ જેને હજાર સ્ત્રીઓ હોય, એવા પતિને કોઈ એક પત્નીનો વિયોગ થાય, તો તેનો શોક શાનો ? અને શોક હોય, તો ય તેથી ક્ષણિક હોય; પછી તેની પાછળ બળી મરવાની વાતે ય ક્યાંથી હોય ? ત્યારે આ તો ઊલટું થયું કે મારા વિયોગમાં, હે નાથ ! તમે બળી મરવા તૈયાર થયા છો !'

'ધિક્કાર તો મને છે કે હા ! તમારા વિયોગે એક સ્ત્રીજાત એવી હું હજી જીવતી ઊભી છું !'

'ખરેખર નાથ ! મહાસત્ત્વશાલી આપ અને અલ્પ સત્ત્વવાળી હું; બેની વચ્ચે મહાન અંતર મેં હવે જાણ્યું ! અહાહા રત્ન તે રત્ન અને કાચ તે કાચ ! કેવીક ધિટ્ઠ હૃદયની હું !'

'અરેરે નાથ ! મારા જેવી રાંકડી ખાતર આ તમે બળી મરવાના ? મારે માથે આ કેવા દુ:ખના પહાડ તૂટી પડ્યા ! આમાં સાસુ-સસરાનો ય દોષ નથી, તેમ માતા-પિતાનો ય નથી, દોષ તો મારા જ કર્મનો છે.'

### ઉત્કર્ષ-અપકર્ષના ઈનામ :

પવનંજયના ઇકરારની જેમ અંજનાનો આ કલ્પાંત પણ કેટલો બધો ગુણગ્રાહી છે ! કેવોક પરગુણપ્રેક્ષી અને સ્વદોષદર્શી છે ! શાસ્ત્રકારો આ ભાવને ઉચ્ચ ગોત્ર નામના પુણ્યબંધનું કારણ કહે છે, એ પછી ઊંચ કુળમાં જન્મ અપાવે છે.

નિજના અપકર્ષ એટલે કે પોતાનું હલકું અને પરના ઉત્કર્ષ એટલે કે બીજાનું ઊંચું ગાઓ, તો ઉચ્ચ ગોત્ર મળે; એથી ઊલટું, નિજના ઉત્કર્ષ અને પરના અપકર્ષ ગાઓ કે નીચ ગોત્ર ચોંટે !

ત્યારે નિંદા એ શું છે ? પરના અપકર્ષ ગાવાનું જ ને ? બીજાનું ઘસાતું બોલવાનું જ ને ? એમાંથી ઈનામ શું મળવાનું ? નીચ ગોત્ર નામના પાપકર્મની કમાઈ કે બીજું કાંઈ ? પણ માત્ર આટલું નહીં, પરંતુ શાસ્ત્ર જ્યારે નિંદા એટલે કે પરાપકર્ષને નીચ ગોત્રનું કારણ કહે છે, ત્યારે એ હૈયાનો અશુભ ભાવ હોવાનું નક્કી થાય છે અને અશુભ ભાવ એ બીજા કેટલાય શુભને બદલે અશુભ કર્મોનો ય ઉપાર્જક છે !

દા.ત. યશ-સૌભાગ્ય-આદેયવચન-શુભવર્ણાદિ વગેરે ઉપાર્જાય નહીં, પરંતુ અપયશ-દૌર્ભાગ્ય-અનાદેયવચન-અશુભ વર્ણ, રસ, ગંધ, સ્પર્શ આદિ પાપકર્મો, એમ શાતાવેદનીય પુણ્ય નહીં, પણ અશાતાવેદનીય પાપ, ઉપરાંત જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ ચીકણા બંધાય, - એ તો વધારામાં !

કહો જો, જ્યાં બહુ લેવા-મૂકવાનું છે નહીં એવી નિંદા, એવા પરના અપકર્ષ, એવું બીજાનું ઘસાતું અને પોતાના ઉત્કર્ષ અર્થાત્ નિજનું ઊંચું બોલવા-વિચારવામાં શો સાર કાઢ્યો ? એ જ કે નીચ ગોત્રાદિ અનેકાનેક પાપકર્મના કચરા આત્મઘરમાં ઘાલ્યા !!

## નિંદા અને નીચ ગોત્રની ખંધાઈ અને જોહુકમી :

એમાં એક નીચ ગોત્ર કર્મ પણ એટલું બધું ખંધુ છે કે એનાથી હલકા કુળમાં, હલકા ભવમાં જન્મ મળ્યો એટલી વાર ! પછી તો ત્યાં એ ઢેડ-ભંગી-ચંડાલ કે તિર્યંચના ભવમાં સારું સૂઝવાનું નહીં અને તે કુળ કે ભવમાં સુલભ એવું હલકું જીવન જીવવાનું !

**વાઘ-બિલાડી-ગિરોલી વગેરેના ભવ જ એવા છે, માટે જ દિન-રાત જીવને 'મારું મારું' એવી લેશ્યા રહે છે ને ? હલકા અવતારમાં હિંસા, જૂઠ, માંસાહાર, મહાનિંદા, કલહ-ટંટા વગેરે કેઇ મહાહલકી કાર્યવાહીનું જ જીવન ! એના પરિણામે નરકાદિ દુર્ગતિઓનો દીર્ઘ સંસાર જ નીપજે કે બીજું કાંઇ ?**

કહો જો, નીચ ગોત્રની આ કેવી જોહુકમી ? તેમ નીચ ગોત્રને લાવનાર પરાપકર્ષ, નિંદા, સ્વોત્કર્ષ, અભિમાન વગેરેની કેટલી ખંધાઈ અને જોહુકમી ?

## શાસન પામેલાની દશા :

માણસને પેટભરીને નિંદા કરતાં રસ આવે છે ! જાતની વડાઈ ગા-ગા કરતાં થાક લાગતો નથી ! વાતવાતમાં બીજાનું ઘસાતું અને જાતનું ઊંચું બોલવા જોઈએ છે ! એ વખતે એના ભયંકર પરિણામની હારમાળાનો કોઈ વિચાર આવતો હશે ? એ વિચાર આવે, તો આવી પાશવી પ્રવૃત્તિ કરે જ શા માટે ?

જેના પ્રત્યક્ષમાં ખાસ લાભ નહીં અને પરોક્ષમાં દુર્ગતિઓમાં ફેંકાઈ જવું પડે, એવું બોલવા-ચાલવા કે વિચારવાનું જૈનશાસન પામેલો આત્મા શાનો કરે ? શાસન પામેલો એટલે કર્મ, કર્મબંધના કારણ અને વિપાક-પરિણામ જેને સાંભળવા-સમજવા અને સદ્દહવા મળ્યા છે તે... એને તો હવે બીજાનું ઘસાતું કે જાતની વાહ-વાહનું બોલતાં સત્તર વિચાર પડે. હવે તો એને અવસર મળે, ત્યાં શોધી શોધીને બીજાના ગુણ જ અને પોતાના અવગુણ જ વિચારવા-બોલવાની સાવધાની રહે, તત્પરતા રહે. વીતરાગ પરમાત્માના શાસન પામેલાની આ દશા હોય. સામાના સો અવગુણ પડતાં મૂકીને એક ગુણ, એક સારી વાત પણ શોધી કાઢી દૃષ્ટિ એના પર જ ઠેરવે.

કૃષ્ણ મહારાજે ગંધાઈ અને ફદફદી ઊઠેલા કૂતરીના કલેવરમાંથી સફેદ દાંતની પંક્તિ શોધી કાઢીને એના પર જ દૃષ્ટિ ઠેરવી ગાયું કે 'કેવી મોતીના દાણા જેવી સફેદ આ દાંતની પંક્તિ !' આમ કરવામાં એમની શી હલકાઈ થઈ ? ઊલટું, બીજાઓ અચરજ પામ્યા ! અને પોતાનું હૃદય સામાનું હલકું વિચારતાં હલકું બનત, ક્ષુદ્ર બનત, કાળું વિચારતાં કાળું થાત તે અટક્યું ! લખી રાખો :

**મન એ ભીંત છે, એના ઉપર પરાપકર્ષ યાને બીજાની હલકાઇના વિચારરૂપી કાજળના કૂચડા લગાવશો, તો કાળાશ ચઢશે ! અને બીજાના ગુણાનુરાગના વિચારરૂપી સફેદના કૂચડા લગાવશો, તો સફેદાઇ ચઢશે !**

હૈયું હલકા વિચારે ક્ષુદ્ર અને તામસી બને છે, ઉમદા વિચારે ઉમદા અને સાત્ત્વિક બને છે. બીજાની હલકાઈનો વિચાર; એ હલકો વિચાર છે, પોતાની વડાઈનો વિચાર; એ પણ હલકો વિચાર છે. બીજાની વડાઈનો વિચાર;

એ ઉમદા વિચાર છે, પોતાની હલકાઈનો વિચાર પણ ઉમદા વિચાર છે. જેવા વિચાર તેવા બોલ. એ બોલ પણ એમ જ હલકા યા ઉમદા છે.

જીવનને અજવાળવું હોય, પ્રકાશમય કરવું હોય, તો ઉમદા વિચાર અને ઉમદા ઉદ્‌ગાર રાખો, નહીંતર હલકી વિચારસરણી તથા હલકા વાણી-વિલાસથી જીવન કાળું અંધકારમય થશે.

## નરસા ભૂતકાળ ભૂલાય તો :

અંજનાસુંદરી જે કલ્પાંત કરે છે, એમાં પતિના ઉત્કર્ષનો અર્થાત્ વડાઈનો અને જાતના અપકર્ષનો યાને હલકાઈનો વિચાર છલોછલ ભર્યો છે. જો જો હોં, પતિએ પરણ્યા બરાબર ૨૨-૨૨ વર્ષ સધી તરછોડવામાં બાકી રાખી નથી, પરંતુ એમાંનું કશું જ એના મનને સ્પર્શતું સરખું ય નથી, તો એને વખોડવાની વાતે ય શી ! નરસા ભૂતકાળ ભૂલ્યા વિના વર્તમાન સારું નહીં દેખાય. એ તો પતિની એ વડાઈ જુએ છે કે આશ્ચર્ય છે કે 'જ્યાં પતિની પાછળ શોકવશ પત્ની તો બળી મરે, પણ આ તો પત્નીની પાછળ પતિ સળગી મરવા તૈયાર થયા છે ! તેમાં ય જેને હજાર પત્ની મળે એવો પતિ !'

જીવતાં બળી મરવાનું સહેલું નથી ! પોતે હામ-દામ-ઠામથી પૂરો છે ! જે પત્નીના વિયોગ પાછળ આ કરાય છે, એને ધકેલી મૂકવાનો વાંક પોતાની માતાનો છે; છતાં એ ગમે તે હો, પણ પોતે ખૂબ શોધ કરી પત્ની ન મળી, તો હવે જીવન ત્યાગના નિર્ણય પર આવ્યો છે !

## શું જોતાં આવડે છે ? :

અંજનાના મનને આ પતિની મોટી વડાઈ જ નજરે ચઢે છે. વડાઈ શોધવી હોય, તો ન જડે ?

- 'વૈભવી જીવનના હજાર રૂપસુંદરીઓ સાથેના રંગરાગ અને જગતમાં જય, વિજય અને સત્તાના ભોગવટા જતાં કરી એ પ્રાણના બલિદાન કરે છે' એમ વિશેષતા જોવી હોય, તો એમ જોવાય અને એના બદલે,
- 'હાય ! આણે મને ૨૨-૨૨ વર્ષ તો રઝળાવી, હવે લો મરવા ચાલ્યા ! મોટા વિદ્યાધર રાજાના ઘરે જન્મેલી છતાં મારા સંસારસુખ સળગાવી નાખ્યા !' આવો વિચાર કરવો હોય, તો તે ય કરી શકાય.

પણ ના, અંજનાને તો પતિની વિશેષતા જ જોવી છે. એ જ્યારે હજાર સ્ત્રીઓના ભોગને પણ ખોવા તૈયાર થાય છે, તો પોતાને એક પતિના ભોગ ન મળ્યા તો શું ?

## આશ્વાસનની ચાવી :

નિસાસાને બદલે આશ્વાસન લેવા હોય, તો મળે, પણ તે સરખી ટકાવારી મૂકતાં આવડે તો. જીવનમાં કેટલા ય સુખ-દુ:ખ તો સવળી-અવળી ટકાવારી ઉપર મંડાય છે. તમારા કરતાં બીજા કેઈને અધિક દુ:ખ છે, એ જોવા દૃષ્ટિ ખુલ્લી રાખો તો તમારા દુ:ખના ટકા કપાય. ત્યારે બીજાને 'બહુ સુખ છે, બહુ સુખ છે' એ જોયા કરશો, તો છતાં સુખે તમારી જાત દુ:ખી લાગશે; પછી કાં ઈર્ષ્યા થશે, કાં નિસાસા ઊઠશે અને એના સંતાપથી શરીરે ય અડધા થઈ જશો, તેમ દુર્ધ્યાન વગેરે કેઈ દોષ-દુષ્કૃત્યોથી પાપના ભાર પણ વધશે !

અંજનાને દુનિયાની બીજી સુખી સ્ત્રીઓ તરફ જોવું નથી કે 'હાય ! એ બધીને સુખ અને મારે આ વિટંબણા ?' તેમ પોતાના ભોગસુખ લૂંટાઈ જતાં દેખાય છે, એના તરફ દૃષ્ટિ નાખવી નથી. એટલે એ કોઈ અઘટિત ઉદ્ગાર કાઢતી નથી. એ તો પતિની મહાન વિશેષતા જ જોઈ રહી છે ! એટલે એ બોલે છે કે 'નાથ ! આ તમારું કેવુંક આશ્ચર્ય કે મારી એકની ખાતર બળી મરવા તૈયાર થયા છો !'

પતિની એટલી જ વિશેષતા નહીં, પણ પોતાનામાં રહેલી હીનતાની યાને અપકર્ષની દૃષ્ટિએ પણ એનામાં રહેલી અધિકતા, ઉત્કર્ષ એ પ્રગટ કરે છે; કહે છે કે 'જ્યારે પતિના વિયોગમાં હજી પોતે જીવતી રહેવાની ધૃષ્ટતા કરી રહી છે, ત્યારે પતિ એના વિયોગમાં પ્રાણ-ત્યાગ કરવા તૈયાર થાય છે !'

તેથી જ ૨૨-૨૨ વરસ પતિને દોષ દીધા વિના એક સરખું સહન કરનારી આ મહાસતી પોતાને અલ્પ સત્ત્વવાળી અને પતિને મહાસત્ત્વ ધરાવનાર તરીકે વ્યક્ત કરે છે !

## આશામાં તણાવાથી સત્ત્વહીનતા :

આપણને વિચાર થશે કે આમાં અલ્પસત્ત્વ, મહાસત્ત્વ શું ? પણ અંજનાના આ એક આંતરનિરીક્ષણની વસ્તુ સમજવા જેવી છે.

વર્ષો સુધી એક પણ દિવસ પવનંજય અંજના પર દૃષ્ટિપાત સરખો કરતો નહોતો, તો ય અંજના સમજે છે : ‘મને આશા રહેતી કે ‘એ કાલે સામું જોશે, પરમ દિ’ જોશે અને હું એ આશામાં તણાયા કરતી.’ ત્યારે બીજી બાજુ એ જુએ છે કે પવનંજય પોતે શોધ કરતાં હું ન મળી, તો હવે આશામાં નથી તણાતાં કે ‘હજી અંજના મરી ગયાના સમાચાર ક્યાં મળ્યા છે ? એટલે ક્યારેક મળવાની આશા રહે છે.’ એ તો હવે આશામાં તણાવાનું મૂકી દે છે અને તેમ કરીને પણ બીજી રીતે સુખ-વૈભવ ભોગવવાની વાત નહીં, પણ પ્રાણત્યાગની તૈયારી !

આમ, આશામાં તણાવા પાછળ અલ્પસત્ત્વ અને આશાની ગુલામી મૂકી દેવા પાછળ મહાસત્ત્વ, અંજના જોઈ રહી છે !

વાત પણ સાચી છે કે માણસને આશા જ મારે છે, આશા જ સત્ત્વહીન બનાવે છે.

- વઢકણી અને રોફ બજાવી અપમાન કરનારી પણ પત્ની પાસેથી ભાવી સુખ મળવાની આશામાં પતિ સત્ત્વહીન બની એની ગુલામી ઉઠાવ્યે જાય છે ને ? એ આશામાં ન તણાય, તો પોતે યોગ્ય કરવા-કહેવાનું સત્ત્વ શું ન દાખવી શકે ?

- નોકરને રોજ દબડાવનાર શેઠ પાસેથી જ આજીવિકા મળશે, બીજે નહીં; એવી આશામાં તણાતો નોકર હીનસત્ત્વ બની ખોટી દબામણી સહન કરે છે ને ? એવી આશામાં ન તણાય, તો ભાગ્ય પર વિશ્વાસ રાખી યોગ્ય શબ્દોમાં પ્રતિકાર કરવાનું સત્ત્વ શું ન બતાવી શકે ?

### સત્ત્વ નહીં એટલે માનવતાનું દેવાળું :

- એથી ય આગળ જુઓ કે માન-પાન અને વૈભવ-વિલાસના સુખની આશામાં તણાઈ માણસ એટલું બધું સત્ત્વ ગુમાવી દે છે કે એમાં એ માનવતાના પણ ગુણો ગુમાવી દે છે ! એ ન્યાયસંપન્ન વ્યવહાર, અનિંદ્ય પ્રવૃત્તિ, કામ-ક્રોધાદિ અંતરંગ શત્રુનો નિગ્રહ, દીર્ઘદૃષ્ટિ, વિવેક, સૌમ્યતા, પરોપકાર વગેરે ગુણોનું દેવાળું કાઢે છે !

શાથી આમ ? સત્ત્વ ગુમાવ્યું છે માટે.

સત્ત્વ શાથી ગુમાવ્યું ? ભાગ્ય ન વિચારતાં ખોટી આશામાં તણાયો માટે.

સમજી રાખો : સત્ત્વ ટકાવી રાખવું હશે, તો ખોટી આશામાં તણાવાનું બંધ કરવું પડશે અને સત્ત્વ હશે તો જ ગુણરક્ષા, ધર્મસાધના વગેરે આત્મોન્નતિના માર્ગે ચાલી શકાશે.

(i) સત્ત્વહીન માણસો તો વાત-વાતમાં તપી ઊઠે છે, ક્લેશ-કંકાસ કરે છે. ક્ષમા-સૌમ્યતા એમને મોંઘા પડે છે.

(ii) સત્ત્વ રહિત જીવો હાલતાં-ચાલતાં જૂઠ બોલે છે ને સત્યને ઠોકરે મારે છે; ત્યારે અવસરે પણ સત્ત્વ રક્ષવાની વાતે ય શી ?

(iii) સત્ત્વ નહીં હોવાથી જ અવસરોચિત શક્ય એવો પણ પરમાર્થ ગુમાવી સ્વાર્થમાં અંધ બન્યા રહેવાય છે !

આવા તો કેઈ ગુણનાશ અને દુર્ગુણપોષણ સત્ત્વહીનતાને લીધે સ્ફુરાયમાન રહે છે.

એ સત્ત્વહીનતા શાથી ? કહો, આશાની ઘસડામણને પ્રતાપે. ખોટી આશા મૂકી દેવાય અને એ માટે દેવ-ગુરુ-ધર્મ અને પોતાના ભાગ્ય પર વિશ્વાસ રખાય, તો હમણાં સત્ત્વ ખીલે અને સાત્ત્વિક બનીને ગુણરક્ષા તથા દાનાદિ વિવિધ ધર્મ-પરાક્રમો સારી રીતે અજમાવાય.

## કોની ખાતર શું જતું કરાય ? :

અંજનાએ પોતાની અલ્પસત્ત્વતા નિહાળી. એટલું જ નહીં પણ કહે છે : 'હે ભાગ્યવાન વીર પુરુષ ! મારા જેવી રાંકડી ખાતર તમે કાં જીવન નાશ કરી રહ્યા છો ?'

એટલે ? એ જ કે, આવા મહાકિંમતી જીવનનો ભોગ આપવાનું કોઈ તેથી પણ વધુ કિંમતી વસ્તુ ખાતર કરાય, પણ નહીં કે તુચ્છ વસ્તુ ખાતર !

સમજાય છે આ ?

'હા.'

'શું હા ? અંજનાની ખાતર પવનંજયે પ્રાણત્યાગ નહીં કરવા જોઈએ; એ જ સમજાય છે ને ?

'ના, એ સમજવાનું નહીં; સમજવાનું તો એ છે કે – 'આ મને મળેલું ધર્મજીવન એ મહાકિંમતી છે, એનો ભોગ આપવાનું તુચ્છ લક્ષ્મી અને તુચ્છ વિષયો ખાતર ન કરાય. અહીં મળેલા દેવાધિદેવ અને એમના શાસન તથા મહાવ્રતધારી ગુરૂઓના સંયોગ મહાકિંમતી છે, એ સંયોગના મહાલાભ ઉઠાવવાને બદલે, એમાંથી સુંદર ગુણોની, સુકૃતોની અને શુભ ભાવનાઓની કમાઈ કરી લેવાને સ્થાને, એ મહા મોંઘેરા સંયોગોને એમ જ નિષ્ફળ જતાં કરવાનું જે કરી રહ્યો છું, તે કોની ખાતર ? તુચ્છ તૃષ્ણા, તુચ્છ મમતા ને તુચ્છ ધન-માલની ખાતર જ ને ? એ મારી કેટલી મોટી મૂર્ખતા છે ! મને ભાન નથી કે 'આ કોની ખાતર કોને જતાં કરું છું ?...' આવું આવું સમજવાનું છે.

માનવ જીવનની દિવ્ય વિશેષતાઓ કઈ ? તેનો ખ્યાલ નથી, તેની સમજ નથી, એટલે જ આજે એ વિશેષતાઓને તુચ્છ ધનોપાર્જન અને ભોગ-વિલાસની લંપટતામાં જતી કરાય છે. વિવેકની જરૂર છે, વિશેષતાઓનો તફાવત આંકવાની જરૂર છે.

- સત્ય કે નીતિની વિશેષતા કેટલી ? અને સત્ય-નીતિના ભોગે મળેલી સંપત્તિ કે સુખ-સગવડની વિશેષતા કેટલી ?
- તપ, ત્યાગ અને ઇન્દ્રિયજયની કિંમત કેટલી ? અને એના જતાં કરી પોષેલી કાયા અને ઇન્દ્રિયોની કિંમત કેટલી ?

આ વિશેષતાનો ફરક માપવાનો છે. સાચો ફરક સમજાય, ત્યારે મન એમ નિર્ધાર કરે કે 'ઓછી કિંમતી વસ્તુ ખાતર મહાકિંમતી વસ્તુને જતી ન કરું' અને કદાચ મોહાદિવશ જતી કરવી પડે, તો કમમાં કમ ખેદનો પાર ન હોય ! પોતાની મહામૂર્ખતા ભાસે ! ભારે નિસાસો પડે કે 'આમાં મારું થશે શું ?'

પછી, એવી મહાકિંમતી સાધનાની ખોટ વહોરી તે બદલ એટલો બધો ઉદ્વેગ હોય કે એના ભોગે મેળવેલી પેલી તુચ્છ વસ્તુમાં હર્ષ ન માનવા દે, એના ગુણગાન ન કરવા દે, એમાં નિશ્ચિંત ઠરવાનું ન થવા દે, સદા ચિન્તા રહ્યા કરે

અને હવે તો મહાકિંમતીની સાધના કરવા ખાતર તુચ્છ લક્ષ્મી, વિષયો અને માનપાનાદિને જતાં કરવાનું સત્ત્વ કેળવવા મથે.

અંજનાસુંદરી પોતાના જેવા પામર પ્રાણી ખાતર પોતાનો પતિ મહાકિંમતી જીવનનો નાશ કાં કરી રહ્યા છે, એનું દુઃખ ધરે છે અને કલ્પાંતમાં અંતે પોતાના માથે આટલી બધી કષ્ટમય વીતક વીતી તેમાં દોષ બીજા કોઈનો ય નહીં, માત્ર પોતાના પૂર્વકૃત કર્મનો જુએ છે. આ ઓછી વિવેકદૃષ્ટિ નથી ! કમ જાગ્રતિ નથી ! સાસુનો વાંક નહીં, સસરાનો નહીં, પતિનો નહીં, મા-બાપનો કે મોટા ભાઈનો નહીં, વાંક માત્ર પોતાના કર્મનો.

## કર્મનો વાંક જુએ એ દિવ્ય દૃષ્ટિ :

જૈનશાસનની બલિહારી છે કે પોતાના કર્મનો વાંક જોવાની દૃષ્ટિ આપે છે ! સ્વકૃત કર્મનો જ વાંક જોવાની દિવ્યદૃષ્ટિ જાગ્યા પછી કોર્ટ-કચેરી ચઢવાનું રહેતું નથી, સામસામા મોરચા માંડવાના હોતાં નથી, સામાને બતાવી આપવાની ને યાવત્ એના કચ્ચરઘાણ કાઢવા સુધીની કાળી લેશ્યા ધરવાની હોતી નથી. એમાં તો કેવળ પોતાના થોકબંધ પાપનો ચૂરો કરવાની અને ત્યાં સુલભ એવા અરિહંતાદિ ચારના શરણ તથા પરમેષ્ઠીના સ્મરણ દ્વારા પુણ્યાનુબંધી પુણ્યના થોક ઉપાર્જવાની જ વાત હોય છે.

કલ્યાણમિત્ર મહાસતી મદનરેખાની પ્રેરણાથી એના પતિ યુગબાહુએ એ જ કર્યું હતું, તો એ પાંચમા દેવલોકે ઋદ્ધિસંપન્ન દેવ થયો અને વિશેષમાં જૈનધર્મની અટલ શ્રદ્ધા કેળવી ભાવી ઉજ્જવળ કારકિર્દીને સુલભ બનાવી !

ગજસુકુમાર, ખંધક મુનિ, સાધુ સુકોશલ વગેરેએ એ જ રીત અખત્યાર કરી, સર્વ કર્મબંધનોથી મુક્ત થઈ સિદ્ધિપદે સિધાવ્યું !

## અંજનાને મામાનું સાંત્વન :

અંજનાસુંદરી પતિની વિશેષતા, પોતાની અલ્પસત્ત્વતા અને કર્મનો જ વાંક વિચારતી કલ્પાંતભર્યા રુદન કરી રહી છે, એને મામો પ્રતિસૂર્ય સાંત્વન આપે છે. શું સાંત્વન આપ્યું હશે ? એવું જ કંઈક કે,

સાંત્વન માટે વિવિધ પ્રકારની સમજ :

'ભાણી ! શાંત થા, ધૈર્ય ધારણ કર. આટઆટલું સહન કરનારી અને તત્ત્વ સમજનારી તારે આટલો બધો કલ્પાંત કરવાનો હોય ? આપણે પવનંજયને શોધવા પ્રયત્ન કરીએ છીએ. તારા પિતા અને બીજાઓ પણ શોધવા નીકળી પડ્યા છે, એટલે કદાચ પવનંજયને એમણે શોધી ય કાઢ્યો હશે, તો અધીરાઈ શા માટે કરવી ?'

'ને જો, જીવનમાં દસકો ઊંચો ને દસકો નીચો ચાલ્યા જ કરે છે. તેં આટલું બધું સહન કર્યું છે, તો હવે એવું એકલું સહન જ કરવાનું થોડું જ ચાલ્યા કરશે ? આપત્તિ-સંપત્તિ ક્યાં કાયમ ટકી રહે છે ? સૂર્ય અસ્ત પામ્યા પછી શું ઉદય નથી પામતો ? સમુદ્રમાં ઓટ આવી ગયા બાદ શું ભરતી નથી આવતી ? માણસના જીવનમાં ભાગ્યનું ચક્ર ફર્યા કરે છે, એટલે મને લાગે છે કે તેં જે સહ્યું છે, એના દહાડા હવે ભરાઈ ગયા છે. હવે સુખ-શાંતિના દિવસ નજીકમાં છે. ને, ગુફામાં મહામુનિ તને શું કહી ગયા છે, તે તો વિચાર. માટે કલ્પાંત રહેવા દે.'

'શોક અને કલ્પાંતથી તો ભાગ્યવંતી ! વળતું કાંઈ નથી ને મહાન કર્મબંધન વધે છે. યોગ્ય પુરુષાર્થ કરવાને બદલે રોતાં બેસી રહેનાર ઉપર તો ભાગ્ય જાણે હસે છે કે આ નાદાન જીવ કેવો મારા મારને પોતે જાતે જ બેવડાવી રહ્યો છે ! જાતે જ બમણો કરી રહ્યો છે !'

'ત્યારે ભવિતવ્યતા બળવાન છે, એ પણ ધ્યાનમાં લે. ભાવી ભાવ અનુસાર જે બને, એને કોણ અટકાવી શકે છે ? તીર્થંકરનાથ જેવા પણ એને રોકી શકતાં નથી, તો એની સામે તો ધીરજ ધરવાની હોય.'

'ખરી રીતે તો જેને ભગવાન જિનેશ્વરદેવનું આલંબન મળ્યું છે, એમના શાસનની ઓથ મળી છે, એ તો આપત્તિઓના ધાડાંને ય કહી શકે : મારા દિલમાં જ્યાં સુધી ત્રણ લોકના નાથ વસ્યા છે, જગતદયાળુ જિન વસ્યા છે, ત્યાં સુધી મારા સદ્ભાગ્યની અવધિ નથી. મારે કાંઈ જ રોવાની જરૂર નથી. ઇન્દ્રો જેવાને ય પૂજ્ય એવા જે વીતરાગ પ્રભુ અને એમનું શાસન; એ પામેલાને તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યા છે, પછી બીજી તુચ્છ વસ્તુની ખોટ શાની લાગે ?'

'બાકી તો અંજના તું એટલું સમજ કે આપત્તિ; એ તો આપણા આત્માનું સંશોધન કરી શુદ્ધિ કરવાનો અગ્નિતાપ છે.

● સોનું અગ્નિમાં પડ્યાથી શું ગુમાવે છે ? કંઈ જ નહીં, ઊલટું રહ્યા-સહ્યા મેલને બાળીને સાફ થઈ જવું પડે છે ને સુવર્ણ સો ટચનું શુદ્ધ થઈને ઊભું રહે છે !

● લોઢું ઘણના ઘા ખાઈને સુંદર ઘડતર અને મજેના ઘાટ પામે છે !

● પાષાણ; એ શિલ્પીના ટાંકણા ખાઈને પરમાત્માની મૂર્તિ બની જગતની પૂજા-પ્રતિષ્ઠા પામે છે.'

ઇત્યાદિ ગમે તેમ સમજાવીને અંજનાને શાંત કરી અને એને લઈને બધા વિમાનમાં ઉપડ્યા પવનંજયને શોધવા.

# ૧૬ પવનંજયનો બચાવ

## પ્રહ્લાદને પવનંજયનો પત્તો :

હવે અહીં એવું બન્યું છે કે પવનંજયના પિતા પ્રહ્લાદ પવનંજયને શોધતાં શોધતાં જોગાજોગ બરાબર તે વખતે ભૂતવનમાં આવી પહોંચ્યા છે કે જ્યારે પવનંજય વનદેવતાને પોતાનો ઇકરાર અને અંજનાને કહેવાનો સંદેશ સંભળાવે છે અને અગ્નિની ચિતામાં ઝંપાપાત કરવા ગગનમાં ઊંચે ઊડે છે. પ્રહ્લાદ એના શબ્દ સાંભળી ગભરાટમાં ઝપાટાભેર આવી પહોંચે છે અને જેવો પવનંજય ઝંપાપાત કરવા જાય છે, તેવો જ પ્રહ્લાદ રાજા પાછળથી આવી ઝટ એને પોતાના બંને હાથથી છાતીસરસો પકડી લે છે.

## ધર્મક્રિયામાં ધૂન :

પવનંજયને તો આ પાછળથી આવે છે, એની ખબર જ નહોતી. કેમ કે એ તો એક જ ધૂનમાં હતો કે હવે આ હું બળતી ચિતામાં ઝુકાવી દઉં છું.

ધૂન ચીજ જ એવી છે કે માણસને આગળ-પાછળનું જોવા જ ન દે; એટલો બધો એમાં ઓતપ્રોત કરી દે છે. માટે તો જ્ઞાનીઓ કહે છે કે જેવી રીતે અર્થ-કામનો રસિયો સંસારી જીવ એમાં ધૂન લગાવીને આગળ-પાછળ શું બને છે ? એનો કોઈ જ ખ્યાલ નથી કરતો, એવી રીતે ધર્મના રસિયા જીવે ધૂન લગાવીને ધર્મમાં એવા ઓતપ્રોત થઈ જવું જોઈએ કે આગળ-પાછળ ક્યાંય મન જાય નહીં. પ્રભુના દર્શન, પૂજા કે ચૈત્યવંદનમાં આત્મા એવો ગુલતાન થઈ જવો જોઈએ કે એની જ એક લેશ્યા હોય.

મહામંત્રી પેથડશાહ ફૂલોથી પ્રભુની અંગરચના ઓતપ્રોત બનીને કરતાં હતાં, તો પાછળથી રાજા આવી બેઠો પણ પોતાનું ધ્યાન ગયું નહીં. ખબરે ય ન પડી.

એ તો રાજાએ મંત્રીને એકેકે ફૂલ આપનાર માણસની જગાએ બેસી ખોટું ફૂલ આપ્યું, ત્યારે પેથડશાહ પાછળ જોતાં રાજાને જોઈ આશ્ચર્ય પામ્યા.

જેવી આ ક્રિયા, તેવી નવકારવાળી, સામાયિક, સ્વાધ્યાય, ઉપદેશ-શ્રવણ વગેરે ક્રિયામાં ધૂન લાગવી જોઈએ, ઓતપ્રોત થઈ જવું જોઈએ, એની જ એક લેશ્યા રહેવી જોઈએ. આગળ-પાછળની કશી વાત-વસ્તુમાં ધ્યાન ન જાય, તો જ એ ઊંચી ક્રિયાઓના ઊંચા ફળ મળે, આત્માનો જુગજૂનો ચંચળતાનો સ્વભાવ, આડા-અવળા ડાફોળિયા મારવાની કુટેવ મોળી પડતી આવે અને આત્મા, મન, હૃદય; એ શુભ પ્રવૃત્તિમાં ઠરે ! મહાઆનંદ અનુભવે !

પવનંજય ધૂનમાં હતો, એને પિતા આવી રહ્યા છે, એની કોઈ જ ખબર નહોતી, પાછી ઝંપાપાતની ઉતાવળ હતી; એમાં એકાએક કોઈ બાહુથી પકડી લે છે, એ જોતાં જ એકાએક બૂમ પાડી ઊઠે છે :

'પ્રિયાના વિયોગનું દુ:ખ નિવારવાના મૃત્યુની આડે હમણાં આ મને વિઘ્ન કોણ કરી રહ્યું છે ?'

પ્રહ્લાદને પણ આંખમાં આંસુ ભરાઈ આવે છે, તરત કહે છે : 'વિઘ્નભૂત બીજો કોઈ નહીં, પણ આ તારો પાપી પિતા છે કે જેણે પુત્રવધૂના દેશવટાની તરફ ઉપેક્ષા કરી.'

પોતાના વહાલસોયા પુત્રનું આ ભડભડતી ચિતામાં આત્મબલિદાન દેવાની પરિસ્થિતિ દેખી પ્રહ્લાદ ગળગળો થઈ જાય છે ! અને એના મૂળ કારણમાં, બિનગુનેગાર એવી અંજનાને જે કાઢી મૂકવામાં આવેલી તેની કરેલી ઉપેક્ષા બદલ એને પારાવાર પશ્ચાત્તાપ થાય છે !

અલબત; પોતે કાઢી નથી મૂકી, કઢાવી મૂકી નથી, બધું કર્યું છે કેતુમતીએ, છતાં એનું સજ્જન દિલ એમ સમજે છે કે 'હું એક અધિકાર સ્થાને હોઈ ખબર પડ્યા પછી પણ ઉપેક્ષા નહોતી કરવી જોઈતી.' સમજે છે એટલું જ નહીં, પણ પોતાની મોટાઈ ભૂલી પશ્ચાત્તાપ સાથે ઇકરાર કરે છે !

સજ્જનતા શું કામ કરે છે ! જાતે અકાર્ય કરવાનું કે બીજા પાસે અકાર્ય કરાવવાનું તો ભયંકર સમજે જ, પરંતુ બીજા દ્વારા થતાં અકાર્યને જો પોતે

અટકાવી શકવાના સ્થાનમાં હોય, તો એને અટકાવવાને બદલે એની ઉપેક્ષા કરવાનું પણ અનુચિત લેખે ! અને ઉપેક્ષા થવા બદલ દિલમાં દર્દ અનુભવે અને પ્રગટ ઇકરાર કરે ! સજ્જનની આ ખાસિયત છે.

એટલે પ્રહ્‌લાદ ઉપેક્ષા કર્યા બદલ ખિન્ન થાય છે ને પુત્ર આગળ ખેદ જાહેર કરે છે. આગળ એ કહે છે :

'વગર વિચારે એક અજુગતું તો પહેલેથી તારી માતાએ કર્યું અને હવે મારા લાલ ! બીજું અજુગતું તું કરવા તૈયાર થયો છે ? ન કર એવું; વિશેષ શું કહું તને ? તું તો બુદ્ધિમાન છે, તો સ્થિર થા, ઉતાવળ ન કર. અંજનાને શોધવા માટે હજારો વિદ્યાધરોને મેં આદેશ કર્યો છે, તે શોધમાં જ છે. તો હે વત્સ ! તેમના આવી જવાની રાહ જો.'

## વગર વિચાર્યાના માઠા ફળ :

પ્રહ્‌લાદનું હૃદય વલોવાઈ જાય છે ! પત્નીએ એક અવિચારી કાર્ય કર્યું, તેના કટુ ફળ નજર સામે અનુભવે છે. તેથી જ પવનંજયને બળી મરવાનું અવિચારી કાર્ય કરતો.અટકાવે છે. વાત પણ સાચી છે કે કેતુમતી થોડોક વિચાર કરવા ન થોભી, તો રાજકુળના વૈભવવાળી અને પાછી મહાસતી એવી અંજનાને; એક ગરીબમાં ગરીબ અને અનાડી સ્ત્રીને જે ઘોર વિટંબણામાં ન ઊતરવાનું થાય, તેવી વિટંબણામાં ઉતારી !

પુખ્ત વિચાર કર્યા વિનાની પ્રવૃત્તિની પાછળ મહાન આપત્તિ, અનર્થ અને પસ્તાવો ઊભો થવાનું માણસ પહેલેથી સમજી લે, તો એ કેવોક બચી જાય ! કહો કે,

**અવિચાર્યું કરીને આપત્તિ ભોગવવી; એ મોંઘું છે, એના કરતાં વિચાર કરવામાં થોડો સમય કાઢવો; એ સસ્તું છે.**

- કૈકેયીએ વગર વિચાર્યું માગ્યું, તો રામ અને સીતા જેવાને વર્ષોનો વનવાસ ભોગવવાનો અનર્થ ઊભો થયો !
- ભરત ચક્રવર્તીએ વગર વિચારે ભાઈઓ પાસે આજ્ઞા મનાવવાની ધૃષ્ટતા કરી, તો ૯૯ ભાઈઓ ગુમાવ્યા !

● નંદરાજાએ વગર વિચાર્યું માની શકડાલ મંત્રી પર અભાવ દેખાડ્યો, તો એક મહામંત્રીના નાશનો નિમિત્ત બન્યો !

● નળ અને પાંડવો જુગારમાં વગર વિચારે હોડ બકતાં ગયા, તો રાજ્યપાટ ગુમાવ્યા અને જંગલમાં ભટકતાં થયા !

અવિચાર્યું કરીને પાછળથી મહાન કલહ અને પસ્તાવો વેઠવા કરતાં પહેલાં વિચારી લેવું શું ખોટું ? ત્યારે પૂછશો કે,

પ્ર. : તો પછી કોઈ પણ સાહસ કેવી રીતે થઈ શકે ?

ઉ. : સારા સાહસમાં પણ પૂર્વ વિચાર અવશ્ય હોય છે. માત્ર સાહસ એટલા માટે કહેવાય છે કે નીડર બનીને શક્તિઓનો એકદમ ઉપયોગ કરવાનો હોય છે. બાકી, વગર વિચારના સાહસ તો આંધળિયા કહેવાય છે.

● વગર વિચાર્યું બોલી નાખનારા કેવા જૂઠા પડે છે ! કેવો સામાનો વૈર-વિરોધ ઊભો કરે છે, કે જે કદાચ જીવનભર ચાલે છે ! કેવો કલહ વધારે છે ? કેવું રજનું ગજ કરે છે ? યાવત્ એ જિંદગી સુધી વિરોધ ઊભા રહે છે ! – એ બધું દુનિયામાં અને પોતાના જીવનમાં જોવા મળે છે ને ? તો પછી શા સારૂ મોંમાંથી અક્ષર કાઢતાં પહેલાં પૂરો વિચાર ન કરવો ?

● ત્યારે વગર વિચાર્યું ખાઈ નાખવાથી ઊભી થયેલી અકળામણ અને રોગનો અનુભવ તો છે ને ? જરૂર પડ્યે મહિનાના મહિના કે વર્ષો યા જીવનભર વેઠવું પડે છે ને ?

● તો વગર વિચારે પ્રવૃત્તિ કરવામાં નુકસાન નથી અનુભવ્યું ?

● વગર વિચારે પૈસા ધીરવામાં, દેવું કરવામાં, વેપાર કરવામાં કેટલું સહન કરવું પડે છે !

● અરે ! એક નોકરને વગર વિચાર્યે રજા આપવામાં કે એકદમ નોકરીમાં લેવામાં ક્યાં સોસવું નથી પડતું ?

## ન્યાયી વર્તાવ :

પ્રહ્લાદ અકાર્યને ન્યાયી રીતે એકરાર કરે છે. જીવનમાં ન્યાયસંપન્નતા કેટલી

ખપે છે ? એ આવા પ્રસંગ પરથી મપાય છે. પોતાની ભૂલ કબૂલવામાં દેખીતી રીતે દીન બનવા જેવું દેખાય છે, પરંતુ વસ્તુસ્થિતિએ એમાં સત્ત્વ પ્રગટ થાય છે. સાત્ત્વિક માણસો જ સંકોચાયા વિના ને પોતાનું હલકું દેખાશે; એવો ભય રાખ્યા વિના, સાત્ત્વિકતાથી ભૂલ કબૂલી લે છે.

મોક્ષમાર્ગની સાચી સાધના માટે આવી સાત્ત્વિકતા, ન્યાયી વર્તાવ વગેરે ગુણોની પણ ખૂબ જ આવશ્યકતા છે.

પ્રહ્લાદ પવનંજયને કહે છે : 'હવે તું વગર વિચાર્યું સાહસ ન કર, ધીરો પડ, વિદ્યાધરો હમણાં શોધ કરીને આવશે' એમ કહીને એને શાંત પાડે છે.

# ૧૭ ભૂતવનમાં અભૂત મિલન

## ભૂતવનમાં અંજનાનું આગમન :

હવે બીજી બાજુ આપણે જોઈ ગયા છીએ કે અંજનાસુંદરીને લઈને મામો પ્રતિસૂર્ય વિમાનમાં પવનંજયની શોધ માટે નીકળ્યો છે. તે ફરતો ફરતો તે જ ભૂતવનમાં આવી પહોંચે છે. અહીં બધા ખૂબ આતુરતાથી રાહ જોતાં બેઠા છે. એમાં કોઈક વિદ્યાધર આવીને એમ પણ કહેતાં હશે કે હજી અંજનાસુંદરીનો પત્તો નથી લાગતો. એથી નિરાશાનો અંધકાર છવાઈ જતો હશે. પરંતુ જ્યાં પ્રતિસૂર્યનું વિમાન આવી લાગ્યું અને પવનંજયનો મિત્ર પ્રહસિત આંસુભરી આંખે એને દૂરથી જુએ છે, ત્યાં આશા બંધાણી. એ નજીકમાં ઝડપભેર આવી રહ્યું છે, એમાં અંજનાને જોઈ પ્રહસિત કૂદ્યો ! હર્ષના સાગરમાં ઝીલ્યો ! ઝટ જય-જયકાર કરવા સાથે પ્રહ્લાદ પવનંજયને કહે છે :

'જુઓ જુઓ, આ અંજનાસુંદરી વિમાનમાં આવી રહેલ છે !'

## સંસારના પદાર્થોમાં આનંદ કેમ નથી ? :

એ સાંભળતાં બંનેને આનંદના પૂર ઊભરાય છે ! વિચારજો; કેવો આનંદ અનુભવ્યો હશે ! અંજના એની એ જ છે, પરંતુ અત્યારે એને જોતાં એટલો બધો આનંદ શા માટે ? આમાં ખૂબ રહસ્ય ભરેલું છે. જો અંજના પોતે અપૂર્વ આનંદનું સાધન હોત, તો પહેલાં પણ એણે અપૂર્વ આનંદ આપવો જોઈતો'તો ! તેમ અત્યારે જે છોળો અવર્ણનીય આનંદની ઊછળી રહી છે, એ પછીથી કેમ નથી ટકતી ? અંજના તો હાજર જ છે.

'સંસારના પદાર્થોમાં એ સ્વાભાવિક આનંદ નથી કે જે હરેક વખતે તે પદાર્થમાંથી મળી શકે,' - આ સાચી સમજ રાખવાને બદલે એમાં સ્વાભાવિક આનંદ

હોવાની ભ્રમણા રખાય છે ! માટે જ ભૂલા પડાય છે અને તે પદાર્થો ખાતર કેઈ પાપો સેવાય છે !

ક્લેશ, કષાય, કલહ, જૂઠ, અનીતિ, ધર્મ-ઉપેક્ષા... ઇત્યાદિ બધું આવા ઊંચા જીવનમાં કેમ સેવાય છે ? કહો, એ ભ્રમણાના કારણે જ. જીવ જો એમ જાણી લે કે આનંદ સંસારના પદાર્થમાં સહજ નથી પડ્યો, આનંદ તો અમુક અમુક જાતના સંયોગ વગેરે બની આવે, તો જ અનુભવાય છે.

'અંજનાનો આ રીતે વિરહ પડ્યો હતો, પવનંજય આમ બળી મરવા તૈયાર થયો હતો ને મહામુસીબતે અંજના હાથ લાગી હતી; આવા બધા સંયોગ અને પરિસ્થિતિ બની આવી હતી, તો એની એ અંજનાને જોતાં અપૂર્વ આનંદ ઊમટે છે. આ સંયોગ અને પરિસ્થિતિ ઘડી પછી એની એ નથી ઊભી રહેવાની. કેમ કે પછી તો વિરહપૂર્વકનો તાજો સંયોગ નથી રહેવાનો, તેથી એવો જ અપૂર્વ આનંદ થોડો જ ચાલવાનો !

## માનવનાં ખોળિયે દાનવના દિલ :

એટલે ચીજ એની એ હોવા છતાં જો આનંદની ફેરફારી થાય છે, તો શું વિચારવું નથી જોઈતું કે એવી આનંદની મિથ્યા સાધનભૂત જગતની ઠગારી ચીજો ખાતર માનવના ખોળિયે દાનવના દિલ શા સારૂ કરવા ?

કહો તો ખરા કે ઈર્ષ્યા-અસૂયા, ક્લેશ-કજીયા થવાનું શું કારણ ? સામા પાસે બહુ ધન છે કે એને બહુ માન મળે છે, એવા જ કોઈ નિમિત્ત પર ને ? પણ જો ત્યાં સમજાઈ જાય કે 'એ સામો બિચારો ઠગારા ધન-માલ કે ઠગારા સન્માનમાં ફસાયો છે, તો પછી શું એની ઈર્ષ્યા થાય કે દયા આવે ?

એક ઈર્ષ્યાની પાછળ કેટલા પાપો આચરાય છે ! એની નિંદા, એના પર ખોટા આક્ષેપ, એની સામે માયા-પ્રપંચની કુપ્રવૃત્તિ; આવું જ બધું સુલભ ને ? એ બધું કરવામાં પછી અહીં મળેલી મોંઘેરી આત્મચિંતા, પરમાત્મ-સ્મરણ, શુભ ભાવનાઓ વગેરે ગુમાવવાનું જ ને ? રાંડી-રાંડ પણ કમમાં કમ મૂડી પર વેપાર ન કરે, તો ય મૂડી તો સાચવી રાખે છે, ત્યારે અહીં તો એનાથી ય ગયા ! મળેલી પુણ્યમૂડી, ધર્મમૂડી અને સારા સંસ્કારની મૂડી વધારવાનું તો દૂર રહ્યું, ઊલટું એને ઈર્ષ્યા, કલેશ, જૂઠ, પ્રપંચ વગેરે કરીને ઘટાડવાનું કર્યું !

અને આજે આ દુર્ગુણોનો ચાલી પડેલો ચેપ ઊગતી પ્રજાને ય ભયાનક અસર કર્યે જાય છે ! કેમ જાણે દિલ દાનવના ન બની ગયા હોય, એમ ઠગારા ધનમાલ ને માનપાનની પાછળ વાતવાતમાં હુંસા-તુંસી ને ચડસા-ચડસી, વિરોધ અને વૈમનસ્ય, જૂઠ અને અનીતિ, તૃષ્ણા અને લંપટતા વગેરેના કેઈ તાંડવો મચી રહ્યા છે ! એની સામેના ઢગલાબંધ ભાષણોની કોઈ અસર નથી દેખાતી !

## આત્માનો ઊંચો ખ્યાલ અને પરલોકનો વિચાર :

કેમ આમ ? આત્માનો જે ઊંચો ખ્યાલ અને પરલોકનો જે વિચાર જોઈએ, તે નથી. અને અફસોસ કે આજના સમાજ-સુધારાની વાતો કરનારાને આ નિદાન ધ્યાનમાં લેવું નથી અને સુધારાના લાંબા લેક્ચર કરવા છે ! રોગ ક્યાંથી જવાનો ? પ્રજામાં જ્યાં કાયા જ પ્રધાન, કાયાની સુખ-સગવડ એ જ પ્રધાન મનાતાં હોય અને એ બધું જૂઠ-અનીતિથી મળે છે, વૈર-વિરોધથી ભોગવી શકાય છે; એમ મનાતું હોય, ત્યાં પછી એ દુર્ગુણો ટાળવાના ભાષણ કોણ ઝીલે ? રોગનું નિદાન જોવું જોઈએ.

નિદાન આ છે, કે કાયા કરતાં અંદર રહેલા આત્માનો જે ઘણો ઊંચો ખ્યાલ જોઈએ અને દૃષ્ટિ સામે આ લોક કરતાં જે પરલોક મુખ્ય રહેવો જોઈએ, તે નથી. માટે દુર્ગુણોનો રોગ છે. કાયા ન સંભાળાય કે આ લોકનો વિચાર ન આવે, એમ નહીં; પરંતુ તે આત્મા અને પરલોકને ભૂલીને નહીં, કિંતુ એનો ઊંચો ખ્યાલ રાખીને.

પૂર્વે એ હતું, તો વિદ્યાર્થી-અવસ્થામાંથી વિનય, સેવા-ભક્તિ, સત્ય-નીતિ વગેરે ગુણો પોષાતાં. આજે શું પોષાય છે, એ નજરે અનુભવો છો ને ? પૂર્વે હજારો રૂપિયાવાળો કેઈના દુઃખ ફેડતો, આજે કરોડો કે લાખોવાળો શું કરે છે ? તે નજર સામે દેખો છો. આત્માનો ઊંચો ખ્યાલ અને પરલોકનો પ્રધાન વિચાર નથી, માટે તો ઘોર હિંસા વધી ! ઘોર હિંસાથી નીપજતી વસ્તુના મોહ વધ્યા ! લક્ષ્મીનો હલકટ રાગ વધ્યો ! એની પાછળ નિષ્ઠુર હૃદય, ઘાલમેલ, રોફ અને રોષ વગેરે કેઈ દુર્ગુણો ખીલ્યા ! મોજશોખ અને ભોગ-વિલાસની કારમી ભૂખ ઊઠી ! એની પાછળ મર્યાદાભંગ, ઉદ્ભટ જીવન, બેસુમાર સાધનો, ધૂમ ખર્ચા વગેરે કેટલું બધું વધ્યું છે !

કાયાનો ઊંચો ખ્યાલ અને આ જીવનનો જ વિચાર; એણે આ બધું તોફાન વધારી દીધું છે. જે દેશમાં આત્મા અને પરલોકની માન્યતા જ નથી તે તો ભૂલે, પણ જ્યાં એની માન્યતા છે, એવો આ દેશ પણ શું ભૂલાવામાં પડે ? હજી પણ જાગો, તમારા અને તમારા સંતાનોમાં આત્માનો ઊંચો ખ્યાલ જગાવો.

- આપણે એટલે માટીનું પૂતળું નથી, પણ જન્મ-જન્મના સંસ્કાર અને પુણ્ય-પાપ લઈ આવેલ આત્મા છીએ !
- જ્ઞાન, વૈરાગ્ય અને સંયમને યોગ્ય મહાન પાત્ર છીએ !
- દયા, દાન અને ઇન્દ્રિય-દમનના અધિકારી છીએ !
- ઉચ્ચ વિવેક અને ઉચ્ચ વર્તાવના હકદાર છીએ !

તો કેમ આ પાત્રતા, આ અધિકાર અને આ હક જતાં કરીએ ?

ખોખાના ઊંચા ખ્યાલ રાખવા કરતાં આત્માના ઊંચા ખ્યાલ રાખીએ, તો આના જીવન પર અધિકાર બજાવી આબાદ બની શકીએ. બાકી, ખોખાની મુખ્યતા કરવામાં તો હલકા અધિકારની બજવણી અને પરિણામે બરબાદી જ છે !

ત્યારે પરલોકનો પ્રધાન વિચાર કરાય, તો તો હાલતાં ને ચાલતાં એ જોવાશે કે આમાં મારો પરલોક ભારે તો નથી થતો ને ? બગડતો નથી ને ? મારે તો પરલોક સુધારવો છે; એ માટે અહીં ખમી ખાવું પડે, ઓછું સુખ ભોગવવું પડે ને ધર્મના કષ્ટ ઉઠાવવા પડે તો ચિંતા નહીં. એને તો હું ઊંચા જીવન-અધિકાર સમજી વધાવી લઈશ, પરંતુ મારો દીર્ઘ-પરલોક બગાડી નાખે એવા ધમધમાટના, ઉછાંછળા સુખનાં અને ધર્મની વાતમાં અખાડા કરવાના જીવન અધિકાર નથી અજમાવવા.

આત્માની ઉચ્ચતાનો ખ્યાલ અને પરલોકનો પ્રધાન વિચાર જીવને માત્ર માનવ નહીં, દેવ જેવો બનાવે છે, જીવમાંથી શિવ બનાવે છે. અસ્તુ.

## પ્રહ્લાદ પ્રતિસૂર્યને ભેટી પડે છે :

વાત એ ચાલે છે કે અંજનાસુંદરી આવી રહી છે, એ જોતાં પવનંજયને આનંદનો પાર નથી. અપૂર્વ આનંદ છે ! એટલામાં વિમાન નીચે ઊતરી આવ્યું.

પ્રતિસૂર્ય અને અંજના બહાર નીકળી આવી રહ્યા છે, ત્યાં પ્રહ્લાદને દૂરથી જોતાં બંને જણ ભક્તિવશ જમીન પર મસ્તક નમાવી નમસ્કાર કરે છે !

વડીલોની પ્રત્યે વિનયની બલિહારી છે ! ત્યાં પછી એ નથી જોવાતું કે 'શું તમે અમારું લીલું વાળ્યું હતું ?' એ તો સ્વાર્થદૃષ્ટિ છે. આર્યત્વ એવી સ્વાર્થદૃષ્ટિથી પર હોય છે કે જે વડીલો પ્રત્યેના વિનય અને પૂજ્યભાવને ભૂલાવે. વડીલ તે વડીલ, પૂજ્ય તે પૂજ્ય.

અંજના અને એનો મામો; બંને પ્રહ્લાદને નમસ્કાર કરે છે. પ્રહ્લાદ તરત જ નજીક આવી પ્રતિસૂર્યને ભેટી પડે છે અને પછી પૌત્ર હનુમાનને ખોળામાં લઈ નીચે બેસે છે. એને આશ્ચર્યનો પાર નથી ! જુએ છે કે 'જે મહાસતી અંજનાને અમે ધકેલી મૂકી હતી, એના મા-બાપે ય સંઘરી નહોતી, એને પ્રતિસૂર્ય મામાએ આશ્રય આપ્યો છે ! એ મામાની કેટલી બધી વડાઈ ! એનો અમારા પર કેટલો બધો ઉપકાર !' આ જોઈને કેમ એને ન ભેટી પડે ? કેમ આશ્ચર્યભરી ગદ્‌ગદતા ન ઊભરાઈ આવે ? એ બોલી ઊઠે છે :

## પ્રહ્લાદની ગદ્‌ગદ વાણી :

'હે પ્રતિસૂર્ય ! દુઃખના મહાસાગરમાં ડૂબતાં એવા મારો અને કુટુંબનો તમે ઉદ્ધાર કર્યો ! ખરેખર ! અમારા સંબંધીઓમાં તમે જ અગ્રગણ્ય બંધુ બન્યા છો ! મારા વંશમાં વાંસના પર્વસમી કે જેમાંથી આગળ વૃદ્ધિ થાય એવી, તેમજ સારી કુળશાખાની ભાવી સંતતિની જનેતા, એવી આ પૂત્રવધૂને અમે તો એનો કાંઈપણ વાંક નહીં છતાં ત્યજી દીધી હતી, પરંતુ તમે એનું રક્ષણ કર્યું; એ બહુ ઉત્તમ કર્યું. એનું રક્ષણ કરવામાં તો તમે અમારી ભાવી સંતતિને સલામત રાખી ! ક્યાં અમારી ક્ષુદ્ર ચેષ્ટા ! અને ક્યાં તમારી ગુણગૌરવભરી આ મહાસતીના જતન કરવાની ઉત્તમ ચર્યા !'

સમજી શકો છો પ્રહ્લાદના આ શબ્દો કેટલા ખ્યાલ આપી જાય છે ? દુનિયામાં ખરો બંધુ એ છે જે અવસર આવી લાગ્યે દુઃખના સાગરમાંથી બચાવી લે. સામો દુઃખમાં પડ્યો હોય, ત્યારે છતી શક્તિએ હાથ જોડીને બેસી રહેનારો એ પેલાનો બંધુ નથી; તો પછી ઉપરથી દુઃખમાં વધારો કરનારો તો બંધુ શાનો જ કહેવાય ?

માનવના આ મોંઘેરા અવતારમાં આવ્યા પછી પણ જીવો કેવા મોહમૂઢ રહે છે ને પાપકર્મના કેવા ગુલામ બન્યા રહે છે કે સામાના દુઃખ ફેડવાની સોનેરી તક વખતે પૈસા વહાલા કરે છે ! જાત વહાલી કરે છે ! નિજના ઘમંડ વહાલા કરે છે ! ખબર નથી કે :

- પૈસા તો બીજી રીતે પગ કરીને ચાલ્યા જવાના છે ! અને રહેશે ત્યાં સુધી પણ મલિન ભાવનાઓ ને મલિન કામો કરાવવાના છે !
- ત્યારે સાચવી રાખેલી જાત પણ શું બહુ પરખાવી દે છે ? એક દિ' એ દુર્બલ બનવાની છે ! ચેહ ભેગી થવાની છે !
- તો 'સામાએ મારું આ બગાડ્યું હતું, અથવા સામાએ મારું શું સુધાર્યું છે ? તો હું શાનો એને સહાય કરું ?' એવા ઘમંડ અને સ્વાર્થી ગણતરીઓ શાશ્વત કાળના ચોપડે કોણ લખી રાખવાનું છે ?

ઊલટું, એનાથી ચીકણાં કર્મબંધન ને કષાયોના કુસંસ્કાર પોતાના જ આત્મા પર એવા દૃઢ થઈ રહ્યા છે કે જે ભાવી દીર્ઘકાળને ભારી દુઃખમય કરી દે !

કેટલીક વાર તો ભાઈ-ભાંડુને કે આડોશી-પાડોશીને સહાય કરવાની ઇચ્છા પણ હોય, છતાં એમ કરવામાં પત્નીને ખોટું લાગે છે કે દીકરાને ખોટું લાગે છે, માટે માણસ સહાય કરવાનું જતું કરે છે, એ દુઃખી ભાઈ-ભાંડુ આદિના દુઃખ સામે આંખમિંચામણાં કરે છે ! શું ત્યારે ભવિષ્યમાં પોતાના સંકટ પર બીજા આંખમિંચામણાં કરશે, તે વખતે એ પત્ની બચાવવા આવશે ? એ પૈસા, એ જાત ને એ ઘમંડ રક્ષણ આપી શકશે ?

**વર્તમાનમાં બીજાના દુઃખ ટાળવા સહાય કરવી; એ તો ભવિષ્યમાં આપણને દુઃખ વખતે સહાય મળે, એ માટેની પુણ્યની ચિઠ્ઠી લખાવી લેવા જેવું છે.**

લખી રાખો, બીજાને દીધું હશે તો અવસરે તમને બીજા દેશે, બીજાને ઠાર્યા હશે તો તમને કોઈ ઠારશે.

### પરોપકારના વ્યસન માટેની વિચારણા :

ચરિત્ર ગ્રન્થોમાં પૂર્વના પુરુષોના એવા વર્ણન મળે છે કે લોકો વ્યસની હતાં ! પણ શેમાં ? પરોપકાર કરવામાં, બીજાના દુઃખ ફેડવામાં ! વ્યસન સમજો છો ને ?

જેના વિના ચેન ન પડે, જે મેળવવા માણસ તલપાપડ થતો હોય, જેની શોધમાં ફરતો હોય, જે મળ્યાથી અનહદ આનંદ અનુભવતો હોય ! પરોપકારના વ્યસન ' એનું નામ કે જેમાં આવો અનુભવ હોય.

સવાર પડી ત્યારથી પેટની ચિંતામાં તો કાગડા-કૂતરા ય નીકળી પડે છે; માણસ પણ એટલું જ કરીને બેસી રહે, તો પેલા પ્રાણીઓ કરતાં એની ઉચ્ચતા શી ?

ઉત્તમ જીવનની આ બલિહારી હોય કે એને સવારથી એ ધગશ હોય કે કોઈ દુ:ખીના દુ:ખ હું કેમ ફેડું ! બીજાની સેવા કરવાનું મને કેમ મળે ! હું અને મારું બીજાને કેમ કામ લાગે !

- દુ:ખીના દુ:ખ ફેડનારને તો એ દુ:ખીના કેટલા આશીર્વાદ મળે છે !
- ઉપરાંત જનસમાજમાં એની ખ્યાતિ અને એના પ્રત્યે ચાહના કેટલી વધે છે !
- પોતાના દિલમાં પણ એમ થાય છે કે ચાલો; આટલી લક્ષ્મી લેખે લાગી !
- તેમ, આટલું સુકૃત કમાવવાનો લાભ મળ્યો !

કેવળજ્ઞાન પામી કૃતકૃત્ય બનેલા તીર્થંકર ભગવાન પણ પછી આ પૃથ્વીતલ પર પગપાળા વિચરીને દુ:ખીઓના દુ:ખ કેવાંક ફેડે છે ! એ વિચારીને પણ બીજાના દુ:ખ ફેડવામાં યત્ન થાય; પરોપકારનાં વ્યસન લાગી જાય !

## પ્રહ્લાદ પ્રશંસા કરે છે :

પ્રહ્લાદ પ્રતિસૂર્યની પ્રશંસા કરે છે કે 'તમે તો અગ્રગણ્ય બંધુનું કાર્ય કર્યું ! કેમકે અમે જ્યારે અંજનાને નિર્દોષ છતાં રખડતી કરી, ત્યારે તમે એનું સારું રક્ષણ કર્યું. એનું રક્ષણ કરીને તો તમે અમારી ભાવી વંશવૃદ્ધિના પ્રેરક બન્યા. સારું થયું તમે તો અમને દુ:ખના સાગરમાં ડૂબતાં ઉદ્ધર્યા !'

# ૧૮ આનંદ ઉત્સવ

પવનંજય પણ ખૂબ આનંદિત થઈ ગયો છે. એના આત્મામાં, સમુદ્રમાં ભરતી ચઢે તેમ, દુઃખની ભરતી ચઢી હતી, તે હવે તરત જ ઓટ આવી ગઈ, દુઃખ શમી ગયું ! અંતરાત્મામાં શોકની આગ ઊઠી હતી, તે શાંત થઈ ગઈ ! તે જ વખતે સર્વ વિદ્યાધર રાજાઓએ વિદ્યાના સામર્થ્યથી ત્યાં જ જંગલમાં મંગળ કર્યા ! મહાન આનંદોત્સવ ઉજવ્યો ! ચંદ્ર ઉદય પામીને જેમ સમુદ્રમાં લહેરીઓ ચઢાવે, સમુદ્રને તરંગોથી ઊછળતો કરી દે, તેમ આ ઉત્સવે એમના હૃદયમાં આનંદની લહેરીઓ ચઢી ! હર્ષના તરંગોએ હૈયાંને ઊછળતાં કરી દીધા !

## સૌ હનુપુરમાં :

ઉત્સવ ઉજવીને સૌ ત્યાંથી વિમાનમાં ઉપડ્યા હનુપુર નગર તરફ. આકાશમાં થઈને વિમાનો જઈ રહ્યા છે. વિમાનોથી આકાશ પ્રકાશમય થઈ ગયું છે. બીજી બાજુ અંજનાસુંદરીના પિતા મહેન્દ્રને ખબર આપવામાં આવી છે, એટલે એ પણ પત્ની માનસવેગા વગેરે કુટુંબ સાથે હનુપુર આવી રહ્યા છે. ત્યારે પવનંજયની માતા કેતુમતી વગેરેને પણ ત્યાં લઈ આવવામાં આવે છે. સૌ હનુપુર નગરમાં આવી પહોંચે છે. હવે તો પૂછવાનું જ શું ? કુટુંબો ભેગા મળ્યા ! વિદ્યાધર રાજાઓ ભેગા મળ્યા ! હરખનો પાર નથી ! પૂર્વના કરતાં પણ મોટો ઉત્સવ ઊજવવામાં આવ્યો ! અને તે વિદ્યાધરો ઊજવે એટલે શું બાકી રહે ? આખું નગર અને આખું વાતાવરણ ઉત્સવમય બની ગયું !

## ધર્મ પામ્યાનો સાચો આનંદ કેમ મપાય ? :

ઉત્સવ ઊજવવાનું શીખવું પડે છે ? ના, અંતરમાં હરખના ઉછાળા એ કરાવે છે. હર્ષ-આનંદના અતિરેક એવા છે કે એ ચાલુ જીવન કરતાં વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા પ્રગટ થઈ જાય.

પ્રભુનો જન્મ થતાં ઇન્દ્રો અને દેવો કેમ દોડાદોડ કરે છે ? મેરુ ઉપર જન્મોત્સવ ઊજવે છે ? પાછું બાકી રહ્યું તે નંદીશ્વરદ્વીપમાં જઈને જિનભક્તિ ઉત્સવ કેમ ઊજવે છે ? કહો, અંતરમાં ઊછળતાં સાચા હરખના એ પ્રતીક છે. અંદરમાં હરખ ઊભરાતો માતો નથી, તે આવા ઉત્સવના ઉદ્યમરૂપે બહાર પડે છે.

દાવો એ રાખવામાં આવે કે મહેમાન મળ્યાથી અમને બહુ આનંદ થાય છે અને પછી એનું કાર્ય કાંઈ જ ન કરાય; એ બનવા જોગ છે ? એમ, ધર્મી જીવને ગુરુ મહારાજ પધાર્યાનો, નવો ધર્મ મળ્યાનો, અપૂર્વ ઉપદેશ સાંભળવા મળ્યાનો આનંદ ઊભરાય છે અને તે કોઈ ઉત્સવરૂપે બહાર નથી પડતો; એ બનવા જોગ છે ?

આ તો કહે છે : 'મહારાજ સાહેબ ! આપ પધાર્યાથી બહુ આનંદ થયો,' અને પછી કેમ, તો કે આપ ઉપાશ્રયમાં અને અમે અમારા સંસારના કાર્યોમાં ! બહુ આનંદના ઉત્સવ તો એવા થાય કે આખું ગામ જાગી જાય.

પેથડશાહે ગુરુ ધર્મઘોષ સૂરિજી મહારાજ પધાર્યાના આનંદમાં એવો પ્રવેશોત્સવ ઊજવ્યો કે આખું માંડવગઢ ગાજી ઉઠચું ! જૈન-જૈનતરો સૌ જાગી પડ્યા !

અહીં તો કહે છે : 'સાહેબ ! અપૂર્વ વાણી સંભળાવી !' પછી કેમ, તો કે હવે આવતી કાલે હાજર થાશું. કેવી રીતે ? જેમ આજે અમે એકલ-દોકલ આવ્યા તેમસ્તો ! આનંદના પૂર ઊછળતાં હોય, તો એ અનેકને જણાવ્યા વિના રહે ? અનેકને ખેંચ્યા વિના રહે ? કે 'ચાલો, ચાલો, અપૂર્વ સાંભળવાનું મળે છે !'

એક ફિલ્મ જોઈ આવ્યા પછી એને સિનેમાવાળો કાંઈ જ એડવરડાઇઝિંગ ચાર્જ નથી આપતો, છતાં કેટલાયની આગળ જાહેરાત કરે છે : 'જાઓ, જાઓ, ફિલ્મ જોવા જેવી છે. જિંદગીમાં ન જોઈ હોય એવી !' પહેલાં એકલો ગયો હોય, તો હવે કુટુંબ આખાને લઈને જાય છે ! ફિલ્મના કેટલા ગુણગાન કરે છે ! ત્યારે અપૂર્વ ધર્મશ્રવણ મળ્યાનો આનંદ ઊભરાયો એની પાછળ શું ?

ભૂલશો નહીં, અંતરમાં ખરેખર હરખ ઊલટચો છે કે કેમ ? તે એની પાછળની પ્રવૃત્તિથી મપાય છે, એની પાછળ કેટલો ભોગ આપ્યો ? તે પરથી જાણી શકાય છે; પાછળ કાંઈ પણ થાય એ એની કદર છે. તમે કહેશો કે,

પ્ર. : ઉપદેશને અમલમાં મૂકીએ છીએ કે ન બને એની અનુમોદના કરીએ છીએ, એ એની કદર જ છે ને ?

## પ્રભુની, ગુરુની અને ધર્મસ્થાનોની કદર :

ઉ. : પણ એ તો ઉપદેશની કદર થઈ. વાત તો એ છે કે ઉપદેશ-શ્રવણ મળ્યું, એની શી કદર કરીએ છીએ ? પ્રભુપૂજા કરવાની મળી, એની કઈ કદર કરી ? શું મનને એ વિચાર આવે છે ખરો કે 'ભાઈ રે ! આ પ્રભુ અને આ ગુરુ તથા શાસ્ત્રો ન હોત, તો આ ઉમદા પૂજા, વંદન, ઉપદેશ વગેરે ક્યાંથી મળત ? આ ધર્મસ્થાનો ન હોય, તો ક્યાંથી એ ધર્મસાધનાઓ કરવા પામત ? એ છે, તો આવી અપૂર્વ સમજ અને સાધના મળે છે, મહાન પાપક્ષય તથા પુણ્ય-કમાઈ મળે છે. માટે એ દેવ, ગુરુ અને ધર્મસ્થાનોની કદર મારે પહેલી કરવી જોઇએ.

પૂજન, નમસ્કાર કે સલાહ-સૂચન તો દુનિયામાં ગમે તેવાના ય મળી શકે છે, પરંતુ તેથી આત્માના દળદર શા ફીટે ? એ તો, આ ઉત્તમોત્તમ પાત્રો એવા મળ્યા છે કે જેમના પૂજન, વંદન, વિનય કરું તો લખલૂંટ પુણ્ય મળે છે, પાપના ઢેર દૂર થાય છે ! આ રૂડા ધર્મસ્થાનો, મંદિર-ઉપાશ્રયનો ઉપકાર કે એ અપૂર્વ કમાઈ કરવાની અનુકૂળતા કરી આપે છે ! તો મારે એ ધર્મસ્થાનોના સાધારણ ખર્ચ આદિમાં સારો હિસ્સો આપવો જ જોઈએ, આ દેવ અને ગુરુની સેવામાં ભોગ આપવો જ જોઈએ.

**આજે સાધારણ ખાતામાં તોટાની બૂમ પડે છે. શા માટે ભાઇ, બૂમ ? જો એ ધર્મસ્થાનોમાંથી અઢળક પુણ્યનો લાભ પામનારા આરાધકો કદરદાન હોય, તો બૂમ શા માટે ? કૃતજ્ઞતાની રૂએ એ વિવેકભર્યું કરતાં હોય, તો શું કામ ખોટ આવે ? શું એટલું મનને ન થાય કે - 'આ મને મહાન કમાઇ કરાવી આપે છે, મારા જીવનને સફળ કરી આપે છે, તો મારે ભોગ આપવો જ જોઇએ.'**

- આજે મંદિરમાં કદાચ સાધારણ ખાતામાંથી આવતાં કેસર, સુખડ, અગરબત્તી, દૂધ વગેરેનો ઉપયોગ કરતાં હો, ત્યાં દિલને સંકોચ થાય ? શું મનને એમ ન થાય કે 'મહાન પુણ્ય-કમાઈ મળે છે, ત્યાં હું તે એક કદરરૂપે પણ મારી વસ્તુ અહીં લાવીને મૂકું કે ઊલટી એની વાપરી જાઉં ?'

- આ દેવ કે જે મને દર્શન, પૂજા વગેરે કરવાનો લાભ આપે છે, એમની સેવા હું કરું કે પૂજારી કરે ? તે પણ પૂજારી પારકા પગારે ?
- આ ગુરુ મહારાજ કે જેમનો અઢળક ઉપકાર મારા પર વરસ્યો છે અને વરસી રહ્યો છે, એમની સેવા-ભક્તિ ન કરું, તો કેવો કૃતઘ્ન ગણાઉં ! એ કદાચ મને ખોટો ઠપકો આપે, મારો તિરસ્કાર કરે, તો પણ એ પેલા અનંત ઉપકારની આગળ શી વિસાતમાં છે ? માટે એ મારે સહર્ષ સહી લેવું જોઈએ; આવું મનને ન થાય ? કદર નથી, કૃતજ્ઞતા નથી એટલે કો'ક આવા પ્રસંગે ગુરુથી રિસામણાં થાય છે, અબોલડા લેવાય છે, યાવત્ ગુરુની નિંદા અને સામનો થાય છે !

કેટલી દુર્દશા ! કેટલી મૂઢ અજ્ઞાનદશા ! કેવોક કષાયનો આવેશ ! આમાં સાધુતા તો શું પણ સમ્યક્ત્વ પણ રહે ખરું ? એમના થકી મળેલા અને મળતાં ઉપકારનો ખ્યાલ નથી, માટે આ તોફાન છે.

ઉપકાર થવાનો ખ્યાલ ન હોવાના લીધે જ મન એમ માને છે કે 'મેં ગુરુનું આટલું કર્યું, એમને હું સાચવું છું !' અરે મૂરખ ! શું તેં ગુરુનું કર્યું કે ગુરુએ તારું ભલું કર્યું ? શું તેં ગુરુને સાચવ્યા કે ગુરુએ તને સત્કર્મમાં જોડી રાખી સાચવ્યો ? ગુરુ ન હોત, તો તું ગુરુવિનય-ગુરુસેવા-ધર્મસાધના વગેરેને બદલે કેઈ પાપકર્મોમાં ફસત !

ભરત-બાહુબલીના જીવ પાંચસો-પાંચસો સાધુની તનતોડ ભક્તિ કર્યા પછી પણ એમ નહોતાં માનતાં કે અમે આટલા બધા સાધુઓનું ભલું કર્યું, એ તો માનતાં હતાં કે 'અહોભાગ્ય અમારા ! કે આ મહાત્માઓએ અમારા પર દયા કરી, અનુગ્રહ કરી અમને આ સેવા-ભક્તિના સુકૃત સાધવાનો લાભ આપ્યો !'

## વિવેક :

સારાંશ, માન્યતાના ઊંધા વહેણ બદલી સીધા કરવા જોઈએ. વિવેક વાપરીને ભાવના અને મંતવ્ય ઘડવા જોઈએ. અવિવેકના ખ્યાલ અહીં પણ અપજશ આપી આગળ પણ પાપની ખાડમાં જઈને પટકશે ! ત્યારે વાતવાતમાં જો વિવેકભર્યા ખ્યાલ કર્યા, વિવેકભર્યા ભાવના અને મંતવ્ય ધર્યા, તો એ યશ પુણ્ય ને ઉન્નતિના શિખરે લઈ જશે.

વિવેક આ છે કે 'દેવ-ગુરુ-ધર્મ અને ધર્મસ્થાન તથા ધર્મખાતાંઓ આપણા પર કેટલી ઊંચી માત્રાનો ઉપકાર કરે છે; એ લક્ષમાં રાખી હંમેશા એમજ માન્યા કરવું કે હું એમની સેવા-ભક્તિમાં ગમે તેટલું ધન ખર્ચું, તન તોડું કે ભોગ આપું, પરંતુ બલિહારી એ બધા ભોગની નથી, પરંતુ એ બધું કરવા માટે પાત્ર આપનાર દેવ-ગુરુ આદિની જ છે ! વિશેષતા મારી કોઈ નથી, એમની છે ! એમનો અનુપમ ઉપકાર કે મને આ બધો લાભ આપે છે !'

- 'આ મંદિરરૂપી ધર્મસ્થાન અને દેવાધિદેવ મને પૂજાભક્તિ આદિથી કેવા અઢળક પુણ્ય-લાભ કરાવી આપે છે !'

- 'આ ઉપાશ્રય અને ગુરુ મહારાજ મને તપ-જપ-વિનય-વૈયાવચ્ચ-જિનવાણીશ્રવણ આદિ દ્વારા કેવા અઢળક લાભ કમાવી આપે છે !'

- 'ગુરુ છે, તો વિનયના મહાન ધર્મને અવકાશ છે. ગુરુ ન હોત, તો વિનય ક્યાંથી કરત ? કલ્યાણ આજ્ઞા કોની માનત ? જૈનશાસનમાં ગુરુવિનય અને ગુરુઆજ્ઞા તો ધર્મનો પાયો છે, મહાધર્મ છે; એ કમાવવાનો લાભ કરાવનાર ગુરુનો કેટલો ઉપકાર માનું !'

- 'એમ, ધર્મસ્થાનો છે તો જિનવાણી શ્રવણ, સામાયિક, પ્રતિક્રમણ વગેરેનો કેવો ઊંચો લાભ મળે છે. એક માત્ર સંવત્સરી પ્રતિક્રમણથી ય કેટલો બધો લાભ ! આવા અનુપમ લાભની સગવડ આપનાર ધર્મસ્થાનોનો કેવો મહાન ઉપકાર !'

- 'ત્યારે, ધર્મખાતાંઓનો પણ કેવો સરસ અનુગ્રહ કે મને સત્પાત્રમાં ધનવ્યય કરવાની સગવડ આપી અઢળક પુણ્ય ઉપાર્જિત કરાવે છે !'

આ વિવેકને જો નિરંતર ધ્યાનમાં રાખવામાં આવે, તો કૃતજ્ઞતાની ભાવનાના અને વર્તાવના કેટલા ભવ્ય વહેણ વહેતાં થઈ જાય ! અવિવેકથી તો કરેલા ધર્મ પર ધૂળ ફેરવવામાં આવે છે !

ત્યારે દેવ-ગુરુ-સંઘ-ધર્મસ્થાન-ધર્મક્ષેત્રો-શાસ્ત્રો વગેરેનો અનંત ઉપકાર માનવાનો વિવેક તો દાન-શીલ-તપ અને જિનભક્તિમાં તન-મન-ધનના ભોગ આપ્યા પછી પણ મનાવે છે કે 'એ દેવાદિએ મારા પર અથાગ ઉપકાર કર્યો !

એ ઉપકારની સ્મૃતિમાં હવે ખાસ એમની પાછળ બીજો ભોગ આપું.' આ થાય તો કરેલા ધર્મમંદિર પર શિખર ચઢે !

## હનુપુરમાં જ પવનંજય :

હનુપુર નગરે મોટો ઉત્સવ ઊજવીને સૌ એકબીજાની રજા માંગી પોતપોતાના નગરે ઉપડ્યા. પવનંજય; અંજનાસુંદરી અને હનુમાન સાથે ત્યાં જ રોકાયો. એને હનુમાન પર નવા નવા મનોરથો થતાં જાય છે અને હનુમાન પણ પિતાના મનોરથોની સાથે ઉંમરમાં વધતો જાય છે.

યોગ્ય ઉંમરે આવતાં વિવિધ કળાઓ શીખે છે અને વિદ્યાઓ સિદ્ધ કરે છે. શરીર સૌષ્ઠવયુક્ત બન્યું છે; હાથ નાગરાજના જેવા લાંબા છે, બીજા અવયવો સુઘડ અને રળિયામણા છે. પાછો શસ્ત્ર અને શાસ્ત્રોમાં ચતુર બની ગયો છે. ક્રમે કરીને યૌવન પ્રાપ્ત કરે છે, ત્યારે ઊંચે ચઢેલા સૂર્યની જેમ તેજથી દીપે છે.

## રાવણ પાછો વરુણ સામે :

આ બાજુ રાવણના દિલમાં વરુણ રાજાની બળવત્તા ખૂંચી રહી છે. આમે ય એનામાં અસહિષ્ણુતા ભારે છે. તે હવે પૂર્વે કરેલી સંધિમાં ગમે તે દૂષણ ઊભું કરે છે અને એને જીતવા ઉપડે છે.

જગતમાં લડાઈઓ, ક્લેશ અને કુસંપ બધા જ સાચા કારણે થોડા જ થાય છે ? મનમાં અસહિષ્ણુતા હોવાના કારણે અસત્ બહાનાને ખરા બહાના તરીકે આગળ કરવામાં આવે છે ને મામૂલી નિમિત્તને મોટા નિમિત્ત તરીકે ઓળખાવવાનું થાય છે ને પછી કલહ શરૂ થાય છે. આવું બધું કરાવનાર અસહિષ્ણુતા છે.

## અસહિષ્ણુતા :

અસહિષ્ણુતાનો જુલ્મ ઘણો. હૃદયમાં કોઈના પ્રત્યે જો સળવળાટ ચાલ્યો કર્યો, એની કોઈ વાત ભલે ન્યાયની પણ હોય, છતાં આપણાથી સહન ન થઈ, તો પછી એ ક્યારેક ભળતું પણ બહાનું પકડીને બહાર વ્યક્તરૂપ ધારણ કરશે ! પછી તે આગ ત્યારે બૂઝાશે કે સામો જ્યારે બરાબર દળાઈ-કચરાઈ ગયો કે હલકો પડી ગયો એવું દેખાશે !

આમાં, વિચારો કે લેશ્યા કેવીક કાળી થતી હશે ! એનાથી આ ઊંચા માનવ જીવનમાં જૂની વાઘ-વરુની વૃત્તિઓ શમી જવાને બદલે એવી તાજી અને પુષ્ટ થશે કે જે પછીના દીર્ઘકાળ સુધી દુર્ગતિના ભવોમાં ચાલી શકે ! કહો જો; અસહિષ્ણુતા રાખીને શો સાર કાઢ્યો ?

અસહિષ્ણુતા ભયંકર છે ! ગુણાનુરાગ ભૂલાવી ગુણ-દોષ કરાવે છે. સામામાં ગમે તેવા ગુણ હોય, સામો ગમે તેવા સારા સુકૃત કરતો હોય, પણ જો અહીં અસહિષ્ણુતા છે, તો મનને એમ થશે કે 'જોયા જોયા એના ગુણ ! દંભ છે દંભ બધો એ !'

'અલ્યા ! પણ એણે આવું સારું કામ કર્યું ! તે તો દેખ.'

તો કહેશે : 'દેખ્યું દેખ્યું ! શો માલ છે એમાં ? બિલ્લી સો ચૂઆ માર કે હજ કરને કો ગઈ !'

મન આવું આવું કેટલું ય દ્વેષ, જૂઠ અને ધિઠ્ઠાઈભર્યું વિચારશે. શાથી ? મનમાં અસહિષ્ણુતાની આગ સળગી રહી છે માટે.

ગુણાનુરાગ તો ધર્મ-શરીરના પ્રાણ છે. પ્રાણ કાયમ હોય તો શરીર કામનું, પ્રાણ વિનાનું શરીર નકામું, કિંમત વિનાનું. ગુણાનુરાગને બદલે જો ગુણદ્વેષ છે, તો બીજી કહેવાતી ધર્મસાધના મડદા જેવી બની જાય છે. માટે જ ગુણાનુરાગ ટકાવવો હોય, તો ભૂલે-ચૂકે સામા પ્રત્યે અસહિષ્ણુતા ન રાખો.

અસહિષ્ણુતાથી તો માણસ છતાં સુખમાં દુ:ખી બન્યો રહે છે. કેમ કે એનું ચિત્ત મળેલી સંપત્તિ-સગવડમાં નથી, પરંતુ સામાના સાચા-ખોટા વાંક પર લાગેલું છે. પછી એ ધૂનમાં અવસર આવ્યે ઘરના માણસ ઉપર ધમધમશે ! પછી ત્યાં, કહો જો, જેનાથી સુખ લેવાનું છે, એ કુટુંબીઓ સાથે પ્રીતિ વધવાની કે દ્વેષ ? અસહિષ્ણુતાનો સળવળાટ એના ચિત્તને સંતાપ-સંતાપમાં રાખ્યા કરવાથી કદાચ એ ઘરના પણ કેટલાય કામ બગાડશે !

અસહિષ્ણુતા રાખીને આમ;

- કુટુંબીઓના સ્નેહ બગાડવા,

- પોતાના કામ બગાડવા,
- ધમધમાટથી લોકમાં આબરૂ બગાડવી;

આ શું જીવન છે ?

જો આ એક માત્ર અસહિષ્ણુતાને દૂર કરી મનને સમતોલ કરવામાં આવે અને એક સહિષ્ણુતા કેળવવામાં આવે તો પણ કેટલા બધા લાભ થાય !

- માટી સહિષ્ણુ રહે છે, તો ઘડો તૈયાર થાય છે.
- બાજરો સહિષ્ણુ રહે, તો એમાંથી વડા તૈયાર થાય છે.

વડા (મોટા) એમ ને એમ બનાય છે ? જડ એવી પણ વસ્તુઓ જો સહિષ્ણુ રહીને જ સુંદર રૂપક પામી શકે છે, તો શું આત્મા જેવો ચેતન અસહિષ્ણુતાથી સુંદર રૂપક અને પ્રશંસા પામે એમ સમજો છો ?

ઉત્તમ પુરુષોના દૃષ્ટાંતો જુઓ તો એમાં શું દેખવા મળે છે ? કેટલાય જન્મો સુધી એક સરખી સહિષ્ણુતા !

- સમરાદિત્યના જીવને અગ્નિશર્માનો જીવ એવો પૂંઠે લાગ્યો હતો કે જન્મે-જન્મે દુશ્મનગીરી બતાવ્યા જ કરે; પરંતુ એ મહાપુરુષે સહ્યે જ રાખ્યું ! લેશમાત્ર સંતાપ, ઉકળાટ કે દ્વેષ સામા જીવ પર કર્યો નહીં !
- મહાસતીઓ સીતાજી, દમયંતી, અંજનાસુંદરી, સુરસુંદરી વગેરેએ ક્યાં ઓછું સહ્યું છે ? તે પણ સામા પર સહેજ પણ દ્વેષ કર્યા વિના !

સહિષ્ણુતા તો આત્માનું સત્ત્વ છે, ત્યારે અસહિષ્ણુતા, સામાના પ્રત્યે ઉકળાટ; એ કાયરતા છે, તામસીભાવ છે, એવો છૂપો અગ્નિ છે કે ગમે ત્યારે ભભૂકી ઊઠી બહાર આગ લગાડી દે.

## સહિષ્ણુ જીવન પર અધિકાર :

જીવન પર અધિકાર બંને રીતે અજમાવી શકાય છે; સહિષ્ણુ જીવન ઉપર યા અસહિષ્ણુ જીવન પર.

એમ પણ માની શકાય છે કે 'ફલાણાનું આવું આવું હું શાનો ચલાવી લઉં ?

ચલાવી લે એ બીજા, હું નહીં. અવસર આવવા દે, એને બરાબર બતાવીશ...' પણ આ અધિકાર બજાવવામાં બરબાદી છે, વિનાશ છે, દીર્ઘ દુર્ગતિ છે.

ત્યારે એમ પણ દાવો રાખી શકાય છે કે 'શું છે ? મહાપુણ્યવંતા જીવોને ય જે આપદાઓ આવી છે, એની આગળ આ તો કાંઈ વિસાતમાં નથી ! તો એમણે એને સહર્ષ વધાવી લીધી, એમ હું પણ વધાવી જ લેવાનો. ઉકળાટ કરે એ બીજા. વાંક હોય તો મારા કર્મનો છે, સામાનો વાંક શાનો ? સામો તો દયાપાત્ર છે અગર ઉપકારી છે. એને જરા ય દુશ્મન ન દેખું.' આ પણ જીવન અધિકાર છે. એની પાછળ કેટલાય કષાયો, કેટલાય ખોટા વિચારો, ચિંતાઓ, કે કાર્યોને અવકાશ જ મળતો નથી.

ધ્યાન રાખજો; સહિષ્ણુતાનો અધિકાર બજાવવામાં પૂર્વના કર્મને પણ બહુ દોષ દીધા કરવાની જરૂર નથી. એ રોદણાં ય રોયા કરવાનું કામ નથી. એમાં ય દીનતા આવી જાય છે, નિસાસા પડે છે. એના બદલે ખરી રીતે તો એવી એવી વિચારણા મનમાં રમ્યા કરે કે,

'સૌના આત્મા અંદરથી તો બહુ સારા છે, પણ એના ને આપણા કર્મ એને ભૂલાવી અમુક અમુક આચરાવે છે !... વળી, આપદા તો કસોટી છે ! તેમ, ગમે તેવી બહારની સ્થિતિ બને, એમાં મારો અધિકાર નથી.'

ત્યારે શો અધિકાર છે ? 'કર્મના ઉદયથી નીપજતી વસ્તુ પર કર્મનો અધિકાર છે. પરંતુ આત્મામાં ઉચ્ચ કોટિની શુભ ભાવનાઓ, ઉમદા વલણ અને ઉચ્ચ મનોરથો સેવવા, સુવર્ણની જેમ આપત્તિના આક્રમણોના અગ્નિ-કષ્ટને સહર્ષ સહ્યે જ જવાનું... આ બધું મારા અધિકારમાં છે. તો એ જ કાં ન અજમાવું ?...' અસ્તુ.

# ૧૯ હનુમાનની પરાક્રમવૃત્તિ

રાવણ અસહિષ્ણુ હતો, એટલે ગમે તે બહાનું કાઢી વરુણ સાથેની સંધિનો કરાર વરુણે બરાબર પાળ્યો નહીં; એ મુદ્દો ઊભો કરી એની સામે લડવા ચાલ્યો. પોતાના આજ્ઞાંકિત કેટલાય બીજા રાજા-મહારાજાઓને તેડાવ્યા. એમાં અહીં પવનંજય અને પ્રતિસૂર્ય ઉપર પણ કહેણ આવ્યું. બંને જણ જવા માટે તૈયાર થાય છે, ત્યાં હવે તો હનુમાન વગર કહ્યે કહે છે :

'આપને જવાનું હોય ? જો શસ્ત્ર પાસે હોય, તો હાથેથી પ્રહાર કોણ કરે ? અને હું બાળ હોવાથી દયા ખાવાલાયક છું; એમ માનશો મા. કેમ કે આપના કુળમાં પરાક્રમનો અવસર પ્રાપ્ત થયે વય પર નથી જોવાતું.'

હનુમાન પરાક્રમીનો પુત્ર છે, સ્વયં પરાક્રમી છે. પાછો વિનયી છે, એટલે આગ્રહપૂર્વક આ માંગણી કરી રહ્યો છે અને આગ્રહ સાથે રજાની રાહ જોઈ રહ્યો છે ! પરાક્રમી માણસો અવસર આવ્યે એવા સુસ્ત નથી હોતાં કે બીજાઓ ઘોંચપરોણા કરે, ત્યારે ટટ્ટાર થાય ! એ તો જાણે તકની રાહ જોતાં ન બેઠા હોય તેમ તક મળી કે તરત એને ઝડપી લેનારા હોય છે !

જીવન પર અધિકાર એ આ સમજે છે કે 'શક્તિ મળી છે, તો પરાક્રમી જીવન પર અધિકાર બજાવવો.' પછી ત્યાં 'કષ્ટ પડશે તો ? ને હાલની સુખ-મોજ જતી કરી દુ:ખમાં ઊતરવું પડશે તો ?....' વગેરે નમાલી વિચારણાઓ રહેતી નથી. કેમકે સમજે છે કે 'આમે ય કષ્ટ, દુ:ખ ક્યાં ઓછા સહીએ છીએ ? બાકી, કાયર નિ:સત્ત્વ જીવન પર અધિકાર બહુ બજાવ્યા. હવે તો પરાક્રમી જીવન, સાત્ત્વિક જીવન પર અધિકાર બજાવું.'

આ અધિકારનો ખ્યાલ માણસને સ્ફૂર્તિ આપે છે, જોમ આપે છે, સત્ત્વ આપે છે. પછી સત્ય, પ્રામાણિકતા, સૌમ્યતા, ઉદારતા, ગંભીરતા,...

વગેરે ગુણો હોંશપૂર્વક કેળવાય છે ને એ માટે ભોગ આપવાનું પરાક્રમપૂર્વક જળવાય છે! એમજ, દાન-શીલ-તપ, ભક્તિ-સેવા-સાધના... વગેરેને પરાક્રમ દાખવીને આરાધાય છે; પરાણે કે પતાવવારૂપ નહીં, કંગાળ માયકાંગલી રીતે નહીં!

## શક્તિ માનવની અને દાનવની :

વિચાર જોઈએ કે 'મારામાં શક્તિ તો બંને ય જાતની છે :

- માનવ બનવાની અને દાનવ બનવાની.
- ધનનો સંગ્રહ કર્યે જવાની અને ધનના દાન કર્યે જવાની.
- ભોગમાં ધપ્યે જવાની અને ત્યાગમાં વધ્યે જવાની.

શક્તિ તો બંનેય છે, પરંતુ કઈ શક્તિને અમલમાં મૂકવાના પરાક્રમ મને અને બીજાઓને તારક થાય ? અને કઈ શક્તિના પરાક્રમ મારક થાય? કયા પરાક્રમમાં એમ દેખાય કે કીડા-પશુ-પંખી વગેરેમાંથી હું માનવપણા સુધી ઊંચે આવ્યો છતાં કાંઈ વિશેષ નથી કરતો, અથવા કયા પરાક્રમમાં હવે એથી ય ઊંચે વધવાના માર્ગે ગમન કરી રહ્યો છું ?

ઉચ્ચ ગમનનો અર્થ જ એ છે કે આંતરિક વલણ અને વૃત્તિઓ સુધરતી આવે. હલકા જન્મોમાં માત્ર આહાર, વિષય, પરિગ્રહ અને નિદ્રાના વલણ તથા એની ખાતર હિંસા, અસત્ય વગેરે ગમે તે દુર્ગુણ સેવવાની વૃત્તિ રહેલી, તે હવે સુધરીને તપ, ત્યાગ, ધર્મસાધના વગેરેના જ વલણ થાય, અહિંસા, સત્ય, નીતિ વગેરેની વૃત્તિઓ ઊઠે, તો કહેવાય કે ઉચ્ચ ગમન ચાલુ થયું છે.'

## પરાક્રમ અને વય :

હનુમાને કહી દીધું કે 'પરાક્રમ બતાવવાનો અવસર મળે, ત્યારે આ કુળમાં વયની ગણતરી કરવામાં આવતી નથી.'

આ કેવું સરસ સૂચક વાક્ય છે! 'કુળ'ને બદલે 'ભવ' શબ્દ મૂકી વાક્ય વિચારીએ તો ? પરાક્રમ બતાવવાનો અવસર મળે, ત્યારે આ ભવમાં વયની ગણતરી કરવામાં આવતી નથી. કેમકે પેલા કુળની જેમ આ માનવભવ પરાક્રમનો ભવ છે. ત્યાં માણસ વય જોવા બેસે, તો તો ભૂલો પડી જાય.

પૂર્વના તેવા સંસ્કારોના યોગે નાની ઊંમરવાળામાં ય ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાનશક્તિ વગેરે જોવામાં આવે છે ને ? નાની ઉંમરમાં વૈરાગ્ય પામે છે, સાધુપણું લે છે, મહાન જ્ઞાનાભ્યાસ કરે છે, વર્ધમાન-તપની ઓળીઓ કરે છે વગેરે આજે પણ જોવા મળે છે.

ત્યાં તમે જો એમ કહો કે 'બાળક શું સમજે ? એની શી તાકાત હોય ?' તો તમે પોતે જ સમજ્યા નથી; એમ ગણાય. આ ભવમાં વયની ગણતરી નથી; એ પોતાના માટે પણ સમજવાનું છે. કેમકે શાસ્ત્ર કહે છે : **'अकालो नास्ति धर्मस्य'** ધર્મને માટે અકાળ નથી. કેમકે જીવન ચંચળ છે, મૃત્યુનો ભરોસો નથી. જાગેલી ધર્મભાવનાનો પણ ભરોસો નથી કે એ અમલ વિના ટકી શકે. ત્યારે, સંયોગોનો ય ક્યાં ભરોસો છે કે એ સરખા અને અનુકૂળ ચાલશે જ ?

માટે જ, જાગ્યા ત્યારથી સવાર ! ધર્મ પરાક્રમની બુદ્ધિ જાગી, એની આવશ્યકતા સમજાણી, ત્યારથી પરાક્રમ અજમાવી લેવું જોઈએ. અલબત; તપ જેવાના પરાક્રમ ખેડવા હોય, તો શક્તિ માપવી જોઈએ. પરંતુ જો જો કે કેટલીકવાર તપનો અને ત્યાગનો અભ્યાસ પાડ્યો નથી. અભ્યાસથી કેટકેટલા આગળ વધી શકાય છે ? એની ખબર નથી, માટે જ બોલી ઉઠાય છે કે 'ભાઈ ! આઘા જઈને પાછા પડવાનું થાય.'

## રાણી અને ભેંસ :

'અભ્યાસથી શું થઈ શકે ?'

અભ્યાસથી તો બીજાને આશ્ચર્યકારી લાગે, તેવા કાર્ય કરી શકાય છે.

એક રાજાની સભામાં મલ્લ આવ્યો. પોતાની ભારે શરીર-શક્તિ દેખાડી. રાજા હેરત પામી ગયો.

રાણીને કહે છે : 'જો કેટલું બધું પરાક્રમ મલ્લનું ?'

રાણી કહે છે : 'એમાં પરાક્રમ શાનું ? અભ્યાસથી બધું થાય.'

'અરે ગાંડી ! અભ્યાસથી તે આવું બની શકતું હશે ? લે; તું ને હું શું આ પરાક્રમ કરી શકીએ ?'

રાણી કહે છે : 'હા, અભ્યાસથી થઈ શકે. અવસર આવ્યે બતાવીશ.'

રાજાને તો આ શબ્દો પર રાણીની ઘેલછા લાગે છે. કારણ કે અનુભવ નથી.

માટે જ કહો, જેને જે વાતનો અનુભવ નહીં, એ એમાં વિરુદ્ધ અભિપ્રાય આપે કે ઘેલછા કહે; એની કેટલી કિંમત ગણવી ?

હવે રાણીએ શું કર્યું ? એણે મહેલના પાછલા ભાગમાં એક ભેંસ વીયાએલી, તેના વાછરડાને પોતાની બોચી ઉપર બે પગ એક ખભે અને બે પગ બીજા ખભે લઈ ઊંચક્યું. તાજું જન્મેલું વાછરડું બહુ ભાર નહોતો. તે ઊંચક્યું તો ઊંચક્યું, પણ પાછું ઊંચકીને પાછળની ચાર સીડી ચઢી ઠેઠ ચોથા મજલે ચઢાવી દીધું અને પાછું ઉતાર્યું ! એવું એણે બીજે દિવસે કર્યું ! ત્રીજે દિવસે કર્યું ! ચાલ્યું રોજ ને રોજ ઊંચકીને ચડાવતી ચાલી.

જોત જોતામાં બચ્ચું તો મોટી ભેંસ રૂપમાં આવી ગયું. પરંતુ રોજ કાંઈ એકદમ વજન થોડું જ વધી જાય છે ? રોજ સહેજ સહેજ ૦।-૦॥-૧ રતલ વધે અને રાણીનો રોજનો ઊંચકવાનો કાર્યક્રમ ચાલુ એટલે ઊંચકવામાં વજન ખાસ વધ્યું લાગે નહીં. તે મોટી ભેંસ થઈ, તો ય અભ્યાસના યોગે સહેલાઈથી એને ઊંચકી ચડાવી દેતી.

પછી તો એકવાર રાજાને કહે : 'પેલું યાદ છે ? અભ્યાસથી બધું થઈ શકે એમાં નવાઈ પામવાની જરૂર નથી કે ઓહો આ કેવુંક પરાક્રમ !'

રાજા કહે છે : 'હજી તારો ભ્રમ ન ગયો ?'

રાણી કહે છે : 'ભ્રમ નથી. કહો તો બતાવી આપું. બોલાવો તમારા બહાદુર સુભટોને, મલ્લોને અને બીજા જે લટ્ઠબાજ હોય એને.'

રાજાને કૌતુક થયું કે રાણી તે વળી શું કરવાની હશે ? મહેલના પાછલા ભાગમાં બધાને ભેગા કર્યા.

રાણી કહે છે : 'જુઓ; આ ભેંસને ઊંચકીને ચોથે મજલે ચડાવી દેવાની છે. જેની તાકાત હોય તે જાતે ઊંચકીને ચડાવી દે એને !'

રાજા કહે : 'જાતે ઊંચકીને ભેંસ તે ચડાવી શકાતી હશે ?'

રાણી કહે : 'હા, તમે આ બહાદુરોને પૂછી જુઓ ને ?'

રાજાને તો વાત મનમાં જ બેસતી નથી, છતાં પૂછ્યું : 'બોલો ભાઈ ! ભેંસને ઊંચકીને ઉપર કોણ ચઢાવી દે છે ?'

કોણ આગળ આવે ? મોટું વજન ઊંચકી જાણનારા પણ અહીં વિચારમાં પડી ગયા કે મોટી ભેંસને ઊંચકવી અને લઈને ચાર દાદર ચઢવું; એ બને જ શી રીતે ? કો'ક ૨-૪ જણ પ્રયત્ન કરવા આવ્યા, પણ ન ઊંચકી શકવાથી વિલખા થઈ પાછા ગયા.

રાણી કહે છે : 'બોલો છે કોઈ ઊંચકનાર ? પછી હું ઊંચકીને ચઢાવી દઉં, ત્યારે કોઈને એમ ન લાગે કે ઓહો એમાં શું હતું, એ તો હું ય ચઢાવી દેત !'

પણ કોણ આગળ આવે ? રાજાને વહેમ પડ્યો કે આ રાણી ઊંચકવા જતાં એની ને મારી આબરૂ ન લૂંટાવે ! તે એને કાનમાં શિખામણ દે છે.

પણ રાણી કહે છે : 'જરાય ફિકર કે શંકા ન કરો.' એમ કહેતાંક કછોટો મારી ભેંસના પેટ નીચે પોતાનું માથું ઘાલી એને બોચી પર ઊંચકી; ને એના બે પગ પોતાના ગળાની એક બાજુ અને બીજા બે પગ બીજી બાજુ લઈ પોતાના હાથેથી પકડી ચઢી દાદર પર. રોજનો અભ્યાસ હતો તે એક દાદર, બીજો દાદર એમ ઠેઠ ચાર દાદર ચઢી ગઈ ને પાછી ચાર દાદર ઊતરી આવી ને ભેંસને સલામત નીચે મૂકી.

રાજા ને મલ્લો-સુભટો-અમલદારો વગેરે બધાને એટલું બધું આશ્ચર્ય થયું કે આ રાણી સાહેબનું કેટલું બળ ! આ કેવુંક પરાક્રમ ! ખલાસ ! આની આગળ મોટા મલ્લો પણ પાણી ભરે છે !'

ખરી રીતે રાણી કાંઈ મલ્લો સામે કુસ્તી કરી શકે એમ નહોતી. કેમકે કુસ્તીનો અભ્યાસ નહોતો, જ્યારે આનો અભ્યાસ હતો, એટલે આ સરળ થઈ ગયું; પણ બીજાને એ ચમત્કારિક લાગ્યું.

રાજા પૂછે છે : 'પણ આ શી રીતે ઊંચકી શક્યા ?'

રાણી કહે છે : 'એમાં કાંઈ જ કઠિન નથી. માત્ર અભ્યાસ ! જુઓ; હું એ નાનું વાછરડું હતું, ત્યારથી માંડીને એને રોજ ઊંચકી ચઢાવતી હતી, તે ગઈ કાલ સુધી. એટલે આજે કંઈ મુશ્કેલ ન પડ્યું. આ બધાને અને આપને અભ્યાસ નથી, એટલે મહામુશ્કેલ લાગે છે.'

અભ્યાસથી તો મોટી કુસ્તી ખેલી શકાય, મોટા કામ સહેલાઈથી પતાવી શકાય, મોટા પહાડ દોડતાં ચઢી શકાય ને મોટા ખાડા કૂદી શકાય છે ! અભ્યાસથી મોટા વ્યાયામ, મોટી કળાઓ, શાસ્ત્રજ્ઞાન વગેરેને એવા સિદ્ધ કરી શકાય કે એમાં બીજાને અચરિજ થાય, પણ પોતાને કંઈ જ મુશ્કેલી નહીં.

રાજા અને બીજાઓ સમજી ગયા કે 'અભ્યાસ જ ખરી ચીજ છે.'

વાત પણ સાચી છે. તપમાં-ત્યાગમાં ચોક્ખું દેખાય છે કે એનો અભ્યાસ પાડેલાને મોટા તપ, ત્યાગ કરવા એટલે રમત વાત ! એટલે જ અભ્યાસથી પરાક્રમી કાર્યો કરી શકાય છે. અસ્તુ.

## હનુમાન રાવણની છાવણીમાં :

હનુમાને પરાક્રમભર્યા શબ્દ કહ્યા. હનુમાનના પરાક્રમભર્યા વચન સાંભળી પવનંજય અને પ્રતિસૂર્ય ખુશ થઈ જાય છે. વિચાર કરીને રજા આપે છે અને મસ્તકે એને ચુંબન કરે છે. પછી પ્રસ્થાન-મંગળ કરવામાં આવે છે. મોટા સામંત રાજાઓ, સેનાપતિઓ અને સેંકડો સેનાઓથી પરિવરેલો એ યુદ્ધ માટે ઉપડે છે અને ક્રમે કરીને રાવણની છાવણીમાં જઈ પહોંચે છે.

હનુમાનને આવતો જોઈ રાવણના હર્ષનો પાર નથી રહેતો. કેમ કે હનુમાનનું પરાક્રમ દુર્વાર દેખાય છે. લાગે છે કે જાણે આ હનુમાન શું, પણ સ્વયં વિજય પોતે રૂપ ધરીને ન આવ્યો હોય ! જ્યાં રાવણને હનુમાન પ્રણામ કરે છે, ત્યાં એને બાહુથી ઊંચકીને રાવણ આનંદભેર પોતાના ખોળામાં બેસાડે છે. છાવણીમાં નવો ઉત્સાહ આવી જાય છે !

## પરાક્રમી નેતા :

પરાક્રમી માણસના આગમને સમૂહ ઉત્સાહિત થાય છે, એવું દુનિયામાં બીજે ય દેખાય છે. એટલે તો ધર્મના કાર્યોમાં પણ જો એક એવો પરાક્રમી

આગેવાન નહીં, તો સમૂહ હજારોનો હોય, છતાં એમ ને એમ નિષ્ક્રિય બેસી રહેલો દેખાય છે ને ? કુટુંબમાં પણ વડેરો જો તેવો ધર્મ-પરાક્રમી નહીં, તો કુટુંબ મોટા ભાગે ધર્મની વાતામાં સુસ્ત જોવા મળે છે.

એ સૂચવે છે કે ધર્મમાં પરાક્રમ દાખવીને આગળ પડનાર પાછળના કેટલાયને ધર્મમાં દોરી કેટલું બધું થોકબંધ પુણ્ય ઉપાર્જે ! પરાક્રમની મોટી કિંમત છે. અંદર શક્તિ તો ભરી છે, બહાર સામગ્રી પણ મળી છે, હવે માત્ર પરાક્રમ ફોરવવાની જરૂર છે. પરાક્રમ વિના મોટા કાર્યો સધાતાં નથી.

## હનુમાન અને રાવણનો વિજય :

રાવણ વરુણ રાજાની નગરીને ઘેરીને રહ્યો. વરુણ અને એના શૂરવીર છોકરાઓ લડવા માટે બહાર નીકળ્યા, એ પણ ભારે પરાક્રમી હતાં. રાવણ સાથે મોટી લડાઈ ચાલી. વરુણના પુત્રોએ રાવણને થકવ્યો. ત્યાં હનુમાને આવી પહોંચી ક્રોધે ભરાઈ એમની સામે ટક્કર લીધી અને વિદ્યાના સામર્થ્યથી એમને સ્તંભિત કરી પશુની જેમ બાંધ્યા.

ત્યારે આ શું વરુણ જોઈ રહે ? એ તો એકદમ ક્રોધાવિષ્ટ થઈને હનુમાન ઉપર દોડ્યો. વચમાં સુગ્રીવ વગેરે નરવીરો આડા આવ્યા, એમને પણ વરુણે માર્ગમાં આવતાં વૃક્ષોની જેમ ધ્રુજાવી નાખ્યા.

ત્યાં રાવણે બાણોનો ભીષણ વરસાદ વરસાવ્યો. એટલે વરુણ રાવણ સામે લડવામાં પડ્યો અને એમાં રાવણે પોતાનું બધું ઓજસ દાખવ્યું. એને આકુલવ્યાકુલ કરીને છળથી એના પર કૂદી એને પકડીને બાંધ્યો ! તરત જ ચારે બાજુ જય-જયારવ થઈ ગયો. દિશાઓ ગાજી ઊઠી. બધા છાવણીમાં આવ્યા. ત્યાં રાવણે વરુણને અને એના છોકરાઓને ઉદારતાથી છૂટા કર્યા. કેમ કે મહાન પુરુષોના કોપ સામાના નમન સુધી જ હોય છે.

# ૨૦ રાવણ અધમ નથી

રાવણની આ ઉદારતા જોવા જેવી છે. લોકો રાવણને રાક્ષસ, અધમ, દુષ્ટ, દુરાચારી, ક્ષુદ્ર વગેરે તરીકે ઓળખે છે. પરંતુ એ સાચી ઓળખાણ જ નથી અને તેથી એક મહાન પુરુષની આશાતના કરે છે.

- રાવણ રાક્ષસ નહોતો, પણ રાક્ષસ નામના વંશમાં ઉત્પન્ન થયો હતો.
- રાવણ અધમ નહોતો, પણ અદ્‌ભુત જિનભક્તિ, ગુરુભક્તિ વગેરે ઉત્તમ કાર્ય ઉત્તમ દિલથી કરતો હતો. વળી,
- રાવણ દુષ્ટ નહોતો, પણ શિષ્ટ પુરુષ હતો.

અલબત; માણસના જીવનમાં કો'કવાર આવેશ આવવાથી દુષ્ટ કામ થઈ જાય, પણ તેથી કાંઈ તે આખી જિંદગી માટે દુષ્ટ ન કહેવાય.

એવું રાવણના જીવનમાં બન્યું છે. સીતાને ઉપાડી ગયો, તે છળ કરીને. પરંતુ તેમ બનવાનું કારણ એ હતું કે લક્ષ્મણના હાથે રાવણના ભાણેજ શંબૂકનું માથું અજાણતાં કપાઈ ગયું. કેમકે શંબૂક વાંસના ઝુંડની વચમાં બહારથી ન દેખાય; એ રીતે રહીને વિદ્યાજાપ કરતો હતો અને લક્ષ્મણે તલવારની ધાર તપાસવા એને વાંસ પર ચલાવી. એમાં શંબૂક કપાઈ ગયો. એની માતા સૂપર્ણખા ગુસ્સે થઈ અને એણે રાવણને ચઢાવી સીતાનું હરણ કરાવ્યું. સંયોગવશ આવું કો'ક દુષ્ટ કાર્ય થઈ જાય, પરંતુ તેથી જીવનભર માટે માણસ દુષ્ટ ન ગણાય.

- તેમ રાવણ દુરાચારી પણ નહોતો, તેથી તો સીતાને ઊંચકી વિમાનમાં બેસાડી ઉપાડી ગયો એટલું માફ; બાકી સીતા ન ઈચ્છે, ત્યાં સુધી એને અડવા તૈયાર નહોતો !
- એમ જ રાવણ ક્ષુદ્ર નહોતો અને તેથી તો એના જીવનમાં કેટલીય ઉદારતા દેખાતી જોવા મળે છે.

દા.ત., (i) અહીં જ એણે વરુણ અને એના પુત્રોને મારી ન નાખ્યા, જીત્યા પછી પણ કેદમાં ન નાખી મૂક્યા, પરંતુ તરત જ છોડી મૂક્યા અને રાજ્ય એમને જ કરવા દીધું.

(ii) એવું જ તાજી વિદ્યાસિદ્ધિ કર્યા પછી વૈશ્રવણને હરાવતાં એને જ્યાં સંસારત્યાગ કરતો જોયો, ત્યારે રાવણે કહ્યું છે કે 'તમે રીસ ન કરતાં, ખુશીથી લંકાનું રાજ્ય ભોગવો. અમે પૃથ્વી વિશાળ છે, તે ગમે ત્યાં સ્થાન કરી લઈશું.'

ક્ષુદ્રતાવાળો અધમાત્મા આવી ઉદારતા ક્યાંથી દાખવી શકે ? માટે જ ચરિત્રકાર કહે છે : મહાત્માનો કોપ, સામો નમે એટલે ઊતરી જાય છે.

રાવણને આમાં મહાત્મા ઠેરવ્યો. માણસને ગુસ્સો થાય, અભિમાન થાય, પરંતુ એના પરિણામ એ ક્યાં સુધી પહોંચાડે છે ? એના પર એની ક્ષુદ્રતા-ઉદારતાનું માપ નીકળે છે. ક્ષુદ્ર માણસ આવેશમાં સામાને મોટું નુકસાન કરશે, એની નિંદા કરવામાં બાકી નહીં રાખે; સામો નમી જશે તો ય વેરનો બદલો લેવામાં એને કચરવામાં કાંઈ કમીના નહીં રાખે. ત્યારે રાવણે કાંઈ એવી જિંદગી નથી ગાળી. માટે જ અહીં જોવા મળે છે કે રાવણે વરુણ અને એના છોકરાઓને રાજ્ય પાછું સોપ્યું.

આ બધી જીત થવામાં હનુમાનનું મહાન પરાક્રમ કારણભૂત હતું. એ જોઈને વરુણે પોતે પોતાની પુત્રી સત્યવતીને એની સાથે પરણાવી. સ્વયં જેનું પરાક્રમ અનુભવવા મળ્યું હોય, એવો જમાઈ ઝટ ક્યાંથી મળે ?

રાવણ ત્યાંથી લંકા ગયો અને હર્ષથી હનુમાનને પોતાની બેનની પુત્રી અનંગકુસુમા પરણાવી. સુગ્રીવે પોતાની દીકરી પદ્મરાગા, નળરાજે હરિમાલિની અને બીજાઓએ પણ પોતાની પુત્રીઓ પરણાવી. રાવણે પછી હનુમાનને દઢ આલિંગન કરી વિદાય આપી.

'જીવન પર અધિકાર અને મહાસતી અંજનાસુંદરી'નું વિવેચન અહીં પૂર્ણ થાય છે. એને વારંવાર ચિંતન-મનનમાં લઈ આધ્યાત્મિક જીવન પરના અધિકાર જે બજાવશે, તેને અનંત કલ્યાણની મંગળમાળા વરશે.

પ્રમાદના યોગે શ્રી જિનવચનથી વિરુદ્ધ બોલાયું હોય, એનું **મિચ્છા મિ દુક્કડં.**

# પૂજ્યપાદ ગુરુદેવશ્રીની સાહિત્ય સરિતા




## Amidrishti
the divine attitude

Available at : Crossword.in, Amazon.in, Flipkart.com,Selected Stores of Crossword. On Amazon portal of UK, France,Italy,Germany, Japan etc. (more than 12 countries)

ગુજરાતી બેસ્ટ સેલર 'અમીચંદની અમીદષ્ટિ'ની અંગ્રેજી આવૃત્તિ




## Faith Personified
*life sketch of Mahasati Sulsa...*

Available at : www.jainonline.org

સુલસા ચરિત્ર આધારિત 'ધર્મશ્રદ્ધા' પુસ્તકનું અંગ્રેજી સંસ્કરણ




## अधिकार
सच्चे अधिकार का पथदर्शक

Available at : www.jainonline.org

અંજનાસુંદરી ચરિત્ર આધારિત 'અધિકાર' પુસ્તકનો હિન્દી અનુવાદ

**Coming soon**
**'અધિકાર' પુસ્તક અંગ્રેજીમાં !**

**પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સમગ્ર સાહિત્યમાં ડૂબકી લગાવવા**
**visit at : www.jainonline.org**

જીવ જો મન-વચન-કાયાની કુપ્રવૃત્તિઓનું જીવન જીવવાનો અધિકાર બજાવે,
તો કર્મ જાણે કહે છે : 'આવી જા, હવે આપત્તિઓ વરસાવવાનો અધિકાર હું બજાવું.'
(અધિકાર - પેજ નં. ૯૭)

**સાચો અધિકાર કયો ?**

- ક્ષમા આપવાનો કે કૃપા યાચવાનો ?
- સહિષ્ણુ બનવાનો કે સામનો કરવાનો ?
- ઈર્ષ્યાનો કે પ્રમોદનો ?
- માનવ બનવાનો કે દાનવ બનવાનો ?
- ભોગમાં ધપ્યે જવાનો કે ત્યાગમાં વધ્યે જવાનો ?
- ધનસંગ્રહ કર્યે જવાનો કે દાન આપ્યે જવાનો ?

ખોટા અધિકારો ભોગવવાની અને અધિકારી બનવાની
હરિફાઈમાં દોડતાં આપણને થંભાવી દેતી સાઈરન એટલે
**અધિકાર.**

શ્રી જૈનાચાર્ય
પ્રેમ - ભુવનભાનુ - જયઘોષ સૂરીશ્વરજી